JEEVAN NU KARTAVYA


(GUJRATI)

VISIT…

LANZAROTE Caliente.com

॥ શ્રીહરિઃ ॥

અનુક્રમણિકા



॥ શ્રીહરિઃ ॥

વન્દના

સત-ચિત-સુખમય અચલ સમ
રહત સકલ થિત રામ ।
અલખ અગુન અરુ ગુન સહિત
નિત પ્રતિ કરઊં પ્રનામ ॥ ૧ ॥

જનમ-કરમ-અઘહર અમલ
શ્રવન-સુખદ ગુનગાથ ।
મમ તન મન જન બચન સબ
તવ અરપન જદુનાથ ॥ ૨ ॥

સુર નર મુનિબર ચર અચર
સબ કર હિત કરનાર ।
તિન કર ગુન ગન કછુ કહત
લઘુ જન મતિ અનુસાર ॥ ૩ ॥

ગુન, તવ, મન તવ, બચન તવ,
તન તવ સબ તવ ઈસ ।
સરન સુખદ તવ પદ કમલ
ઇક રતિ કરુ બખસીસ ॥ ૪ ॥

—સ્વામી રામસુખદાસ



॥ શ્રીહરિઃ ॥

જીવનનું કર્તવ્ય
સમયનું મૂલ્ય અને સદુપયોગ

શ્રીપરમાત્માની આ વિચિત્ર સૃષ્ટિમાં માનવ-શરીર એક અમૂલ્ય તેમજ વિલક્ષણ વસ્તુ છે. પ્રગતિ કરવાનું આ એક ઉત્તમ સાધન છે. માનવ-શરીર મેળવીને સર્વોત્તમ સિદ્ધિઓ માટે હમેશાં અવિરત પ્રયત્નો કરવા જોઈએ. આ માટે સૌથી પ્રથમ જરૂરિયાત છે—ધ્યેયને નિશ્ચિત કરવાનું. જ્યાં સુધી માનવી જીવનનું કોઈ ધ્યેય-ઉદ્દેશ્ય જ નથી અપનાવતો ત્યાં સુધી તે વાસ્તવમાં મનુષ્ય કહેવડાવવાને લાયક જ નથી; કારણ કે ઉદ્દેશ્ય વિનાનું જીવન પશુ-જીવનથી પણ તુચ્છ છે, પરંતુ જેમ માનવ-દેહ સર્વોત્તમ છે, તેમ તેનું ધ્યેય પણ સર્વોત્તમ જ હોવું જોઈએ. સર્વોત્તમ વસ્તુ તો પરમાત્મા છે. માટે માનવ-જીવનનું સર્વોત્તમ ધ્યેય છે—પરમાત્માની પ્રાપ્તિ, જેના માટે ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે—

યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તત : ।

આ પરમાત્માની પ્રાપ્તિ માટે સૌથી પ્રથમ અને મુખ્ય સાધન છે—જીવનના સમયનો સદુપયોગ. સમય ખૂબ જ અમૂલ્ય ચીજ છે. દુનિયાના લોકોએ પૈસાને તો મહાન વસ્તુ માની છે, પરંતુ ઘણા જ ઓછા લોકોએ સમયને મહત્ત્વ આપ્યું છે, પરંતુ વાસ્તવિક રીતે વિચાર કરતાં એ સ્પષ્ટ છે કે સમય ખૂબ જ મૂલ્યવાન વસ્તુ છે. વિચાર કરો—આપણો સમય આપીને આપણે પૈસા કમાઈ શકીએ છીએ; પરંતુ પૈસા આપીને સમય ખરીદી શકતા નથી. અંતકાલે જ્યારે આયુષ્ય બાકી રહેતું નથી ત્યારે લાખો રૂપિયા આપીને પણ કોણ કહી શકે છે કે એક કલાક, અરે ! સમયની એક પણ મિનિટ મળી શકે ? સમયથી વિદ્યા મેળવી શકાય છે; પરંતુ વિદ્યાથી સમય મળતો નથી. સમય મેળવીને એકના અનેક મનુષ્યો બનાવી શકાય છે, અર્થાત્ મોટો પરિવાર વૃદ્ધિ પામી શકે છે, પરંતુ સમગ્ર પરિવાર ભેગા થઈને માનવીનું આયુષ્ય વધારી શકતો નથી. સમય ખર્ચીને દુનિયામાં ભારે પ્રસિદ્ધિ મેળવી શકાય છે; પરંતુ આવી પ્રસિદ્ધિથી જીવનવૃદ્ધિ નથી થઈ શકતી. સમય લગાવીને આપણે જમીન-જાયદાદ, હાથી, ઘોડા, ધન-

મકાન ઈત્યાદિ અનેક ચળ-અચળ સામગ્રી એકત્રિત કરી શકીએ છીએ. પરંતુ સમગ્ર સામગ્રીઓથી આયુષ્ય-વૃદ્ધિ થઈ શકતી નથી. અહીં એક વાત ધ્યાન રાખવાની છે કે રૂપિયા, વિદ્યા, પરિવાર, પ્રસિદ્ધિ આદિ અનેક સામગ્રી વગેરે હોવા છતાં પણ જીવન-કાળ પૂર્ણ થવાથી માનવીનું મૃત્યુ થાય છે; પરંતુ આયુષ્ય બચ્યું હોય તો સર્વસ્વ નાશ થઈ જવા છતાં પણ માનવી જીવતો રહી શકે છે. માટે જીવન માટે આધારરૂપ ગણાય એવો આ સમયનો અત્યંત કાળજીપૂર્વક સદુપયોગ કરવો જોઈએ; નહિ તો જોત-જોતામાં સમય વીતી જશે. કારણ કે પ્રતિક્ષણે તે તો ઝડપથી નષ્ટ થતો હોય છે. રૂપિયા ઈત્યાદિ તો જ્યારે આપણે ખર્ચીએ ત્યારે ખર્ચાય છે, નહી તો તિજોરીમાં પડ્યા રહે છે. પરંતુ સમય તો જાતે જ ખર્ચાઈ જાય છે; તેનું ખર્ચ થવું કદાપિ બંધ થતું નથી. અન્ય વસ્તુઓ તો નાશ પામે તો ફરીથી પેદા કરી શકાય છે; પરંતુ વિતેલો સમય કોઈ પણ રીતે પાછો મેળવી શકાતો નથી. તેથી આપણા માટે તે યોગ્ય છે કે બચેલા સમયની એક ક્ષણને પણ નિરર્થક વેડફી ન દેતાં બહું જ કરકસરથી ધનની જેમ તેનું મૂલ્ય સમજીને તેને ઊંચા-માં-ઊંચા કામમાં વાપરીએ. પ્રથમ શ્રેણીનું સર્વશ્રેષ્ઠ કામ છે—પારમાર્થિક પૂંજીનો સંગ્રહ—બીજી શ્રેણીનું કામ છે—સંસારના નિર્વાહ માટે ન્યાયોચિત દ્રવ્ય-પ્રાપ્તિ. આમાં બીજી શ્રેણીના કામમાં જોડેલો સમય પણ જો સર્વથા નિષ્કામ હશે તો તેની ગણત્રી પહેલી શ્રેણીમાં જ કરી શકાય.

આ માટે આપણે સમયને વિભાજીત કરી લેવો જોઈએ, જેના માટે ભગવાને કહ્યું છે—

યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ ।
યુક્તસ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા ॥

(ગીતા ૬ । ૧૭)

‘દુખોનો વિનાશ કરવાવાળો યોગ તો તેમનો સિદ્ધ થાય છે કે જે યથાયોગ્ય આહાર-વિહાર કરે છે; જે કર્મોમાં યથાયોગ્ય પ્રયત્નો કરે છે તથા જે યથાયોગ્ય ઊંઘે છે તથા જાગે છે.’

આ શ્લોકોમાં ચોક્કસ કરવાની ચાર વાતો બતાવવામાં આવી છે—

૧.યુક્તાહારવિહાર. ૨. શરીરના નિર્વાહને માટે યોગ્ય પ્રયત્ન. ૩.યથાયોગ્ય ઊંઘવું અને ૪. યથાયોગ્ય જાગવું—પહેલા વિભાગમાં શરીરને સશક્ત તથા સ્વસ્થ રાખવા માટે શૌચ, સ્નાન, ફરવા જવું, વ્યાયામ, ખાણી-પીણી, ઔષધ-સેવન ઈત્યાદિ ચેષ્ટાઓનો સમાવેશ થાય છે. બીજો વિભાગ છે—આજીવિકા પ્રાપ્તિનો, જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વગેરે માટે પોત-પોતાના વર્ણ-ધર્મ અનુસાર ન્યાયયુક્ત કર્તવ્યકર્મોનું પાલન કરવાનું બતાવવામાં આવ્યું છે. ત્રીજો વિભાગ છે—શયન, કરવા માટેનો; જેમાં કોઈ ઉલ્લેખનીય વિશેષ વાત નથી. હવે ચોથો મુખ્ય વિભાગ છે—જાગવાનો. આ શ્લોકોમાં અવબોધ'નો અર્થ રાત્રે છ કલાક ઊંઘીને બાકીના સમયમાં જાગતા રહેવું અને તેમાં સવાર-સાંજ દિવસભર છ કલાક સાધન કરવાનું છે. પરંતુ 'અવબોધ'થી અહીંયાં વસ્તુતઃ મોહનિદ્રામાંથી જાગીને પરમાત્માને પ્રાપ્ત કરવાની વાંતને જ મુખ્ય સમજવી જોઈએ. શ્રી શંકરાચાર્યજીએ પણ કહ્યું છે—**'જાગર્તિ કો વા સદસદ્વિવેકી'**

હવે આ પર વિચાર કરો. આપણી પાસે ચોવીસ કલાકનો સમય છે અને કામ ચાર છે. તો સમાન વિભાગ કરવાથી પ્રત્યેક કાર્ય માટે છ કલાક મળે છે. ઉપર્યુક્ત ચાર કામોમાં આહાર-વિહાર તથા શયન—એ બે તો ખર્ચ કરવાનાં કામ છે અને વેપાર તથા અવબોધ (સાધન કરવું)—આ બે ઉપાર્જનના કામ છે. આ પ્રકારે ખર્ચ અને ઉપાર્જન બંને માટે ક્રમશઃ બાર-બાર કલાક મળે છે. આ કામના ઉપયોગ માટે આપણી પાસે બે પૂંજી છે—એક સમય અને બીજી દ્રવ્ય. આમાં દ્રવ્ય તો લૌકિક પૂંજી છે અને સમય અલૌકિક પૂંજી છે. આહાર-વિહારમાં તો દ્રવ્યનો વ્યય થાય છે અને ઊંઘવામાં સમયનો વ્યય થાય છે. આ પ્રકારે આજીવિકા અને અવબોધ (સાધન કરવું)માં ફક્ત સમયનો વ્યય થાય છે; પરંતુ અલૌકિક પૂંજીરૂપ સમયનો તો ચારે વિભાગોમાં જ વ્યય થાય છે. અહીંયાં આપણે વિચારવું જોઈએ કે અલૌકિક પૂંજીનું ખર્ચ કરીને અલૌકિક લાભ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. સામાન્ય રીતે આહાર, વિહાર તથા આજીવિકાના કાર્યથી આપણે લૌકિક લાભ જ ઉઠાવીએ છીએ; તથા ઊંઘવામાં તો પરિશ્રમ દૂર કરવા સિવાય કોઈ વિશેષ લાભની વાત જોવા જ મળતી નથી, પરંતુ આ બધાં જ કર્મ જો નિષ્કામભાવનાથી કરવામાં આવે તો સર્વોત્તમ અલૌકિક લાભ પ્રાપ્ત કરી શકીએ છીએ.

અહીંયાં એક વાત એ સમજવાની છે કે જો સાધન પણ સકામ-ભાવથી કરવામાં આવે તો તે સમય પણ લૌકિક લાભ જ દેવાવાળો હોય છે અને નિષ્કામભાવથી કરવાથી તે જ સાધન અલૌકિક લાભ દેવાવાળું થઈ જાય છે. તેથી આપણે તમામ કામો નિષ્કામભાવથી જ કરવાં જોઈએ.

તાત્પર્ય એ છે કે આપણે અવબોધ-મોહનિદ્રામાંથી જાગૃત થઈ પરમાત્મા પ્રતિ જ આપણી સમગ્ર ક્રિયાઓનું લક્ષ્ય બનાવી લેવું જોઈએ. આથી આપણને જે આજસુધી ફક્ત સાંસારિક-લૌકિક લાભ જ થતો હતો, તેને બદલે દિવ્ય થવા લાગશે અને આ પ્રકારે ઐહિક પૂંજીને પણ આપણે દિવ્ય પૂંજી બનાવી શકીશું.

આ વાત તો આપણે અગાઉ કહી ચૂક્યા છીએ કે આહાર-વિહાર અને શયન—એ બંને ખર્ચનાં કાર્ય છે; એમાં પણ આહાર-વિહારમાં તો દ્રવ્યનું ખર્ચ છે અને શયનમાં જીવનનું ખર્ચ છે. આ રીતે આજીવિકા અને અવબોધ. એ બંને ઉપાર્જનનાં કામ છે, એમાં આજીવિકામાં દ્રવ્યનું ઉપાર્જન થાય છે અને અવબોધમાં નિત્યજીવન (મોક્ષ)નું ઉપાર્જન. તેથી મનુષ્યે ઇચ્છવું જોઈએ કે નિત્યજીવનના ઉપાર્જનનો સમય, જે અલૌકિક છે, દ્રવ્યોપાર્જન—આજીવિકાના કાર્યમાં ના પ્રયોજાય, પરંતુ એમાં પણ નિષ્કામભાવ તથા ભગવત્-સ્મૃતિનો સમાવેશ કરીને તેને મોક્ષ-પ્રાપ્તિનું સાધન બનાવી લે. ઊંઘવામાં જીવન ખર્ચાય છે અને અવબોધમાં નિત્ય-જીવનનું ઉપાર્જન થાય છે. એટલા માટે જેટલો સંભવ હોય તેટલો દ્રવ્યના ખર્ચ માટે કારણભૂત આહાર-વિહારમાંથી અને જીવનના ખર્ચ માટે કારણભૂત શયનમાંથી સમય બચાવીને નિષ્કામભાવપૂર્વક દ્રવ્યોપાર્જનમાં તથા નિત્ય-જીવન-અવબોધમાં (સાધન કરવામાં) જોડવો.

તાત્પર્ય એ છે કે શૌચ-સ્નાન ઈત્યાદિમાં જો પાંચ કલાકથી જ કામ ચલાવી શકાતું હોય તો સાત કલાક નિષ્કામભાવપૂર્વક દ્રવ્યોપાર્જન આદિ કાર્યોમાં લગાવો. અને જો શૌચ-સ્નાન ઈત્યાદિમાં ચાર કલાકથી કામ થઈ શકતું હોય તો આઠ કલાક નિષ્કામભાવથી દ્રવ્યોપાર્જનમાં લગાવો. એવી રીતે ઊંઘવામાં જો પાંચ કલાકથી જ કામ થઈ જાય તો સાત કલાક ભજન-ધ્યાન, જપ. સ્વાધ્યાય-સત્સંગ, પૂજા-પાઠ આદિ પારમાર્થિક સાધનમાં જોડવા જોઈએ અને જો શયન માટે ચાર કલાકથી જ કામ થઈ શકે તો આઠ કલાક ભજન ઈત્યાદિમાં અવશ્ય જોડવા

જોઈએ. તાત્પર્ય એ છે કે આવક તથા વ્યય ઓછો થવો જોઈએ. અર્થાત્ બની શકે તો જેટલો સમય નિદ્રામાંથી બચાવીએ તેટલો સમય ભજનમાં જોડીએ અને ખાન-પાન ઈત્યાદિમાંથી સમય બચાવીને નિષ્કામભાવપૂર્વક જરૂરી કામ-કાજમાં જોડીએ.

કારણ કે કામ-કાજ કરતી વખતે પણ જો નિષ્કામભાવ રાખીને ભગવત્-આજ્ઞાથી ન્યાયપૂર્વક કર્તવ્યપાલન કરવામાં આવે તો તે સમય પણ ભજનમાં જોડાયેલો સમજી શકાય છે તથા ખાણી-પાણી આદિ પણ કેવળ ભગવાન-પ્રાપ્તિના ઉદ્દેશ્યથી જ કરાય તો તે પણ એક રીતે ભજન જ છે. એ જ પ્રમાણે ઊંઘ પણ ઈશ્વર-પ્રાપ્તિના ઉદ્દેશ્યથી જ લેવાય તો તે પણ એક રીતે ભજનમાં જ ભેળવી શકાય છે. એમાં પણ સાથે-સાથે ભગવાનના નામનો જપ તથા સ્વરૂપનું ધ્યાન તો કરતાં રહેવું જોઈએ. આ પ્રકારે ઉદ્દેશ્ય એક સમાન બનવાથી તો સમગ્ર કાર્યો ભગવત્-પ્રાપ્તિ કરાવવાવાળાં થઈ જાય છે.

જેમ કે નદીના ઘણા મોટા પ્રવાહને પણ જ્યારે નહેરો કાઢીને અનેક શાખાઓનાં સ્વરૂપમાં વિભાજિત કરવામાં આવે તો તે મોટો પ્રવાહ પણ પોતાના એકમાત્ર અંતિમ લક્ષ્ય સમુદ્ર સુધી પહોંચી શકતો નથી અને પૃથ્વી પર આડો-અવળો વેરાઈ જઈને સમાપ્ત થઈ જાય છે; પરંતુ કોઈક એક નદીનો સામાન્ય પ્રવાહ પણ જો પોતાના ધ્યેય સમુદ્ર ભણી એકધારો વહેતો રહે છે તો બીજાં અનેક નાનાં-નાનાં ઝરણાં વગેરેની અનેક શાખાઓનાં પ્રવાહો પણ તેમાં આવીને ભળી જતાં હોય છે અને સામાન્ય પ્રવાહ ઘણો મોટો પ્રવાહ બનીને પોતાના ગંતવ્ય લક્ષ્ય સમુદ્ર સુધી પહોંચી જાય છે.

આ પ્રકારે ઉદ્દેશ્ય અનેક હોવાથી અર્થાત્ કોઈ નિશ્ચિત ધ્યેય ન હોવાથી અથવા ફક્ત લૌકિક લક્ષ્ય હોવાથી મોટાં મોટાં કાર્યો અને પરિશ્રમ પણ વાસ્તવિક કાર્યની સિદ્ધિ મેળવી શકતાં નથી; પરંતુ ધ્યેય એક અને તે પણ ફક્ત પારમાર્થિક હોવાથી સામાન્ય-માં-સામાન્ય ક્રિયાઓ પણ ઘણું બધું કરી શકે છે, અથાત્ તે ક્રિયાઓ વડે પણ ભગવત્-પ્રાપ્તિ થઈ શકે છે; કારણ કે જેનું ધ્યેય ભક્ત ધ્રુવની જેમ ધ્રુવ અથવા તો અટલ છે, તે જ નિર્વિઘ્ન સ્વરૂપે અને જલદીથી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. તેના માર્ગમાં કોઈ પણ વિઘ્ન કે બાધાઓ આવતી નથી અને જો અડચણો આવે તો તે પણ મદદરૂપ જ બની જતી હોય છે.

સંસારના મનુષ્યોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે—દ્વેષી, પ્રેમી અને ઉદાસીન. ધ્રુવજીને એમની સાથે દ્વેષ રાખનારી માતા સુરુચિએ પણ આ જ ઉપદેશ આપ્યો કે આ પદને પ્રાપ્ત કરવા માટે તું ભગવાન વિષ્ણુની આરાધના કર અને તેમને પ્રેમ કરનાર માતા સુનીતિએ પણ એનું જ સમર્થન કર્યું તથા ઉદાસીન શ્રી નારદજીએ પણ છેવટે શ્રીવિષ્ણુ-ભક્તિનો જ ઉપદેશ આપ્યો. કહેવાનો મતલબ એ છે કે જેની સાધના, તપસ્યાનું ધ્યેય ધ્રુવ છે, અટલ છે, તેના માટે કોઈ અડચણ નથી; દ્વેષી-પ્રેમી અથવા ઉદાસીન—બધા જ વિભિન્ન પ્રકારે તેના સહાયક જ બની જાય છે.

પરંતુ હિરણ્યકશિપુની જેમ લક્ષ્ય પારમાર્થિક નથી, તેની ક્રિયાઓ બળવાન હોવા છતાં પણ વાસ્તવિક સિદ્ધિ આપી શકતી નથી. બ્રહ્માજીએ જાતે જ બતાવ્યું કે હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ જેવી તપસ્યા સૃષ્ટિમાં આજ સુધી કોઈએ પણ નથી કરી. હજારો વર્ષો સુધી આવી કઠોર તપસ્યા કરવા છતાં પણ તેમનું લક્ષ્ય પારમાર્થિક ન હોવાથી વાસ્તવિક સિદ્ધિ ના મળી—તેમના વિરોધી તથા ઉદાસીન વ્યક્તિઓ તો શું તેમના સહાયકો પણ વેર-વિખેર થઈ ગયા.

તેથી માનવી માટે એ યોગ્ય છે કે પોતાનું લક્ષ્ય માત્ર પરમાત્માને બનાવીને કાળજી સાથે તત્પરતાપૂર્વક યથોક્ત રીતિથી કર્તવ્યકર્મ કરતા રહેવું. એમ કરવાથી તે અનાયાસ જ પરમ ધ્યેયની સિદ્ધિ કરી શકે છે. આવશ્યકતા છે સજાગ રહેવાની-સાવધાનીની. માનવીએ હરક્ષણે જાગૃત બનીને એ બાબતનું ધ્યાન રાખવું જોઈએ કે મન,ઇન્દ્રિયો અને શરીર વગેરેની ક્રિયાઓ ક્યાંક સંસારને મૂલ્યવાન સમજીને થતી ન રહે, અર્થાત્ લક્ષ્યસિદ્ધિની જાગૃતિ રહેવી જોઈએ.

લક્ષ્ય સ્થિર કરીને ચાલવાવાળાઓ માટે નીચે પ્રમાણેની બે વાતોમાંથી કોઈ એકને સારી રીતે સમજી લઈને તેનું નિરંતર સ્મરણ રાખવાનું ખૂબ જ જરૂરી છે. જો બંને રહે તો પૂછવું જ શું ? એક તો એ કે આપણે પહોંચવું ક્યાં છે અને બીજું કે તેનો માર્ગ કયો છે. જેમ કે આપણે કોઈક પહાડ ઉપર એક દેવમંદિરમાં જવું છે તો પ્રથમ તો તેનું માર્ગદર્શન મળવું જોઈએ કે ક્યાં જવાનું છે. ત્યાર પછી તો તે દિશા ભણી દૃષ્ટિ રાખીને ચાલતા રહેવાનું. અથવા મંદિર

ના દેખાય તોપણ આપણે કેવળ રસ્તો મળે કે આ રસ્તાથી પર્વત પર સ્થિત દેવમંદિરે પહોંચી શકાય છે તો આપણે ફક્ત રસ્તાના આધારે જ ચાલી શકીએ છીએ.

પ્રથમ તો લક્ષ્યના સ્વરૂપને સમજવું જોઈએ કે પરમાત્માની પ્રાપ્તિ શું છે. ભગવાને ગીતામાં બતાવ્યું છે કે—

યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ।
યસ્મિન્ સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે॥

(૬ । ૨૨)

અર્થાત્ તેની પ્રાપ્તિ થયા પછી તેનાથી અધિક અન્ય કોઈ લાભ હોય છે, એવી માન્યતા તેના મનમાં રહી શકે જ નહિ અને તેમાં સ્થિર થયા પછી તેને ભારે દુઃખ પણ વિચલિત કરી શકતું નથી; કારણ કે ગમે તેવું દુઃખ કેમ ના પ્રાપ્ત થાય; આપણા પરમ આનંદમાં ક્યારેય ઓટ આવી જ શકે નહિ, તો પછી દુઃખ તો ત્યાં કેવી રીતે રહી શકે ? ત્યાં દુઃખનો તો પ્રારંભ જ થઈ શકે નહિ; કારણ કે સુખમાં ઓટ આવવાથી જ દુઃખ આવવાની શક્યતા રહે છે અને ત્યાં તો સુખની ક્યારેય જરાય કમી રહેતી નથી. આ સ્થિતિમાં હરપળે એકરસ સમતા બની રહે છે. રાગ-દ્વેષ, હર્ષ-શોક ચિંતા-ભય-ઉદ્વેગ આદિ ભાવો અંતઃકરણમાં કદાપિ રહી શકતા નથી. કર્મ, કલેશ, વિકાર, અજ્ઞાન, સંશય, ભ્રમ, આદિ દુઃખો અને દુઃખોના કારણોનો હમેશને માટે વિનાશ થઈ જાય છે, આ છે વસ્તુસ્થિતિ, આ જ પ્રાપ્તવ્ય છે અને ગંતવ્ય લક્ષ્ય છે.

બીજો માર્ગ છે. માર્ગ શો છે ? આપણે કોઈ પણ કામ કરીએ, તે હોવું જોઈએ શાસ્ત્રવિહિત અને આપણા માટે વિશેષરૂપથી નિશ્ચિત કરેલું. તે કામ અને રાગ-દ્વેષથી મુક્ત બનીને ભગવાનની આજ્ઞા માનીને કેવળ ભગવત્-પ્રીત્યર્થે ભગવાનનું ચિંતન કરતા રહીને નિષ્કામભાવથી તત્પરતાપૂર્વક કરતા રહેવું.

લક્ષ્ય અને માર્ગ નિશ્ચિત કરી લીધા બાદ પણ સાધક માટે એક મોટી આવશ્યકતા છે—ભગવાન પર ભરોસો રાખવાની. હૃદયમાં એ વિશ્વાસ સુદૃઢ હોવો જોઈએ કે 'મારું આ કાર્ય અવશ્ય જ સિદ્ધ થશે; કારણ કે મારા પર ભગવાનની મહાન કૃપા છે.' ભગવાનના માર્ગ પર ચાલવાવાળાઓને માટે

મોટી ભારે આશ્વાસનની વાત તો એ છે કે તેમાં નુકસાન તો કદાપિ હોતું જ નથી—

તુલસી સીતારામ કહુ દ્રઢ રાખહુ બિસ્વાસ।
કબહૂઁ બિગરે ના સુને રામચંદ્રકે દાસ ॥

એટલા માટે આપણે પરમાત્માની પ્રાપ્તિના માર્ગ ભણી ઘણા જોરથી ઉત્સાહપૂર્વક લાગી જવું જોઈએ; કારણ કે સમય ઘણો ઓછો છે અને કામ અધિક છે. સંસારના ભોગોનો તો કોઈ અંત જ નથી—

દુનિયા કે જો મજે હૈં હરગિજ ભી કમ ન હોંગે।
ચરચે યહી રહેંગે અફસોસ હમ ન હોંગે॥

—તો પછી આપણું કોણ ? એટલા માટે—

તૂર્ણં યતેત ન પતેદનુમૃત્યુ યાવ-
ન્નિઃશ્રેયસાય વિષયઃ ખલુ સર્વતઃ સ્યાત્ ॥

'કલ્યાણને માટે અતિશીઘ્ર પ્રયત્ન કરવો અને મૃત્યુપર્યન્ત ક્યાંય પણ માર્ગથી ચ્યુત ન થઈને, એના માટે હમેશાં સાવધ રહીએ; કારણ કે વિષય-પદાર્થ તો બધે જ મળી રહે છે.'

આ ભગવદ્-વાક્ય અનુસાર ઉતાવળ કરવી જોઈએ; કારણ કે બીજી બધી વસ્તુઓ અને વાતો તો બધાં સ્થળે મળી જશે; પરંતુ ભગવત્-પ્રાપ્તિનો સુઅવસર તો કેવળ આ માનવ-શરીરમાં જ છે—

શ્રીભર્તૃહરિજીએ કહ્યું છે—

યાવત્ સ્વસ્થમિદં કલેવરગૃહં યાવચ્ચ દૂરે જરા
યાવચ્ચેન્દ્રિયશક્તિરપ્રતિહતા યાવત્ ક્ષયો નાયુષઃ।
આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્યઃ પ્રયત્નો મહાન્
પ્રોદ્દીપ્તે ભવને તુ કૂપખનનં પ્રત્યુદ્યમઃ કીદૃશઃ॥

'જ્યાં સુધી આ શરીર તંદુરસ્ત છે અને જ્યાં સુધી વૃદ્ધાવસ્થા દૂર છે તથા જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ નષ્ટ થઈ નથી; તેમજ જ્યાં સુધી આયુષ્યનો ક્ષય થયો નથી ત્યાં સુધી સમજદાર મનુષ્યે આત્મકલ્યાણ માટે મહાન પ્રયત્ન કરી લેવો જોઈએ; નહી તો ઘરમાં આગ લાગ્યા પછી કૂવો ખોદવાનો પરીશ્રમ કરવાથી શું લાભ ?'

—— ——:: X X :: —— ——

કર્મયોગ

સમતાપૂર્વક કર્તવ્ય-કર્મોનું આચરણ કરવું તેને જ કર્મયોગ કહે છે. કર્મયોગમાં ખાસ નિષ્કામભાવની પ્રધાનતા છે. નિષ્કામભાવ ન હોય તો કર્મો ફક્ત કર્મ જ રહે છે; કર્મયોગ નથી થતો. શાસ્ત્રવિહિત કર્તવ્યકર્મ કરવા છતાં પણ જો નિષ્કામભાવ નહિ હોય તો તેને કર્મો જ કહેવામાં આવે છે; આવી ક્રિયાઓથી મુક્તિ સંભવ નથી; કારણ કે મુક્તિમાં તો ભાવ જ પ્રધાન છે. નિષ્કામભાવ સફળ થવામાં રાગ-દ્વેષ બાધક છે— '**તૌ હ્યસ્ય પરિપન્થિનૌ**' (ગીતા ૩ । ૩૪); તેઓ આ માર્ગના લૂંટારા છે. તેથી રાગ-દ્વેષના વશમાં નહિ આવવું જોઈએ. તો પછી શું કરવું જોઈએ ?—

શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ ।
સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥

(ગીતા ૩ । ૩૫)

—આ શ્લોકમાં ઘણી જ વિલક્ષણ વાતો બતાવવામાં આવી છે. આ એક શ્લોકમાં ચાર ચરણ છે. ભગવાને આ શ્લોકની કેવી સુંદર રચના કરી છે ! અલ્પ શબ્દોમાં કેટલા બધા ગંભીર ભાવ ભર્યા છે. કર્મોના વિષયમાં કહ્યું છે—

'શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ'

અહીં '**શ્રેયાન્**' શા માટે કહ્યું ? એટલા માટે કે અર્જુને બીજા અધ્યાયમાં ગુરુજનોને મારવાની અપેક્ષા ભીખ માગવી એને 'શ્રેય' કહ્યું હતું—'**શ્રેયો ભોક્તું ભૈક્ષ્યમપીહ લોકે**' (૨ । ૫); પરંતુ '**યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે**' (૨ । ૭)માં પોતાના માટે નિશ્ચિત 'શ્રેય' જ પૂછયું—'**તદેકં વદ નિશ્ચિત્ય યેન શ્રેયોઽહમાપ્નુયામ્**' (૩ । ૨) અહીંયાં પણ 'નિશ્ચિત' કહ્યું અને બીજા અધ્યાયના સાતમા શ્લોકમાં પણ '**નિશ્ચિતમ્**' કહ્યું છે. ભાવ એ છે કે મારા માટે કલ્યાણકારક અચૂક રામબાણ ઉપાય હોવો જોઈએ. ત્યાં અર્જુને પ્રશ્ન કરતા કહ્યું—'**જ્યાયસી ચેત્કર્મણસ્તે મતા બુદ્ધિર્જનાર્દન**' (૩ । ૧); અહીંયાં

'**જ્યાયસી**' પદ છે. આ જ્યાયસીનો ભગવાને '**કર્મજ્યાયો હ્યકર્મણઃ**' (૩ । ૮)માં '**જ્યાયઃ**' કહીને પ્રત્યુત્તર આપ્યો કે કર્મ ન કરવાની અપેક્ષા કર્મ કરવું તે શ્રેષ્ઠ છે. તો પછી કર્મ કયું કરવું ? આ બાબતે સ્પષ્ટતા કરતાં બતાવ્યું કે જે સ્વધર્મ છે તે જ કર્તવ્ય છે; તેનું જ આચરણ કરો. અર્જુન માટે સ્વધર્મ શું છે ? યુદ્ધ કરવું. ૧૮માં અધ્યાયના ૪૩માં શ્લોકમાં ભગવાને ક્ષત્રિયનાં જે સ્વાભાવિક કર્મ બતાવ્યાં છે, તે કર્મો જ ક્ષત્રિય હોવાના નાતે અર્જુન માટે કર્તવ્યકર્મ બને છે. ત્યાં પણ ભગવાને '**શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ**' (૧૮ । ૪૭) કહ્યું છે. સ્વધર્મનો અર્થ સ્વકર્મ છે. અહીંયાં સ્વકર્મ છે—યુદ્ધ કરવું. '**સ્વધર્મઃ**' ની સાથે '**વિગુણઃ**' વિશેષણ કેમ આપ્યું ? અર્જુને ત્રીજા અધ્યાયમાં પહેલા શ્લોકમાં યુદ્ધરુપિ કર્મને 'ઘોર કર્મ' બતાવ્યું છે. એટલા માટે ભગવાને તેનાપ્રત્યુત્તરમાં તેને '**વિગુણઃ**' બતાવીને એ સ્પષ્ટ વ્યક્ત કર્યું છે કે સ્વધર્મ વિગુણ હોવા છતાં કર્તવ્યકર્મ હોવાથી શ્રેષ્ઠ છે. તેથી અર્જુન માટે યુદ્ધ કરવું એ જ કર્તવ્ય છે. તથા બીજા અધ્યાયના બત્રીસમાં શ્લોકમાં પણ ભગવાને બતાવ્યું છે કે ધર્મયુદ્ધથી ચઢિયાતું ક્ષત્રિય માટે કોઈ કલ્યાણકારક શ્રેષ્ઠ સાધન છે જ નહિ.

'પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્'

તાત્પર્ય એ છે કે પરધર્મમાં અધિક ગુણો હોય અને તેનું આચરણ પણ સારી રીતે કરવામાં આવતું હોય તથા પોતાના ધર્મમાં ગુણોની કમી હોય અને તેનું આચરણ પણ સારી રીતે થતું ના હોય, છતાં પણ પરધર્મ કરતાંય સ્વધર્મ જ '**શ્રેયાન્**'—અતિ શ્રેષ્ઠ છે. જેવી રીતે પતિવ્રતા સ્ત્રી માટે પોતાનો પતિ સેવન કરવા યોગ્ય હોય છે. પછી ભલે તે વિગુણ જ હોય. શ્રીરામચરિતમાનસના કહેવા પ્રમાણે—

વૃદ્ધ રોગબશ બંડ ધનહીના । અંધ બધિર ક્રોધી અતિ દીના ।।

—આ આઠેય અવગુણ પોતાના પતિમાં મોજૂદ હોય અને તેની સેવા પણ સાંગોપાંગ થતી ના હોય તથા પર-પતિ ગુણવાન પણ હોય અને તેની સેવા પણ સારી રીતે કરવામાં આવતી હોય, તોપણ પત્ની માટે પોતાના પતિની સેવા જ શ્રેષ્ઠ છે, તે જ સેવા કરવા યોગ્ય છે, પર-પતિ કદાપિ સેવા કરવા

યોગ્ય નથી. એ પ્રકારે સ્વધર્મ જ '**શ્રેયાન**' (શ્રેષ્ઠ) છે; પરધર્મ કદાપિ નહિ.

સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥

—આમાં ભગવાને એ ભાવ બતાવ્યો છે કે દુઃખોની સીમા મૃત્યુ છે અને સ્વધર્મના પાલનમાં જો મૃત્યુ પણ થાય તો તે પણ પરિણામે કલ્યાણકારક છે. તાત્પર્ય એ છે કે પરધર્મમાં માલૂમ પડતા ગુણો, તેના અનુષ્ઠાનની સુગમતા અને તેનાથી મળવાવાળાં સુખની કોઈ કિંમત નથી, કારણ કે પરિણામ બહુ જ ભયાનક છે. પરંતુ પોતાના ધર્મમાં ગુણોની કમી, અનુષ્ઠાનની દુષ્કરતા તથા તેનાં પડનારાં દુઃખો પણ મહાન મૂલ્યવાન છે; કારણ કે પરિણામમાં કલ્યાણકારક છે. તો જે સ્વધર્મમાં ગુણોની કમી પણ ના હોય, અનુષ્ઠાન પણ સારી રીતે થઈ શકતું હોય તથા તેમાં સુખ પણ હોય તો તે સર્વથા શ્રેષ્ઠ છે—એમાં તો કહેવાનું જ શું હોય ?

ઉપર્યુક્ત શ્લોકની વ્યાખ્યા પ્રમાણે મનુષ્યોએ કર્તવ્યકર્મોનું નિષ્કામભાવથી અનુષ્ઠાન કરવા લાગી જવું જોઈએ.

— —:: X X :: — —

વૈરાગ્ય

તપસામપિ સર્વેષાં વૈરાગ્યં પરમં તપઃ ।

યજ્ઞ, દાન, યોગ, તીર્થ, વ્રત, સ્વાધ્યાય આદિ પુણ્ય કર્મરુપ બધા પ્રકારની તપસ્યાઓમાં વૈરાગ્ય પરમ તપ છે; કારણ કે બીજાં ધાર્મિક કાર્યો (તપ) સકામભાવથી કરવામાં આવે તો તેમના દ્વારા સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે અને નિષ્કામભાવથી કરવાથી જ તેઓ પરમાત્માની પ્રાપ્તિનું સાધન બને છે, પરંતુ વૈરાગ્ય તો નિષ્કામભાવથી જ થાય છે. સકામભાવ અને વૈરાગ્ય—બંને એક સ્થળે રહી જ કેવી રીતે શકે ? તેથી પારમાર્થિક સાધક માટે ફક્ત વૈરાગ્ય નહિ, ત્યાં સુધી ગમે તેટલા ધતીંગ કરે, તેમનાથી કોઈ પણ આધ્યાત્મિક કાર્ય સફળ થતું નથી. બીજી બાજુ જો આપણને વાતો કરતાં ના આવડે; જ્ઞાનયોગ તથા હઠયોગની યુક્તિઓ પણ આપણે જાણતા ના હોઈએ; તો પણ માત્ર વૈરાગ્ય હોવાથી ધ્યાન ઈત્યાદિ સાધન સરળતાથી આપમેળે થવા લાગે છે, ધ્યાન ઈત્યાદિ યુક્તિઓ શીખ્યા વિના જ સ્વતઃ સ્ફૂરિત થવા લાગે છે. જ્યાં સુધી સંસારના વિષયોમાં અનુરાગ છે અને પ્રભુમાં પ્રેમ નહિ ત્યાં સુધી વૈરાગ્ય જ ખૂબ આવશ્યક તથા પરમ ઉપયોગી છે. જ્યાં સુધી વૈરાગ્ય નહિ. સાંસારિક પદાર્થોમાં આંતરિક રાગના અભાવનું નામ વૈરાગ્ય છે. બ્રાહ્ય નામ વૈરાગ્ય નથી. વૈરાગ્ય ભીતરી ત્યાગના ભાવનો પર્યાય છે.

વૈરાગ્ય કેટલાયે હેતુઓથી ઉત્પન્ન થાય છે—દુઃખથી, ભયથી, વિચારથી, સાધનથી તથા પરમાત્મતત્ત્વના બોધથી. આ બધામાં પૂર્વ-પૂર્વ વૈરાગ્ય કરતાં ઉત્તરોત્તરનો વૈરાગ્ય શ્રેષ્ઠ છે.

દુઃખથી ઉત્પન્ન વૈરાગ્ય—ઘર, ધન, સ્ત્રી, પુત્ર, પરિવાર આદિની અનુકૂળતા ના હોય તથા પરિસ્થિતિની પ્રતિકૂળતા પ્રાપ્ત થવાથી સંસારના ત્યાગની અકળામણથી ભરેલી ભાવના હોય છે, તેને દુઃખથી ઉત્પન્ન વૈરાગ્ય કહે છે. આ દુઃખથી ઉત્પન્ન વૈરાગ્ય અસલી નથી; આપણને આરામ ના મળ્યો, ધૂત્કાર મળ્યો, તિરસ્કાર મળ્યો અથવા મનગમતી વસ્તુ ના મળી તો મનમાં આવ્યું કે સંસાર છોડો, સંસારમાં શું છે ? સંસારમાં તો ફક્ત દુઃખ જ દુઃખ ભરેલું છે.

આ પ્રકારનો વૈરાગ્ય તો બધાને થઈ શકે છે. કૂતરો પણ ઉગામેલી લાકડી જોઈને ભાગે છે. પોતાનો જીવ બચાવે છે. તેથી તે સાચો વૈરાગ્ય નથી. એમાં જે કાંઈ અકળામણ છે અને અનુકૂળતાનું અનુસન્ધાન છે, તે વૈરાગ્ય નથી. તેમાં તો અનુરાગ જ કારણભૂત છે; કારણ કે દુઃખનું કારણ દૂર થતાં અર્થાત્ અનુકૂળતા પ્રાપ્ત થઈ જવાથી ત્યાગનો તે ભાવ રહેવો કઠિન છે. જો પ્રતિકૂળતા ના રહે, બધા જ કુટુંબીજનો મનને અનુકૂળ એવી સેવા કરવા લાગે તો પછી તે વૈરાગ્ય ભૂલી જાય છે. તેમાં ફક્ત જે વિષયોને દુઃખનું કારણ સમજવાનો ભાવ છે તે જ વૈરાગ્યનો અંશ છે. આ પ્રકારે દુઃખનું કારણ બનવાવાળો વૈરાગ્ય સાચો વૈરાગ્ય નથી, પરંતુ તે સમયે જો સંગ સારો મળી જાય તો તે વૈરાગ્ય અધિક વૃદ્ધિ પામીને આત્માના ઉદ્ધારનું કારણ બની શકે છે. એટલે તેને પણ વૈરાગ્ય કહી શકાય છે.

ભયથી ઉત્પન્ન વૈરાગ્ય—દુઃખથી ઉત્પન્ન વૈરાગ્ય કરતાં શ્રેષ્ઠ છે સ્વાસ્થ્યનો ભય, રાજ્યનો ભય, સમાજનો ભય, માન-પ્રતિષ્ઠાનો ભય, જન્મ-મરણનો ભય અને નરકોનો ભય—આવા અનેક પ્રકારના ભયથી ઉત્પન્ન અનુરાગના અભાવને 'ભયથી ઉત્પન્ન વૈરાગ્ય' કહે છે.

ભોગોને ભોગવવાથી શરીર શિથિલ બને છે, રોગની વૃદ્ધિ થાય છે, શક્તિનો નાશ થાય છે, કાર્ય કરવાનું સાહસ નથી રહેતું—વગેરે કલેશોના ભયથી દરેક ચીજ-વસ્તુ, ખાવા-પીવાથી અને સ્ત્રી-સંગ ઈત્યાદિ ભોગોથી મન પાછું પડે અને એ પ્રકારે રોગ ઈત્યાદિ થવાથી તેની વૃદ્ધિ ન થાય તેથી તેમાં કુપથ્યરૂપ ભોગોથી મન પાછું પડે તે 'સ્વાસ્થ્યનાશના ભયને કારણે ઉત્પન્ન થનારો વૈરાગ્ય' છે.

દંડ, જેલવાસ, ફાંસી વગેરેના ભયથી ચોરી, વ્યભિચાર, લૂંટ, હિંસા વગેરે અત્યાચાર-અનાચારથી પ્રાપ્ત થતા ભોગોથી મન પાછું પડે તે 'રાજ્યભયથી ઉત્પન્ન વૈરાગ્ય' છે.

જ્ઞાતિ-બહિષ્કાર, આર્થિક નુકસાન, પુત્ર-પુત્રીના વિવાહમાં મુશ્કેલી, સમાજમાં બદનામી વગેરેના ભયથી જે જાતિના નિયમોનો ભંગ કરીને ભોગોને ભોગવવાની ઇચ્છાનો ત્યાગ કરવાનો છે, તે 'સમાજ-ભયથી ઉત્પન્ન વૈરાગ્ય' છે.

વેશ્યાગમન, મદિરાપાન, હિંસા વગેરેથી કૂળની પરંપરાથી મળતી પ્રતિષ્ઠાનો નાશ થશે. તથા લોકો આપણને ખરાબ દૃષ્ટિથી જોશે. એવા વિચારોથી લૌકિક મર્યાદાનો લોપ કરીને ભોગોપભોગના ત્યાગનો જે ભાવ છે; તે 'માન-પ્રતિષ્ઠાના ભયથી ઉત્પન્ન વૈરાગ્ય' છે.

જન્મ-મરણનું મુખ્ય કારણ છે—પદાર્થ, ક્રિયા, ભાવ અને વ્યક્તિ વગેરેમાં આસક્ત રહેવું. તેથી આ પદાર્થોનું ચિંતન હશે તો અવસાનના સમયે પણ તેમનું સ્મરણ થશે અને અન્તકાલિન સ્મૃતિ અનુસાર જ પછીનો જન્મ થશે—આ ભયથી પદાર્થ-ક્રિયા ઈત્યાદિમાં અનુરાગ ન રહેવો તે 'જન્મ-મરણના ભયથી ઉત્પન્ન વૈરાગ્ય' છે.

કામ, ક્રોધ, લોભ આદિ મનોવૃત્તિઓને વશ થઈ શાસ્ત્રથી નિષેધ પદાર્થોના અન્યાયપૂર્વક સેવનથી વૈતરણી, અસિપત્રન્, લાલાભક્ષ્ય, રૌરવ, મહારૌરવ, કુંભીપાક વગેરે નરકો પ્રાપ્ત થશે; ત્યાં અનેક ભયાનક કષ્ટ ભોગવવાં પડશે; અહીંનું વિષય-સુખ તો ક્ષણિક હશે પરંતુ એના પરિણામ સ્વરૂપે પ્રાપ્ત થનારી નારકીય પીડા અત્યંત ભયાનક અને લાંબા સમય સુધી રહેનારી હશે—આ ભયના કારણે મનનું કામ-ક્રોધ ઈત્યાદિથી પાછા હઠવું. તેને 'નરકોના ભયથી ઉત્પન્ન વૈરાગ્ય' કહે છે.

આ પ્રકારે ભયથી ઉત્પન્ન વૈરાગ્યના કેટલાયે સ્વરૂપો છે. એમાં નરકોના ભયથી ઉત્પન્ન વૈરાગ્ય અન્ય ભયોથી ઉત્પન્ન વૈરાગ્ય કરતાં સ્થાયી અને શ્રેષ્ઠ છે; પરંતુ આ પણ અસલ વૈરાગ્ય નથી. આમાં પણ વિષયોથી સૂક્ષ્મ અનુરાગ છૂટતો નથી. ફક્ત ભયના કારણે પદાર્થોથી મન હઠતું હોય છે—આ ભયથી ઉત્પન્ન થતો વૈરાગ્ય છે; ભય ન રહે તો આ વૈરાગ્ય ટકવો પણ કઠિન છે.

વિચારથી ઉત્પન્ન થતો વૈરાગ્ય—ભયથી ઉત્પન્ન વૈરાગ્ય કરતાં વિચાર-વિવેકથી ઉત્પન્ન વૈરગ્ય ઊંચો છે. વિચારનો અર્થ છે—સત્ય-અસત્ય, સાર-અસાર, હેય-ઉપાદેય તથા કર્તવ્ય-અકર્તવ્ય વગેરેનો વિવેક. આ વિવેકથી અસત્ય, અસાર, હેય અને અકર્તવ્યનો જે મનથી પરિત્યાગ છે, અર્થાત્ એમના પ્રતિ મનના અનુરાગનો અભાવ થઈ જાય, તેને 'વિચારથી ઉત્પન્ન વૈરાગ્ય' કહે

છે. વિષય સેવન કરવાથી પરિણામ સ્વરૂપ વિષયોમાં રાગ-આસક્તિ વધે છે, જે સંપૂર્ણ દુ:ખોનું કારણ છે અને વિષયોમાં વાસ્તવિક રીતે સુખ છે જ નહિ. ફક્ત પ્રારંભમાં સુખનો ભ્રમિક અનુભવ થાય છે. ગીતામાં કહ્યું છે—

યે હિ સંસ્પર્શજા ભોગા દુ:ખયોનય એવ તે।
આદ્યન્તવન્ત: કૌન્તેય ન તેષુ રમતે બુધ:॥
વિષયેન્દ્રિયસંયોગાદ્ યત્તદગ્રેઽમૃતોપમમ્।
પરિણામે વિષમિવ તત્ સુખં રાજસં સ્મૃતમ્॥

(૫।૨૨, ૧૮।૩૮)

'આ ઇન્દ્રિયો તથા વિષયોના સંયોગથી ઉત્પન્ન થનારા જે બધા ભોગો છે, તે જો કે વિષયી પુરુષોને સુખરૂપ દેખાય છે તોપણ દુ:ખનું જ કારણ છે અને આદિ-અંતવાળા અર્થાત્ અનિત્ય છે. એટલા માટે હે અર્જુન! બુદ્ધિમાન્-વિવેકી પુરુષ તેઓમાં રચ્યો-પચ્યો રહેતો નથી.'

'જે સુખ વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી ઉત્પન્ન થાય છે તે પ્રથમ ભોગકાળમાં અમૃત સમાન લાગવા છતાં પણ પરિણામે વિષ-તૂલ્ય છે. એટલા માટે તેને રાજસ સુખ કહેવામાં આવે છે.'

વિષયોમાં સુખ હોત તો મોટા-મોટા ધનિકો ભોગી અને પદાધિકારીઓ પણ સુખી હોત. પરંતુ વિચારપૂર્વક જોવામાં આવે તો માલૂમ પડે છે કે તેઓ પણ દુ:ખી છે. પદાર્થોમાં શાંતિ છે જ નહિ, થઈ નથી; થશે નહિ અને થઈ શકતી નથી. વિચારશીલ વ્યક્તિને તો ડગલે ને પગલે અનુભવ પણ થાય છે કે એમાં સુખ છે જ નહિ.

ચાખ ચાખ સબ છાડિયા માયા-રસ ખારા હો।
નામ-સુધારસ પીજિયે છિન બારંબારા હો॥

જે જે ભોગો સુખ મેળવવાની બુદ્ધિથી ભોગવાયા છે, તે તે ભોગોથી ધીરજ નાશ પામી છે. ધ્યાન નાશ પામ્યું છે, રોગ પેદા થયા, ચિંતા થઈ, વ્યગ્રતા આવી, પશ્ચાતાપ થયો, બેઈજ્જતી થઈ, શક્તિ ગઈ, ધન ગયું, શાંતિ ગઈ અને મોટે ભાગે દુ:ખ-શોક-ઉદ્વેગ આવ્યા—આવું પરિણામ નજરોનજર જોવામાં આવે છે. આથી સ્પષ્ટ થાય છે કે વિષયોમાં સુખ નથી. જેવી રીતે સ્વપ્નમાં આપણે પાણી પીએ છીએ, છતાં તરસ બુઝાતી નથી, તેવી રીતે પદાર્થોથી ના તો શાંતિ મળે

છે કે ના બળતરા ઓલવાતી હોય છે. મનુષ્ય એક વિચારે છે કે આટલું ધન ભેગું થશે, આટલો વૈભવ થઈ જશે તો શાંતિ મળશે; પરંતુ એટલું થઈ ગયા છતાં પણ શાંતિ મળતી નથી; ઊલટું પદાર્થોની વૃદ્ધિથી તો તેમની લાલચ અધિક વધી જાય છે—**'જિમિ પ્રતિ લાભ લોભ અધિકાઈ'** ધન-પરિવાર મળ્યા પછી તેમની વધારે વૃદ્ધિ થાય તેવી લાલચ ઉત્પન્ન થાય છે. રાજ્ય હોવા છતાં રાજ્યનો વિસ્તાર થાય, એવી લાલચ થાય છે. આ પ્રકારે 'હજુ વધુ થઈ જાય', 'હજુ વધુ થઈ જાય'—એ ક્રમ ચાલતો જ રહે છે. પરંતુ સંસારમાં જે કંઈ ધન-ધાન્ય છે, જેટલી સ્ત્રીઓ છે, જેટલી સામગ્રીઓ છે, તે બધી જ એક સામટી કોઈ એક વ્યક્તિને મળી જાય, તોપણ તેમનાથી તેને સંતોષ મળી શકતો નથી. શાસ્ત્રમાં કહ્યું છે—

યત્ પૃથિવ્યાં વ્રીહિયવં હિરણ્યં પશવઃ સ્ત્રિયઃ ।
એકસ્યાપિ ન પર્યાપ્તમિતિ મત્વા શમં વ્રજેત્ ॥

એનું કારણ એ છે કે જીવ પરમાત્માનો અંશ તથા ચેતન છે અને પદાર્થ પ્રાકૃત તથા જડ છે. ચેતનની ભૂખ જડ પદાર્થો દ્વારા કેવી રીતે મિટાવી શકાય? પેટમાં ભૂખ હોય અને પીઠ પર હલવો બાંધવામાં આવે તો ભૂખ કેવી રીતે સંતોષાય ? તરસ લાગી હોય ત્યારે ગરમાગરમ સારામાં સારો હલવો ખાવાથી પણ તરસ મટી શકતી નથી. ભૂખ્યા માનવીની ભૂખ ઠંડું પાણી પીવાથી કેવી રીતે મિટાવી શકાય ? એ પ્રકારે જીવાત્માને ચિન્મય પરમાત્માની તો ભૂખ છે પરંતુ તે, તે ભૂખને મિટાવવા ઇચ્છે છે જડ પદાર્થો દ્વારા આમાં મુખ્ય કારણ છે—અવિવેક. જીવનો અવિવેક સમાપ્ત કરવામાં પદાર્થ સર્વદા અસમર્થ છે; તેથી તો પદાર્થો શાંતિ આપી શકતા નથી. ખોટા માર્ગે ચાલવાથી ગન્તવ્ય સ્થાને કેવી રીતે પહોંચશે ? ચાહે જીવ બ્રહ્માજીના આયુષ્ય જેટલા સમય સુધી વૈભવનો સંગ્રહ અને ભોગ ભોગવવામાં રચ્યો-પચ્યો રહે તો પણ તેની ભૂખ કદાપિ શાંત થઈ શકે, તેને શાંતિ મળી શકશે નહિ. જ્યારે કામનાઓનો તીવ્ર અભાવ થાય ત્યારે જ શાંતિ મળશે.

યચ્ચ કામસુખં લોકે યચ્ચ દિવ્યં મહત્ સુખમ્ ।
તૃષ્ણાક્ષયસુખસ્યૈતે નાર્હતઃ ષોડશીં કલામ્ ॥

'સંસારમાં જે પણ ઇષ્ટ પદાર્થોના મળવાથી સુખ થાય છે તથા જે સ્વર્ગીય

મહાન સુખ છે, તે બધા સુખો ભેગાં થઈને પણ તૃષ્ણાનાશથી પ્રાપ્ય સુખના સોળમા ભાગ જેટલાં પણ ના થઈ શકે.'

ન સુખં દેવરાજ્યસ્ય ન સુખં ચક્રવર્તિનઃ।
યત્ સુખં વીતરાગસ્ય મુનેરેકાન્તશીલિનઃ॥

'એકાન્તશીલ વીતરાગ મુનિને જે સુખ હોય છે, તે સુખ ઇન્દ્રને પણ નહિ કે ચક્રવર્તી સમ્રાટને પણ નથી હોતું.'

સંતોએ કેવું સુંદર કહ્યું છે—

ના સુખ કાજી પંડિતાઁ ના સુખ ભૂપ ભયાઁ।
સુખ સહજાઁ હી આવસી તૃષ્ણા રોગ ગયાઁ॥

'તૃષ્ણારૂપી રોગ ચાલ્યા ગયા પછી સુખ સહજ રીતે આવી જશે.' જ્યાં સુધી પદાર્થોની લોલુપતા છે, ગુલામી છે, ત્યાં સુધી સુખ ક્યાંથી ? ગુલામી, દીનતા મટે તો જ સુખ મળે અને તે ત્યારે જ્યારે ઇચ્છા ના રહે.

ચાહ ગઈ ચિંતા મિટી મનુવ બેપરવાહ।
જિનકો કછૂ ન ચાહિયે સો જગ શાહંશાહ॥

જ્યાં સુધી ઇચ્છા છે, ત્યાં સુધી ચિંતા નહિ ટળે અને જ્યાં સુધી ચિંતા નહિ મટે, ત્યાં સુધી સુખ નહિ મળી શકે.

પિંગલા નામની એક વેશ્યા હતી. તે ખૂબ જ પ્રસિદ્ધ હતી. તેને ત્યાં ઘણા જ આસક્તો અને ધનિકો આવતા હતા અને તેને ધન આપ્યા કરતા હતા, પરંતુ એક દિવસે રાતના સમયે તે પ્રતીક્ષા કરતી જ રહી, પરંતુ ધન આપવાવાળો કોઈ પણ આવ્યો નહિ. આથી તે ઘણી જ ઉદ્વિગ્ન હતી. એટલામાં જ તેણે ભગવાન દત્તાત્રેયજી પોતાની મસ્તીમાં ડોલતા ચાલ્યા આવતા હતા તે જોયું. તેમને જોઈને તે વિચારવા લાગી કે 'આ જનક રાજાની વિદેહનગરીમાં હું જ એક એવી મુર્ખ છું, કે જે બીજા પુરુષોથી સુખ અને તૃપ્તિ ઇચ્છું છું. તેઓ મને કયું સુખ આપશે, મને કઈ તૃપ્તિ થશે ? જો તેમની પાસે સુખ હોત અને તેઓ મને સુખ આપી શકતા હોત તો તેઓ મારી પાસે તે સુખ લેવા માટે કેમ આવે ? જે જાતે પોતાની તૃષા છિપાવી શકતા નથી, તે બીજાની તૃષા કેવી રીતે બુઝાવશે ? જે જાતે જ ટૂકડા પાછળ કૂતરાની જેમ સુખ માટે ઘેર ઘેર ભટકે છે, તે બીજાઓને કયું સુખ આપશે ?' દત્તાત્રેયજીની મસ્તી જોઈને તેના મનમાં

એવા વિચારો આવ્યા અને તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે વિચાર્યું—'આજ સુધી મેં મહાન ભૂલ કરી છે, હવે હું મારો અમૂલ્ય સમય નષ્ટ નહીં કરું.' આ બારામાં શ્રી શુકદેવજીએ કહ્યું છે—

આશા હિ પરમં દુઃખં નૈરાશ્યં પરમં સુખમ્।
યથા સંછિદ્ય કાન્તાશાં સુખં સુષ્વાપ પિંગલા॥

(શ્રીમદ્ભા૦ ૧૧ । ૮ । ૪૪)

'આશા જ સૌથી મોટું દુઃખ અને નિરાશા જ સૌથી મોટું સુખ છે. પિંગલા વેશ્યાએ જ્યારે પુરુષની આશા છોડી દીધી ત્યારે જ તે સુખ-ચેન મેળવી શકી.'

સાચે જ આશા જ દુઃખો અને પાપોનું મૂળ છે. ગીતામાં અર્જુને ભગવાનને પ્રશ્ન કર્યો છે કે 'મનુષ્ય પાપ કરવા ઇચ્છતો નથી, છતાં પણ બલાત્ કોની પ્રેરણાથી પાપ કરે છે ?' આના પ્રત્યુત્તરમાં ભગવાને કામનાને જ પાપનું કારણ બતાવ્યું છે. જેટલા વ્યક્તિઓ જેલમાં પડયા છે, જેટલા નરકોની ભીષણ યાતના સહન કરી રહ્યા છે અને જેમના મનમાં શોક-ઉદ્વેગનો અનુભવ થઈ રહ્યો છે તથા જે ન ઇચ્છવા છતાં પાપાચારમાં પ્રવૃત્ત છે, એ બધાનું કારણ ભીતરી કામના જ છે. સંસારમાં જેટલા પણ દુઃખી છે, એ બધાનું કારણ એકમાત્ર કામના જ છે. કામના પ્રત્યેક અવસ્થામાં દુઃખનો અનુભવ કરાવતી રહે છે—જેમ કે પુત્ર ન હોવાથી પુત્ર થાય તેની લાલસાનું દુઃખ, જન્મ થયા બાદ તેના પાલન-પોષણ, વિદ્યાભ્યાસ અને વિવાહ ઈત્યાદિની ચિંતાનું દુઃખ અને મરતાં સમયે અભાવનું દુઃખ થાય છે. કામના જો રહે તો પ્રત્યેક પરિસ્થિતિમાં દુઃખી જ થશે. એટલે જ તો જે પ્રકારે આશા જ મહાન દુઃખ છે તે પ્રકારે નિરાશા-વૈરાગ્ય જ મોટું સુખ છે. સ્ત્રી, પુત્ર, પરિવાર—બધા જ આજ્ઞાકારી મળી જાય, ત્યારે પણ સુખ નથી હોતું. સુખ તો તેની ઇચ્છાના પરિત્યાગથી જ મળશે. એવું વિચારીને પોતાની બધી જ ધન-સામગ્રી લૂંટાવીને પિંગલા વૈરાગ્યની મસ્તીમાં નીકળી પડે છે અને પરમાત્માનું ભજન-ધ્યાન કરીશ એવો નિર્ણય કરે છે અને પોતે પરમ સુખી થશે એમ માને છે.

મૈવં સ્યુર્મન્દભાગ્યાયાઃ ક્લેશા નિર્વેદહેતવઃ।
યેનાનુબન્ધં નિર્હૃત્ય પુરુષઃ શમમૃચ્છતિ॥

તેનોપકૃતમાદાય શિરસા ગ્રામ્યસંગતાઃ ।
ત્યક્ત્વા દુરાશાઃ શરણં વ્રજામિ તમધીશ્વરમ્ ॥
સંતુષ્ટા શ્રદ્દધત્યેતદ્ યથાલાભેન જીવતી ।
વિહરામ્યમુનૈવાહમાત્મના રમણેન વૈ ॥

(શ્રીમદ્‌ભા૦ ૧૧ । ૮ । ૩૮-૪૦)

'(જરૂર મારા ઉપર પરમાત્મા પ્રસન્ન છે) અન્યથા મારા જેવી અભાગણીને આવાં દુઃખો જ ના સહન કરવાં પડત, કે જેથી 'વૈરાગ્ય' પેદા થાય છે. મનુષ્ય વૈરાગ્ય દ્વારા જ બધા બંધનો છેદીને શાંતિ-લાભ મેળવે છે. હવે હું ભગવાનનો આ ઉપકાર આદરપૂર્વક મસ્તક ઝૂકાવીને સ્વીકાર કરું છું અને વિષયોના ભોગોની દુષ્ટ આશા છોડીને પરમેશ્વરના શરણને સ્વીકારું છું. હવે મને પ્રારબ્ધ પ્રમાણે જે કંઈ મળશે, તેનાથી જ નિર્વાહ કરી લઈશ અને સંતોષ તથા શ્રદ્ધા સાથે રહીશ. હું હવે અન્ય કોઈ પણ તરફ ના જોતાં પોતાના હૃદયેશ્વર આત્મસ્વરૂપ એવા પ્રભુ સાથે જ વિચરીશ.'

સુખ જો પદાર્થોમાં જ હોત તો રાજા-મહારાજાઓ રાજ્યનો તથા પદાર્થોનો ત્યાગ શા માટે કરત ? રાજા ભર્તૃહરિએ કહ્યું છે—

એકાકી નિઃસ્પૃહ શાન્તઃ પાણિપાત્રો દિગમ્બરઃ ।
કદા શમ્ભો ભવિષ્યામિ કર્મનિર્મૂલને ક્ષમઃ ॥

'એકલો, ઈચ્છારહિત, શાંતચિત્ત, કરપાત્રી તથા દિગંબર બનીને હે શિવ! હું ક્યારે પોતાના કર્મોને નિમૂળ કરવામાં સમર્થ થઈશ ?'

ભર્તૃહરિ બધા કર્મોનું નિર્મૂલન અથવા તો અત્યન્તાભાવ—ફક્ત એવી જ અવસ્થા ઇચ્છે છે, એવી વાત નથી, તે તો તેને પ્રાપ્ત કરીને જ રહેશે. તેમની વ્યાકરણના નિયમોની કારિકાઓ (શ્લોકો) જોવામાં આવે છે; તેમનું ઘણું જ સુંદર સાહિત્ય મળે છે. તેઓ વ્યાકરણ-સાહિત્યના પ્રકાંડ વિદ્વાન હતા અને અધ્યયન ઈત્યાદિ જે કામમાં લાગ્યા તેને તેઓએ ઘણી તલ્લીનતાથી કર્યું. જ્યારે રાજકાર્ય હાથમાં લીધું,ત્યારે તે કાર્યને ઘણી તત્પરતાથી અને લગનથી સંભાળતા હતા. રાત્રે જાતે જ વેશ-પલટો કરીને ફરતા અને મારી પ્રજાને કોઈ દુઃખ તો

નથીને તેનું નિરીક્ષણ કરતા. આવી રીતે પ્રજાનું પાલન પણ કર્યું. ઘણાં કાર્યો પણ કર્યાં. કોઈ સ્થળે સ્થિર રહ્યા નહિ; અટક્યા નહિ. પરંતુ જ્યારે વૈરાગ્ય લઈ લીધો, ત્યારે વૈરાગ્ય છોડીને કોઈ સ્થળે ગયા નથી. સાચું જ છે—રહેવા યોગ્ય, રોકાવા યોગ્ય એક નિર્ભય સ્થાન તો વૈરાગ્ય જ છે; બીજાં સ્થાનો તો ભયપ્રદ છે. ભર્તૃહરિજી જાતે જ કહે છે—

ભોગે રોગભયં કુલે ચ્યુતિભયં વિત્તે નૃપાલાદ્‌ભયં
માને દૈન્યભયં બલે રિપુભયં રૂપે જરાયા ભયમ્‌ ।
શાસ્ત્રે વાદભયં ગુણે ખલભયં કાયે કૃતાન્તાદ્‌ભયં
સર્વં વસ્તુ ભયાન્વિતં ભુવિ નૃણાં વૈરાગ્યમેવાભયમ્‌ ॥

'ભોગોમાં રોગ ઈત્યાદિનો, કૂળમાં પતનનો, ધનમાં રાજાનો, માનમાં દીનતાનો, શક્તિમાં દુશ્મનનો, રૂપમાં ઘડપણનો, શાસ્ત્રમાં વાદ-વિવાદનો, ગુણમાં દુર્જનનો અને શરીરમાં મૃત્યુનો ભય હમેશાં હોય જ છે. આ પૃથ્વી પર મનુષ્યો માટે બધી વસ્તુઓ ભયયુક્ત છે. એક વૈરાગ્ય જ એવો છે, જે હમેશાં ભયરહિત છે !''

પોતાની પૂર્વાવસ્થામાં કરેલાં કાર્યો ઉપર તો રાજા ભર્તૃહરિને પસ્તાવો થયો જ છે; અંતે વૈરાગ્યથી જ સંતોષ થયો. તેઓ કહે છે—

ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તા-
સ્તપો ન તપ્તં વયમેવ તપ્તાઃ ।
કાલો ન યાતો વયમેવ યાતા-
સ્તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ ॥

'આપણે ભોગોને ભોગવ્યા નથી, ભોગોએ જ આપણને ભોગવી લીધા, આપણને જ સમાપ્ત કરી દીધા.' ઉચ્ચ કૂળમાં જન્મ થવા છતાં પણ તેનાથી પતનનો ભય રહે છે. ધનિકોને પોતાના પુત્રથી જ ભય લાગે છે; તો પછી રાજાથી તો ભય હોય જ; એમાં તો કહેવાપણું જ શું છે ! માનમાં દીનતાનો ભય ઉત્પન્ન થતો હોય છે તો બળમાં શત્રુનો ભય પેદા થઈ જાય છે. વૃદ્ધાવસ્થાનો તો ભય પ્રસિદ્ધ જ છે. તે અવસ્થામાં મનુષ્ય ત્રણ પગે ચાલે છે.

લકરી પકરી સુકરી કરમેં પગ પંથ પરે ન ભરે ડગ રી ।
નગરી તનરી સુપારીની પરી, અબ લૂટત હૈ ભગરી બગરી ॥

ન ધરી ભર બૈઠ ભજ્યો સુહરી કથ કૂર કરી જગરી સગરી।
અબ બિરધાપન બાત બૂરી સુ અરી સમ લાગત હૈ સુતરી॥

એક સંત કહે છે—

જરા કુતી જોબન રસો કાલ અહેરી લાર।
પાવ પલકમેં મારસી ગરબ્યો કહા ગઁવાર॥

ઘડપણમાં આવ્યા પછી તે શક્તિ, તે ઉત્સાહ, તે સાહસ ક્યાં ગયાં !

શાસ્ત્રમાં વાદ-વિવાદનો મોટો ભય રહે છે. અન્ય વ્યક્તિઓ તુલનામાં તો ભણેલા-ગણેલાઓનો તાપ વધુ હોય છે. ગમાર લોકોનાં તો કેવળ આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક—આ ત્રણ તાપ હોય છે, જ્યારે ભણેલા-ગણેલા વિદ્વાનના તાપ સાત હોય છે—(૧) આધિભૌતિક, (૨) આધિદૈવિક, (૩) આધ્યાત્મિક, (૪) અભ્યાસ (શાસ્ત્રનો અભ્યાસ), (૫) ભંગ (અપમાનનો ભય), (૬) વિસ્માર (ભૂલી ના જાઉં-તેની ચિંતા) અને (૭) ગર્વ (વિદ્વત્તાનું અભિમાન).

'**ગુણે ખલભયમ્**'—જ્યાં પરીક્ષક નથી, ગુણવાન નથી, ગ્રહ-ગ્રાહક નથી, ત્યાં મૂર્ખાઓમાં આપણી કિંમત જ શું ? એક ગવૈયો હતો. તે ખૂબ સુંદર સિતાર લઈને રાજા પાસે ગયો. પરંતુ રાજા મૂર્ખ હતો, સંગીતને શું સમજે ? આ પર કોઈ કવિએ કહ્યું છે—

રે ગાયક યે ગાયસુત તૂ જાનત પરબીન।
યે ગાહક કડબીન કે તૈં લીન્હીં કર બીન॥

ગુણો તો કેટલાયે હોય; પરંતુ ગુણગ્રાહી જ નહિ તો તેમને ગ્રહણ કોણ કરશે ? ભર્તૃહરિ કહે છે—'અમારી પાસે ઘણી જ વિદ્યા હતી, પરંતુ કોઈએ લીધી નહિ'—

બોદ્ધારો મત્સરગ્રસ્તાઃ પ્રભવઃ સ્મયદૂષિતાઃ।
આબોધોપહતાશ્ચાન્યે જીર્ણ મંગે સુભાષિતમ્॥

આ પ્રકારે કોઈ કવિએ કહ્યું છે—

કૌન સુનૈ કાસોં કહૂઁ સુને તો સમુઝૈ નાહિં।
કહના સુનના સમઝના મન હી કા મન માહિં॥

'કાયે કૃતાન્તાદ્‌ભયમ્'—શરીર પાછળ તો યમરાજા હમેશાં તાકમાં જ રહે છે કે ક્યારે ગળચી પકડે—

ઈસ શ્વાસકા મૂઢ વિસ્વાસ કહા પલ આવત હી રહ જાવતા હૈ।
સબ પીર પૈગમ્બર ખાક મિલે તેરો કા અનુમાન ફૂલાવતા હૈ॥

મોટા મોટા રાજા-મહારાજાઓ થઈ ગયા. અત્યારે તો તેમના મહેલોનાં ભાગ્યાં-તૂટ્યા પડ્યાં છે. આ ખંડેરોને જોવાથી મનમાં વૈરાગ્ય પેદા થાય છે. જે સર્વદા અભયપ્રદ છે. જેના હૃદયમાં વૈરાગ્ય છે, તેને શરીર જવાનો પણ ભય નથી. તો પછી નાશવંત પદાર્થોના ચાલ્યા જવાનો તો ભય જ શો હોય? કારણ કે—

અવશ્યં યાતારશ્ચિરતમુષિત્વાપિ વિષયા
વિયોગે કો ભેદસ્ત્યજતિ ન જનો યત્ સ્વયમમૂન્।
વ્રજન્ત સ્વાતન્ત્ર્યાદતુલપરિતાપાય મનસઃ
સ્વયં ત્યક્તા હ્યેતે શમસુખમનન્તં વિદધતિ॥

વિષયો-પદાર્થો ગમે તેટલા લાંબા સમય સુધી રહે, તોપણ એક દિવસ તેઓ જરૂર જવાના છે—પછી ભલે આપણે તેમનો ત્યાગ કરી દઈએ અથવા તેઓ આપણો ત્યાગ કરી દે. તેમનો વિયોગ અવશ્ય થશે. પરંતુ સંસારી માનવી પોતે તેમનો ત્યાગ નથી કરતો. જ્યારે વિષયો-પદાર્થો સ્વતંત્ર રીતે માનવીઓનો ત્યાગ કરે છે. ત્યારે માનવીના મનને ઘણો સંતાપ થાય છે; પરંતુ જો તેઓ જાતે તેમનો ત્યાગ કરી નાંખે તો તેમને અનંત સુખ-શાંતિની પ્રાપ્તિ થઈ જાય છે.

મનથી ત્યાગેલા એ પદાર્થો જ સુખ આપનારા બની જશે. જેવી રીતે દશ રૂપિયા ચોરાવાથી ચાલ્યા ગયા તો દુઃખ થાય છે, પરંતુ પોતાની ઈચ્છાથી દાનમાં આપી દીધા હોય તો સુખ આપે છે, પરંતુ બંનેમાં સંબંધ-વિચ્છેદમાં તો કોઈ અંતર નથી.

કહા પરદેસીકી પ્રિતિ જાવતો બાર ન લાવૈ।
આત ન દેખ્યો જાત ન જાણ્યો કયા કહિયાઁ બણિ આવૈ।૧।
જૈસે બાસ ફૂલન તેં બિછુરે માંહો માહિ સમાવૈ।૨।
જૈસે સંગ સરાયકો દિન ઊગે ઉઠિ જાવૈ।૩।
જૈમલદાસ અગમ રસ ઘટમેં, જો ખોજૈ સો પાવૈ।૪।

—જવાવાળો હોય તેને પોતાના તરફથી એક વધુ ધક્કો મારો અને કાઢી દો કે જા. ચાલ્યો જા તો મજા થઈ જશે !

એક જાટ દંપતિ હતું. બંનેમાં ખટપટ ચાલ્યા કરતી. જાટ સ્ત્રી વારંવાર કહ્યા કરતી કે 'હવે હું તમારા ઘેર નહિ રહું, ચાલી જઈશ.' જાટે વિચાર્યું—'આ દરરોજ ઝઘડો કરે છે. અંતે તો આ જશે જ અને ઈજ્જત પણ લેતી જશે' આના કરતાં તો તેને હું જ ત્યાગી દઉં તો સારું છે, એક દિવસે જ્યારે રાત્રિએ સ્પષ્ટ પણે કહી દીધું કે 'આવતી કાલે સવારે હું ચાલી જઈશ.' ત્યારે જાટે રાત્રે જ પોતાની કોઠી ઉપર ઉભો રહીને ગામવાળાઓને મોટેથી ઘોષણા કરી દીધી કે 'હવે મને કોઈ ઠપકો ના આપતા, મેં આજથી જ પોતાની સ્ત્રીનો ત્યાગ કરી દીધો છે. મારી પત્ની ચાલી ગઈ નથી, તેને મેં કાઢી મૂકી છે.' એવી રીતે સંસારના સમગ્ર પદાર્થો જાટની સ્ત્રી જેવા છે. તેથી તેમને પહેલાંથી જ ત્યાગી દો. પદાર્થોને જાતે જ છોડવાથી એ પરમ શાંતિ આપનારા બની જાય છે.

અંતહુ તોહિ તજૈંગે પામર ! તૂ ન તજે અબહો તે ।

એવો વિચાર કરીને ભર્તૃહરિ કહે છે—

અજાનન્ દાહાર્ત્તિ પતતિ શલભસ્તીવ્રદહને
ન મીનોઽપિ જ્ઞાત્વા વડિશયુતમશ્નાતિ પિશિતમ્ ।
વિજાનન્તોઽપ્યેતે વયમિહ વિપજ્જાલજટિલાન્
ન મુંચ્યામઃ કામાનહહ ! ગહનો મોહમહિમા ॥

'પતંગિયું એ વાત જાણતું નથી કે બળવાથી કેવી પીડા થાય છે, તેથી તે પ્રચંડ અગ્નિમાં કૂદી પડે છે. માછલીને પણ વાંસમાં લગાડેલા માંસના ટુકડાને ખાતી વખતે માલૂમ નથી રહેતું કે તેની અંદર લોખંડનો કાંટો છે. પરંતુ વિષયભોગ વિપત્તિના ફંદામાં ફસાવનાર છે એવું આપણે તો જાણીએ છીએ, છતાં તે વિષયો છોડી શકતા નથી. હાય રે ! આપણું કેટલું મોટું અને ઘોર અજ્ઞાન છે !'

ઘણીવાર પદાર્થોને જોયા, અનેકવાર ભોગ ભોગવી જોયા; છતાં પણ આપણે પાછળ પડ્યા છીએ. પતંગિયાં ઈત્યાદિ જીવો તો વિષયસંગથી એક જ વાર

મરે છે. પરંતુ આપણે તો ભોગ ભોગવીને વારંવાર મરી રહ્યા છે; છતાં પણ જાગૃત નથી થતા. વારંવાર ઠોકરો લાગવા છતાં પણ જાતને સંભાળવાનું નામ જ લેતા નથી. છેવટે ક્યારે અક્કલ આવશે ? ઘરડા થયા; જીવનનો અમૂલ્ય સમય પસાર થઈ ગયો; છતાં પણ વિષયો પ્રતિ લાલચભરી દૃષ્ટિથી જોઈ રહ્યા છીએ. પૌત્રનું, પ્રપૌત્રનું મુખ જોવા ઇચ્છીએ છીએ. અરે, ધનથી સુખ મળતું દેખાય તો પૈસાદારને પૂછો; સ્ત્રીઓમાં સુખનો ભ્રમ દેખાય તો જેને બે-ત્રણ સ્ત્રીઓ છે તેને પૂછો; સામગ્રીઓમાં સુખ દેખાય તો અધિક સામગ્રીવાળાને મળો. રાજ્યમાં સુખ દેખાય તો રાજાઓને મળીને વાતચીત કરી લો. સુખ તો ક્યાંયે નહિ મળે; કારણ કે સુખ માત્ર ઇચ્છા-ત્યાગ-વૈરાગ્યથી જ છે. કહ્યું છે—

ચાહ ચૂહડી રામદાસ સબ નીચોંમેં નીચ।
તૂ તો કેવલ બ્રહ્મ થા ચાહ ન હોતી બીચ॥

પરંતુ રાગથી ભરેલી દૃષ્ટિવાળાને તો કોઈ વૈરાગી દેખાતો જ નથી. જ્યાં જુઓ ત્યાં રાગી જ રાગી દેખાય છે અને વાત પણ સાચી છે, સાચા વિરાગીઓ ઘણા જ થોડા છે. કારણ કે—

આદિ અવિદ્યા અટપટી ઘટ ઘટ બીચ અડી।
કહો કૈસે સમઝાઇએ કૂએઁ ભાંગ પડી॥

વાતો તો મોટી મોટી વૈરાગ્યની કહે છે, પરંતુ પદાર્થોને ભોગોને જોઈને જીભ લપકારા મારતી હોય છે. ગીધ ઘણું ઊંચું ઉડે છે, પણ તેની દૃષ્ટિ નીચે સડેલા માંસ પર રહે છે. આ જ તો રાગ છે.

જે સાચો વિરાગી હોય છે, તેની દૃષ્ટિ જ નિરાલી બની જાય છે. વૈરાગી જ્યાંથી પસાર થઈ જાય છે, ત્યાં જ મહાન મસ્તી પ્રસરવા લાગે છે. વૈરાગી પુરુષની સુખપ્રદ સ્થિતિનું વર્ણન કરતાં ભર્તૃહરિજી કહે છે—

મહી રમ્યા શય્યા મસૃણમુપધાનં ભુજલતા
વિતાનશ્ચાકાશો વ્યજનમનુકૂલોઅયમનિલઃ।
સ્ફુરદ્દીપશ્ચન્દ્રો વિરતિવનિતાસંગમુદિતઃ
સુખી શાન્તઃ શેતે વિગતભવભીતિર્નૃપ ઇવ॥

'વિરક્તરૂપી સ્ત્રી મળવાના પ્રસંગથી આનંદિત થઈને પૃથ્વીની રમણીય શય્યા, પોતાના ભુજપી લતાનો સુંદર તકિયો, આકાશરુપી ચંદરવો, પવનરૂપી અનુકૂળ પંખો, ચંદ્રરૂપી સુંદર દીપક વગેરે વિવિધ સામગ્રીઓથી યુક્ત સંસારભયથી મુક્ત પુરુષ શાંતચિત્ત બનીને રાજાની જેમ સુખથી ઊંઘે છે.'

વૈરાગી પુરુષ શહેરની ગંદી ગટરોમાં વિષ્ટાના કીડાઓની જેમ શા માટે ઘૂમશે ? એક સાધુ કહ્યા કરતા હતા કે 'હું મારા મનને સમજાવું છું કે ભોજન-વસ્ત્રો વગેરેની ઇચ્છા કરીશ નહિ; નહિ તો તારે શહેરની ગંદી ગલીઓ સૂંઘવી પડશે અને વારંવાર જન્મવું-મરવું પડશે.' શ્રીશંકરાચાર્યજી કહે છે—

પુનરપિ જનનં પુનરપિ મરણં
પુનરપિ જનનીજઠરે શયનમ્ ॥

મનુષ્ય વિષયોની ગંદકીનો જરાપણ વિચાર કરી લે તો તેને ઉલ્ટીઓ જ થવા લાગે.

ગંદગીકો કીડો મૂઢ માનત અનંદગી ।
માયાકો મજૂર બંદો કહા જાને બંદગી ॥

વિષયલોલુપ જીવો વિષયોમાં રચ્યા-પચ્યા રહેવામાં સુખ માને છે. એવી વ્યક્તિઓમાં અને કીડાઓમાં શો ફેર છે ?

ગુલ શોર બબૂલા આગ હવા સબ કીચડ પાની મિટ્ટી હૈ ।
હમ દેખ ચુકે ઇસ દુનિયાકો, સબ ધોખેકી-સી ટટ્ટી હૈ ॥

x x x x

દૂરહિ તે પર્વત દિપૈ, વેસ્યા બદન બિભાત ।
રનકા બરનન, રમ્ય ત્રય દૂરહિ સે દરસાત ॥

પર્વત અને વેશ્યાનું મુખ દૂરથી જ સુંદર દેખાય છે, તથા દૂરથી જ રણનું વર્ણન રમણીય લાગે છે, પરંતુ ત્યાં પહોંચતાં જ ભલ-ભલાના છક્કા છૂટી જાય છે. એવી રીતે વૈરાગીની મસ્તીનો અનુભવ વિરક્ત જ બતાવે છે. આપણે પદાર્થોમાં સુખ શોધીએ છીએ, પરંતુ પદાર્થોમાં સુખ ક્યાં છે ? ભગવાન તો

આ જગતને દુઃખનો ભંડાર અને નશ્વર બતાવે છે. જેમાં આપણા પૂર્વજોને પણ સુખ નથી મળ્યું. તેમાં આપણને કેવી રીતે સુખ મળશે ? રજ્જબજી વરરાજા બનીને જઈ રહ્યા હતા. રસ્તામાં ગુરુને મળવા ગયા તો ગુરુએ કહ્યું—

રજ્જબ તૈં ગજ્જબ કિયો, માથે બાઁધ્યો મૌર।
આયો થો હરિભજનકો, કરી નરક મહઁ ઠૌર॥

રજ્જબજીએ કહ્યું— **'રજ્જબ ગજ્જબ જબ હુતો, જાતો દુનિયા સાથ !'** રજ્જબજી આવા હતા, જેમને—

દાદૂસે સતગુરુ મિલે, સિષ રજ્જબસે જાન।
એકહિ સબ્દ સુલઝિ ગયે, રહી ન ખૈંચાતાન॥

એક જ શબ્દ કામ કરી ગયો ! વૈરાગી પુરુષોઓને તો જોતાં જ વૈરાગ્ય પેદા થઈ જાય છે. દત્તાત્રેયજીએ વૈશ્યાને કંઈ પણ કહ્યું નહિ, તેમને જોતાં જ તેને વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો ! કારણ કે વૈરાગીની મુખમુદ્રા જ એવી હોય છે.

ખંડી હંડી હાથ મેં બંડી-સી કૌપીન।
રંડી દિસ દેખે નહિ, કાયા દંડી કીન॥

વૈરાગ્યની વાતમાં પણ આટલો આનંદ છે, તો પછી જો અંતઃકરણથી સામો વૈરાગ્ય ઉત્પન્ન થઈ જાય, તો આનંદનું પૂછવું જ શું ? સાચા વૈરાગીની સામે સુંદર વસ્ત્ર પરિધાન કરીને, અત્તર ઈત્યાદિ છાંટીને તથા શણગાર સજીને બેસવાવાળાઓને બેસવામાં પણ સંકોચ થાય છે. ઉપર્યુક્ત વૈરાગ્ય વિવેક-વિચારથી ઉત્પન્ન થતો વૈરાગ્ય છે.

પરંતુ સાધનાથી ઉત્પન્ન થતો વૈરાગ્ય વિચારથી ઉત્પન્ન થતા વૈરાગ્યથી પણ શ્રેષ્ઠ છે. વાણીથી રામનામનો જાપ શરૂ કરી દીધો— **'રામ રામ રામ રામ રામ'**। શરીર રોમાંચિત અને પુલકિત થઈ રહ્યું છે તથા હૃદયમાં ખીચોખીચ પ્રેમ ભર્યો છે, ભગવાનનું નામ સાંભળતા જ નાચવા લાગી જાય છે. આવી અવસ્થામાં ક્યારેય ભૂલથી પણ પદાર્થો તરફ મન આકર્ષાતું નથી, તેને સ્વાભાવિક જ ભોગો પ્રતિ વૈરાગ્ય રહે છે મન તો ભગવાન પ્રત્યેજ પ્રતિક્ષણ કસોકસ ખેચતું રહે છે. તેના હૃદયમાં પ્રેમાનંદ સમાતો નથી,. તે તો એમ જ કહેતું રહે છે કે **'ગિરધારી લાલ ! ચાકર રાખો જી'** અને તે મીરાની જેમ પ્રેમમાં મસ્ત બનીને નાચવા લાગે છે.

પગ ઘૂઁઘરૂ બાઁધ મીરા નાચી રે.

મતવાલી મીરાં પ્રેમમાં મસ્ત બનીને નાચવા લાગી. કારણ શું છે ? ભજનનો રસ મળી ગયો. સાંસારિક દૃષ્ટિથી વધારેમાં વધારે આકર્ષણ માન-મોટાઈ, યશ-કીર્તિ છે; એમની તો પરવા જ શું હોય, ઊલટું બદનામીનો ડર રાખ્યા સિવાય તે બદનામીને મધુર બનાવવા લાગે છે. મીરાં કહે છે—

યા બદનામી લાગે મીઠી । રાણાજી ! મ્હૉંને યા બદનામી લાગે મીઠી ।

થારે શહરકો રાણા ! લોક નિમાણો, બાત કર અણદીઠી ।

હરિ મંદિરકો નેમ હમારે, દુરજન લોકાં મ્હાને દીઠી ॥ રાણાજી૦

સૉંકડી સેરયૉંમેં મ્હારા સતગુરુ મિલિયા, કિસ બિધિ ફિરૂઁ અફૂટી ।

મ્હારો સૉંવરિયો રાણા ઘટ-ઘટ બ્યાપક, થૉંરે હિયેં રી કૉંઈ ફૂટી ॥ રાણાજી૦

સાસુ નનદ મ્હારી દેરાણી જેઠાની, બલ જલ હો ગયી અઁગીઠી ।

મીરાકે પ્રભુ ગિરધર નાગર ચઢ ગયો ચોલ મજીઠી । રાણાજી૦

આ પ્રકારે સાધન-ભજન કરવાથી જે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે તેનાથી પદાર્થોમાં રહેલી આસક્તિ આપોઆપ અનાયાસે નાશ પામે છે. ભજનાનન્દીને પદાર્થો પ્રત્યે અરુચિ કરવી પડતી નથી. તેનું મન તો ભગવાનમાં સહજ રીતે જ સંલગ્ન થઈ જાય છે. જો આપણે કહીએકે અમારું મન તો દરેક સ્થળે જાય છે; તો તે ઠીક છે; દરેક જગયાએ જાય છે, પરંતુ ભગવાન તરફ નથી જતું અને જો ભગવાન તરફ ચાલ્યું જાય તો ફરીથી પાછું વળીને સંસારમાં આવશે નહિ. માખી દરેક જગ્યા પર જઈને બેસે છે, પણ અગ્નિ ઉપર નહિ. તે આગ ઉપર બેસતી જ નથી; પરંતુ જો આગ પર બેસી જાય તો ફરીથી ઉઠતી જ નથી. આ રીતે ભગવાનમાં મન લાગ્યા પછી—કયાંયે જતું નથી, તદરુપ થઇ જાય છે. તેથી સંસારમાં વૈરાગ્ય અને ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન કરવા માટે આપણે ખૂબ જ ઝડપથી ભગવાનું ભજન કરવૂં જોઇએ—

કહે દાસ સગરામ બડગડૈ[1] ઘાલો ઘોડા ।

ભજન કરો ભરપૂર રયા દિન બાકી થડા ॥

---

૧. બડગડૈ-તેજીસે.

થોડા દિન બાકી રયા કદ પહૌં ચોલા ઠેટ।
અધબિચમેં બાસો બાસો તો પડસો કિણરે પેટ॥
પડસો કિણરે પેટ પડૈલા ભારી ફોડા।
કહે દાસ સગરામ બડગડૈ ઘાલો ઘોડા॥

એક ભક્ત દંપતિ હતું. પતિ-પત્ની બંને જણ ખૂબ જ ભજનાનન્દી હતાં એમની ભજન કરવાની રીત એવી હતી કે તેઓ પોતાની પાસે થોડા અડદ રાખતાં હતાં અને એક માળા ફેરવ્યા પછી એક અડદનો દાણો ઉઠાવીને બાજુમાં રાખી દેતાં. આ પ્રકારે શેર, દોઢશેર તથા બે-બે, ત્રણ-ત્રણ શેર સુધી અડદ સમાપ્ત થઈ જતા. પતિ કહેતો કે હું અડધો શેર ભજન કરીશ તો પત્ની કહેતી, હું એક શેર કરીશ. આપસ-આપસમાં શરત લાગી જતી. આપણે પણ આવા પ્રકારે તેજીથી કરવું જોઈએ. ભજન કરતાં કરતાં શું સ્થિતિ થાય છે; એ બાબતે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે—

વાગ્ ગદ્ગદા દ્રવતે યસ્ય ચિત્તં
રુદત્યભીક્ષ્ણં હસતિ કચિચ્ચ।
વિલજ્જ ઉદ્ગાયતિ નૃત્યતે ચ
મદ્ભક્તિયુક્તો ભુવનં પુનાતિ॥

'મારા નામ-ગુણ-કિર્તન કરતી વખતે જેનું ગળું ગદ્ગદિત થાય છે, હૃદય દ્રવિત થઈ જાય છ, જે વારંવાર મારા પ્રેમમાં આસું સારે છે, ક્યારેક હસવા લાગે છે, ક્યારેક લાજ-શરમ છોડીને ઊંચા અવાજે ગાવા અને નાચવા લાગે છે; એવો મારો ભક્ત ત્રણ લોકને પવિત્ર કરી દે છે.'

આ પ્રકારે રામગીતામાં પણ કહ્યું છે—

યઃ સેવતે મામગુણં ગુણાત્પરં
હૃદા કદા વા યદિ વા ગુણાત્મકમ્।
સોઅહં સ્વપાદાંચિતરેણુભિઃ સ્પૃશન્
પુનાતિ લોકત્રિતયં યથા રવિઃ॥

'જે મારા નિર્ગુણસ્વરૂપની મનથી ઉપાસના કરે છે અથવા ક્યારેક ક્યારેક માયાવી ગુણોથી અતીત મારા સગુણસ્વરૂપની પણ સેવા-અર્ચના કરે છે, તે

મારું જ સ્વરૂપ છે. તે પોતાના ચરણ-રજના સ્પર્શથી સૂર્યની જેમ ત્રણે લોકને પવિત્ર કરી દે છે.'

આવા ભગવાનના પ્યારા ભક્તો ભગવાનની યાદમાં આનંદ-વિભોર બનીને ઘૂમે છે; તો તેમના દર્શનથી જ વૈરાગ્ય ઉત્પન્ન થઈ જાય છે. જે ગલીમાંથી તેઓ પસાર થઈ જાય, ત્યાં જ વૈરગ્ય તથા ભગવત્-પ્રેમની ગંગા વહેવા લાગે છે. સુતીક્ષ્ણ જેવા ભક્તોની યાદ આવી જાય તો વૈરાગ્ય થઈ જાય. ભગવાન પણ ઝાડની ઓથે છૂપાઈને જુએ છે. કેમ ? પોતાના ધ્યાનમાં મગ્ન એવા ભક્તને જોઈને તેઓ પણ મસ્ત બની ગયા અને છૂપાઈને જોવા લાગ્યા.

સાધન કરવાથી હૃદય નિર્મળ થાય છે. ત્યારબાદ તેનાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. આ પ્રકારનો વૈરાગ્ય વિચારથી ઉત્પન્ન થયેલા વૈરગ્ય કરતાં પણ શ્રેષ્ઠ છે.

પરમાત્માની પ્રાપ્તિ થયા પછી ઉત્પન્ન થવાવાળો વૈરાગ્ય ઘણો જ અલૌકિક છે, તેનું તો વર્ણન જ ના થઈ શકે; તેને તો અનુરાગ ના કહી શકાય કે ના વૈરાગ્ય કહી શકાય. એવો વિલક્ષણ વૈરાગ્ય જેમણે પરમાત્મા મેળવ્યા છે એવા મહાપુરુષોને પ્રાપ્ત થાય છે. ક્યારેક બ્રહ્મલોક સુધીના કેવા અને કેટલાયે ભોગો કેમ પ્રાપ્ત ના થાય; પરંતુ તેમના અંતઃકરણમાં આસક્તિની, ગંધ પણ કદાપિ જાગૃત થવાની સંભાવના રહેતી નથી; કારણ કે જ્યારે એક પરમાત્માતત્ત્વ સિવાય બીજી સત્તા જ નાશ પામે છે, ત્યારે કોના પ્રતિ અનુરાગ થાય ? પદાર્થોમાં સત્તા ન રહેવાને કારણે તેમને પરમાત્મતત્ત્વ સિવાય કોઈ રસ યા સાર કંઈ પણ અનુભવાતું નથી. તેમના હૃદયમાં અંતકરણ સહિત સંસારના મૃગ-જળની જેમ તથા ઊંઘમાંથી જાગ્યા પછી સ્વપ્નની જેમ અત્યંત અભાવ અને પરમાત્મતત્ત્વનો ભાવ દરરોજ અને હમેશાં દૃઢતા સાથે સ્વાભાવિક જ બની રહે છે. પછી તો પરમાત્મા સિવાય બીજું કંઈ રહેતું જ નથી.

ઉપર કહેલી અવર્ણનીય અવસ્થા મેળવવા માટે વૈરાગી પુરુષોનો તથા જેમને ઈશ્વર પ્રાપ્તિ થઈ છે એવા પુરુષોનો સંગ કરવો જોઈએ. તેમના શબ્દોમાંથી, તેમની ક્રિયાઓમાંથી બોધ ગ્રહણ કરીને આપણે ઝડપથી ચાલવું જોઈએ. સંસારના પદાર્થોમાંથી ક્યારેય કોઈને સુખ મળ્યું નથી, મળશે નહિ અને મળી શકશે નહિ. એવું વિચારીને ભક્તિ-માર્ગીએ ભગવાનમાં મન લગાવવાનો પ્રયત્ન કરવો જોઈએ તથા જ્ઞાનમાર્ગીઓએ મનથી પદાર્થોની સત્તાનો નાશ કરીને એક સચ્ચિદાનંદઘન પૂર્ણ બ્રહ્મ પરમાત્મા જ છે—એવો દૃઢ નિશ્ચય હમેશાં રાખવો જોઈએ.

—— ——:: X X :: —— ——

ગીતામાં ભક્તિ અને તેના અધિકારી

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો મહિમા અપાર છે. એ શ્રીભગવાનની દિવ્યવાણી છે, એના રચયિતા સ્વયં ભગવાન વેદવ્યાસ છે. બધા જ વિઘ્નોના વિનાયક એવા શ્રીગણેશજી એના લેખક છે. બધા જ સંપ્રદાયોના પ્રમુખ આચાર્યોએ એના પર ભાષ્ય લખ્યા છે. આ ગ્રંથ-રત્ન ઉપર ટીકા લખવાવાળા સારા-સારા ત્યાગીઓ તથા ઘણા જ મહાત્મા પુરુષો થઈ ગયા છે. સારામાં સારા દિગ્વિજયી પંડિતોએ પણ પોતાના ભાવ વ્યક્ત કર્યા છે. એટલું જ નહી, હિંદુ-ધર્મને ન માનવાવાળા વિદેશી સજ્જનોએ પણ એના પર ઘણું બધું લખ્યું છે. સંસારમાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતા પર જેટલાં ભાષ્ય, ટીકાઓ, લેખ, સમાલોચન, પ્રશ્નોત્તર અને વિચાર કરવામાં આવ્યા છે, તેટલી ટીકાઓ અને તેટલાં વિવેચનો પૃથ્વી-મંડલના અન્ય કોઈ પણ ગ્રંથ ઉપર નથી થયાં. હા, બાઈબલ ઉપર ઘણા અનુવાદ મળે છે અને હજુ પણ અનુવાદ થતા રહે છે, પરંતુ આટલા પ્રચારનું મુખ્ય કારણ રાજસત્તા તથા ધનનું અધિકય જ છે. શ્રીમદ્‌ભગવત્‌ગીતાના બારામાં એ વાત નથી. એ જડ રાજ્ય તથા ઐશ્વર્યની સહાયતાની ઇચ્છા રાખતી નથી. એમાં તો એવી અલૌકિક તથા વિલક્ષણ શક્તિ સમાયેલી છે, જેનાથી એ જે વિચારશીલ વિદ્વાનના હાથમાં પડી, તે એના પર લખવા માટે બાધ્ય થઈ ગયા અર્થાત્ તેમણે ઘણા પ્રેમથી અને આદરથી એના પર લખીને પોતાને ધન્ય માનવા લાગ્યા અને પોતાની કલમને પવિત્ર કરી.

આવા અલૌકિક ગ્રંથ પર મારા જેવા એક સાધારણ વ્યક્તિએ કંઈ કહેવું અથવા લખવું ફક્ત દુસ્સાહસ જ છે; પરંતુ આ બહાને પતિતપાવન ભગવાનના પવિત્રતમ કથનોનું યત્કિંચિત્ મનન તથા અનુશીલનની તક મળે, આ ઉદ્દેશ્યથી આ બાળચંચળતા કરી છે. વિજ્ઞજન મારી આ ધૃષ્ટતાને ક્ષમા કરે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કર્મ, ભક્તિ તથા જ્ઞાનની ત્રિવેણી લહેરાઈ રહી છે, તેના શબ્દે શબ્દમાં અલૌકિક અર્થ સમાયો છે. જે પુરુષ આ ભગવન્મય ગ્રંથરત્નને જે દૃષ્ટિથી જુએ છે, તેને આ ગ્રંથ એવો જ દૃષ્ટિગોચર થાય છે. જેમ કે—

જિન્હ કી રહી ભાવના જૈસી । પ્રભુ મૂરતિ તિન્હ દેખી તૈસી ॥

ભગવદ્વિગ્રહની જેમ ભગવદ્‌વાણીની પણ આવી જ વાત છે. કર્મપ્રધાન સાધન કરવાવાળા મનુષ્યોને આ ગ્રંથ કર્મપ્રધાન જ માલૂમ પડે છે. એમાં પ્રારંભથી અંત સુધી કેવળ કર્તવ્ય-કર્મ કરવા માટે જ ભાર મુકેલો માલૂમ પડે છે. જો ક્યાંય ભક્તિ અને જ્ઞાનનું વર્ણન છે, તો એ ગૌણ અને કર્મોનું પોષક જ છે અને આ વાત યુક્તિસંગત પણ દેખાય છે. અહીંયાં યુદ્ધભુમિ ઉપર કર્મશીલ અર્જુન તથા શ્રીકૃષ્ણચંદ્રજી મહારાજ વચ્ચે કર્મનું વિવેચન થતું જ પ્રાસંગિક જણાઈ આવે છે.

ભક્તિના પૂજ્યતમ આચાર્યોનું કહેવું છે કે શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ફક્ત ભક્તિનું જ વર્ણન છે. કર્મ અને જ્ઞાન—બંને આ ભક્તિના જ સહાયકો છે. ગ્રંથનો પ્રારંભથી અંત સુધીનો વિચાર કરવાથી આ વાતને પુષ્ટિ મળે છે. બીજા અધ્યાયના સાતમા શ્લોકમાં અર્જુન જ્યારે શિષ્યભાવથી ભગવાનને પ્રપન્ન (શરણાગત) થઈને શ્રેય માટે પ્રાર્થના કરે છે, ત્યારે તેઓ તેની શંકાઓઓનું સમાધાન કરીને છેવટે સર્વગૃહ્યોતમ ઉપદેશ દેતાં કહે છે કે 'તું ફક્ત મારી શરણમાં આવી જા. હું બધા જ પાપોમાંથી તને મુક્ત કરી દઈશ. તું શોક કરીશ નહિ.' (૧૮ । ૬૬) આથી આ ગ્રંથ ભગવત્‌ભક્તિપ્રધાન જ સિદ્ધ થાય છે.

એ પ્રકારે અદ્વૈત-સિદ્ધાંતના આદરણીય આચાર્યોનું કહેવું છે કે એમાં (ગીતામાં)સિદ્ધાંતરૂપથી કેવળ જ્ઞાનનું જ વિવેચન કરવામાં આવ્યું છે. કર્મ અને ભક્તિનું વર્ણન તો મેલ તથા અંતઃ:કરણના અડચણરૂપ દોષોને દૂર કરીને જ્ઞાનના અધિકારી બનાવવા માટે જ થયું છે. આ પણ યુક્તિસંગત છે અને શાસ્ત્રસંમત છે. ભગવાને ઉપદેશનો પ્રારંભ પણ જ્ઞાનથી જ કર્યો છે (ગીતા ૨ । ૧૧) વિશેષતાથી જ્ઞાનનો મહિમા જ કહ્યો છે—**'ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે'** (ગીતા ૪ । ૩૮).

આવી બધી રીતે કલ્યાણકારી અલૌકિક શ્રીભગવદ્ગીતાનો વાસ્તવિક હેતુ તો એકમાત્ર ભગવાન જ જાણે છે. એક મનુષ્ય જે માપ અને તોલમાં આવી જાય તેના પણ ભાવોનો અંત પ્રાપ્ત કરવો કઠીન બની જાય છે; તો પછી ભગવાન તો અનંત અપાર અને અસીમ છે. તેથી તેમના ભાવોનો તાગ કોઈ કેવી રીતે મેળવી શકે ? તોપણ—'**સબ જાનત પ્રભુ પ્રભુતા સોઈ । તદપિ કહે બિનુ રહા ન કોઈ ॥**' આ કથન પ્રમાણે કંઈક રજૂઆત કરવામાં આવે છે. ગીતાનો નિષ્પક્ષભાવથી વિચાર કરવાથી એવું માલૂમ પડે છે કે એમાં કર્મ, ભક્તિ અને જ્ઞાનનું પૂર્ણરૂપથી વિશદ વર્ણન કરવામાં આવ્યું છે, કોઈ પણ વિષય અધૂરો નથી રહ્યો.

શ્રીગીતાનું અધ્યયન કરવાવાળા જિજ્ઞાસુ યા તત્ત્વાલોચક વિદ્વાન માટે એ વાત પર ધ્યાન આપવાની સવિશેષ આવશ્યકતા માલૂમ પડે છે કે તે પોતાની જાતને કોઈ પણ મતમાં ઢાળીને તે જ દૃષ્ટિથી ગીતાને ના જુએ—ગીતાનો અર્થ પોતાના પોતાના મતાનુસાર કરવાનો પ્રયત્ન ના કરે. ગીતામાં જેવું લખ્યું છે, તે અનુસાર સાધનાત્મક વિચાર કરતા રહીને પરમાત્મા તરફ અગ્રેસર થવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેના ભાવો સમજવા માટે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજી મહારાજના અનન્યશરણ બનીને એવો વિશ્વાસ નિરંતર વધતો રહે કે પોતાની દિવ્યવાણીનો તથાર્થ ભાવ ભગવાન મને અવશ્ય સમજાવશે તો તે પોતાને માટે પરમ ઉપયોગી ભાવોને સમજી શકશે.

યુદ્ધ પ્રારંભના સમયે પોતાના સ્વજન-બાંધવોના વિનાશની આશંકાથી આકૂળ અર્જુન ભગવાનની શરણમાં જાય છે અને તેમને પ્રેય-લૌકિક ઉન્નતિ નહિ, પરંતુ પોતાના નિશ્ચિત શ્રેય-કલ્યાણની જ વાત પૂછે છે—'**યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે**' (૨ । ૭); '**તદેકં વદ નિશ્ચિત્ય યેન શ્રેયોઽહમાપ્નુયામ્**' (૩ । ૨); '**યચ્છ્રેય એતયોરેકં તન્મે બ્રૂહિ સુનિશ્ચિતમ્**' (૫ । ૧) ત્યારે ભગવાન સંપૂર્ણ વેદ અને ઉપનિષદ્ વગેરેમાં બતાવેલાં સમગ્ર કલ્યાણમય સાધનોનો સાર શ્રીગીતાના સ્વરૂપે કહે છે. સાચી વાત તો એ છે કે જે ભગવાન કહે છે, તે જ બધાનો સાર છે. વેદ-શાસ્ત્રોનો આદર કરવા માટે જ ભગવાને વેદ, શાસ્ત્રો

તથા ઉપનિષદોનું પ્રમાણ આપ્યું છે (૧૩ । ૪). શ્રીભગવાને તે શાસ્ત્રોક્ત સાધનોમાં જે કંઈ કમી દેખાતી હતી, તેને પૂર્ણ કરી છે. એમનામાં જે પરસ્પર વિરોધ માલૂમ પડતો હતો, તેનું નિરાકરણ કર્યું અને તે સિદ્ધાંતોને પરિમાર્જન કરીને થોડા શબ્દોમાં તેમને વિસ્તારપૂર્વક વારંવાર સમજાવ્યા છે. એક જ વાતને અનેક યુક્તિઓથી સમજાવવા છતાં પણ વિશેષતા એ છે કે પુનરુક્તિનો દોષ આવ્યો નથી અને થોડા શબ્દોમાં કહેવા છતાં પણ કોઈ ત્રુટિ રહી નથી. ક્યાંક ક્યાંક શ્લોકાર્ધોની પુનરુક્તિ અવશ્ય આવી છે, પરંતુ તે સહેતુક છે. વિચાર કરતાં ત્યાં ખૂબ વિલક્ષણતા જણાઈ આવે છે.

કલ્યાણકારી શાસ્ત્રો તથા સંપ્રદાયોના આચાર્યોના સિદ્ધાંતોમાં અનેક મતભેદ છે—અદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત ઈત્યાદિ. આ બધાંનો આંતરિક ભાવ અદ્વૈત અને દ્વૈતમાં જ કરવામાં આવ્યો છે. આ બેનું જ વર્ણન ભગવાને સાંખ્ય અને યોગનિષ્ઠાના નામે કર્યું છે. આ બંનેને અભેદ અને ભેદમાર્ગ પણ કહી શકાય છે. સાંખ્યનિષ્ઠામાં આત્મા અને પરમાત્માનું અભેદ માનીને સાધન કરી શકાય છે. તે આ લેખનો વિષય ન હોવાથી તેને છોડીને યોગનિષ્ઠાનું જ વર્ણન કરવામાં આવે છે કારણ કે તે ભક્તિ યોગનિષ્ઠાની જ અંતર્ગત છે. ભગવાનની આજ્ઞા અનુસાર ફળ અને આસક્તિનો ત્યાગ કરીને પોતાના કર્તવ્ય-કર્મોનું પાલન કરવું તે યોગનિષ્ઠા છે. યોગનિષ્ઠા ત્રણ પ્રકારની હોય છે—

(૧) કર્મપ્રધાન (૨) ભક્તિમિશ્રિત તથા (૩) ભક્તિપ્રધાન.

આ ત્રણેમાં ભગવાને ભક્તિપ્રધાન કર્મનિષ્ઠાની જ વધારે પ્રસંશા કરી છે અને સ્પષ્ટ શબ્દોમાં એની ઘોષણા કરવામાં આવી છે કે બધા પ્રકારના યોગીઓમાં મારામાં ચિત્ત ચોંટ્યું છે એવો બનલો શ્રદ્ધાપૂર્વક મારું ભજન કરવાવાળો સર્વશ્રેષ્ઠ યુક્તતમ છે. (૬ । ૪૭)

શ્રીમદ્ભગવત્ગીતામાં ભગવાને વ્યવહારમાં પરમાર્થ સિદ્ધિરૂપ વિલક્ષણ કલા દેખાડી છે, જેથી દરેક વર્ણ અને દરેક આશ્રમનો માનવી ભગવાનને શરણે થઈને જલદીથી જલદી સરળતાપૂર્વક તેમને પ્રાપ્ત કરી શકે છે. તે શરણાગતિનું જ ભગવાને ભગવત્ભક્તિ, ભગવદાશ્રય આદિ શબ્દોથી વર્ણન કર્યું છે. અહીંયાં શરણાગતિ કહીને આગળ 'ભક્તિ' શબ્દ આપવામાં આવ્યો છે; (૯ । ૩૨-૩૪); ત્યાં ક્યાંય

ભક્તિ કહીને તેને શરણાગતિ કહી દીધી છે. (૧૧ । ૫૪-૫૫) આથી ખાત્રી થાય છે કે શરણાગતિ અને ભક્તિમાં કોઈ અંતર નથી.

સંપૂર્ણ ગીતાને છ-છ અધ્યાયના ત્રણ ષટ્કોમાં વિભાજિત કરી શકાય છે. જેમાં પહેલા છ અધ્યાય સુધી કર્મનું, સાતમાથી બારમા અધ્યાય સુધી ઉપાસનાનું અને તેરમાંથી અઠારમા અધ્યાય સુધી જ્ઞાનનું વર્ણન છે, પહેલા ષટ્કમાં જેટલા વિસ્તારથી કર્મકાણ્ડ વર્ણન છે, એટલું બીજા અને ત્રીજા ષટ્કોમાં નથી. બીજા ષટ્કમાં જેટલું ઉપાસનાનું વર્ણન કરવામાં આવ્યું છે; એટલું પ્રથમ અને ત્રીજા ષટ્કમાં નથી અને ત્રીજા ષટ્કમાં જ્ઞાનનું જેટલું વિસ્તૃત વર્ણન જોવા મળે છે, એટલું પ્રથમ અને બીજા ષટ્કમાં નથી. એટલા માટે પ્રથમ ષટ્કને કર્મ-કાણ્ડપરક, બીજાને ઉપાસના-કાણ્ડપરક તથા ત્રીજાને જ્ઞાન-કાણ્ડપરક કહી શકાય; પરંતુ બીજા ષટ્કમાં અર્થાત્ સાતમાથી બારમા અધ્યાય સુધી ભગવાને એવી વિલક્ષણતા સાથે ભક્તિનું વર્ણન કર્યું છે; જેથી જ્ઞાન અને કર્મનું એટલું સંમિશ્રણ થવા દીધું નથી, જેટલું કે પહેલા ષટ્કમાં કર્મનું નિરૂપણ કરવા છતાં પણ જ્ઞાન અને ભક્તિનું થઈ ગયું છે. ત્રીજા ષટ્કમાં તો જ્ઞાનનું વર્ણન કરતી વખતે પહેલા ષટ્ક કરતાં પણ કર્મ અને ભક્તિનું અધિક મિશ્રણ થયું છે. જેમ કે તેરમા અને ચૌદમાં અધ્યાયમાં જ્ઞાનનું પંદરમાં અધ્યાયમાં ભક્તિનું વર્ણન કરીને સોળમામાં દૈવી સંપત્તિ તથા આસુરી સંપત્તિનું અર્થાત્ ભક્તિના અધિકારી અને અનધિકારીઓનું વર્ણન કરીને સત્તરમા અધ્યાયમાં ત્રણ પ્રકારની શ્રદ્ધાનું વિવેચન કરવામાં આવ્યું છે, જે શ્રદ્ધા, કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણેમાં આવશ્યક હોય છે. અઢારમા અધ્યાયમાં કર્મ, ભક્તિ અને જ્ઞાન——ત્રણેયનું વિશુદ્ધ વિવેચન છે અને છેવટે ભક્તિથી જ ગ્રંથનો ઉપસંહાર કરવામાં આવ્યો છે. ઉપદેશનો પ્રારંભ પણ અર્જુનની શરણાગતિથી જ થયો છે. એટલા માટે આરંભ અને અંતમાં પણ ભક્તિની જ પાવન મન્દાકિની વહેતી દેખાય છે.

એમ જ ભગવદ્ગીતાની મધ્યમાં પણ સારભૂત હોવાથી ભક્તિનું વર્ણન છે, મધ્ય ભાગ નવમો અને દસમો અધ્યાય હોય છે, એટલા માટે ભગવાને એમાં અત્યંત ગોપનીય રહસ્યનું વર્ણન કરવાને કારણે જ નવમા અધ્યાયનું

'રાજવિદ્યારાજગુહ્યયોગ' અને દસમાનું 'વિભૂતિયોગ' નામ આપવામાં આવ્યાં છે. ભગવદ્ગીતામાં જ્યાં જ્યાં પણ ગુહ્ય, ગુહ્યતર, ગુહ્યતમ, રાજગુહ્ય, સર્વગુહ્યતમ અને રહસ્ય આદિ શબ્દો આવ્યા છે; ત્યાં ત્યાં ભગવાને સગુણતત્ત્વ તરફ જ નિર્દેશ કર્યો છે. કારણ કે જાતે ભગવાન હોવા છતાં પોતાને છુપાવીને મનુષ્યના રૂપમાં લીલા કરી રહ્યા છે, આ ગુપ્ત રહસ્યની વાત છે.

દસમાં અધ્યાયમાં ભગવાને પોતાની દિવ્ય વિભૂતિઓનું વર્ણન કર્યું છે. એટલા માટે તેનું નામ 'વિભૂતિયોગ' છે. તે વિભૂતિઓ સગુણતત્ત્વની જ હોઈ શકે છે. ઉપર કહેલા બંને અધ્યાયોમાં જે નવમાનો અંત છે અને દસમાનો શરૂઆતનો ભાગ છે, એ જ ગીતાનો મધ્ય ભાગ છે. એટલા માટે તેને ગીતાનું 'હૃદય' કહી શકીએ છીએ. નવમા અધ્યાયની શરૂઆતમાં ભગવાન વિજ્ઞાનની સાથે જ્ઞાન કહેવાની પ્રતિજ્ઞા કરીને ચોથા, પાંચમા, છઠ્ઠા શ્લોકોમાં ઉદાહરણો સાથે રાજવિદ્યાનું વર્ણન કરે છે. તેના પછી પોતાનાથી સંસારની ઉત્પત્તિ-પ્રલયનું પ્રકરણ બનાવીને પોતાને એક સાધારણ મનુષ્ય માનીને ઉપેક્ષા કરવાવાળાઓની નિંદા કરે છે. (૯ । ૧૧) અને કહે છે કે જે મહાત્માઓ મને સંપૂર્ણ પ્રાણીમાત્રના અવિનાશી કારણ માનીને અનન્યભાવથી ભજન કરે છે (૯ । ૧૩) એવા ભક્તોનું યોગક્ષેમ હું જાતે જ વહન કરું છું. (૯ । ૨૨) જો કે બીજા દેવતાઓ પણ ભગવાન સિવાય કંઈ પણ ન હોવાને કારણે અન્ય દેવતાઓની ભક્તિ પણ પ્રકારાન્તે ભગવાનની જ ભક્તિ માનવામાં આવે છે, પરંતુ તેમને ભગવત્-સ્વરૂપ ન સમજવાને કારણે તે વિધિપૂર્વક યથાર્થ ભક્તિ નથી. શાસ્ત્રોમાં જે-જે દેવતાઓની પૂજા માટે પૂજા-પદ્ધતિ, મંત્ર, સામગ્રી ઈત્યાદિનાં જે-જે વિધાન છે, તે અનુસાર યથાર્થ રીતિથી પૂજા કરવાથી મોટામાં મોટું ફળ તે દેવતાઓના લોકોની પ્રાપ્તિ જ છે, ભગવાનની પ્રાપ્તિ નહિ. પરંતુ યથાર્થ ભક્તિથી તો ભગવાન પણ સુલભ થઈ જાય છે. (૮ । ૧૪) ભગવાનના પૂજનમાં તેટલી વિધિઓ, મંત્ર અને સામગ્રીની જરૂરિયાત નથી હોતી; ત્યાં તો ફક્ત ભાવની જ પ્રધાનતા છે. કેટલી સુગમતા છે ! ભગવાન કહે છે—

પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ।
તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ॥

(૯ । ૨૬)

'જે કોઈ ભક્ત મારા માટે પ્રેમથી પત્ર, પુષ્પ, ફળ, જળ વગેરે અર્પણ કરે છે, તે શુદ્ધબુદ્ધિ નિષ્કામ પ્રેમી ભક્તે પ્રેમપૂર્વક અર્પણ કરેલું તે પત્ર-પુષ્પાદિ હું સગુણરૂપે પ્રગટ થઈને પ્રેમપૂર્વક ખાઉં છું.'

આ શ્લોકમાં ભગવાને પત્ર-પુષ્પાદિનું નામ લઈને 'ભક્તિ' શબ્દનો બે વાર પ્રયોગ કર્યો છે. આ દ્વારા ભગવાન એ વ્યક્ત કરે છે કે મારે વિવિધ સામગ્રીઓની આવશ્યકતા નથી. અનાયાસે જ જે કંઈ પણ ભક્તને મળી જાય, તે જ ભક્તિપૂર્વક સાચા હૃદયથી અર્પણ કરી દેવાથી હું સંતુષ્ટ થઈ જાઉં છું. જેવી રીતે દ્રોપદીએ આપેલા શાક-પત્રથી ભગવાન પ્રસન્ન થઈ ગયા. ગજેન્દ્રે અર્પણ કરેલ ફુલને લેવા માટે વૈકુઠથી દોડતા આવ્યા. શબરીના પ્રેમપૂર્વક પિરસેલા ફળોના જેવી મધુરતાનો અનુભવ ભગવાને બીજે ક્યાંય કર્યો નથી તથા મહારાજા રંતિદેવના જળમાત્રથી તૃપ્ત થઈને તમનું કલ્યાણ કરી દીધું. આ પત્ર, પુષ્પ, ફળ તથા જળનો સ્વીકાર કરવામાં ભક્તોના સાચા હૃદયની વિકલતા તથા અનન્ય પ્રેમ જ મુખ્ય કારણ હતાં. ભગવાન આ પ્રેમથી વશીભૂત થઈને પત્ર-પુષ્પને પણ (જે ખાવાની ચીજ નથી) ખાતા હોય છે. તેઓ સ્વયં કહે છે—**'અશ્નામિ'** અર્થાત્ હું ખાઉં છું. પ્રિય ભક્તવર અર્જુન માટે તો પત્ર-પુષ્પાદિ સામગ્રીની પણ આવશ્યકતા ના રાખતાં તેઓ કહે છે—'ભૈયા કુંતીનંદન ! તું સ્વાભાવિક જ જે કંઈ કરે છે, જે કંઈ ખાય છે, જે હોમ કરે છે, જે દાન આપે છે અને જે તપ કરે છે, તે બધું મને અર્પણ કરી દે.' (૯ । ૨૭) આ પ્રકારે સમર્પણ કરી દેવાથી શુભ તથા અશુભ બંને પ્રકારના ફળોથી મુક્ત થઈને મને પ્રાપ્ત કરી લઈશ. (૯ । ૨૮)

અહીંયાં એ શંકા થાય છે કે ભગવાનમાં શું વિષમતા છે ? જો તેઓ સર્વસ્વ સમર્પણ કરવાવાળાનો જ ઉદ્ધાર કરે છે; બીજાનો નહિ ? એનું સમાધાન ભગવાન જાતે જ કરે છે—

સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ ।
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ॥

(૯ । ૨૯)

અર્થાત્ 'હું બધા પ્રાણીઓમાં સમભાવથી વ્યાપક છું, ના કોઈ મારો અપ્રિય છે અને ના પ્રિય છે. પરંતુ જે ભક્તો મને પ્રેમથી ભજે છે, તેઓ મારામાં છે અને હું પણ તેમનામાં પ્રત્યક્ષ પ્રગટ છું.'

આ શ્લોકમાં ભગવાને પ્રાણીમાત્રમાં પોતાની સમતાનો નિર્દેશ કર્યો છે. 'હું પ્રાણીમાત્રમાં સમાન છું.' અર્થાત્ સમાનરૂપથી વ્યાપક, બધાનો પરમ સુહૃદ અને પક્ષપાતરહિત છું. કોઈ પણ પ્રાણી મારું પ્રિય અથવા અપ્રિય નથી. આ પ્રાણી-સમુદાયમાંથી જે કોઈ પણ જીવ પ્રેમપૂર્વક મારું ભજન કરે છે, તેઓ મારામાં છે અને હું તેમનામાં છું. અર્થાત્ તેઓ મારા પ્રિયતમ છે અને હું તેમનો પ્રિયતમ છું. તેઓ મને સર્વસ્વ અર્પણ કરી દે છે, હું પણ મારું સર્વસ્વ તથા પોતાની જાતને પણ તેમના પર ન્યોછાવર કરી દઉં છું. મારી તેમની એટલી ઘનિષ્ઠા છે કે હું અને તેઓ બંને એક થઈ જઈએ છીએ.

'તસ્મિંસ્તજ્જને ભેદાભાવાત્।' 'યતસ્તદીયાઃ ।'

(નારદ-ભક્તિ-સૂત્ર ૪૧ । ૭૩)

તેઓ મને સ્વામી સમજે છે; તેમને હું સેવક સમજું છું. તેઓ મને પિતા માને છે, તો હું તેમને પુત્ર માનું છું. પુત્ર માનવાવાળાઓને પિતા, મિત્ર સમજવનારાઓને મિત્ર અને પ્રિયતમ સમજનારાઓને પ્રિયતમ સમજું છું. જેઓ મારા માટે વ્યાકુળ હોય છે, તેમના માટે હું અધીરો બની ઉઠું છું. જેઓ મારા વિના રહી નથી શકતા, તેમના વિના હું પણ રહી શકતો નથી. જેઓ જે ભાવથી મને ભજે છે, હું પણ તેમને એ જ ભાવથી ભજું છું.

યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।

(૪ । ૧૧)

ભાવ જ નહિ, ક્રિયામાં પણ જેઓ મારી તરફ ત્વરિત ગતિથી દોડે છે, હું પણ તેમની તરફ તીવ્ર ગતિથી દોડું છું. અહીંયાં એ વાત ધ્યાનમાં રાખવા યોગ્ય

છે કે અલ્પશક્તિમાન્ જીવની ક્રિયા પોતાની શક્તિ અનુસાર હશે અને અનંત શક્તિ સંપન્ન પરમાત્માની તેમની શક્તિ અનુસાર. અર્થાત્ અલ્પશક્તિ રાખનારો જીવ જો પોતાની પૂરી તાકાત લગાવીને થોડો પણ આગળ વધશે તો ભગવાન પણ પોતાની પૂરી શક્તિ લગાવી જલદીથી તેને આવી મળશે. ભગવાનને પૂરી શક્તિથી પોતાના તરફ આકર્ષિત કરવાનો સરળ ઉપાય છે—તેમના તરફ પોતાની પૂરી શક્તિથી અગ્રસર થવું. ભક્તોનો એવો વિલક્ષણ ભાવ છે કે તેઓ ચેષ્ટારહિત પરમાત્મા પાસે પણ ચેષ્ટા કરાવી દે છે. સર્વદેશી વ્યાપક અને નિરાકાર પરમેશ્વરને એક દેશમાં પ્રગટ કરીને જોઈ લે છે. નિર્ગુણને સગુણરૂપમાં પ્રગટ થવા માટે બાધ્ય કરી દે છે. જે બધામાં હમેશાં ઉદાસિન છે એવા પરમાત્માને પણ તેઓ પોતાના ભણી આકૃષ્ટ કરી લે છે. પ્રભુના તે પ્યારા ભક્તો જે સમયે જે રૂપમાં તેમને જોવા ઇચ્છે છે, તે સમયે ભગવાને તે જ રૂપમાં દર્શન આપવાં પડે છે; જેવી રીતે કેમેરાનો કાચ સામે દેખાતા દશ્યને ખેંચી લે છે. તેનાથી અત્યંત અધિક વિલક્ષણતા સાથે ભગવાનને ખેંચવાનું આકર્ષણ ભગવત્-ભક્તના પ્રેમમાં હોય છે. કેમેરા તો સામેની જડ વસ્તુની ફક્ત તે આકૃતિને જ ખેંચે છે, પરંતુ ભગવત્-ભક્તનો પ્રેમ ચિન્મય પરમાત્માને પોતાના મનગમતા રૂપમાં ખેંચી લે છે. એટલા માટે ભગવાન કહે છે—

યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ।

શ્રીમદ્ભાગવતમાં ભગવાન કહે છે—

સાધવો હૃદયં મહ્યં સાધૂનાં હૃદયં ત્વહમ્ ।
મદન્યત્ તે ન જાનન્તિ નાહં તેભ્યો મનાગપિ ॥

(૯ । ૪ । ૬૮)

'હું સાધુઓનું હૃદય છું અને સંતલોકો મારું હૃદય છે. તેઓ મારા સિવાય બીજા કોઈને જાણતા નથી અને હું તેમના સિવાય બીજા કોઈને કંઈ પણ જાણતો નથી.'

ભગવાને પોતાના ભક્તો જેટલા પ્રિય છે, એટલા એમની અર્ધાંગિની લક્ષ્મી, ગરુડ વગેરે પાર્ષદો તથા પોતાનું શરીર પણ પ્રિય નથી હોતું. ભાગવતમાં ભગવાન ઉદ્ધવને કહે છે—ભક્તો સિવાય મારો અન્ય કોઈ પ્રિય નથી. એક સ્થળે ભગવાન

કહે છે—જો ભક્તો પ્રતિકૂળ બને તેમ મારી ભૂજા પણ ઉઠે તો તેને કાપીને ફેંકી દઉં—

છિન્દ્યાં સ્વબાહુમપિ વઃ પ્રતિકૂલવૃત્તિમ્ ।

ભક્ત નીચ ઘરનો હોય તોપણ ભગવાન તેને ત્યાં પધારે છે.

અહીંયાં એક શંકા થાય છે કે જ્યારે ભજવાવાળાને જ ભગવાન ભજે છે—જે જેવા ભાવથી ભજે છે, તેને તે ભાવથી તેઓ પણ ભજે છે—ત્યારે તો ભગવાનની આજ્ઞાની સર્વદા વિરુદ્ધ ચાલવાવાળો, ભગવાનનો વિરોધ કરનારો, ભગવાન દ્વારા નિષેધ કરેલાં કર્મોને આસક્તિપૂર્વક કરનારો અર્થાત્ ભગવાનનો બધી જ રીતે વિરોધી હોય, તે જો ભજન કરે તો શું ભગવાન તેને પણ અપનાવશે? એનો ઉત્તર છે—'અવશ્ય.'

અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યક-વ્યવસિતો હિ સઃ ॥

(૯ । ૩૦)

અર્થાત્ 'જો કોઈ અતિશય દુરાચારી પણ અનન્યભાવથી મારો ભક્ત થઈને મને નિરંતર ભજે છે તો તે સાધુ જ માનવા યોગ્ય છે; કારણ કે તે સાચો નિશ્ચયી છે અર્થાત્ તેણે સારી રીતે નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરના ભજન સમાન બીજું કંઈ પણ નથી.'

અહીંયાં ભગવાન સ્પષ્ટ કહે છે કે ગમે તેવો દુરાચારીમાં દુરાચારી પણ હોય, પરંતુ જો અનન્યભાવથી મારો ભક્ત બનીને ભજન કરે છે; તેને સાધુ જ માનવો જોઈએ. કારણ કે તેણે ઉત્તમ નિશ્ચય કરી લીધો છે. દુરાચારી ચાહે આ જન્મનો હોય કે ચાહે પૂર્વજન્મનો, ભક્તના તે પાપ અને દુરાચારને ભગવાન નષ્ટ કરી દે છે. ભગવાન રામાયણમાં કહે છે—

કોટિ બિપ્ર બધ લાગહિં જાહૂ । આએઁ સરન તજઉઁ નહિં તાહૂ ॥

કરોડો બ્રાહ્મણોની હત્યા કરનારો પણ જો શરણમાં આવી જાય તો ભગવાન તેના પાપો નષ્ટ કરી દે છે. એક જન્મનાં નહિ, અનેક જન્મોનાં પાપ પણ નાશ કરી દે છે.

સનમુખ હોઇ જીવ મોહિ જબહીં । જન્મ કોટિ અઘ નાસહિં તબહીં ॥

જીવ જ્યારે મારી સન્મુખ હોય છે, ત્યારે તેના અનંત જન્મોનાં પાપ નષ્ટ થઈ જાય છે. એટલું જ નહિ, શરણમાં આવી ગયા પછી તેને સાધુ જ માનવો જોઈએ. અહીંયાં એ પ્રશ્ન થાય છે કે ગીતા ૭ । ૧૫માં ભગવાન કહે છે, નરાધમ (દુષ્કૃત પુરુષ) મારા શરણે નથી થતા અને રામાયણમાં પણ કહ્યું છે—

પાપવંત કર સહજ સુભાઊ । ભજનુ મોરે તેહિ ભાવ ન કાઊ ॥

ત્યારે અત્યંત પાપી ભગવાન સાથે કેવી રીતે જોડાશે ? તેથી તો ભગવાને 'ચેત્' શબ્દ કહ્યો છે. ભગવાનના કાયદામાં એ એક વિલક્ષણતા છે, તે સમજવાની છે. ભગવાન કહે છે—'જો તે ભક્તિમાં લાગી જાય તો મારા તરફથી કોઈ બાધા નથી, નીચમાં નીચ માટે ઉત્થાનના દરવાજા ખૂલ્લા છે, પરંતુ ભક્તનું પતન થઈ શકતું નથી'— **'ન મે ભક્તઃ પ્રણશ્યતિ'** (૯ । ૩૧). ભગવાનના પંથે ચાલવા માટે કોઈ પણ પ્રાણીને રોક-ટોક નથી. ભગવાનને ત્યાં ઉન્નતિ માટે કોઈ બાધા નથી. તો પણ પ્રશ્ન થાય છે કે પાપી મનુષ્ય ભગવાનનું અનન્યભાવથી કયા કારણે ભજન કરશે ? તેનાં ઘણાં કારણો હોઈ શકે છે. જેમ કે—

(૧) પૂર્વ-જન્મની ભક્તિના સંસ્કારથી.

(૨) ભગવત્-ભક્તિમય વાયુમંડળના પ્રભાવથી.

(૩) ભગવાનના ભક્તોની અલૌકિક કૃપાથી.

(૪) ભગવાનની ઓચિંતી અહેતુક કૃપાથી અથવા

(૫) કોઈ આપત્તિમાં પડી જવાથી તે આપત્તિને દૂર કરવામાં પોતાને સર્વથા અસમર્થ સમજવાના કારણે ભગવાન તરફ ભક્તિનો ઉદય થવાથી.

આવી રીતે બીજા પણ કોઈ કારણ વિશેષથી તે અનન્યભાક્ બનીને ભજન કરી શકે છે. 'અનન્યભાક્'નો અર્થ અહીંયાં 'તેલધારાવત્' નિરંતર ચિંતન સમજવું નહિ પડશે કારણકે અધિકારીની જેમ તો જોવું જ તેલધારાવત્ ચિંતનમાં તો લાબાં સમયથી સાધના કરવાવાળા સાધકોને પણ કઠિનાઈ માલૂમ પડે છે, તો પછી સુદુરાચારીઓ દ્વારા તે એવું કેવી રીતે સંભવ છે ? એથી અહીંયાં અનન્યભક્તોનો અર્થ ભગવાનનો જ બની જવાનો છે. **'ન અન્યં ભજતીતિ અનન્યભાક્'** તેના એકમાત્ર ઇષ્ટ, આદરણીય ભગવાન જ થઈ જાય, તે ભગવાનને

જ શરણાગત થઈ જાય—આ જ અનન્યભાક્નું તાત્પર્ય છે. તે ભગવાન સિવાય બીજા કોઈનો આશ્રય લેતો નથી. એકનો આશ્રિત થઈ જવું, એકને જ સર્વોપરી સમજવો સુદુરાચારી દ્વારા જ સંભવ થઈ શકે છે. જે એવો બની જાય છે તેને ભગવાન પરમપ્રિય બની માને છે –

એક બાનિ કરુણાનિધાન કી। સો પ્રિય જાકે ગતિ ન આન કી ॥

અહિયાં 'ગતિ ન આન કી' આ પદો દ્વારા અનન્યભાક્ની જ વ્યાખ્યા થઈ જાય છે. બીજાનો આશ્રય છોડીને ભગવાનનું ભજન કરનારને જ લક્ષ્ય કરવામાં આવ્યો છે. એવા પુરુષને સાધુ જ માનવો જોઇએ; કારણકે –

રહિત ન પ્રભુ ચિતચક્ર કિયે કી। કરત સુરતિ સય બાર હિએ કી ॥

તેણે હવે એકમાત્ર આ જ નિશ્ચય કરી લીધો છે કે હું જે કંઈ છું અને જેવોપણ છું, આપનો છું. તે સમજે છે કે મારો ઉદ્ધાર મારી સાધના અને ભજનના જોરે નહિ થઈ શકે; પરંતુ અશરણના શરણ એવા દિનબંધુ ભગવાનની અહેતુક કૃપાથી જ સંભવ છે. મારા જેવો એક પામર સાધારણ જીવ ભગવાનને અનુકૂળ સાધન શું કરી શકે ? જે કંઈ ભગવાનને અનુકૂળ જે સાધન થઈ જાય છે તે પણ ભગવાનની કૃપાનું જ ફળ છે. જે કંઈ થઈ શકશે તે ભગવાનની જ દયાથી. આવો તેનો અટલ નિશ્ચય હોય છે. એથી તો એક ભક્ત કહે છે–

ભગત બછલ બ્રત સમુઝિકે રજ્જબ દીન્હોં રોય।
પતિતાં પાવન જબ સુને, રહ્યો ન ચીતો સોય ॥

આ કારણે ભગવાન કહે છે–તે ઘણો જલદીથી ધર્માત્મા બની જાય છે. તાત્પર્ય એ છે કે જ્યારે તે ભગવાન પ્રતિ ચાલવાનો દૃઢ નિશ્ચય કરી લે છે, ત્યારે તેના આચરણ અને ભાવ બહુ જ જલદીથી સુધરી જાય છે. જ્યારે તેનું ધ્યેય એકમાત્ર પરમાત્મા જ થઈ જાય, ત્યારે તે દુર્ગુણનો આશ્રય કેવીરીતે લઈ શકે ? ભગવાનને પ્રતિકૂળ એવું આચરણ કેવી રીતે કરી શકે. જેમ જેમ ભગવાનનો અનન્ય આશ્રિત થતો જાય છે, તેમ તેમ તેનામાં સદ્ગુણ-સદાચારની સ્વાભાવિક વૃદ્ધિ થતી જાય છે. જ્યારે દરેક રીતે તે પ્રભુનો આશ્રિત થઈ જાય છે, ત્યારે તે ક્ષણે તે ધર્માત્માની જાય છે. ફક્ત ધર્માત્મા જ નહિ, તેને અવિચલ શાંતિ

પણ પ્રાપ્ત થઈ જાય છે. અર્થાત્ જે સુખ-શાંતિમાં ક્ષય ઈત્યાદિ વિકાર અને દોષ નથી આવતા. તે શાંતિ તેને પ્રાપ્ત થાય છે.

ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ।
કૌન્તેય પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ॥

(ગીતા ૯ -૩૧)

'એટલા માટે તે જલદીથી ધર્માત્મા થઈ જાય છે અને કાયમી રહેનારી પરમશાંતિને પ્રાપ્ત કરે છે. હે અર્જુન ! તું નિશ્ચયપૂર્વક સત્ય જાણ કે મારો ભક્ત નાશ નથી પામતો'

કાયમી રહેનારી શાંતિ શું છે ? જેને ગીતામાં પરમપદ, બ્રહ્મનિર્વાણ, નિર્વાણ, પરમ શાંતિ, આત્યન્તિક સુખ ઈત્યાદિ નામો દ્વારા કહેવામાં આવ્યું છે, તેને જ શાશ્વત્-શાંતિ કહે છે. આ જ બધી સાધનાઓનું અંતિમ પરિણામ છે. આને જ શાસ્ત્રકારોએ મુક્તિ કહી છે. આ સર્વોપરિ સ્થિતિ છે. એના માટે ભગવાન કહે છે—

યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ।
યસ્મિન્ સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે॥

(ગીતા ૬ । ૨૨)

'જેને પ્રાપ્ત કર્યા પછી તેનાથી અધિક કોઈ બીજો લાભ જણાતો નથી તથા જે સ્થિતિમાં સ્થિર થઈ ગયા પછી મનુષ્યને કોઈ ભારે દુઃખ કદાપિ વિચલિત નથી કરી શકતું.' તાત્પર્ય એ છે કે જેઓમાં દુઃખ, અલ્પજ્ઞતા, અશાંતિ, અસહષ્ણુતા વગેરે કોઈ પણ દોષ નથી એવી પરમ શાંતિમયી અવસ્થાને તે પ્રાપ્ત કરી શકે છે.

અહા ! ભગવાનની કેવી અલૌકિક કૃપા છે—

'બિનુ સેવા જો દ્રવહિં દીન પર રામ સરિસ કોઇ નાહિ।'

દુરાચારી પણ જો ભગવાનનું ભજન કરવા લાગે તો તે શીઘ્ર જ ધર્માત્મા બની જાય છે. ભગવાને દુરાચારીની વાત તો કહી; હવે જેઓ પૂર્વજન્મના અનુચિત આચરણને કારણે નીચ યોનીમાં જન્મ લે છે; તેઓ પણ ભકિતના અધિકારી

છે. એ વાત પણ ભગવાન કહે છે—

માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેઽપિ સ્યુઃ પાપયોનયઃ।
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેઽપિ યાન્તિ પરાં ગતિમ્॥

(ગીતા ૯। ૩૨)

'પાપયોનિવાળા જીવો પણ મારો આશ્રય લઈને પરમપદને પ્રાપ્ત થાય છે; સ્ત્રી, વૈસ્ય અને શૂદ્ર પણ પરમપદને પામે છે.' જે જાતિથી ત્યજાયેલો છે, જેને સ્પર્શ કરવામાં પણ લોકોને હિચક થાય છે, એવો પુરુષ પણ ભક્ત હોય તો તેને ભગવાન પરમપ્રિય માને છે. રામાવતારમાં ભગવાન શ્રીરામચદ્રજી ગુહને હૃદય સાથે લગાવીને ભેટે છે અને પૂજ્ય વસિષ્ઠજી પણ રામભક્ત સમજીને તેને હૃદય સાથે લગાવે છે. ભરતજી પણ લક્ષ્મણની જેમ તેને ભેટે છે. ભક્ત તો ત્રણે ભુવનોને પવિત્ર કરવાવાળો છે.

શાસ્ત્ર પરંપરાથી અહિંસા ઈત્યાદિ સામાન્ય ધર્મોની જેમ ભક્તમાં પણ ચાંડાલ ઈત્યાદિ બધી યોનિના મનુષ્યનો અધિકાર છે.

'આનિન્દ્યયોન્યધિક્રિયતે પારમ્પર્યાત્ સામાન્યવત્।'

(શાંડિલ્યભક્તિ-સૂત્ર-૭૮)

ભગવત્-ભક્તિનો અધિકારી નીચમાં નીચ વ્યક્તિ પણ છે. અહીંયાં 'પાપયોનિ' શબ્દ એટલો વ્યાપક છે કે આભીર, પવન, કંક, ખશ આદિ જાતિના મનુષ્યો પણ એની અન્તર્ગત લેવામાં આવે છે. ચાર વર્ણો સિવાય જેટલી યોનિયો છે; તે બધી પાપયોનિ જ છે.

'બડ સેયાઁ બડ હોત હૈ' આ ઉક્તિ અનુસાર મોટાઓનો આશ્રય મેળવીને પ્રાયઃ બધા મોટા થઈ જાય છે. નાનું જીવડું જો સજ્જન પુરુષોનો સંગ કરે તો તે કષ્ટસાધ્ય કાર્ય પણ સુગમતાથી જ સિદ્ધ કરી લે છે. જ્યારે સજ્જનોના સંગીઓનો સંગ કરવાથી આવું ફળ મળે છે, ત્યારે સાક્ષાત્ ભગવનનો સાથ હોવાથી મનુષ્ય શ્રેષ્ઠ બની જાય—એમાં આશ્ચર્યની વાત શું છે ? **'માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય'**(૯ । ૩૧)—આ શ્લોકમાં જે **'પાપયોનયઃ'** પદ છે; તે સ્વતંત્ર છે, સ્ત્રી, વેશ્ય અને શૂદ્રનું વિશેષણ નથી. કારણ કે વેશ્યનો વેદોમાં અધિકાર

છે. 'સ્ત્રી' શબ્દથી બ્રાહ્મણ-ક્ષત્રિયોની સ્ત્રીઓનો પણ સ્વીકાર થઈ જાય છે. તેઓ પોત-પોતાના પતિ સાથે યજ્ઞમાં બેસી શકે છે. બ્રાહ્મણી બધી જ જાતિઓમાં પૂજનીય છે, એટલા માટે તે પાપયોનિ કહી શકાય નહિ. **'યેઽપિ સ્યુઃ પાપયોનયઃ'** માં **'સ્યુઃ'** ક્રિયાનો સાક્ષાત્ સંબંધ **'પાપયોનયઃ'** થી જ છે, **'સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રા'**—એમાં **'તથા'** શબ્દ સ્ત્રી, વૈશ્ય, અને શૂદ્રને **'પાપયોનયઃ'**થી અલગ કરી રહ્યો છે. આ બધાનો અન્વય એકી સાથે **'યાન્તિ'** ક્રિયાથી હોય છે—**'તેઽપિ યાન્તિ પરાં ગતિમ્'** તેઓ પણ પરમગતિને પ્રાપ્ત કરી શકે છે. જો કે સ્ત્રીઓ પણ સંપૂર્ણ મંત્રો અને વેદોની અધિકારિણી નથી, તોપણ ભગવાનની પ્રાપ્તિમાં તેમનો અધિકાર છે જ—

'નાસ્તિ તેષુ જાતિવિદ્યારૂપકુલધનક્રિયાદિભેદઃ ।'

(નારદભક્તિ-સૂત્ર ૭૨)

'ભક્તોમાં જાતિ, વિદ્યા, રૂપ, કુળ, ધન અને ક્રિયા ઈત્યાદિથી ઉત્પન્ન થતો ભેદ હોતો નથી.'

શબરીમાં સ્ત્રીત્વ હોવા સાથે શૂદ્રત્વ અને પાપયોનિત્વ પણ છે. તે કહે છે—

અધમ તે અધમ અધમ અતિ નારી । તિન્હ મહઁ મૈં મતિમંદ અઘારી ॥

અધમ અર્થાત્ બ્રાહ્મણ કરતાં નીચો ક્ષત્રિય, તેનાથી અધમ વૈશ્ય, એનાથી અધમ શૂદ્ર અને તેનાથી અતિ અધમ શબર જાતિ તથા શબર જાતિની સ્ત્રીઓમાં પાછી હું મંદમતિ. શબરીની આવી અભિમાનશૂન્ય વાણી સાંભળીને શ્રીરઘુનાથજી કહે છે–

જાતિ પાઁતિ કુલ ધર્મ બડાઇ । ધન બલ પરિજન ગુન ચતુરાઈ ॥
ભગતિ હીન નર સો હઇ કૈસા । બિનુ જલ બારિદ દેખિયે જૈસા ॥
કહ રઘુપતિ સુનુ ભામિનિ બાતા । માનઉઁ એક ભગતિ કર નાતા ॥

ભગવાન તો ફક્ત ભક્તિના સંબંધને જ માને છે.

'ભક્ત્યા તુષ્યતિ કેવલં ન ચ ગુણૈર્ભક્તિપ્રિયો માધવઃ ।'

ભગવાન્ તો કેવળ ભક્તિથી સંતુષ્ટ થાય છે, ગુણોથી નહિ. તે ઓ તો ભાવગ્રાહી છે. ભગવાન આગળ પાંડિત્યનું જોર ચાલતું નથી—

મન્દો વદતિ વિષ્ણાય ધીરો વદતિ વિષ્ણવે ।
ઉભયોશ્ચ ફલં તુલ્યં ભાવગ્રાહી જનાર્દનઃ ॥

કયા ભાવથી કોણ શું કરી રહ્યો છે એને ભગવાન જાણે છે. જે કોઈ પ્રેમથી ભગવાન તરફ દોડે છે, તેની તરફ ભગવાન પણ દોડી જાય છે.

અહીંયાં સુધી ભગવાને આચરણો અને જાતિથી નીચાઓના ઉદ્ધારની વાત બતાવી તથા મધ્ય શ્રેણીનાં સ્ત્રી, વૈશ્ય અને શૂદ્રોની સદ્‌ગતિનું પણ વર્ણન કર્યું. હવે ભગવાન એ બતાવી રહ્યા છે કે જ્યારે પાપયોનિવાળા તેમજ સ્ત્રી, વૈશ્ય અને શૂદ્ર પણ ભક્તિથી પરમગતિને પ્રાપ્ત કરી લે છે, ત્યારે જે આચરણ અને જાતિ બંનેથી પણ પવિત્ર છે, તેમનો ઉદ્ધાર થવો તે શું મોટી વાત છે ?

કિં પુનર્બ્રાહ્મણાઃ પુણ્યા ભક્તા રાજર્ષયસ્તથા ।
અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ॥

(ગીતા ૯ । ૩૩)

આમાં 'કૈમુતિક' ન્યાય છે. અર્થાત્ જ્યારે સ્ત્રી, વૈશ્ય અને શુદ્ર તથા દુરાચારી અને પતિત જાતિવાળાઓનો પણ ઉદ્ધાર થઈ જાય છે, ત્યારે પવિત્ર આચરણવાળા બ્રાહ્મણો અને ક્ષત્રિયો જો ભગવાનના ભક્તો હોય તો તેમના ઉદ્ધારની બાબતમાં તો કહેવું જ શું ? જો કોઈ જાતિથી બ્રાહ્મણ અને ક્ષત્રિય હોય, પવિત્ર આચરણવાળા પણ હોય, પરંતુ ભક્ત ન હોય, તો તેમના ઉદ્ધારની ગેરંટી ભગવાન લેતા નથી. આ શ્લોકમાં ભગવાને આચરણ અને જાતિ બંનેથી જ ઉત્તમ પુરુષોને ભક્તિના અધિકારી બતાવ્યા છે; કારણ કે પહેલાં કહ્યું છે કે તેઓ પણ મારા ભક્તો બની શકે છે તથા જેઓ બંનેથી જ નીચ હોય, તેઓ પણ મારા ભક્તો બની શકે છે તથા જેઓ બંનેથી ઊંચા હોય, તેમની તો વાત જ શી કરવી ? આ પ્રકરણમાં ભક્તિની સાથે અધિકારી બતાવવામાં આવ્યા છે. એમનામાં કોઈ કમ નથી.

(૧) આચરણોથી નીચ, (૨) જાતિથી નીચ, (૩) સ્ત્રી, (૪) વૈશ્ય, (૫) શૂદ્ર, (૬) પવિત્ર બ્રાહ્મણ અને (૭) રાજર્ષિ—આ સાત અધિકારીઓની જ અંદર બધા મનુષ્યો આવી જાય છે. આથી સ્પષ્ટ છે કે ભગવાનની ભક્તિના બધા અધિકારી છે.

ભગવાને ભક્તિના અધિકારી બતાવીને ત્રેત્રીસમા શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું છે—

'અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્'

અર્થાત્ 'નાશવંત તેમજ સુખવિહિન માનવ-શરીરને મેળવીને મારું ભજન કર.' તેને અનિત્ય તથા ક્ષણભંગુર એટલા માટે કહ્યું છે કે તેનો કોઈ ભરોસો નથી. માલૂમ નહિ તે ક્યારે નષ્ટ થઈ જાય. એટલા માટે ભગવાન ચેતવણી આપે છે કે આ શરીર રહે ત્યાં સુધીમાં મને પ્રાપ્ત કરી લેવો જોઈએ. ભાગવતમાં પણ કહ્યું છે—

લબ્ધ્વા સુદુર્લભમિદં બહુસમ્ભવાન્તે
માનુષ્યમર્થદમનિત્યમપીહ ધીરઃ ।
તૂર્ણં યતેત ન પતેદનુમૃત્યુ યાવ-
ન્નિઃશ્રેયસાય વિષયઃ ખલુ સર્વતઃ સ્યાત્ ॥

(૧૧ । ૯ । ૨૯)

અર્થાત્ 'ઘણા જન્મોના અંતે ઘણાં જ પ્રયોજનો સિદ્ધ કરનાર આ અત્યંત દુર્લભ પરંતુ અનિત્ય માનવ-શરીરને મેળવીને જ્યાં સુધી મૃત્યુ ના આવે, તેના પહેલાં જલદીમાં જલદી આત્મકલ્યાણ માટે પ્રયત્નો કરવા જોઈએ; કારણ કે વિષયો તો નિશ્ચય જ સર્વત્ર મળી શકે છે; પરંતુ ભગવાન નહિ.' ગીતાના આઠમા અધ્યાયમાં તો એને ભગવાન '**દુઃખાલયમશાશ્વતમ્**' કહે છે; તો પછી દુઃખાલયમાં સુખ ક્યાંથી ? જે પ્રકારે પુસ્તકાલયમાં દવા અને ઔષધાલયમાં કપડાં ના મળી શકે, તે પ્રકારે આ દુઃખમય સંસારમાં સુખ ના મળી શકે. સુખ છે જ નહિ. મનુષ્યને જ્યા સુધી કોઈ વાતની ઉત્કટ ઇચ્છા થતી નથી, ત્યાં સુધી કોઈ પણ પદાર્થોમાં એવી શક્તિ નથી જે તેને સુખ આપી શકે. એટલા માટે પદાર્થોના સુખ માટે પદાર્થવિષયક ઉત્કટ ઇચ્છા અને ઇચ્છા માટે અભાવનો અનુભવ પરમ આવશ્યક છે અને અભાવની લાગણીમાં સુખનું નામો-નિશાન નથી. દુઃખ જ દુઃખ છે. એક જ અવસ્થામાં બે પુરુષો એકી સાથે જઈ રહ્યા છે. બંનેની વેષભૂષા એક જ છે. બંનેની પાસે જોડાં નથી, છત્રી નથી. બંને પાસે ફાટેલાં કપડાં છે. બંને એક જેવા છે, પરંતુ તેમનામાં એક વિરક્ત છે, એક અભાવગ્રસ્ત છે. વિરક્ત પુરુષની અંદર દુઃખનું નામ નથી અને અભાવગ્રસ્ત પુરુષની પાસે

સુખનું નામો-નિશાન નથી; તે વસ્તુઓના અભાવની અનુભૂતિથી હમેશાં વ્યથિત રહે છે. તેને જ ક્ષણભંગુર સુખ આપી શકે છે, વિરક્તને નહિ; કારણ કે વિરક્તને પદાર્થોનો હમેશાં અભાવ હોવા છતાં અભાવની અનુભૂતિ હોતી નથી. અર્થાત્ વિરક્ત કોઈ પણ વસ્તુની આવશ્યકતા જ નથી સમજતો, આવી સ્થિતિમાં કોઈ પણ પદાર્થમાં એવી શક્તિ નથી જે તેને સુખ આપી શકે. તાત્પર્ય એ છે કે અભાવની અનુભૂતિ ના હોવાથી વિષયસુખ આપી શકતો નથી. જેને રૂપિયાની ઇચ્છા નથી, તેને રૂપિયા સુખ આપી શકે નહિ. જેને સ્ત્રીની ઇચ્છા નથી, તેને સ્ત્રી સુખ નહિ આપી શકે. સુખ લેવાવાળાને પોતાના માટે અભાવની અનુભૂતિ જરૂરી છે. આથી સિદ્ધ થયું કે પદાર્થની ગેરહાજરીમાં પણ પદાર્થ દુઃખ આપે છે. પદાર્થો મળ્યા બાદ તેઓના વિનાશની શંકા હરદમ બની રહે છે. કમી ખટકે છે, તે જ પદાર્થ બીજાઓ પાસે વધારે માત્રામાં અને પોતાના કરતા વધારે સુંદર જોઈને બળતરા થાય છે. પદાર્થો નાશ પામે તો પણ દુઃખ જ આપે છે. છોકરો ન રહેવાથી દુઃખ થાય છે. પેદા થવાથી તેના રોગ ઈત્યાદિથી દુઃખ થાય છે. છોકરાનું મૃત્યુ થવાથી તેની યાદ કોઈ પણ રીતે હૃદયમાં વેદના પેદા કરે છે, જે અનુભવી પુરુષોથી છાની રહેતી નથી. મનુષ્ય તેના વિયોગમાં રડે છે, કલ્પાન્ત કરે છે, તે દુઃખનું તો પૂછવું જ શું ? સાંસારિક સુખો પણ દુઃખના કારણ છે.

એક મનુષ્ય એવો છે, જેનું સુખ ઝૂંટવી લીધું છે; બીજો એવો છે, જેને શરૂઆતથી સુખ મળ્યું નથી. વર્તમાન સમયમાં બંનેની એક સમાન અવસ્થા છે; પરંતુ પહેલાને જેવું દુઃખ થાય છે, તેવું બીજાને નહિ. તેનું કારણ એ છે કે તે વસ્તુ તેની પાસે પહેલેથી નથી; જેના માટે તે દુઃખ વ્યક્ત કરે. એટલા માટે પદાર્થ રહે, તોપણ દુઃખ થાય છે, ના રહે ત્યારે પણ દુઃખ થાય છે અને રહીને સુખ ચાલ્યું જાય, ત્યારે પણ દુઃખ થાય છે અને રહીને સુખ ચાલ્યું જાય, ત્યારે પણ દુઃખ ઉઠાવવું પડે છે. એથી તો ભગવાન આ સંસારને અસુખ, નશ્વર અને દુઃખાલય કહે છે. એથી આ માનવ-શરીરનું ફળ ભગવત્-ભજન જ છે, વિષય-સેવન નહિ—

એહિ તન કર ફલ બિષય નભાઈ । સ્વર્ગઉ સ્વલ્પ અંત દુખદાઈ ॥

નર તનુ પાઇ બિષયઁ મન દેહીં । પલટિ સુધા તે સઠ બિષ લેહીં ॥

તાહિ કબહુઁ કહઇ ન કોઇ । ગુંજા ગ્રહઇ પરસ મનિ ખોઈ ॥
દેહ ધરે કર યહ ફલુ ભાઈ । ભજિઅ રામ સબ કામ બિહાઈ ॥

—ગોસ્વામી શ્રીતુલસીદાસજી

એટલા માટે ભગવાન કહે છે—આ શરીરને મેળવીને મારું ભજન કર. અહીંયાં સુધી ભગવાને ભક્તિ માટેના અધિકારીઓનું વર્ણન કરીને ચેતવણી દેતાં અર્જુનને ભગવત્‌ભક્તિ કરવાની આજ્ઞા આપી. તાત્પર્ય એ છે કે ભગવાને ભક્તિ માટેની યુક્તિઓની પુષ્ટિ કરી તથા તેને પરમ આવશ્યક બતાવતાં ભક્તિ કરવાનો આદેશ આપ્યો—'**માં ભજસ્વ**' (૯ । ૩૩).

હવે એ જાણવાની જરૂરિયાત છે કે ભક્તિનું શું સ્વરૂપ છે. તેના માટે ભગવાન સ્વયં કહે છે—

મન્મના ભવ મદ્‌ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણઃ ॥

(ગીતા ૯ । ૩૪)

અર્થાત્ 'મારામાં મનવાળો થા, મારો ભક્ત બન, મારુ પૂજન કરવાવાળો થા, મને પ્રણામ કર—આ પ્રકારે આત્માને મારામાં નિયુક્ત કરીને મારામાં પરાયણ થઈને તું મને જ પ્રાપ્ત થઈશ.'

આ શ્લોકમાં ભગવાને ચાર વાતો બતાવી છે—

(૧) '**મન્મના ભવ**'—મારામાં મન લગાવનારો બન.

(૨) '**મદ્‌ભક્તો ભવ**'—મારો ભક્ત બની જા.

(૩) '**મદ્યાજી ભવ**'—મારું પૂજન કરનારો થા.

(૪) '**માં નમસ્કુરુ**'—મને નમસ્કાર કર.

એમાં '**મન્મના ભવ**'નું અનુષ્ઠાન કરવા માટે ભગવાનના સ્વરૂપનું નામ સાથે ચિંતન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ બધા શાસ્ત્રોનો સાર છે. સંત-મહાત્માઓ પણ આના પર ભાર દે છે. કહ્યું પણ છે—

આલોડ્ય સર્વશાસ્ત્રાણિ વિચાર્ય ચ પુનઃ પુનઃ ।
ઇદમેવ સુનિષ્પન્નં ધ્યેયો નારાયણઃ સદા ॥

'બધા શાસ્ત્રોનું આલોકન થતાં વારંવાર વિચાર કરવાથી આ વાત સિદ્ધ થઈ છે કે હમેશાં ભગવાનનું ધ્યાન કરવું જોઈએ.'

ભગવાનના ચિંતનમાત્રથી ભગવત્-પ્રાપ્તિ થઈ જાય છે. આઠમા અધ્યાયના ચૌદમા શ્લોમાં નિરંતર અનન્યચિંતન કરનાર માટે જ પોતાને સુલભ બતાવ્યા છે—

અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ।
તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥

(ગીતા ૮ । ૧૪)

સમગ્ર ગીતામાં 'સુલભ' શબ્દનો પ્રયોગ ફક્ત આ જ શ્લોકમાં થયો છે. ભગવાનનના સતત ચિંતનમાં બે વાતો સહાયક છે—

(૧) ભગવાનના નામનો જપ.

(૨) સત્સંગ.

ભગવાનના નામ-જપથી ભગવાનની વારંવાર સ્મૃતિ થાય છે. જેવી રીતે બ્યુગલ વાગવાથી સૈનિક સજાગ થઈ જાય છે, તેવી જ રીતે જાપથી મનરૂપી સૈનિક સાવધાન થઈ જાય છે. એ પ્રકારે સત્સંગ કરવાથી, સાધુઓના દર્શનથી ભગવાન યાદ આવી જાય છે, જે પ્રકારે સિપાહીને જોતાં રાજા યાદ આવી જાય છે અને જ્યારે ભજન-ચર્ચા ચાલતી હોય છે, ત્યારે '**ખૂબ ગુજરેગી, ,મિલ બૈઠેંગે દીવાને દો**' વાળી કહેવત ચરિતાર્થ થાય છે. અર્થાત્ ભગવાનનું નિરંતર ચિંતન થવા લાગે છે. ભગવત્-ચર્ચા ચાલતી હોય ત્યારે મન તેમાં રમતું હોય છે. કંઠ ગદ્ગદ થઈ જાય છે, નેત્રોમાં આંસુ વહેલા લાગે છે. ગોસ્વામીજી કહે છે—

હિય કાટઉ ફૂટહું નયન જરઉ સો તન કેહિ કામ ।
દ્રવૈ સ્ત્રવૈ પુલકૈ નહિ તુલસી સુમિરત રામ ॥

ભાગવતમાં પણ કહ્યું છે—

તદશ્મસારં હૃદયં વતેદં યદ્ ગૃહ્યમાણૈર્હરિનામધેયૈઃ ।
ન વિક્રિયેતાથ યદાવિકારો નેત્રે જલં ગાત્રરુહેષુ હર્ષઃ ॥

(૨ । ૩ । ૨૪)

કબીરદાસજી પણ કહે છે—

સુમિરન સોં સુધિ લાઇએ, જ્યોં સુરભી સુત માહિં ।
કહ કબીર ચારો ચરત છિનહૂઁ બિસરત નાહિં ॥

આવું નિત્ય-નિરંતર ચિંતન કરવા માટે ભગવાન કહે છે. આ વાત થઈ.

બીજી વાત છે—'**મદ્‌ભક્તો ભવ**'—એનું તાત્પર્ય એ છે કે મારી આજ્ઞાનું પ્રેમપૂર્વક પાલન કરો.

અગ્યા સમ ન સુસાહિબ સેવા ।

ભગવાનની આજ્ઞાનું પાલન જ સેવા છે. આદરપૂર્વક ભગવાનની એક આજ્ઞાનું પાલન કરવાથી જ ભગવાન પ્રસન્ન થઈ જાય છે. શ્રીરામચંદ્રજી કહે છે—

સો સેવક પ્રિયતમ મમ સોઈ । મમ અનુસાસન માનઇ જોઈ ॥

ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થયા બાદ પછી શું બાકી રહી જાય છે ? એક પિતાનાં ઘણાં સંતોનો છે. તેમનામાંથી પિતાને તે અત્યંત પ્યારું હશે, જે પિતાની આજ્ઞાનું પાલન કરશે. ગુરુથી તે જ શિષ્ય વધુ લાભ ઉઠાવશે, જે ગુરુ-આજ્ઞામાં તત્પર હશે. આજ્ઞાપાલનથી પૂજ્યની સમગ્ર શક્તિ આજ્ઞાપાલકમાં ઉતરી આવે છે. આ બાબતમાં એ વાત વિશેષ સમજવાની છે કે શ્રદ્ધેય પુરુષ જે ક્ષણે કોઈ વાત માટે આજ્ઞા કરે, તે જ ક્ષણે તેનું પાલન કરવું જોઈએ. એથી વિશેષ લાભ છે. અસલી આજ્ઞા તે જ છે, જે માલિકને અનુકૂળ હોય, આપણા માટે ભલે પ્રતિકૂળ હોય. આવી રીતે ભગવાનની આજ્ઞાનું પાલન કરનાર જ ભગવત્-ભક્ત છે.

અહીંયાં પ્રશ્ન થાય છે કે ભગવાન તો પ્રત્યક્ષ નથી, તો પછી તેમની આજ્ઞાની ખબર કેવી રીતે પડે ? તો તેનો ઉત્તર એ છે કે ભગવાનની આજ્ઞાની ખબર મેળવવા માટે ચાર ઉપાયો છે. એક તો સત્-શાસ્ત્ર, વેદ, પુરાણ, ઋષિ-પ્રમાણિત ગ્રંથ—આમાં જેમના માટે જે કર્તવ્યો બતાવ્યા હોય, તે જ કરવાં જોઈએ. ઋષિમુનિઓએ સત્-શાસ્ત્ર ભગવાનનો આશય સમજીને જે લખ્યા છે. એટલા માટે ભગવાન પણ કહે છે—

તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ॥

(ગીતા ૧૬ । ૨૪)

'એથી તારા માટે કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે, એવું જાણીને તું શાસ્ત્રવિધિથી નિયત કરવામાં આવેલ કર્મ જ કરવા યોગ્ય છે.'

અને ભગવદ્ગીતા જેવો ગ્રંથ તો, જે સાક્ષાત્ પરમાત્માના જ શ્રીમુખેથી ઉદ્ભવ્યો છે, તે ભગવત્-આજ્ઞા જ છે. એટલા માટે એવા ગ્રંથોને આધારે પોતાનું જીવન વ્યતિત કરવું એ જ ભગવત્-આજ્ઞાનું પાલન છે.

બીજો ઉપાય—જેમણે ભગવાન મેળવ્યા છે એવા મહાપુરુષો જે કહે છે, તેને ભગવત્-આજ્ઞા માનીને કરવું, કારણ કે જે અંતઃકરણમાં રાગ-દ્વેષ, સ્વાર્થ, મમતા, અહંકાર અને પક્ષપાત નથી, તે અંતઃકરણથી જે કંઈ નિકળશે, તે ભગવત્-આજ્ઞા જ હશે. ભગવાન સર્વત્ર પરિપૂર્ણ છે, પરંતુ જ્યાં અંતઃકરણ વિશેષ શુદ્ધ છે, ત્યાં જ તેઓ પ્રગટ થાય છે.

મહાત્માઓ જે આચરણ કરે છે તે પણ સાધક માટે ભગવત્-આજ્ઞા માનવા યોગ્ય છે. ભગવાન સ્વયં કહે છે—

યદ્ યદાચરતિ શ્રેષ્ઠસ્તત્ તદેવેતરો જનઃ ।
સ યત્ પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥

(૩ । ૨૧)

અર્થાત્ 'શ્રેષ્ઠ પુરુષ જે કંઈ આચરણ કરે છે, અન્ય માણસ પણ તેવું જ કરે છે, તે પુરુષ જે કંઈ આદર્શ સ્થાપિત કરે છે, લોકો પણ તે અનુસાર વર્તે છે.'

ત્રીજો ઉપાય છે—પક્ષપાતરહિત પોતાના હૃદયમાં જે વાસ્તવિક સિદ્ધાંતને અનુકૂળ, સાગદ્વેષરહિત વાત સ્ફૂરે છે, તેને પણ ભગવત્-આજ્ઞા માનીને કામે લાગી જવું, કારણ કે અન્તર્યામી પરમાત્મા બધાના હૃદયમાં વિરાજમાન છે.

સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો
મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ।
વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો
વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્॥

(૧૫ । ૧૫)

અર્થાત્ 'હું જ બધા પ્રાણીઓનાં હૃદયમાં અન્તર્યામીરૂપે સ્થિત છું તથા મારાથી જ સ્મૃતિ, જ્ઞાન અને સમોહન થાય છે અને બધા વેદો દ્વારા હું જ જાણવા યોગ્ય છું તથા વેદાન્ત કર્તા અને વેદોને જાણનારો પણ હું જ છું.'

ચોથો ઉપાય છે—જે કર્મો કરવાથી આપણું અને લોકોનું તરત જ અને પરિણામે પણ પરમહિત થતું જોવા મળતું હોય, તેમને ભગવત્-આજ્ઞા માનીને કરવાં—તેમાં પણ આપણા કરતાં બીજાઓનું હિત તથા વર્તમાન કરતાં ભાવિનું હિત મુખ્ય છે. ભગવાન કેવી આજ્ઞા કરશે, તે તેમના સ્વભાવથી જ સમજવું જોઈએ. જે ભગવાન પ્રાણીમાત્રના પરમ મિત્ર છે; હેતુરહિત દયાળું છે, બધાના પરમ પિતા છે, તે પરમાત્માનો સ્વભાવ પ્રાણીમાત્રનું હિત કરવું જ છે. એથી તેઓ આપણા સ્વભાવને અનુકૂળ જ આજ્ઞા આપશે.

આ ચારે પ્રકારમાંથી કોઈ પણ રીતે પ્રાપ્ત થયેલી ભગવત્-આજ્ઞાને સાક્ષાત્ ભગવાને આપેલી આજ્ઞા સમજીને પાલન કરવું જોઈએ. પ્રભુની કૃપા અને પ્રેમના આભારી થવું જોઈએ. આ માટે પ્રભુ કહે છે—'**મદ્‌ભક્તો ભવ**' (૯ । ૩૪).

(૩) '**મદ્યાજી (ભવ)**'—મારું જ પૂજન કર. અહીંયાં ભગવાન શ્રીવિગ્રહનું તથા બધા જીવોને ભગવાનનું સ્વરૂપ સમજીને તેમની જે સેવા કરવાની છે તે જ ભગવાનની પૂજા છે. ભગવાન કહે છે—

યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તતમ્।
સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ॥

(૧૮ । ૪૬)

'જે પરમાત્માથી સંપૂર્ણ પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે અને જેનાથી આ સમગ્ર જગત વ્યાપ્ત છે. તે પરમેશ્વરની પોતાના સ્વાભાવિક કર્મો દ્વારા પૂજા કરીને મનુષ્ય પરમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.'

એવી પૂજા તથા પોતાનું બધું જ ભગવાનને સમર્પણ કરી દેવું જ 'મદ્યાજી'નું તાત્પર્ય છે. ભગવાને કહ્યું—'તું સર્વસ્વ મને જ સમર્પણ કરી દે. અર્થાત્ પોતાના મનથી કલ્પેલી મમતા ઉઠાવી લે.' સંસારની બધી વસ્તુઓ પરમાત્માની જ છે. કોઈ પણ વસ્તુ સાથે લાવ્યા નથી કે સાથે લઈ જવાના નથી તથા એ વસ્તુઓને રાખવામાં પણ આપણે સ્વતંત્ર નથી. મનની ઇચ્છા મુજબ તેમને રાખી શકતા નથી. તો પછી આપણું શું છે ? કેવળ ભૂલથી જ વસ્તુઓ પર મમત્વ છે. તેને ઉઠાવી લેવું તે જ ભગવત્-અર્પણ કરવું છે. આ ત્રીજી વાત થઈ.

(૪) ચોથી છે—'**માં નમસ્કુરુ**' તેનો અર્થ છે આત્મસમર્પણ, અર્થાત્ ભગવાનના વિધાનમાં સંતોષ. જ્યારે અપરાધી જેનો અપરાધ કર્યો છે, તેના પગમાં પડીને કહે છે 'સરકાર ! જે ઇચ્છા હોય તે કરો, જેથી આ અપરાધીનો કોઈ અપરાધ ન રહે.' આ પ્રકારે નમસ્કાર કરનારો ભગવાન સમક્ષ પોતાનો કોઈ અધિકાર નથી સમજતો. તેમની મરજી હોય, તેવી રીતે રાખે. જેવી રીતે આપણે એક યંત્ર કોઈકને આપી દીધું. હવે તે ચાહે તેવો વર્તાવ કરી શકે છે. તેનો તેના પર પૂર્ણ અધિકાર છે. આપણને એમાં આપત્તિ શું હોય ? આ પ્રકારે ભગવાનનો ભક્ત ભગવાનને અર્પિત થઈ જાય છે. તેના પર ભગવાન સુખ યા દુઃખ—જે મોકલવું હોય તે મોકલે, તે બધામાં પ્રસન્ન જ રહે છે. તે સુખ કરતાં દુઃખ મળતાં વધારે પ્રસન્ન થાય છે; કારણ કે તે સમજે છે કે ભગવાન મારા ઉપર ખૂબ પ્રસન્ન છે, તેથી તો બધી જ ક્રિયાઓ નિઃસંકોચ કરે છે. આપણી ઇન્દ્રિય-મન-બુદ્ધિ પર ધ્યાન આપીને ઇચ્છા મુજબ કરે છે. ભગવાન આપણા માટે તે જ કરે છે, જેમાં આપણું પરમહિત છે. આપણને તે ભલે જ વિરુદ્ધનું દેખાઈ પડે, પરંતુ ભગવાનનાં કાર્યોમાં ક્યાંયે પણ ભૂલ થવાની શક્યતા નથી. ભગવાન આપણા માટે દુઃખ મોકલે છે, તેમાં આપણા ઘણા જ લાભ છે. એક તો આપણે પાપોથી સાવધાન બનીએ છીએ; કારણ કે ભગવાન પાપોના ફળસ્વરૂપે પાપોના નાશ માટે દુઃખ આપે છે. દુઃખને પાપોનું ફળ સમજીને

આપણે ફરીથી પાપ કરવાથી ડરીશું. ભગવાનની કેટલી બધી દયા છે ! બીજો લાભ એ છે કે પ્રભુ આપણને અપનાવવા માટે પરમપવિત્ર બનાવી રહ્યા છે. જેમ કે સોની જે સોનાને અપનાવવા ઇચ્છે છે, તેને તપાવીને વધુ શુદ્ધ કરે છે અથવા જેમ કે માતા પોતાના બાળકનો મેલ ધોવે છે, સાફ કરે છે; કારણ કે તેને પોતાના હૃદયે લગાડવાનું છે, ખોળામાં લેવાનું છે. આવી રીતે કૃપાળુ ભગવાન પણ પોતાના ભક્તને કષ્ટ આપીને તેને પવિત્ર કરે છે.

આ જ 'ભગવાનના શરણે થવું' છે. ભગવાન કહે છે કે તું એવી રીતે મારે શરણે થઈને મને જ પ્રાપ્ત કરી લેશે. આ જ શરણાગતિ છે અને 'મત્પરાયણ' કહીને તેનું જ વર્ણન કરેલું છે.

—— ——:: X X :: —— ——

ભગવદ્‌ભક્તિનું રહસ્ય

ભક્તિ ભક્ત ભગવંત ગુરુ ચતુર નામ બપુ એક।
ઇનેક પદ બંદન કિએઁ નાસત બિધ્ન અનેક॥

(૧) ભક્તિનો માર્ગ બતાવનારા સંત 'ગુરુ', (૨) ભજનીય 'ભગવાન', (૩) ભજન કરનાર 'ભક્ત' તથા (૪) સંતોના ઉપદેશ અનુસાર ભક્તની ભગવદાકાર વૃત્તિ 'ભક્તિ' છે. નામથી ચાર છે, પરંતુ તત્ત્વતઃ એક છે.

જે સાધક દૃઢતા અને તત્પરતાથી ભગવાનના નામનો જપ તથા સ્વરૂપના ધ્યાનરૂપ ભક્તિ કરતાં જલદીથી આગળ વધે છે,. તે જ ભગવાનને જલદીથી પ્રાપ્ત કરી લે છે.

જો જિવ ચાહે મુક્તિકો તો સુમરીજે રામ।
હરિયા ગૈલે ચાલતાઁ જૈસે આવે ગામ॥

(૧) આ ભગવત્-ભક્તિની પ્રાપ્તિનાં અનેક સાધન બતાવેલાં છે. તે સાધનોમાં મુખ્ય છે.સંત-મહાત્માઓની કૃપા અને તેમનો સંગ. રામચરિતમાનસમાં કહ્યું છે—

ભક્તિ સુતંત્ર સકલ સુખ ખાની। બિનુ સતસંગ ન પાવહિં પ્રાની॥

X X X

ભક્તિ તાત અનુપમ સુખ મૂલા। મિલઇ જો સંત હોઇઁ અનુકૂલા॥

તે સંતોનું મિલન ભગવત્કૃપાથી જ હોય છે. શ્રી ગોસ્વામીજી કહે છે—

સંત બિસુદ્ધ મિલહિં પરિ તેહી। ચિતવહિં રામ કૃપા કરિ જેહી॥

........................। બિનુ હરુ કૃપા મિલહિં નહિં સંતા॥

........................। સતસંગતિ સંસૃતિ કર અંતા॥

સાચા ભગવત્પ્રેમનું નામ જ ભક્તિ છે. કહ્યું પણ છે—

પન્નગારિ સુનુ પ્રેમ સમ ભજન ન દૂસર આન।
અસ બિચારિ પુનિ પુનિ મુનિ કરત રામ ગુન ગાન॥

આ પ્રકારે પ્રેમની પ્રાપ્તિ સંતોના સંગથી અનાયાસે જ થઈ જાય છે; કારણ કે સંત-મહાત્માઓને ત્યાં પરમ કૃપાળુ પરમેશ્વરના ગુણ, ભાવ, તત્ત્વ, રહસ્યની કથાઓ થતી રહે છે. તેમને ત્યાં આ જ પ્રસંગ ચાલતા રહે છે. ભગવાનની કથા જીવોના અનેક જન્મોમાં કરેલાં અનંત પાપ-રાશિનો નાશ કરનારી તથા હૃદય અને કાનને અતિશય આનંદ આપનારી છે. જીવને યજ્ઞ, દાન, તપ, વ્રત, તીર્થ ઈત્યાદિ ઘણાં પરિશ્રમ-સાધ્ય પુણ્ય સાધનો દ્વારા પણ તે લાભ મળતો નથી, જે સત્સંગથી અનાયાસ જ પ્રાપ્ત થાય છે; કારણ કે પ્રેમી સંતમહાત્માઓ દ્વારા કથિત ભગવત્-કથાના શ્રવણથી જીવોના પાપોનો નાશ થાય છે. આથી અંતઃકરણ અત્યંત નિર્મલ થઈને ભગવાનના ચરણકમળમાં સાહજિક જ શ્રદ્ધા અને પ્રતિ ઉત્પન્ન થઈ જાય છે. ભક્તિનો માર્ગ બતાવનાર સંતમહાત્માઓ જ ભક્તિમાર્ગના ગુરુ છે. એમના લક્ષણોનું વર્ણન કરતાં શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે—

કૃપાલિરકૃતદ્રોહસ્તિતિક્ષુઃ સર્વદેહિનામ્।
સત્યસારોઅનવધાત્મા સમઃ સર્વોપકારકઃ॥
કામૈરહતધીર્દાન્તો મન્દુઃ શુચિરકિંચનઃ।
અનિહો મિતભુક્ શાન્તઃ સ્થિરો મચ્છરણો મુનિઃ॥
અપ્રમત્તો ગભીરાત્મા ધૃતિમાંચિતષંગુણઃ।
અમાનો માનદઃ કલ્પો મૈત્રઃ કારુણિકઃ કવિઃ॥

(૧૧ । ૧૧ । ૨૯–૩૧)

'ભગવાનનો ભક્ત કૃપાળુ, બધા જ પ્રાણીઓ પ્રત્યે વેરભાવથી રહિત, દુઃખોને પ્રસન્નતાપૂર્વક સહન કરવાવાળો, સત્યજીવન, પાપશૂન્ય, સમભાવવાળો, સમગ્ર જીવોના સુહૃદ, કામનાઓથી કદી આક્રાન્ત ન થવાવાળી શુદ્ધ બુદ્ધિથી

સંપન્ન, સંયમી, કોમળ-સ્વભાવ, પવિત્ર, પદાર્થોમાં આસક્તિ અને મમતાથી રહિત, વ્યર્થ અને નિષિદ્ધ પ્રયત્નોથી શૂન્ય, હિત-મિત-મેધ્ય-ભોજી, શાંત, સ્થિર, ભગવત્-પરાયણ મનનશીલ, પ્રમાદરહિત, ગંભીર-સ્વભાવ, ધૈર્યવાન્, કામ-ક્રોધ-મોહ-મદ-મત્સરરૂપી છ વિકારોને વશ કરનાર, માનરહિત, બધાને માન આપનારો, ભગવાન વિશેના જ્ઞાન-વિજ્ઞાનમાં નિપુણ, બધાંની સાથે મૈત્રીભાવ રાખનારો, કરુણાશીલ અને તત્ત્વજ્ઞ હોય છે.'

આવા ભગવત્-ભક્તો જ વાસ્તવમાં ભક્તિમાર્ગના પ્રદર્શક થઈ શકે છે.

(૨) આ જીવને સંસારનું કોઈ પણ ઊંચામાં ઊંચું પદ અથવા પદાર્થની પ્રાપ્તિ ભલે થઈ જાય, તેની ભૂખ ત્યાં સુધી નહિ મટે, જ્યાં સુધી તે પોતાના પરમ આત્મીય ભગવાનને પ્રાપ્ત કરી નથી લેતો; કારણ કે ભગવાન જ એક એવા છે, જેમનાથી બધા જ પ્રકારની પૂર્તિ થઈ જાય છે. તેમના સિવાય બધું અપૂર્ણ છે. પૂર્ણ તો માત્ર તેઓ જ છે અને તેઓ પૂર્ણ હોવા છતાં પણ સંપૂર્ણ પ્રાણીઓ પ્રત્યે વિના કારણે જ પ્રેમ અને કૃપા કરનાર પરમ સુહૃદ છે, તદુપરાંત તેઓ જ સર્વજ્ઞ અને શક્તિમાન છે. કોઈ બધાનો મિત્ર તો હોય, પરંતુ બધું જાણતો ના હોય, તે આપણા દુઃખને ન જાણવાના કારણે તેને દૂર કરી શકતો નથી અને જો બધું જ જાણતો હોય, પરંતુ સર્વસમર્થ ના હોય તોપણ અસમર્થતાને કારણે દુઃખ દૂર નથી કરી શકતો. એ પ્રમાણે બધું જ જાણતો પણ હોય અને સમર્થ પણ હોય, તોપણ જો સુહૃદ ના હોય તો દુઃખ જોઈને તેને દયા નથી આવતી; જેથી તે આપણું દુઃખ દૂર નથી કરી શકતો. એવી રીતે સુહૃદ પણ હોય અર્થાત્ દયાળુ પણ હોય અને સમર્થ પણ હોય, છતાં આપણા દુઃખને જાણતો ના હોય, તોપણ કામ નથી થતું તથા સુહૃદ અને સર્વજ્ઞ હોય,, પણ સમર્થ ના હોય તો તે આપણા દુઃખને જાણીને પણ દુઃખ દૂર નહિ કરી શકે; કારણ કે તેની દુઃખ નિવારણ કરવાની શક્તિ જ નથી. પરંતુ ભગવાનમાં ઉપર્યુક્ત ત્રણે વાતો એકી સાથે છે.

(૩) તે સર્વસુહૃદ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન એવા ભગવાન પર જ નિર્ભર થઈને જે તેમની ભક્તિ કરે છે, તે જ ભક્ત છે. ભગવાનની ભક્તિના અધિકારી

બધા પ્રકારના મનુષ્યો લઈ શકે છે. ભગવાને ગીતાના નવમા અધ્યાયના ત્રીસમા, બત્રીસમા અને તેત્રીસમા શ્લોકમાં બતાવ્યું છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, સ્ત્રી, પાપયોનિ અને દુરાચારી—એ સાતેય મારી ભક્તિના અધિકારી છે.

અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સઃ ॥
માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેઅપિ સ્યુઃ પાપયોનયઃ ।
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેઅપિ યાન્તિ પરાં ગતિમ્ ॥
કિં પુનર્બ્રાહ્મણાઃ પુણ્યા ભક્તા રાજર્ષયસ્તથા ।

'જો કોઈ અતિશય દુરાચારી પણ અનન્યભાવથી મારો ભક્ત બનીને મને ભજે છે તો તે સાધુ જ માનવા યોગ્ય છે; કારણ કે તે યથાર્થ નિશ્ચયવાળો છે—અર્થાત્ તેણે સારી રીતે નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરના ભજન સમાન બીજું કંઈ પણ નથી.'

'હે અર્જુન ! સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર તથા પાપયોનિ-ચાંડાલ ઈત્યાદિ જે કોઈ પણ હોય, તેઓ પણ મારે શરણે થઈને પરમગતિને જ પ્રાપ્ત કર છે.'

'પછી તો એમાં તો કહેવાનું શું છે કે પુણ્યશાળી બ્રાહ્મણ તથા રાજર્ષિ ભક્તજન મારી શરણે થઈને પરમગતિને પ્રાપ્ત કરે છે.'

અહીંયાં ભગવાને જાતિના સૌથી નાના અને આચરણોમાં પણ પતિત થયેલા—બંને તરફના મનુષ્યોને ભગવત્-ભક્તિના અધિકારી બતાવ્યા છે. જો કે વિધિ-નિષેધના અધિકારી મનુષ્યો જ હોય છે, તોપણ 'પાપયોનિ' શબ્દ તો એટલો વ્યાપક છે કે એથી ગૌણીવૃત્તિથી પશુ-પક્ષી આદિ બધાં પ્રાણી લઈ શકાય છે. હવે રહ્યા ભાવથી થવાવાળા અધિકારી. શ્રીમદ્ભાગવતમાં બતાવ્યું છે કે કોઈ પણ ઇચ્છા ન હોય અથવા બધા પ્રકારની ઇચ્છા હોય યા કેવળ મુક્તિની જ કામના હોય, તોપણ શ્રેષ્ઠ બુદ્ધિવાળો મનુષ્ય તીવ્ર ભક્તિયોગથી પરમપુરુષ ભગવાનની જ પૂજા કરે—

સકામઃ સર્વકામો વા મોક્ષકામ ઉદારધીઃ ।
તીવ્રેણ ભક્તિયોગેન યજેત પુરુષં પરમ્ ॥

(૨ । ૩ । ૧૦)

અહીંયાં 'અકામ'થી જ્ઞાની ભક્ત, 'મોક્ષકામ'થી જિજ્ઞાસુ તથા 'સર્વકામ'થી અર્થાર્થી અને આર્ત ભક્ત સમજવું જોઈએ. જ્ઞાની ભક્ત તે છે કે જે ભગવાનને તત્ત્વતઃ જાણીને સ્વાભાવિક જ તેમનું નિષ્કામભાવથી નિત્ય નિરંતર ભજન કરતો રહે છે. જિજ્ઞાસુ ભક્ત તેનું નામ છે, જે ભગવત્-તત્ત્વને જાણવાની ઇચ્છાથી તેમનું ભજન કરે છે. અર્થાર્થી ભક્ત તે હોય છે, જે ભગવાન પર ભરોસો રાખીને તેમની પાસેથી જ સંસારી ભોગ-પદાર્થો માગે છે અને આર્ત ભક્ત તે છે, જે સંસારનાં દુઃખોથી તેમના દ્વારા રક્ષણ ઇચ્છે છે

ગીતામાં આ ભક્તોને સકામ અને નિષ્કામ ભાવોના તારતમ્યથી ચાર પ્રકાર બતાવ્યા છે—

ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોઽર્જુન ।
આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ॥

(૭ । ૧૬)

'હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન ! ઉત્તમ કર્મ કરવાવાળા અર્થાર્થી, આર્ત, જિજ્ઞાસુ અને જ્ઞાની એવા ચાર પ્રકારના ભક્તજનો મને ભજે છે.'

એમાં બધાથી ઉતરતી કક્ષાનો ભક્ત અર્થાર્થી છે, તેનાથી ઊંચો આર્ત, આર્તથી જિજ્ઞાસુ અને જિજ્ઞાસુથી ઊંચો જ્ઞાની છે. ભોગ અને ઐશ્વર્ય ઈત્યાદિ પદાર્થોની ઇચ્છા સાથે જે ભગવાનની ભક્તિમાં પ્રવૃત્ત હોય છે, તેનું લક્ષ્ય ભગવાનની ભક્તિ તરફ ગૌણ તથા પદાર્થો તરફ મુખ્ય રહે છે, કારણ કે તે પદાર્થો માટે ભગવાનનું ભજન કરે છે, ભગવાન માટે નહિ. તે ભગવાનને તો ધનોપાર્જનનું એક સાધન સમજે છે, છતાં પણ ભગવાન પર ભરોસો રાખીને ધન માટે ભજન કરે છે, તેથી તે ભક્ત કહેવાય છે.

જેને ભગવાન સ્વાભાવિક જ સારા લાગે છે અને જે ભગવાનના ભજનમાં સ્વાભાવિક જ પ્રવૃત્ત થાય છે; પરંતુ સંપત્તિ-વૈભવ આદિ જે તેની પાસે છે, તેનો જ્યારે નાશ થવા લાગે અથવા શારીરિક કષ્ટ આવી પડે છે, ત્યારે તે કષ્ટોને દૂર કરવા માટે ભગવાનને પોકારે છે, તે આર્ત ભક્ત અર્થાર્થીની જેમ વૈભવ અને ભોગોનો સંગ્રહ તો કરવા નથી ઇચ્છતો, પરંતુ પ્રાપ્ત વસ્તુઓનો નાશ અને શારીરિક કષ્ટને સહન કરી શકતો નથી, તેથી એમાં તેની ઇચ્છા કમ છે અને જિજ્ઞાસુ ભક્ત તો ના વૈભવ ઇચ્છે છે, ના યોગક્ષેમની જ પરવા કરે છે; તે તો કેવળ એક ભગવત્-તત્ત્વને જ જાણવા માટે ભગવાન પર જ નિર્ભર બની તેનું ભજન કરે છે.

ભગવાને અહીંયા જ્ઞાની, જિજ્ઞાસુ, આર્ત, અર્થાર્થી—એવો અથવા અર્થાર્થી, આર્ત, જિજ્ઞાસુ, જ્ઞાની—એવો ક્રમ બતાવ્યા સિવાય આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની એવું કહ્યું છે. અહીંયાં આર્ત અને અર્થાર્થીની વચ્ચે જિજ્ઞાસુ રાખીને ભગવાનનું આ એક વિલક્ષણ તાત્પર્ય માલૂમ પડે છે કે જિજ્ઞાસુમાં જન્મ-મરણના દુઃખથી દુઃખી થવું અને અર્થોનો પરમ અર્થ એવા પરમાત્મતત્ત્વની પ્રાપ્તિની ઈચ્છા—એ બંને છે. આ પ્રકારે આર્ત અને અર્થાર્થી એ બંનેનો આંશિક ધર્મ તેમાં આવી જાય છે. એવી રીતે આર્ત અને અર્થાર્થી ભક્તોમાં દુઃખોનો નાશ અને પદાર્થોની ઇચ્છાઓ સિવાય મુક્તિની ઇચ્છા પણ રહે છે, એટલા માટે ભગવાન પાસે જે કષ્ટ નિવારણ તથા સંસારના ભોગોની પ્રાપ્તિની કામના કરવામાં આવી, તે કામનારૂપ દોષને સમજ્યા પછી તેમના હૃદયમાં ગ્લાનિ અને પશ્ચાત્તાપ પણ થાય છે. તેથી આર્ત અને અર્થાર્થી—એ બંનેમાંથી કોઈ તો જિજ્ઞાસુ થઈને ભગવાનને તત્ત્વથી જાણી લે છે અને કોઈ ભગવાનના પ્રેમના પિપાસુ બનીને ભગવત્-પ્રેમને પ્રાપ્ત કરી લે છે અને છેવટે તેઓ બંને હમેશાં આપ્તકામ બનીને જ્ઞાની ભક્તની શ્રેણીમાં ચાલ્યા જાય છે. જ્ઞાની હમેશાં નિષ્કામ હોય છે, આ સંપૂર્ણ નિષ્કામભાવ પ્રગટ કરવા માટે જ ભગવાને 'ચ' શબ્દનો પ્રયોગ કરીને તેને બધાથી વિલક્ષણ બતાવ્યું છે. એવા જ્ઞાની ભક્તોની ભગવત્-ભક્તિ હમેશાં નિષ્કામ-અહેતુક હોય છે. શ્રીમદ્‌ભાગવતમાં પણ કહ્યું છે—

આત્મારામાશ્ચ મુનયો નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે।
કુર્વન્ત્યહૈતુકીં ભક્તિમિત્થમ્ભૂતગુણો હરિઃ॥
(૧ । ૭ । ૧૦)

'જ્ઞાન દ્વારા જેમની જડ-ગ્રંથી નષ્ટ થઈ છે, એવા આત્મારામ મુનિગણ પણ ભગવાનની હેતુરહિત ભક્તિ કર્યા કરે છે; કારણ કે ભગવાન શ્રીહરિ એવા જ અદ્ભૂત દિવ્ય ગુણોવાળા છે.'

ભગવાન તો ઉપરના કેટલા બધા ભક્તોને 'ઉદાર' માને છે—'**ઉદારાઃ સર્વ એવૈતે**' (ગીતા ૭ । ૧૮). અથાર્થી અને આર્ત ભક્ત ઉદાર કેવી રીતે ? તેનો ઉત્તર એ છે કે પોતાની પાસેથી માંગવાવાળાઓને અને દુઃખ નિવારણ ઇચ્છવાવાળાઓને પણ ઉદાર કહેવા એ તો વસ્તુતઃ ભગવાનની જ ઉદારતા છે. પરંતુ ભગવાન એ દૃષ્ટિથી પણ એમને ઉદાર કહી શકે છે કે તેઓ મારો પૂરો વિશ્વાસ કરીને મને પોતાનો અમૂલ્ય સમય આપે છે. બીજી વાત એ છે કે તેઓ ફળ-પ્રાપ્તિને મારા ભરોસે છોડીને મારો આશ્રય પ્રથમ લે છે, ત્યારે પાછળથી હું તેમને ભજું છું. (ગીતા ૪ । ૧૧) ત્રીજી વાત એ છે કે તેઓ દેવતા ઈત્યાદિનું પૂજન કરીને પોતાનું ઇષ્ટ ફળ જલદીથી પ્રાપ્ત કરી શકતા હતા. (ગીતા ૧ । ૧૨) અને મારી ભક્તિ કરવાથી તો હું એમની કામના પૂર્ણ કરું યા ના કરું, છતાં પણ તેઓ તે દેવતાઓ કરતાં મારા પર વિશેષ વિશ્વાસ કરીને મારું ભજન કરે છે. એટલા માટે તેઓ ઉદાર છે.

એથી એ સિદ્ધ થયું કે કેટલો પણ હીન જન્મ, આચરણ અને ભાવવાળો મનુષ્ય કેમ ના હોય, તે પણ ભગવત્-ભક્તિનો અધિકારી થઈ શકે છે.

ભગવાનની સાથે પોતાપણાને લઈને તેમના પર દૃઢ વિશ્વાસ હોવો એ ભક્તહૃદયનું મુખ્ય ચિહ્ન છે. ભક્તોનું હૃદય સંપૂર્ણ જગતનાં અવ્યક્તરૂપથી પરિપૂર્ણ રહેવાવાળા પરમાત્માને આકર્ષિત કરીને સાક્ષાત્ મૂર્તરૂપથી પ્રગટ કરી લે છે. જેમ કે ભક્ત ધ્રુવ અને પ્રહ્લાદ માટે ભગવાન સાક્ષાત્ પ્રગટ થઈ ગયા હતા.

તે સર્વેશ્વર પ્રભુમાં ભક્તનું હૃદય ધારાવાહિકરૂપથી તન્મય થઈ જાય છે. આ પ્રકારે હૃદયની તલ્લીનતા તો મારીચ, કંસ, શિશુપાલ આદિની જેમ ભય અને દ્વેષ ઈત્યાદિને કારણે પણ થઈ શકે છે. પરંતુ તે તલ્લીનતા ભક્તિમાં

પરિણમતી નથી; કારણ કે તેને ભક્તિરસમાં આનંદનો અનુભવ થતો નથી. એવી રીતે કોઇ વ્યક્તિ સર્વલોકપાવની ગંગાજીમાં વૈશાખ મહિનામાં સ્નાન કરે છે તો ગંગા-સ્નાનથી તેના પાપોનો નાશ થઈને અંતઃકરણ પવિત્ર થઈ જાય છે અને તેને સ્નાન કરવામાં પણ પ્રત્યક્ષ જ અપૂર્વ રસાનુભૂતિ-આનંદનો અનુભવ થાય છે, પરંતુ જો મહા મહિનામાં ગંગા-સ્નાન કરે છે, તો તેનાં પાપ તો અવશ્ય નષ્ટ થઈ જાય છે, પરંતુ ઠંડીને કારણે તેને સ્નાન કરવામાં આનંદ નથી આવતો. એવી રીતે ભય-દ્વેષ ઈત્યાદિને કારણે ભગવદાકાર અંતઃકરણવાળાઓનો આનંદાંશ નાશ પામીને તેમનું હૃદય દુઃખી અને ચિન્તિત રહે છે. એટલા માટે તેમના હૃદયની તદાકારતા ભક્તિમાં શામિલ નથી થતી. તેથી ભગવાન પ્રત્યે આત્મીયતા સાથે દૃઢ વિશ્વાસ અને પ્રેમપૂર્વક જે હૃદયનું ભગવદ્મય બની જવું તે જ ભક્તિ છે. પરંતુ નાસ્તિકો કરતાં તો ભય-દ્વેષ આદિથી ભગવાનનું ચિન્તન કરવાવાળા પણ સારા છે. તો પછી તેમના માટે કહેવું જ શું, જે ભગવાનનું શ્રદ્ધા-પ્રેમપૂર્વક નિરંતર નિષ્કામ અનન્ય ભજન કરે છે. જે રીતે ગંગાનું વહેણ સ્વાભાવિક જ સમુદ્ર ભણી હોય છે, એમાં ન તો તેનું પોતાનું પ્રયોજન છે અને ન તે કોઈ સ્થળે અટકે છે, એ પ્રકારે અનન્ય ભક્તો ના તો કંઈ ઇચ્છે છે અને ના ક્યાંયે ભગવત્-સ્મરણથી વિરામ જ છે; તેઓ તો નિત્ય-નિરંતર નિષ્કામભાવથી ભજન જ કરતા રહે છે. શ્રીનારદજીએ પણ કહ્યું છે—

'ભક્તા એકાન્તિનો મુખ્યાઃ ।' (સૂત્ર ૬૭)

(૪) એકમાત્ર ભગવાનને ઇષ્ટ માનીને તેમની જ અનન્ય ભક્તિ કરવી એ જ સર્વશ્રેષ્ઠ ભક્તિ છે. એટલા માટે સંપૂર્ણ જગતને ભગવાનનું સ્વરૂપ સમજીને પણ એવી ભક્તિની સાધના કરી શકાય છે; કારણ કે સ્વયં ભગવાન જ જગત સ્વરૂપે પ્રગટ થયા છે; એટલા માટે આ સંપૂર્ણ બ્રહ્માંડ ભગવાનનું જ સ્વરૂપ છે અને દેવતા ઈત્યાદિમાં ભગવાનની બુદ્ધિ માનીને પણ ભક્તિ કરી શકાય છે. અને તેનું ફળ પણ ભગવત્-પ્રાપ્તિ જ છે. આ પ્રકારે ભગવાનની ભક્તિ કરવાવાળામાં બે બાબતો મુખ્ય હોવી જોઈએ—સાધકમાં નિષ્કામભાવ હોય અને ઉપાસનામાં ભગવત્-બુદ્ધિ હોય. એથી ભગવાનની પ્રાપ્તિ નિશ્ચય જ થઈ જાય છે. પરંતુ

સમગ્ર વિશ્વમાં ભગવદ્-બુદ્ધિ ના હોવા છતાં પણ સાધકમાં પૂર્ણ નિષ્કામભાવ હોય તોપણ તેની સેવાનું ફળ ભગવત્-પ્રાપ્તિ જ છે. ભગવાનની ભક્તિ તો સકામભાવથી કરવાથી પણ ધ્રુવની જેમ ભગવાનની કૃપાથી ઇચ્છિત ફળની સિદ્ધિપૂર્વક ભગવાનની પ્રાપ્તિ થઈ જાય છે. જો કોઈ દેવતાઓને દેવતા માનીને પણ નિષ્કામભાવથી માત્ર ભગવાનની આજ્ઞાના પાલન અનુસાર ભગવાનને પ્રસન્ન કરવા માટે જ તેની ભક્તિ કરે છે તો તેનું ફળ પણ ભગવત્-પ્રાપ્તિ જ હોય છે. તો પછી જેઓ સ્વયં ભગવાનની જ નિષ્કામભાવથી હમેશાં નિરંતર અનન્ય ભક્તિ કરે છે, તેવા અનન્ય ભક્તોને ભગવાન મળે એમાં નવાઈ શું ? ભગવાને ગીતામાં કહ્યું છે—

અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ।
તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥
(૮ | ૧૪)

'હે અર્જુન જે પુરુષ મારામાં અનન્ય ચિત્ત થઈને હમેશાં જ નિરંતર હું પુરુષોત્તમનું સ્મરણ કરે છે, તે નિત્ય નિરંતર મારામાં યુક્ત થયેલા યોગી માટે હું સુલભ છું અર્થાત્ તેને સહજ પ્રાપ્ત થઈ જાઉં છું.'

ભક્તિમાં મુખ્ય વાત છે—ભગવાનના બનીને નિત્ય નિરંતર શ્રદ્ધા-ભક્તિપૂર્વક નિષ્કામભાવથી તેનું જ સ્મરણચિંતન કરતા રહેવું. સ્મરણનો ઘણો ભારે અદ્‌ભુત પ્રભાવ છે. ભક્તોની કથાઓમાં ઘણું ખરું કરીને આ જ વાત સવિશેષ જોવા મળે છે કે જ્યાં પણ જે ભક્તે ભગવાનને પોતાના સમજીને દૃઢ વિશ્વાસપૂર્વક પ્રેમભાવથી વિહ્વળ થઈને ભગવાનનું સ્મરણ કર્યું કે ત્યાં જ ભગવાન પ્રત્યક્ષ પ્રગટ થઈ ગયા છે.

પદ્‌મ-પુરાણમાં રામના અશ્વમેઘમાં શ્રીહનુમાનજીની એક મહાન મહત્ત્વપૂર્ણ ઘટનાનો ઉલ્લેખ મળે છે. ભગવાન શ્રીરામચંદ્રજીના અશ્વમેઘ-યજ્ઞ માટે છૂટો મૂકેલો ઘોડો અનેક દેશ-દેશાન્તરોમાં ફરતો ફરતો જ્યારે રામભક્ત રાજા સુરથના કુંડલનગરમાં પહોંચ્યો, ત્યારે રાજાએ ભગવાનના દર્શનની લાલસાથી તે ઘોડાને પકડાવી લીધો. જ્યારે અશ્વરક્ષક શત્રુઘ્ન વગેરેને ઘોડો પકડાયો છે એવી જાણ

થઈ. ત્યારે તેમણે તેની સાથે યુદ્ધ કરીને ઘોડાને છોડાવી લાવવાનો વિચાર કર્યો. એટલામાં જ ધર્માત્મા રાજા સુરથ અને તેમનો રાજકુમાર ચંપક પણ રણભૂમિમાં પહોંચી ગયા તથા બંને બાજુએથી સૈનિકો લડવા લાગ્યા. રાજકુમાર ચંપકે ભરતકુમાર પુષ્કલને રામાસ્ત્રનો પ્રયોગ કરીને બાંધી દીધો. આ જોઈને શ્રીહનુમાનજીએ ચંપકની સામે જઈને યુદ્ધ કર્યું તથા ચંપકને યુદ્ધભૂમિ પર પછાડીને મૂર્ચ્છિત કરી દીધો અને પુષ્કલને બંધનમુક્ત કર્યો.

આ પ્રસંગે રાજા સુરથે શ્રીહનુમાનજીની રામભક્તિની ઘણી પ્રશંસા કરી અને તે તેનાથી યુદ્ધ કરવા લાગ્યા. જ્યારે રાજાએ છોડેલા બ્રહ્માસ્ત્રને શ્રીહનુમાનજી ગળી ગયા, ત્યારે રાજાએ શ્રીરઘુનાથજીનું સ્મરણ કરીને રામાસ્ત્રનો પ્રયોગ કર્યો. તે સમયે શ્રીહનુમાનજી બોલ્યા—'હે રાજન્ ! શું કરું ? તમે મારા સ્વામીના અસ્ત્રથી જ મને બાંધ્યો છે; તેથી હું એનો આદર કરું છું. હવે તમે મને ઇચ્છાનુસાર તમારા નગરમાં લઈ જાઓ. મારા પ્રભુ દયાના સાગર છે, તેઓ જાતે જ આવીને મને છોડાવશે.'

શ્રીહનુમાનજીના બંધાઈ જવાથી પુષ્કલે રાજા સાથે યુદ્ધ કર્યું. પરંતુ તે પણ અંતે મૂર્ચ્છિત થઈને ઢળી પડ્યા, ત્યારે શત્રુઘ્ને રાજા સાથે લાંબા સમય સુધી યુદ્ધ કર્યું, પરંતુ તેઓ પણ રાજાના બાણના આઘાતથી મૂર્ચ્છિત થઈને રથ ઉપર ઢળી પડ્યા. આ જોઈને સુગ્રીવ તેમની સાથે લડવા લાગ્યા; પરંતુ રાજાએ તેમને પણ રામાસ્ત્રનો પ્રયોગ કરીને બાંધી લીધા.

ત્યાર પછી રાજા સુરથ તે બધાને રથમાં નાંખીને પોતાના નગરમાં લઈ ગયા. ત્યાં જઈને તેઓ રાજસભામાં બેઠા અને બંદીવાન હનુમાનજીને કહ્યું—'પવનકુમાર ! હવે તમે ભક્તોના રક્ષક એવા પરમ દયાળુ શ્રીરઘુનાથજીનું સ્મરણ કરો, જેથી સંતુષ્ટ થઈને તેઓ તમને તત્કાલ બંધનમુક્ત કરી દે.' શ્રીહનુમાનજીએ પોતાના સહિત બધા વીરોને બંધનમાં જોઈને કમલનયન પરમ કૃપાળુ શ્રીરામચંદ્રજીનું અનન્યભાવથી સ્મરણ કર્યું,. તેઓ મન-હી-મન કહેવા લાગ્યા—

हा नाथ हा नरवरोत्तम हा दयालो

सीतापते रुचिरकुण्डलशोभिवक्त्र।

ભક્તાર્તિદાહક મનોહરરુપધારિન્

માં બન્ધનાત્ સપદિ મોચય મા વિલમ્બમ્ ॥

(પદ્મ૰, પાતાલ૰ ૫૩ । ૧૪)

'હા નાથ ! હા પુરુષોત્તમ ! હા સુંદર કુંડલથી સુશોભિત વદનવાળા, ભક્તોના દુઃખ દૂર કરવાવાળા તથા મનોહર વિગ્રહ ધારણ કરવાવાળા દયાળુ સીતાપતે ! મને આ બંધનમાથી શીઘ્ર મુક્ત કરો, મોડું કરશો નહિ.'

શ્રીહનુમાનજીએ આ પ્રકારે પ્રાર્થના કરતાં જ તરત ભગવાન શ્રીરામચંદ્રજી પુષ્પક વિમાન ઉપર બેસીને ત્યાં આવી પહોંચ્યા. ભગવાનને પધારેલા જોઈને રાજા સુરથ પ્રેમમગ્ન બની ગયા અને તેમણે સેંકડો વાર પ્રણામ કર્યા. શ્રીરામે પણ ચતુર્ભૂજરૂપ ધારણ કરીને પોતાના ભક્ત સુરથને ભેટી પડ્યા અને આનંદાશ્રુઓથી તેના મસ્તક ઉપર અભિષેક કરતાં કહ્યું— 'હે રાજન્ ! તમે ધન્ય છો, આજે તમે મોટું પરાક્રમ બતાવ્યું છે.' ત્યાર પછી ભગવાને શ્રીહનુમાન, સુગ્રીવ, શત્રુઘ્ન, પુષ્કલ વગેરે યોદ્ધાઓ પર કૃપાદૃષ્ટિ કરીને તેમને બંધન તથા મૂર્ચ્છાથી મુક્ત કર્યા. તેઓએ ઊભા થઈને ભગવાનને પ્રણામ કર્યા. રાજા સુરથે પ્રસન્નતાપૂર્વક પોતાનું રાજ્ય ભગવાન રામને સમર્પિત કરી દીધું. ભગવાન ત્રણ દિવસ કુંડલનગરમાં રહ્યા, ત્યાર બાદ ફરીથી રાજા સુરથને જ રાજ્ય સોંપીને તેમની સંમતિ લઈને ત્યાંથી રવાના થયા ત્યારે રાજા સુરથ પોતાના રાજકુમાર ચંપકને રાજ્યભાર સોંપીને શત્રુઘ્ન સાથે ઘોડાના રક્ષણ માટે ચાલી નીકળ્યા.

અહીંયાં આપણે ભક્ત હનુમાન અને રાજા સુરથના ભક્તિભાવપૂર્વક કરેલા સ્મરણના પ્રભાવ પર ધ્યાન આપવું જોઈએ. તેમની અનન્ય ભક્તિથી આકર્ષાઈને ભગવાન તરત ત્યાં પહોંચી ગયા. ભગવાનના પ્રેમપૂર્વક અનન્ય સ્મરણનું ઘણું જ ભારે માહાત્મ્ય છે. ભક્ત સુધન્વાની કથા જુઓ, ભગવાનના સ્મરણના પ્રભાવથી અત્યન્ત ઉષ્ણ તેલ પણ તેમના માટે અતિશય શીતલ થઈ ગયું તથા અર્જુનની સાથે યુદ્ધ કરતી વખતે પણ તેમનામાં સ્થળે સ્થળે ભગવત્-સ્મરણનો પ્રભાવ દેખાઈ આવે છે.

જ્યારે અર્જુને ભગવાનનું સ્મરણ કરીને ત્રણ બાણ કાઢીને પ્રતિજ્ઞા કરી કે આ ત્રણ જ બાણોથી હું સુધન્વાનું મસ્તક કાપી નાંખીશ; જો હું એવું નહિ કરી શકું તો મારા પૂર્વજો પુણ્યહીન બનીને નરકમાં પડશે ત્યારે બરાબર એની વિરુદ્ધ સુધન્વાએ ભગવાનનું સ્મરણ કરીને પ્રતિજ્ઞા કરી કે એ ત્રણ જ બાણોને હું મારા બાણોથી કાપી નાખીશ, જો એમ ના કરી શકું તો મને ઘોર ગતિ પ્રાપ્ત થાય. ભગવાને આ બંને ભક્તોની ભગવત્-સ્મરણપૂર્વક કરવામાં આવેલી પ્રતિજ્ઞાઓને સાચી ઠેરવી. ભક્ત અર્જુનની રક્ષા માટે ભગવાને પહેલા બાણને પોતાનું ગોવર્ધનનું પુણ્ય અર્પણ કરીને બાણ છોડવાનો અર્જુનને આદેશ આપ્યો. અર્જુને તદ્નુસાર બાણ છોડ્યું, પરંતુ સુધન્વાએ ભગવાનનું સ્મરણ કરીને પોતાના બાણથી તેના ટૂકડે-ટૂકડા કરી નાખ્યા, ત્યારે ભગવાને અર્જુનને બીજું બાણ ચઢાવવાની આજ્ઞા આપી અને સાથે જ તેને પોતાનાં અન્ય અનેક પુણ્ય અર્પણ કર્યાં. અર્જુનના બીજા બાણને છોડતાંની સાથે જ સુધન્વાએ તેને પણ ભગવાનનું સ્મરણ કરીને કાપી નાખ્યું. હવે ત્રીજું બાણ રહ્યું. ભગવાને તેને પોતાનું રામાવતારનું પુણ્ય અર્પણ કરી દીધું તથા તેના પાછલા ભાગમાં બ્રહ્માજી અને વચમાં કાળને જોડીને અગ્રભાગમાં જાતે જઈને બિરાજ્યા અને અર્જુનને બાણ ચલાવવાની આજ્ઞા કરી. જ્યારે અર્જુને ત્રીજું બાણ છોડ્યું, ત્યારે સુધન્વાએ ભગવાનને કહ્યું—'ભગવન્! આપ સ્વયં આ બાણ ઉપર બિરાજમાન છો, એ હું જાણી ગયો છું. હવે આપ મને આપના ચરણોમાં આશ્રય આપીને કૃતાર્થ કરો.' આવું કહીને ભગવાનનું સ્મરણ કરતાં તેઓએ પોતાના બાણથી તેના પણ બે ટૂકડા કરી દીધા. તે બે ટૂકડાઓમાંથી પાછલો ભાગ પૃથ્વી પર પડ્યો તથા અગ્રભાગવાળો ટૂકડો, જેના પર ભગવાન શ્રીકૃષ્ણ બિરાજમાન હતાં, ઉછળ્યો અને તેણે સુધન્વાનું મસ્તક કાપી નાખ્યું. સુધન્વાનું શિર કપાઈને ભગવાનના ચરણોમાં આવી પડ્યું. પોતાની સામે રહેલા ભગવાનનાં દર્શન કરતાંની સાથે તેના મુખમાંથી એક જ્યોતિ બહાર નીકળીને ભગવાનમાં પ્રવેશ કરી ગઈ.

એટલા માટે ભગવત્-સ્મૃતિના પ્રભાવને લક્ષ્યમાં રાખીને આપણે પણ પ્રત્યેક ક્રિયા ભગવાનનું સ્મરણ કરીને જ કરવી જોઈએ. સંસારનાં કાર્યો કરતી વખતે પણ નિત્ય નિરંતર ભગવાનનું સ્મરણ થતું રહેવું જોઈએ. પરંતુ જ્યારે એકાન્તમાં ભગવાનનાં ભજન, સ્મરણ, સેવા-પૂજા આદિ નિત્યકર્મ માટે બેસીએ,

તે સમયે તો સંસારનું સ્મરણ જરાપણ ન હોય—એવો વિશેષ ખ્યાલ રાખવાની આવશ્યકતા છે. ભગવત્-સ્મરણ હર-હંમેશ કરવા માટે ભગવાનમાં અનન્ય પ્રેમ, સત્પુરુષોનો સંગ, સત્-શાસ્ત્રોનો મનનપૂર્વક સ્વાધ્યાય, ભગવાનના નામનો જાપ, ભગવાનની સ્તુતિ-પ્રાર્થના, ભગવાનની કૃપાથી હમેશાં સ્મૃતિ જળવાઈ રહે એવો દૃઢ વિશ્વાસ અને પ્રત્યેક પળે સાવધાનીપૂર્વક તે સ્મૃતિને જાળવી રાખવાની ચેષ્ટા—આ સાત વિશેષ મદદ કરનારાં છે; આ સાતેયનું અનુષ્ઠાન કરતી વખતે જે એકમાત્ર ભગવાનનુ ંજ અનન્ય સ્મરણ કરે છે, તેનાં સંપૂર્ણ વિઘ્ન-અડચણોનો નાશ થઈ જાય છે અને તેને તરત જ ભગવત્-પ્રાપ્તિ થઈ જાય છે. ભગવાનના સ્મરણના પ્રભાવ અને માહાત્મ્ય વિશે શું કહી શકાય છે ?

યસ્ય સ્મરણમાત્રેણ જન્મસંસારબન્ધનાત ।
વિમુચ્યતે નમસ્તસ્મૈ વિષ્ણવે પ્રભવિષ્ણવે ॥

'જેના સ્મરણ-માત્રથી મનુષ્ય આવાગમનના બંધનથી મુક્ત થઈ જાય છે, બધાને ઉત્પન્ન કરનાર એવા તે પરમ પ્રભુ શ્રીવિષ્ણુને વારંવાર નમસ્કાર છે.'

— —:: X X :: — —

બધાં નામ-સ્વરૂપોમાં એક જ ભગવાન

ભારતીય સંસ્કૃતિમાં વેદ બધાંમાં મુખ્ય મનવામાં આવે છે. તેઓ અપૌરુષેય છે, અનાદિ છે અને સનાતન-નિત્ય છે. તેઓમાં (કર્મ, ઉપાસના અને જ્ઞાન) ત્રણ કાણ્ડ માનવામાં આવે છે. તેમનું વિશદ તેમજ વિસ્તૃત વર્ણન પુરાણો અને ઈતિહાસ-ગ્રંથોમાં મળે છે, જેમની રચના સુંદર સુંદર કથાઓ દ્વારા સર્વસામાન્ય જનતાને ગંભીર વિષયો સરળતાથી સમજાવવા માટે શ્રીવ્યાસદેવે કૃપા કરી છે. આમ તો પુરાણો પણ અનાદિ જ માનવામાં આવે છે, પરંતુ એમનો સમય-સમય પર જીર્ણોદ્ધાર થતો રહ્યો છે. પુરાણોમાં જ લખાણ મળે છે કે એમનું કલેવર ઘણું મોટું હતું. તેને અલ્પાયું કલિયુગના જીવો માટે સંક્ષિપ્તરૂપ આપવામાં આવ્યું છે. એમનામાં સાંસારિક તથા પારમાર્થિક સર્વોપયોગી બધા વિષયોનું ઘણું સારું વર્ણન કરવામાં આવ્યું છે. વાંચવાથી માલૂમ થાય છે કે દૈવી સંપત્તિ, આસુરીસંપત્તિ, તીર્થ, વ્રત, ઉપવાસ, યજ્ઞ, દાન તપ, સંયમ, આશ્રમધર્મ, વર્ણધર્મ, સ્ત્રીધર્મ, સામાન્યધર્મ, રાજધર્મ, પ્રજાધર્મ, જાતિ, દેશ, કાલ, સમય, સંબંધ, પરિસ્થિતિ ઈત્યાદિને લઈને આવશયક કર્તવ્ય-કર્મ વગેરે વગેરે વિષયોનું ગૂઢ, આશ્રયસહિત વિચિત્ર ઢંગથી વર્ણાન થયું છે.

સામાન્ય રીતે જોતા ક્યાંય ક્યાંય પરસ્પર ઘણા વિરોધ જેવું માલૂમ પડે છે, જેનું સામાન્ય મનુષ્યો દ્વારા સમાધાન કરવું કઠિન થઈ જાય છે. એટલું જ નહિ, પરંતુ પોતાના અવિવેકને કારણે પુરાણોની વાતો પક્ષપાતપૂર્ણ, અનર્ગત તેમજ અસત્ય માલુમ પડે છે, જેથી મનમાં નાસ્તિકતા આવી જાય છે; કારણ કે જ્યારે જ્યાં જે તીર્થ, વ્રત વગેરેના મહિમાનું વર્ણન કરવા લાગે છે, ત્યાં તેને

જ સર્વોપરિ બતાવવામાં આવે છે. જેમ કે શ્રીગંગાજીનો મહિમા આવ્યો તો કહ્યું—એના સમાન ના સરયુ છે ના તો પુષ્કર છે, ના યમુના છે, ના તીર્થરાજ પ્રયાગ જ છે અને તીર્થરાજનું વર્ણન કરવા લાગે તો કહ્યું એના જેવું બીજું કોઈ તીર્થ નથી—ના ગંગા, ના યમુના, ના સરયૂ, ના પુષ્કર છે. એક જ સંપૂર્ણ તીર્થોનો રાજા છે. કાશી-માહાત્મયમાં આવ્યું છે કે આ મોક્ષદાયિની નગરી જેવું તીર્થ આ ત્રિલોકમાં કોઈ નથી; એની તુલનામાં સરયૂ નથી, ના યમુના કે ના પુષ્કર છે; કારણ કે એ ભગવાન શંકરના ત્રિશૂલ પર વસેલી છે. એવી રીતે જ કાર્તિક-માહાત્મ્ય, વૈશાખ-માહાત્મ્ય, માગશર-માહાત્મ્ય તથા એકાદશી આદિ વ્રતોની બાબતમાં પણ કથન છે. આવી રીતે એક દ્વારા બીજાનું ખંડન થવાથી બધાનું ખંડન થઈ જાય છે.

ક્યાંય-ક્યાંય તો એ સિવાય વિવિધ રીતે એવું કહ્યું છે કે તીર્થ-યાત્રાનું ફળ સામાન્ય છે. વ્રત વિશેષ, વ્રતથી ઇન્દ્રિય સંયમનું અને ઇન્દ્રિય-સંયમથી ભજન-ભગવત્-ચિંતનનું તથા ભગવત્-પ્રેમનું તેનાથી પણ અતિ અધિક છે.

ધર્મઃ સ્વનુષ્ઠિતઃ પુંસાં વિષ્વક્સેનકથાસુ યઃ ।
નોત્પાદયેદ્ યદિ રતિં શ્રમ એવ હિ કેવલમ્ ॥

ઈત્યાદિ—ઈત્યાદિ.

સમાધાન કરવા માટે આના બે વિભાગ કરી લેવા જોઈએ. કે પ્રથમનું વર્ણન નિષ્ઠાની દૃષ્ટિથી છે અને બીજું વર્ણન વસ્તુ-તત્ત્વ-દૃષ્ટિથી. તેથી એમાં કોઈ વિરોધ નથી. નિષ્ઠાનો અર્થ છે—એક વ્યક્તિ-વિશેષની કોઈ ઇષ્ટ પર હૃદયની દૃઢ ધારણા. તે ધારણાને અત્યધિક દૃઢ કરવા માટે જ પહેલું વર્ણન છે. આથી હૃદય-પ્રધાન સાધકની વૃત્તિ બધી તરફથી હટીને એક ઇષ્ટમાં લાગી જાય છે અને એમાં જ સર્વોપરિ અનન્ય ભાવના થઈ જાય છે, આવું થવાથી જ્યારે સર્વોપરિ પરમાત્મા પ્રગટ થઈ જાય છે, ત્યારે કાં તો ભગવાન તેને સંપૂર્ણ યથાર્થ તત્ત્વ સમજાવી દે છે; કાં તો તે જાતે તેની સમજમાં આવી જાય છે.

કહ્યું પણ છે—

આદિ અન્ત જન અનંતકે સારે કારજ સોય।
જઁહિ જિવ ઉર નહચો ધરૈ તઁહિ ઢિગ પરગટ હોય॥

પછી તો તેના માટે કંઈ પણ કરવું-જાણવું બાકી રહેતું નથી. તે કૃતકૃત્ય અને જ્ઞાતજ્ઞાતવ્ય થઈ જાય છે.

બીજા પ્રકારનું વર્ણ બુદ્ધિ-પ્રધાન, તર્કશીલ મનુષ્યો માટે છે. તેના પર વિશ્વાસ કરીને ચાલવાવાળો ક્રમશઃ એકથી બીજું અને બીજામાંથી ત્રીજા સાધન પર યથાર્થ સ્થિતિમાં પહોંચી જશે. જો તારતમ્યતાના વિવેક દ્વારા નિઃસંદિગ્ધ થઈને ઝડપથી ચાલતો રહેશે તો તે પણ ક્રમશઃ બધી શ્રેણીઓ પાર કરતો તે પાર પહોંચીને કાયમ માટે કૃતકૃત્ય, જ્ઞાતજ્ઞાતવ્ય થઈ જાય છે.

સૈદ્ધાન્તિક વાત એ છે કે શ્રીપરમાત્મા એક છે, તેઓ જ અનેક જગ્યાએ અનેક નામો દ્વારા બતાવવામાં આવ્યા છે. તેઓ અનેક જગ્યાએ, અનેક સ્વરૂપોમાં રહેવા છતાં પણ દરેક જગ્યાએ પૂર્ણરૂપથી જ બિરાજમાન છે. જે તેમને જે ભાવથી, જે રૂપમાં જે પ્રકારે ચાહે છે, તે તેવી રીતે જ તેમને પ્રાપ્ત કરી લે છે; કારણ કે તેઓ પણ તેને તેવી રીતે જ ચાહે છે. તેમની આ ઘોષણા છે—

'યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।'

તેથી કોઈ મનપસંદ કોઈ પણ રીતથી તેમને ભજે, જો આજ સુધી કોઈએ પણ જે પ્રકારની ઉપાસના ના કરી કરી હોય, એવી કોઈ નવા ઢંગની ઉપાસના પણ કોઈ કરે, તોપણ પ્રેમની પરિપૂર્ણતા હોવાથી તેને પરમાત્માની પ્રાપ્તિ અવશ્ય થશે, કારણ કે તે એકમાત્ર પોતાના પ્રિયતમ પરમાત્માને જ ચાહે છે. તેમના માટે જે કનક, કામિની, આરામ, માન, સત્કાર, કીર્તિ ઈત્યાદિ લોક અને પરલોકની ભોગ-સામગ્રીઓનો ત્યાગ કરે છે. કોઈ પણ નાશવંત પદાર્થને ચાહતો નથી, સાચી હાર્દિક લગનથી સર્વોત્તમ પરમપુરુષ પુરુષોત્તમ ભગવાનને ચાહે છે; એવા સાધકને મળ્યા સિવાય તેઓ કેમ રહી શકે ?

કહેવાનું તાત્પર્ય એ છે કે સાચી લગન અને ઈમાનદારીની સાથે જે તત્ત્વને મનુષ્ય સર્વશ્રેષ્ઠ, સર્વોપરિ, સર્વથા પૂર્ણ માને છે, તેનાં તે ગમે તે નામરૂપને કેમ ના માનતો હોય, ગમે તે કોઈ પણ પ્રકાર વિશેષથી તેની સેવા, પૂજા, ઉપાસના કેમ ના કરતો હોય, ભગવાન તેને પોતાની જ ઉપાસના, સેવા અને પૂજા માને છે, કારણ કે સર્વોપરિ તત્ત્વ એક છે અને તે છે ભગવાન. સાધકની સમજણમાં ભૂલ થઈ શકે છે, પરંતુ ભગવાનને ત્યાં ભૂલ થતી નથી. તેઓ એકમાત્ર ભાવને જ નિહાળે છે. તેથી શ્રદ્ધાળુ સાધકે ઇચ્છવું જોઈએ કે ભગવાનના કોઇ પણ રૂપ અને નામ ઉપર પૂર્ણ વિશ્વાસ કરીને અનન્ય પ્રેમપૂર્વક તેમનું સ્મરણ કરતો રહે, કોઈ પણ અવસ્થામાં તેમને ભૂલે નહિ, તો ભગવાનની પ્રાપ્તિ થશે જ.

—— ——:: X X :: —— ——

ભગવત્તત્ત્વ

પરાકૃતનમદ્બન્ધં પરબ્રહ્મ નરાકૃતિ।
સૌન્દર્યસારસર્વસ્વં વન્દે નન્દાત્મજં મહઃ॥

પરમાત્માનું વાસ્તવિક તત્ત્વ સમજવા માટે સંપૂર્ણ- પણે યોગ્ય એવું કોઈ દૃષ્ટાંત નથી કે કોઈ યુક્તિ પણ નથી. પરમાત્માનાં નિર્ગુણ, સગુણ, નિરાકાર, સાકાર ઇત્યાદિ સ્વરૂપો દ્વારા વર્ણન કરવામાં આવે છે, તેથી તેમનું અસલી સ્વરૂપ તો એક બાજુએ જ રહી જાય છે, પૂરું વર્ણન પણ નથી થઈ શકતું. કારણ કે વાણી, મન, બુદ્ધિ તથા યુક્તિઓ—બધાં કંઈક અંશે માયાયુક્ત છે, પ્રકૃતિનાં કાર્યો છે અને જડ છે; તેથી તેઓ તે ચિન્મય પરમાત્માને સમજવામાં અશક્તિમાન છે. જેટલાં દૃષ્ટાંતો અને યુક્તિઓ બતાવવામાં આવે છે, તે બધી પરમાત્માના સાચા સ્વરૂપને સમજીને મન-બુદ્ધિ તેમને પ્રતિ જોડાઈ જાય—એટલા માટે કહેવામાં આવે છે. પરમાત્માના સ્વરૂપનું વર્ણન કરવામાં તો દેવો તથા ઋષિઓના પણ મન-બુદ્ધિ કુંઠિત થઈ જાય છે, તો પછી ત્યાં સાધારણ મનુષ્યોનાં મન-બુદ્ધિ કેવી રીતે પહોંચી શકે. ગીતામાં કહ્યું છે—

ન મે વિદુઃ સુરગણાઃ પ્રભવં ન મહર્ષયઃ।
અહમાદિર્હિ દેવાનાં મહર્ષીણાં ચ સર્વશઃ॥

(૧૦।૨)


'મારી ઉત્પત્તિને અર્થાત્ લીલાથી પ્રકટ થવાનું ના દેવો જાણે છે કે ના મહર્ષિલોક જાણે છે, કારણ કે હું બધી રીતે દેવતાઓનું અને મહર્ષિઓનું પણ આદિ-કારણ છું.'

જ્યારે દેવતા અને ઋષિ-ગણ પણ તે તત્ત્વ સુધી પહોંચી શકતા નથી, તો પછી આ માનવ-બુદ્ધિથી તેને સમજવું-સમજાવવું તો એકમાત્ર બાળ-ચેષ્ટા જ છે.

આ ભગવત્-તત્ત્વનો વિષય ખૂબ જ ગૂઢ અને રહસ્યમય છે. એને અવશ્ય જાણવો જોઈએ. માનવાવતાર એટલા માટે મળ્યો છે. એ તત્ત્વને જાણવાથી જ આ જન્મ સાર્થક થાય છે તથા તેને જાણ્યા પછી મનુષ્ય કૃતકૃત્ય થઈ જાય

છે; પછી તેને પોતાના માટે કંઈ પણ જાણવું અથવા કરવાનું બાકી રહેતું નથી. '**યજ્જ્ઞાત્વા નેહ ભૂયોઽન્યજ્જ્ઞાતવ્યમવશિષ્યતે ॥**' (ગીતા ૭ । ૨) આ વિષય જાણવો એટલો અઘરો હોવા છતાં પણ ભગવાન અને મહાપુરુષોની કૃપાથી સહજ જાણી શકાય છે. તે કૃપાપ્રાપ્તિ માટે કૃતર્ક ત્યાગીને તેમના દ્વારા સરળતાપૂર્વક એ તત્ત્વને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ તથા તેમની આજ્ઞા પ્રમાણે પોતાના કર્તવ્યપાલનમાં તત્પર થઈ જવું જોઈએ. એવું કરવાથી જ મનુષ્ય આ દુર્વિજ્ઞેય તત્ત્વને સમજીને પોતાના દેવોને પણ દુર્લભ એવા મનુષ્ય-જન્મને અનાયાસ જ સફળ બનાવી શકે છે.

હવે નીચે એક યંત્ર લખવામાં આવ્યું છે. એનાથી પોતાની વૃત્તિઓને ભગવાન તરફ જોડીને આ ગૂઢ તત્ત્વને કંઈ અંશે જાણી શકાય છે.



આમ તો પરમાત્માનાં સ્વરૂપો અનંત છે; પરંતુ સમજવા માટે અહીંયાં ત્રણ રૂપ બતાવવામાં આવ્યાં છે—(૧) નિર્ગુણ-નિરાકાર, (૨) સગુણ-નિરાકાર અને (૩) સગુણ-સાકાર. પરમાત્મા નિર્ગુણ પણ છે, સગુણ પણ છે તથા સગુણ-નિર્ગુણ પણ છે અને તેઓ આ બધાથી ભિન્ન પણ છે.

નિર્ગુણ-નિરાકાર-તત્ત્વ

પરમાત્માનું નિર્ગુણ તત્ત્વ એ મન-વાણીનો વિષય નથી. એ સત્-અસત્થી

વિલક્ષણ છે. ભગવાને ગીતામાં કહ્યું છે—

જ્ઞેયં યત્ તત્ પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વામૃતમશ્નુતે।
અનાદિમત્ પરં બ્રહ્મ ન સત્ તન્નાસદુચ્યતે॥

(૧૩।૧૨)

'જે જાણવાયોગ્ય છે તથા જેને જાણીને મનુષ્ય પરમાનંદ પ્રાપ્ત કરે છે, તેને સારી રીતે કહીશ. તે આદિરહિત બ્રહ્મ 'સત' પણ કહી શકાતો નથી, 'અસત' પણ કહી શકાતો નથી.'

તે પરમાત્માને અસીમ, અપાર, અનંત બતાવવામાં આવે છે. પરંતુ તેને અસીમ અને આદિ-અંતથી રહિત કહેવો તે પણ દેશ-કાલનો સ્વીકાર કરીને જ. પરંતુ પરમાત્મા દેશ-કાલથી પરિચ્છિન્ન નથી. વાસ્તવમાં તે દેશ, કાળ, વસ્તુથી સર્વથા પર છે. ત્યાં વાણી પહોંચી શકતી નથી. એટલા માટે એ નામોથી કહેવું તે દેશ-કાલના આધારે ફક્ત સંકેત કરવા પૂરતું જ છે. તેને નિર્ગુણ-નિરાકાર કહેવામાં આવે છે. ત્યાં સત્ત્વ, રજ, તમ ઇત્યાદિ કોઈ ગુણ નથી, તેની કોઈ આકૃતિ નથી, કોઈ નામ જ નથી. તે તો આ ગુણોથી સર્વથા પર અને નામરૂપ રહિત જ છે. તેનું કોઈ વર્ણન કરી શકતું નથી. તેને સચ્ચિદાનંદ કહે છે. આ લક્ષણ છે. બ્રહ્મ કહે છે—આ નામ છે. નિર્ગુણ-નિરાકાર કહે છે—આ રૂપ છે. પરંતુ એ કેવું રૂપ છે ? અરૂપ જ રૂપ છે. એનું એ રીતે વર્ણન કરવામાં આવે છે. વાસ્તવમાં તો નિર્ગુણ-નિરાકારનું વર્ણન જ થઈ શકતું નથી. જે કંઈ પણ વર્ણન કરવામાં આવે છે તે ગુણોના આધારે જ કરવામાં આવે છે. ફક્ત લક્ષ્ય નિર્ગુણનું રહે છે, કારણ કે વર્ણન કરવાની સામગ્રીઓ ઇન્દ્રિય, વાણી, મન, બુદ્ધિ વગેરે સઘળી માયાયુક્ત જ છે. તે પરમાત્માના તત્ત્વને સમજાવવા માટે શાસ્ત્રકારોએ બે પ્રકારનાં વિશેષણ આપ્યાં છે—(૧) વિધેય અને (૨) નિષેધ. વિધેય વિશેષણો તેમને કહે છે, જેઓ પરમાત્માના સ્વરૂપનાં સાક્ષાત્ દ્યોતક હોય છે, પરંતુ તેઓ પણ પરમાત્મા અનિર્દેશ્ય હોવાના કારણે તટસ્થ જ રહી જાય છે અને નિષેધ વિશેષણો

તેમને કહે છે. જેઓ પરમાત્મામાં આકાર, ગુણ, વિનાશ, ક્રિયા, પદાર્થ, દેશ, કાળ આદિનો અભાવ બતાવે છે. પરમાત્માનાં સત્, ચિત્, આનંદ આદિ 'વિધેય' વિશેષણ કહેવામાં આવે છે અને નિરાકાર, નિર્ગુણ, અવ્યય, અવિનાશી, અક્રિય, અચળ, અદ્વૈત, અપ્રમેય, અસીમ, અપાર, અનાદિ, અનંત આદિ વિશેષણ 'નિષેધ' કહેવામાં આવે છે. વાસ્તવમાં પરમાત્માનું નિર્ગુણ સ્વરૂપ લક્ષણો તથા વિશેષણો રહિત જ છે. એવું કહેવું પણ સમજવા માટે જ છે તથાપિ તે નિર્ગુણ પરમાત્માના સાચા તત્ત્વને બુદ્ધિથી પકડવા માટે એ વિશેષણો જ કામ આપી શકે છે; એમના સિવાય બુદ્ધિને પરમાત્માની નજીક પહોંચાડવા માટે બીજો કોઈ સહારો નથી. માટે તેમનું વર્ણન કરવામાં આવે છે.

સત્-તત્ત્વ

સત્ શું છે—જે કાયમ રહે, દરેક વસ્તુમાં રહે અને દરેક સ્થળે રહે. ભગવાને પણ કહ્યું છે—'**અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણઃ**' (ગીતા ૨ । ૨૦)—'આ આત્મા અજ, નિત્ય, શાશ્વત અને પુરાણ છે. પરંતુ શબ્દો દ્વારા કેવી રીતે સમજાવાય ? છેવટે કોઈ પણ સમજાવશે તો આપણી ભાષાનો આશ્રય લઈને જ આપણને સમજાવી શકે છે. આવી રીતે શ્રુતિ ભગવાનની પણ દેશ-કાળને આધાર લઈને જ તેનું લક્ષ્ય કરાવે છે. શ્રુતિ કહે છે—

'સદેવ સોમ્યેદમગ્ર આસીદેકમેવાદ્વિતીયમ્'—

(છા૦ ઉ૦ ૬ । ૨ । ૧)

વગેરે.

'**એકમ્ એવ અદ્વિતીયમ્**'—આ શબ્દો દ્વારા તે પરમાત્માને ક્રમશઃ સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદોથી રહિત બતાવ્યા છે. મનુષ્ય બધા સમાન હોવા છતાં પણ વ્યક્તિરૂપથી એક-એક અલગ છે—આ જાતીય ભેદ છે. મનુષ્ય અને ઝાડ—એમનામાં સજાતીયતા નથી. એક-બીજાથી ભિન્ન છે, તેથી આ વિજાતીય ભેદ છે. 'આ મારો હાથ છે; પગ છે.' આ પ્રકારે અવયવોનો ભેદ સ્વગત ભેદ છે. પરમાત્મા આ બધા ભેદોથી રહિત છે. આ ભેદો પ્રકૃતિમાં

છે. પરમાત્મા પ્રકૃતિથી ખૂબ જ પર છે.

જેમાં કોઈ વિકાર નથી, ભેદ નથી, જે ઘટતો નથી કે વધતો નથી. જે કદાપિ ક્ષરણ થતો નથી, જેનો કદાપિ કયાંયે જરાપણ અભાવ યા પરિવર્તન નથી હોતું; જે હંમેશા સર્વત્ર, સર્વથા એકરસ, એકરૂપ અને પરિપૂર્ણ રહે અને જેમાં જરાપણ વિકારની સંભાવના જ ના હોય તે 'સત્' છે.

તે પરમાત્મા સિવાય જે કંઈ પણ લૌકિક યા અલૌકિક પદાર્થો જોવામાં-સાંભળવામાં અને સમજવામાં આવે છે, તે બધામાં વિચાર કરવાથી પ્રત્યક્ષ એ અનુભવ થાય છે કે એક સમયે એ વસ્તુઓ હતી નહિ અને કોઈક સમયે એ બધી રહેશે નહિ તથા એક દેશમાં હોવા છતાં પણ બીજા દેશમાં તે ચીજોનો અભાવ માલૂમ પડે છે તેમજ વસ્તુનો ભેદ તો પ્રત્યક્ષ જ છે. પરંતુ સત્-સ્વરૂપ પરમાત્મામાં દેશ, કાળ, વસ્તુનો સદંતર અભાવ હોવાને કારણે તેના દેશ-કાળ-વસ્તુ નિમિત્તના અભાવની કદી સંભાવના પણ હોઈ શકતી નથી અને સ્વરૂપથી તો તે પરમાત્મા સત્ અથવા તો નિત્ય વિદ્યમાન છે જ. એટલા માટે તેને 'સત્' કહે છે. આ 'સત્' તત્ત્વનું વર્ણન ગીતાના બીજા અધ્યાયના ૧૨–૧૩, ૧૭, ૨૨–૨૫; ૮મા અધ્યાયના ૨૦; ૧૨મા અધ્યાયના ૩ અને તેરમાના ૨૭મા શ્લોકમાં વિશેષ રૂપથી કરવામાં આવ્યું છે.

ચિત્-તત્ત્વ

'ચિત્'થી ચેતન, બોધ, જ્ઞાન સમજવું જોઈએ. ચેતન તે છે, જ્યાં જડતાની કદી, કોઈ પણ રીતે અલ્પ પણ સંભાવના નથી. તે ચેતન તો ફક્ત ચિન્મય બોધ સ્વરૂપ જ છે. જડતાનો અત્યંત અભાવ હોવાના કારણે તેમાં જ્ઞાતાપણાનો આરોપ પણ હોઈ શકે નહિ. જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય, દ્રષ્ટા-દર્શન-દૃશ્ય અને પ્રમાતા-પ્રમાણ-પ્રમેય ઇત્યાદિ ભાવો પણ જેમાં સ્વાભાવિક જ પ્રકાશિત હોય છે, એવું તે ચેતન ફક્ત એક પ્રકાશમાન જ છે. સામાન્ય લોકો પ્રાણ અને ચેષ્ટાયુક્ત જીવોને ચેતન કહે છે તથા જેમાં પ્રાણ અને ક્રિયા હોતાં નથી, તેને જડ કહે છે. પરંતુ પરમાત્મામાં ક્રિયા અને પ્રાણના સંબંધથી થનારી ચેતનતા નથી, તેમાં

તો ફક્ત ચિતિ—જાણવામાત્ર જ છે. તાત્પર્ય એ છે કે ત્યાં જડતા, અજ્ઞાન, મોહ, અંધકાર વગેરે કંઈ પણ નથી, કેવળ ચેતનમાત્ર જ છે તથા તે પણ સ્વાભાવિક સ્વતઃ જ છે.

તે ચિત્-તત્ત્વને સમજવા માટે એક વાત કહેવામાં આવે છે. સંસારમાં બે પદાર્થો છે—(૧) જોનાર અને (૨) જોવાવાળો, જોવાવાળો ચેતન છે અને જોવાવાળો પદાર્થ જડ છે. જોવાવાળો દ્રષ્ટા છે, દેખાતો પદાર્થ દૃશ્ય છે દૃશ્ય દૃશ્ય જ રહે છે અને દ્રષ્ટા દ્રષ્ટા જ. ઘટ-પટ વગેરે સંસારના સંપૂર્ણ પદાર્થોને પ્રકાશિત કરનારાં નેત્રો છે. ઘટ-પટાદિમાં પરિવર્તન થાય છે, તેમનો પરસ્પર ભેદ પણ છે, ક્યારેક તેઓ પ્રકાશિત થાય છે તો ક્યારેક તેઓ અપ્રકાશિત રહે છે. પરંતુ નેત્રોમાં કોઈ ભેદ ના રહેવા છતાં પણ પ્રકાશિત કરવાની શક્તિ છે. નેત્રો પણ મન દ્વારા પ્રકાશ્ય છે, તેથી નેત્રોમાં પણ અંધતા, ઝાંખાશ, પટુતા આદિ ધર્મ રહે છે. તે ધર્મોને મન એકરૂપથી જુએ છે. નેત્રોનો વિકાર મનમાં આવતો નથી; કારણ કે નેત્ર પ્રકાશ્ય છે અને મન તેમનો પ્રકાશક છે. મનથી પણ આગળ બુદ્ધિતત્ત્વ છે, તે એકલું હોવા છતાં પણ મનની સંકલ્પ-વિકલ્પ આદિ અનેક વૃત્તિઓને નિર્વિકારરૂપથી પ્રકાશિત કરે છે. એટલા માટે બુદ્ધિ પ્રકાશક અને મન પ્રકાશ્ય છે. એવી રીતે બુદ્ધિમાં પણ અજ્ઞતા, વિજ્ઞતા વગેરે અનેક ધર્મ રહે છે. તેથી બુદ્ધિ દૃશ્ય અને આત્મા દ્રષ્ટા છે, કારણ કે બુદ્ધિ અને બુદ્ધિગત વિજ્ઞતા-અજ્ઞતા આદિ ધર્મો નિર્વિકાર આત્મા દ્વારા જ પ્રકાશિત થાય છે અને આત્મા કોઈનાથી પણ પ્રકાશિત થતો નથી. અર્થાત્ તે મન, બુદ્ધિ, ઇન્દ્રિય, શરીર વગેરે કોઈનો પણ વિષય હોતો નથી. માટે વાસ્તવિક દ્રષ્ટા તે જ છે. એમાં પણ એ સમજવાની વાત છે કે આત્માની દ્રષ્ટા-સંજ્ઞા દૃશ્યના લીધે જ છે. જો દૃશ્ય ના હોય તો આત્માની દ્રષ્ટા-સંજ્ઞા પણ રહેતી નથી, પરંતુ એક ચેતનમાત્ર જ રહી જાય છે. તે પછી એકદેશીય રહેતું નથી; કારણ કે ત્યાં દૃશ્યનો દેશ—કાળ, વસ્તુઓનો સર્વથા અભાવ છે. તે જ પરિપૂર્ણ 'ચિત્'તત્ત્વ કહેવાય છે. આ ચિત્-તત્ત્વનું વર્ણન ગીતામાં પાંચમા અધ્યાયના ૨૪; આઠમા અધ્યાયના ૮—૯; તેરમા અધ્યાયના ૧૭, ૩૩ અને પંદરમા અધ્યાયના ૧૫મા

શ્લોકોમાં મુખ્યત્વે કરવામાં આવ્યું છે.

આનંદ-તત્ત્વ

પરમાત્માનું આનંદ-સ્વરૂપ પણ એક અવર્ણનીય તત્ત્વ છે. તે અત્યધિક સુખસ્વરૂપ છે, તે આનંદ સાતિશય નથી. જે સુખની સીમા (હદ) થઈ જાય છે, તેને સાતિશય કહે છે. તે આનંદ અસીમ છે. તે અનુભવમાં આવે તેવો આનંદ નથી. તે તો અનુભવરૂપ છે. આનંદ એક ઘણા વિશેષ સુખને કહેવામાં આવે છે. તે પરમાત્મા જાતે જ એકમાત્ર સુખરૂપ છે. તે સુખ મન-વાણીનો વિષય નથી. તે તો એકમાત્ર આનંદ જ છે—જેના પ્રતિદ્વન્દ્વી દુઃખ, અશાંતિ, વિક્ષેપ વગેરેની ક્યાંય જરાપણ સંભાવના જ નથી.

મનુષ્યને પોતાના ઇચ્છિત પદાર્થોની પ્રાપ્તિ થવાથી મનમાં જે એક પ્રકારના આનંદનો અનુભવ થાય છે, તેનાથી અનેક ગણો આનંદ સાચા વૈરાગ્ય, સત્સંગ અને ભજનના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. તેનાં કરતાં પણ પરમાત્માના ધ્યાનથી ઉત્પન્ન થતો આનંદ ઘણો જ વિલક્ષણ છે. પરંતુ પરમાત્માનો સ્વરૂપભૂત આનંદ તો પછી પણ અલગ જ રહી જાય છે. તે આનંદ કોઈ પણ રીતે પણ સમજી અથવા સમજાવી શકાતો નથી. તે આનંદ-જ-આનંદ છે. તે આનંદ અપરિમિત, અસીમ, અપાર, અનંત, એકરસ, પરિપૂર્ણ, સમ, નિર્વિકાર અને ઘન છે— જે આનંદમાં અન્ય કોઈની કોઈ પણ સમયે જરાપણ ગુંજાયશ નથી, તે ફક્ત આનંદ-જ-આનંદ છે. એ કહેવાનું પણ દેશ, કાળ, વસ્તુને લીધે જ છે. વાસ્તવિક આનંદ તો દેશ, કાળ, વસ્તુથી સર્વથા અસંબદ્ધ પરમાત્માસ્વરૂપ જ છે. આ આનંદ-તત્ત્વનું વર્ણન ગીતામાં પાંચમા અધ્યાયના ૨૧, ૨૪; છઠ્ઠા અધ્યાયના ૨૧, ૨૭, ૨૮ અને ચૌદમા અધ્યાયના ૨૭મા શ્લોકોમાં મુખ્યત્વે કરવામાં આવ્યું છે.

સત્-ચિત્-આનંદની એકતા

આ સત્, ચિત્, આનંદ વિશેષણો પરમાત્માના દ્યોતક છે, વસ્તુતઃ તેના

વાચક નથી અને ના કોઈ તેનાથી અલગ, તેઓ તેના ભિન્ન ભિન્ન વિશેષણો જ છે. તે એક જ ભગવત્-તત્ત્વને સમજાવવા માટે જ શાસ્ત્રોમાં ઋષિ-મહાત્માઓએ આ વિશેષણોનું વર્ણન કર્યું છે. તે પરમાત્મ-તત્ત્વ હરસમયે, પ્રત્યેક જગ્યાએ, પ્રત્યેક વસ્તુમાં એકરસ અપરિવર્તિતરૂપથી વિદ્યમાન રહેવાને કારણે 'સત્' કહેવામાં આવે છે. તે નિત્ય વિદ્યમાન સત્-તત્ત્વ જ પોતે પોતાને જાણે છે, એટલા માટે તેને 'ચેતન' કહે છે. તે સત્-તત્ત્વ જ સ્વયં પ્રકાશ તેમજ જ્ઞાનસ્વરૂપ છે, એટલા માટે ચેતન તેનું કોઈ અલગ વિશેષણ નથી. તે જાતે જ ચિત્-સ્વરૂપ છે. તેમાં દુઃખ, અશાંતિ વગેરેની કદીયે સંભાવના નથી અને તેમાં નિરતિશય સુખની કદીયે કમી અથવા અભાવ નથી હોતો—એટલા માટે તે જ 'આનંદ' છે. આવી રીતે 'ચેતન'-તત્ત્વ જ નિત્ય વિદ્યમાન રહેવાને કારણે 'સત્' અને પરમસુખ રૂપ હોવાથી 'આનંદ' છે તથા આનંદ પણ એક પરિપૂર્ણ આનંદ છે, તેથી 'સત્'-તત્ત્વ તેમનાથી કોઈ અલગ વસ્તુ નથી અને તે આનંદ કેવળ જ્ઞાન-સ્વરૂપ હોવાથી 'ચેતન'-તત્ત્વ પણ તેનાથી કોઈ અલગ ચીજ નથી; કારણ કે પરમાત્માનું જ્ઞાન થવાથી પરમ શાંતિ તત્કાળ જ થઈ જાય છે (ગીતા ૪ । ૩૯) તથા કોઈ પણ વિષયને આપણે જેટલો સમજીએ છીએ, તેટલો જ આનંદ તેને જાણવાની સાથે પણ ઉત્પન્ન થઈ જાય છે. આથી એ સાબિત થાય છે કે જાણવું અને આનંદ— બે ચીજો નહિ પણ એક જ છે. આ પ્રકારે સાત્ત્વિક આનંદ ખૂબ વધી જવાથી તે તત્ત્વનું જ્ઞાન પણ આપોઆપ જ થઈ જાય છે (ગીતા ૨ । ૬૫); કારણ કે તે આનંદ જ જ્ઞાન-સ્વરૂપ છે. અહીંયાં તે જ્ઞાન-આનંદની સત્તા હોવાથી તે સ્વતઃસિદ્ધ તો છે જ. એ પ્રમાણે પરમાત્માની સત્તાનો દૃઢ નિશ્ચય થઈ જવાથી ભય, અશાંતિ વગેરે સઘળાં દૂર થઈને સાધકને પરમ આનંદ અને પરમ શાંતિની પ્રાપ્તિ થઈ જાય છે અને તે જલદીથી જ પરમાત્માનું યથાર્થ તત્ત્વ જાણી લે છે. એટલા માટે સચ્ચિદાનંદસ્વરૂપ દ્વારા નિર્ગુણ-નિરાકાર પરબ્રહ્મ પરમાત્માનું જ વર્ણન કરવામાં આવે છે.

સગુણ-નિરાકાર-તત્ત્વ

સચ્ચિદાનંદઘન નિર્ગુણ પૂર્ણ બ્રહ્મ પરમાત્માના કોઈ એક અંશમાં પ્રકૃતિ

છે. તે પ્રકૃતિથી યુક્ત હોવાથી જ તે પૂર્ણ બ્રહ્મ પરમાત્માને સગુણ ચેતન સૃષ્ટિકર્તા ઈશ્વર કહે છે. તે જ આદિ-પુરુષ, પુરુષોત્તમ, માયાવિશિષ્ટ ઈશ્વર આદિ નામોથી કહેવામાં આવે છે. પ્રકૃતિને લઈને જ તેમાં સમસ્ત જીવોની સ્થિતિ છે. પ્રકૃતિ તે પરમાત્માની એક અલૌકિક દિવ્ય શક્તિ છે. તે શક્તિના લીધે જ પરમાત્મા સંપૂર્ણ સૃષ્ટિનું સર્જન, પાલન અને સંહાર કર્યા કરે છે. તેઓ જ માયાપતિ પરમાત્મા પરિપૂર્ણ સર્વાન્તર્યામી સચ્ચિદાનંદ-સ્વરૂપ છતાં પણ વસ્તુઓમાં અસ્તિ, ભાતિ અને પ્રિયરૂપથી માલૂમ પડે છે.

અગ્નિની સત્તા બધી જગ્યાએ સામાન્ય રૂપથી વિદ્યમાન છે, પરંતુ તેમાં દાહિકા અને પ્રકાશિકા શક્તિ રહેવા છતાં પણ સમય સમયે જ પ્રગટ થાય છે. લાકડું, દીવાસળી આદિ બધામાં એક સત્તા જ માલૂમ પડે છે, ચંદ્રમામાં સત્તા અને પ્રકાશ—બંને પ્રત્યક્ષ દેખાય છે અને સૂર્યમાં સત્તા, પ્રકાશ તથા દહન—ત્રણે પ્રગટરૂપથી દેખાય છે. એ પ્રકારે ભૂત, ભૌતિક તથા જડ-ચેતન, સ્થાવર-જંગમ—બધામાં પરમાત્માની સત્તા તો સામાન્યરૂપથી માલૂમ પડે છે; પરંતુ ચિતિશક્તિનો પ્રકાશ વિશેષતાથી પ્રાણીઓમાં જ જોવામાં આવે છે, જડ ચીજોમાં નહિ તથા આનંદની પ્રતીતિ તો જ્ઞાની-મહાત્માઓમાં જ વિશેષરૂપથી પ્રગટ છે, બીજી જગ્યાએ તે લુપ્ત જ છે. તમોગુણનું કાર્ય જડ પદાર્થોમાં પણ સત્તા તો પ્રગટાવે છે, પરંતુ તમોગુણની અધિકતા હોવાને કારણે ત્યાં ચિદંશ અને આનંદાંશ તિરસ્કૃત છે તથા સજીવ પ્રાણીઓમાં સત્તા અને ચેતનતા પ્રત્યક્ષ જોવા છતાં પણ અજ્ઞતારૂપ તમોગુણ અને ચંચળતારૂપ રજોગુણની અધિકતાના કારણે ત્યાં આનંદાંશ તિરસ્કૃત છે. જ્યાં સાધન દ્વારા રજોગુણ-તમોગુણના અંશ દૂર કરવામાં આવ્યા છે, ત્યાં મહાત્મા પુરુષોમાં સત્, ચિત્, આનંદઘન પરબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ પ્રગટરૂપથી વિદ્યમાન છે.

અસ્તિ-તત્ત્વ

સંસારમાં જે જડ પદાર્થોની સત્તા દેખાઈ રહી છે, તેનાથી સિદ્ધ થઈ રહ્યું છે કે તેમનું અસ્તિત્વ તે પરમાત્માથી જ છે. તેમને દ્યોતન કરવાવાળા સત્-તત્ત્વ જ પદાર્થોના સંબંધથી 'સત્'ની અપેક્ષા સ્થૂળ હોવાથી અસ્તિસ્વરૂપ

દ્વારા કહેવાય છે.

સંસારમાં જેટલી પણ જડ વસ્તુઓ છે, એ બધી ઉત્પન્ન થાય છે વચમાં સત્તારૂપે દેખાય છે, વધે છે, પરિવર્તિત થાય છે, ક્ષીણ થાય છે અને નાશ પામે છે. તે ઉત્પત્તિ-વિનાશશીલ સંપૂર્ણ વસ્તુઓમાં જે એક સત્તા માલૂમ પડે છે, તે જ અસ્તિરૂપથી ઓળખવામાં આવે છે. અહીંયાં એ સમજવાની વાત છે કે એક પદાર્થને લઈને તેની ઉત્પત્તિ પછી જે તેનું અસ્તિત્વ દેખાય છે, તે તો તે પદાર્થનો નાશ થયા પછી નષ્ટ થઈ જાય છે; કારણ કે તે વિકાર છે. પરંતુ તે પદાર્થોનો અભાવ થઈ જવા છતાં પણ બધી વસ્તુઓમાં સામાન્ય રીતે જે એક 'હોવાપણું' માલૂમ પડે છે, તે હોવાપણું જ અસલી અસ્તિસ્વરૂપ છે. તે અસ્તિસ્વરૂપ નિત્ય વિદ્યમાન રહે છે. જેવી રીતે 'આ મનુષ્ય છે', 'આ પક્ષી છે', 'આ દેશ છે'— આ બધામાં 'છે' અનૂસ્યૂત છે. વસ્ત્રમાં ધાગા સર્વત્ર એક છે. માટીનાં વાસણોમાં માટી બધામાં એક છે. એવી રીતે આ અસ્તિત્વ બધામાં અનુસ્યૂત છે. આ સર્વત્ર વ્યાપક છે, પરિપૂર્ણ છે. જ્યારે ઘડો ફૂટી જાય છે ત્યારે ઘડાનો અભાવ હોવા છતાં પણ તેના ટુકડાઓ તો રહે જ છે.એમ જ પદાર્થોનો અભાવ હોવા છતાં પણ તેમના રૂપાંતરમાં અસ્તિપણું તેવી રીતે જ વર્તમાન રહે છે.

એટલા માટે જે પણ ઉત્પત્તિ–વિનાશવાળી વસ્તુઓ છે, તે બધામાં જે સત્તા માલૂમ પડે છે, તે વસ્તુતઃ તે ચીજોનો આધાર છે, પરંતુ જોવામાં એવું માલૂમ થાય છે કે તે ચીજ પ્રથમ છે અને ત્યારબાદ તેની સત્તા છે. આ જ તો પરમાત્માની દિવ્ય પ્રકૃતિની અવિદ્યા માયાશક્તિનો વિલક્ષણ પડદો છે.

ભાતિ-તત્ત્વ

સંપૂર્ણ વસ્તુઓની જે પ્રતીતિ થાય છે, વસ્તુઓ દેખાય છે, તેમનો અનુભવ થાય છે—એ ભાતિ છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન—બધામાં સત્તા માલૂમ જ પડે છે. એક પદાર્થ હોવું તે સત્તા છે અને દેખાવું, અનુભવ હોવો તે ભાતિ છે. વિદેશની વસ્તુઓ અહીંયાં દેખાતી નથી; પરંતુ 'ત્યાં તે ચીજ છે' એવા પ્રકારનો

સામાન્ય ભાવ તો બુદ્ધિમાં આવે છે તથા સાથે જ તે વસ્તુઓનું જાણવું પણ જાણી જ શકાય છે. જેથી સંપૂર્ણ વસ્તુઓની પ્રતીતિ થાય છે, વસ્તુઓ પ્રકાશિત થાય છે, તેને ભાતિ-તત્ત્વ કહે છે. આ પરમાત્માનું નિર્ગુણ ચિત્-તત્ત્વ જ માયાના સંબંધથી પ્રકાશરૂપ દ્વારા પ્રતીત થઈ રહ્યું છે. આ પ્રકાશ મહત્-તત્ત્વના મિશ્રણથી સામાન્ય જ્ઞાનસ્વરૂપ છે, જેમાં ઘટ-પટાદિ સમગ્ર પદાર્થોનું ભાન થઈ રહે છે. પદાર્થોનું જ્ઞાન-અજ્ઞાન, લૌકિક પ્રકાશ અને અંધકારનું જ્ઞાન, વસ્તુઓનો ભાવ-અભાવ, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ—એ અવસ્થાઓનું જ્ઞાન-અજ્ઞાન—એ બધાં જે એક બુદ્ધિ-તત્ત્વથી પ્રકાશિત થઈ રહ્યાં છે, સમજવામાં આવે છે તે નિર્ગુણ પરમાત્માનું ચિત્-તત્ત્વ જ મહત્-તત્ત્વને લઈને ભાતિસ્વરૂપ ઓળખાય છે. તે ભાતિ-તત્ત્વને મહત્-તત્ત્વનો સંબંધ હોવાને કારણે ચિત્-તત્ત્વ કરતાં સ્થૂળ છે.

એમાં પણ અસ્તિની જેમ વસ્તુઓનું જ્ઞાન વસ્તુઓના પછી માલૂમ પડે છે, પરંતુ વાસ્તવમાં વસ્તુઓનું જ્ઞાન અને અજ્ઞાન એ બંનેને જ આ ભાતિ-તત્ત્વ સામાન્ય રીતે નિરંતર પ્રકાશિત કરી રહ્યું છે. આ જ સગુણ પરમાત્માનું 'ભાતિ' રૂપ છે.

પ્રિય-તત્ત્વ

સંસારના પદાર્થો મનને સારા લાગે છે; આ સારું લાગવું જ 'પ્રિય' છે. વસ્તુમાત્રમાં જ એક પ્રિયતા માલૂમ થતી હોય છે, કારણ કે ઉપયોગી હોવાને કારણે તે કોઈ ને કોઈના માટે પ્રિય છે જ. કોઈ પણ એવી વસ્તુ નથી, ભલે તે હલકામાં હલકી જ કેમ ના હોય, જે કોઈક એકને પ્રિય ના હોય. પદાર્થોમાં જે આ સુંદરતા, પ્રિયતા અને આકર્ષણ છે, તે બધું વાસ્તવમાં પરમાત્માથી જ છે, પરંતુ દેખાય છે પદાર્થોમાં. આ જ માયા-શક્તિના આવરણની વિલક્ષણતા છે. વસ્તુતઃ પદાર્થોમાં સુંદરતા, પ્રિયતા અને આકર્ષણ નથી. સમગ્ર પદાર્થો તે પરમાત્મામાં જ અધ્યારોપિત છે અને તે પરમાત્માનું આનંદસ્વરૂપ જ માયા-શક્તિની સાથે મળેલું હોવાથી પદાર્થમાત્રમાં પ્રિયરૂપથી અનુભૂત હોય છે.

અસ્તિ, ભાતિ, પ્રિયની એકતા

સંસારમાં જે પણ વસ્તુઓ દેખાઈ રહી છે, તેમનામાં પરસ્પર ભેદ હોવા છતાં પણ અસ્તિ, ભાતિ, પ્રિયરૂપનો તેમનામાં એકરૂપથી અનુભવ થઈ રહ્યો છે. વસ્તુગત ભેદ હોવા છતાં પણ અસ્તિ, ભાતિ, પ્રિય-તત્ત્વનો ભેદ નથી હોતો. વસ્તુગત અસ્તિતત્ત્વ જ માલૂમ પડે છે અને વાસ્તવમાં તે જ પ્રિયરૂપ છે અને ભાતિ અથવા પ્રતીતિમાત્રમાં જે એક આનંદની અનુભૂતિ થાય છે, તે જ પ્રિયતા છે, ત્યાં પણ અસ્તિત્વ તો છે જ. જ્યાં પ્રિયતા છે, ત્યાં પણ પ્રતીતિ અને અસ્તિત્વ મોજૂદ જ છે. તેથી અસ્તિ, ભાતિ, પ્રિય—એ ત્રણે કોઈ અલગ-અલગ વિશેષણો અથવા શક્તિ-વિશેષ નથી, પરંતુ તે સચ્ચિદાનંદઘન પરમાત્મા જ પ્રકૃતિને લીધે અસ્તિ-ભાતિ-પ્રિયરૂપથી માલૂમ પડી રહ્યા છે. એની અન્તર્ગત દેખાતાં નામ-રૂપ-આકારવાળા સંસારની ઉપેક્ષા કરીને એના આધારસ્વરૂપ સચ્ચિદાનંદઘન પરમાત્માની ઉપાસના કરવાથી સાધક કૃતકૃત્ય થઈ જાય છે.

સગુણ-સાકાર-તત્ત્વ

તેઓ નિર્ગુણ-સગુણ સચ્ચિદાનંદઘન સર્વવ્યાપી, પૂર્ણ બ્રહ્મ પરમાત્મા વાસ્તવમાં હંમેશા જન્મ-મૃત્યુરહિત હોવા છતાં પણ જ્યારે જરૂરી સમજે છે, ત્યારે પોતાની દિવ્ય પ્રકૃતિ સાથે સગુણ-સાકારરૂપથી પ્રગટ થાય છે (ગીતા ૪ । ૬). તેઓ પરમ દયાળુ ભગવાન પોતાના પ્રેમીભક્તોના ઉદ્ધાર કરવા, તેમની ઇચ્છા પ્રમાણે તેમને દર્શન આપીને, તેમની સાથે લીલા કરીને, તેમને પરમ આનંદિત કરવા, પોતાના દર્શન ઇત્યાદિથી લોકોનાં સઘળાં પાપોનો સમૂળ વિનાશ કરવા, પોતાના દિવ્ય ગુણ, પ્રભાવ, નામ, રૂપ, લીલા તત્ત્વ અને રહસ્યનો વિસ્તાર કરીને તેમના શ્રવણ, મનન, પઠન, ચિંતન, કીર્તન ઇત્યાદિ દ્વારા સઘળા લોકો માટે આત્મોદ્ધારનો માર્ગ ખોલી દેવા, દુષ્ટ-દુરાચારી મનુષ્યોની બૂરી આદતો છોડાવવા અને તેમને શિક્ષા કરીને અથવા મારીને પાપમાંથી મુક્ત કરવા માટે લીલા-વિગ્રહ ધારણ કરે છે. તેઓ વેદ-શાસ્ત્રોને અનુકૂળ આચરણો દ્વારા ધર્મનું મહત્ત્વ બતાવીને, પોતાની લૌકિક, અપ્રતિમ, દિવ્ય પ્રભાવશાળી વાણી દ્વારા ધર્મ-તત્ત્વનો ઉપદેશ આપીને સઘળા મનુષ્યોનાં અંતઃકરણમાં વેદ, શાસ્ત્ર, ધર્મ, પરલોક, મહાત્મા

અને પોતાના પર શ્રદ્ધા ઉત્પન્ન કરાવીને, સદાચાર, સદ્ગુણ અને સદ્ભાવોથી વિશ્વાસ, પ્રેમ ઉત્પન્ન કરાવીને તથા લોકોને તેમને દૃઢતાથી ધારણ કરાવીને સંસારસાગરમાંથી તેમનો ઉદ્ધાર કરવા માટે રામ, કૃષ્ણ, નૃસિંહ વગેરે સ્વરૂપો દ્વારા પ્રગટ થાય છે (ગીતા ૪ । ૮).

ભગવાનનો અવતાર-વિગ્રહ દિવ્ય, અલૌકિક અને અદ્ભુત હોય છે. તે પરમાત્મા માયાને વશ થઈને જન્મ નથી લેતા; પરંતુ પોતાની વિદ્યામયી પ્રકૃતિને પોતાને વશીભૂત કરીને યોગમાયાથી પ્રગટ થાય છે. આ ભગવાનનું પ્રગટ થવું જીવોના જન્મ કરતાં ઘણું જ વિલક્ષણ અને દિવ્ય છે. જગતના બધા ચરાચર જીવો પોતાના ગુણ, કર્મ, સ્વભાવના વશમાં થઈ. પ્રારબ્ધાનુસાર સુઃખ-દુઃખ વગેરે ભોગવવાને માટે જન્મ લે છે. પરંતુ પરમાત્મા કોઈના પણ વશમાં ન થઈને પોતાની ઇચ્છાથી ફક્ત જીવાત્માઓ પર અહેતુક કૃપા કરીને જ અવતાર ધારણ કરે છે, આ પ્રકારે ઈશ્વરનું પ્રાગટ્ય તેમની આનંદમયી લીલા છે અને જીવોનું જન્મવું તે દુઃખમય છે. ભગવાન પ્રગટ થવામાં સર્વથા સ્વતંત્ર છે. ઈશ્વરનો અવતાર થવામાં ફક્ત તેમની અહેતુક કૃપા છે અને જીવોના જન્મનો હેતુ તેમનાં શુભ-અશુભ કર્મો છે.

વિગ્રહ-તત્ત્વ

તે સર્વત્ર પરિપૂર્ણ સત્સ્વરૂપ પરમાત્મા જ દિવ્ય વિગ્રહરૂપમાં પ્રગટ થાય છે. ભગવાનનો તે દિવ્ય વિગ્રહ અલૌકિક, અદ્ભુત અને વિલક્ષણ છે (ગીતા ૪ । ૯). અને તે પરમાત્મા પોતાની પૂર્ણ શક્તિથી જ પ્રગટ થાય છે. તેમનો સાકાર વિગ્રહ એક દેશમાં પ્રગટ થયેલો દેખાવા છતાં પણ તેઓ વાસ્તવમાં તો બીજા દેશમાંથી ખસી જતા નથી અને એક દેશમાં સીમાબદ્ધ પણ થઈ જતા નથી. તેઓ જીવાત્માની જેમ શરીરધારી નથી હોતા. તેમના વિગ્રહમાં દેહ-દેહીભાવ નથી, તેમનો તે વિગ્રહ દિવ્ય ચિન્મયસ્વરૂપ જ છે, જેનો યથાર્થ અનુભવ દિવ્ય નેત્રોવાળા ભક્તોને થાય છે; બીજાઓને નહિ.

ચિદાનંદમય દેહ તુમ્હારી । બિગત બિકાર જાન અધિકારી ॥

ભગવાને પણ કહ્યું છે—

નાહં પ્રકાશઃ સર્વસ્ય યોગમાયાસમાવૃતઃ ।
મૂઢોઽયં નાભિજાનાતિ લોકો મામજમવ્યયમ્ ॥

(ગીતા ૭ । ૨૫)

'પોતાની યોગમાયાથી છુપાયેલો એવો હું બધાને પ્રત્યક્ષ નથી હોતો, એટલા માટે આ અજ્ઞાની જનસમુદાય મને અજન્મા, અવિનાશી પરમાત્મા તરીકે જાણતો નથી અર્થાત્ મને જન્મનાર અને મરનાર એવો સમજે છે.'

જીવોનાં શરીર તો નિત્ય, પાપમય, રોગગ્રસ્ત, લૌકિક, વિકારી, પંચ ભૌતિક તત્ત્વોવાળાં અને રજ-વીર્યથી ઉત્પન્ન થનારાં હોય છે અને પરમાત્માનો તે સાકાર વિગ્રહ નિત્ય, પાપ-પુણ્યથી મુક્ત, અનામય, અપ્રાકૃત, વિકારરહિત, વિશુદ્ધ, પરમ દિવ્ય અને પ્રેમમય હોય છે; બીજા કરતાં તો દેવતાઓનાં શરીર પણ દિવ્ય હોય છે; પરંતુ ભગવાનનું સ્વરૂપ તેનાથી પણ અતિ દિવ્ય વિલક્ષણ હોય છે, જેનું દેવતાલોકો પણ દર્શન કરવાની ઇચ્છા રાખે છે (ગીતા ૧૧ । ૫૨).

ભગવાન શ્રીરામ તથા શ્રીકૃષ્ણ જ્યારે આ પૃથ્વી પર અવતરિત થયા, ત્યારે તે સમયે તેઓ માતા કૌશલ્યા અને દેવકીના ગર્ભથી ઉત્પન્ન થયા નથી. પહેલાં તેમને પોતાનાં શંખ, ચક્ર, ગદા, પદ્મધારી સ્વરૂપમાં દર્શન આપીને ત્યારબાદ તેઓ જ માતાની પ્રાર્થનાથી બાળરૂપમાં લીલા કરવા લાગ્યા.

શ્રીતુલસીદાસજી કહે છે—

ભએ પ્રગટ કૃપાલા દીનદયાલા કૌશલ્યા હિતકારી ।
હરષિત મહતારી મુનિ મન હારી અદ્ભુત રૂપ બિચારી ॥
લોચન અભિરામા તનુ ઘનસ્યામા નિજ આયુધ ભુજ ચારી ।
ભૂષન બમરાલા નયન બિસાલા સોભાસિંધુ ખરારી ॥
માતા પુનિ બોલી સો મતિ ડોલી તજહુ તાત યહ રૂપા ।
કીજૈ સિસુલીલા અતિ પ્રિયસીલા યહ સુખ પરમ અનૂપા ॥
સુનિ બચન સુજાના રોદન ઠાના હોઇ બાલક સુરભૂપા ।
ઉપસંહર વિશ્વાત્મન્નદો રૂપમલૌકિકમ્ ।
શંખચક્રગદાપદ્મશ્રિયા જુષ્ટં ચતુર્ભુજમ્ ॥

(શ્રીમદ્ભા૦ ૧૦ । ૩ । ૩૦)

માતા દેવકીએ કહ્યું—'વિશ્વાત્મન્ ! શંખ, ચક્ર, ગદા અને પદ્મ શોભાથી યુક્ત આ ચાર ભૂજાવાળા આપના અલૌકિક દિવ્યરૂપને હવે છુપાવી લો.'

જ્યારે ભગવાન શ્રીરામ પરમધામ સિધાવવાના થયા, ત્યારે તે સમયે તેઓ અન્તર્ધાન થયા હતા. મનુષ્ય-શરીરની જેમ તેમનો દેહ અહીંયાં ના રહ્યો, તેઓ એ જ શરીર સાથે વૈકુંઠધામમાં ચાલ્યા ગયા.

પિતામહવચઃ શ્રુત્વા વિનિશ્ચિત્ય મહામતિઃ ।
વિવેશ વૈષ્ણવં તેજઃ સશરીરઃ સહાનુજઃ ॥

(વા૦ રા૦ ઉત્તરકાણ્ડ ૧૧૦ । ૧૨)

'મહામતિ ભગવાને પિતામહ બ્રહ્માજીનાં વચન સાંભળીને અને તે અનુસાર નિશ્ચય કરી જાણે ભાઈઓ સાથે પોતાના તે જ શરીરથી વૈષ્ણવ-તેજમાં પ્રવેશ કર્યો.'

આવી રીતે ભગવાન શ્રીકૃષ્ણને માટે પણ એવાં જ વચન મળે છે.

શ્રીમદ્‌ભાગવતમાં લખ્યું છે—

લોકાભિરામાં સ્વતનું ધારણાધ્યાનમંગલમ્ ।
યોગધારણયાऽऽગ્નેય્યાદગ્ધ્વા ધામાવિશત્ સ્વકમ્ ॥

(શ્રીમદ્‌ભા૦ ૧૧ । ૩૧ । ૬)

'ધારણા અને ધ્યાન માટે અત્યંત મંગલરૂપ પોતાની લોકાભિરામ એવી મોહિની મૂર્તિને યોગ-ધારણાથી ઉત્પન્ન થયેલા અગ્નિ દ્વારા ભસ્મ કર્યા સિવાય જ ભગવાને પોતાના ધામમાં પ્રવેશ કર્યો.'

ભગવાનની સૃષ્ટિમાં સૃજન, પાલન, સંહાર વગેરે તથા પોતાના અવતારલીલા વગેરે જેટલાં પણ કર્મ હોય છે, તે બધા પરમ દિવ્ય, ઉજ્જ્વલ, પ્રકાશમય, આનંદમય, વિશુદ્ધ તેમજ અલૌકિક હોય છે. ભગવાન જેવાં કર્મો સાધારણ મનુષ્ય કરી જ કેવી રીતે શકે; ઋષિ, મુનિ, દેવતા અને મહાત્મા પણ નથી કરી શકતા. જીવન્મુક્ત અને કારક પુરુષોની પણ ક્રિયાઓ ભગવાનની ક્રિયાઓ જેવી નથી હોતી. ભગવાનનાં કાર્યો આ બધાં કરતાં અત્યંત વિલક્ષણ અને અદ્‌ભુત હોય છે. તેવાં કર્મો ગમે તેટલાં કોઈ શક્તિશાળી પણ કેમ ના હોય, કરી શકતો નથી. કારણ એ છે કે બીજા લોકોમાં શક્તિ, વિદ્યા, પ્રભાવ, ઐશ્વર્ય વગેરે સીમિત

હોય છે અને તે પણ ભગવાને આપેલાં તથા તે સર્વશક્તિસ્ત્રોતના અંશમાત્રથી જ પ્રકાશિત હોય છે. તેથી સર્વૈશ્વર્યસંપન્ન અમિત પ્રભાવશાળી ભગવાનનાં કર્મ તે બધાં કરતાં બધી રીતે વિલક્ષણ, દિવ્ય અને અદ્‌ભુત હોય છે.

ભગવાનમાં અજ્ઞતા, જડતા, ભૂલ, આળસ, પ્રમાદ, અસાવધાની, ભ્રમ વગેરે કોઈ પણ દોષની જરાપણ સંભાવના ન હોવાથી તથા જ્ઞાન, ચેતનતા, સાવધાની અને વિજ્ઞતા વગેરે સ્વાભાવિક રીતે જ અવિચલ રૂપથી નિત્ય વિદ્યમાન રહેવાને કારણે તેમનાં કર્મ અત્યંત જ ઉજ્જ્વળ હોય છે.

એટલા માટે તેમનાં લીલા-કર્મોનો તથા ગીતા વગેરે પરમ રહસ્યમય ઉપદેશોનો સંસારમાં જેટલો શ્રવણ, મનન, પઠન, કથન, કીર્તન ઇત્યાદિ દ્વારા વિસ્તાર કરવામાં આવે છે, તેટલો જ પ્રાણીમાત્રના હૃદયમાં અજ્ઞાન, અંધકાર, જડતા આદિનો વિનાશ થઈને પરમ દિવ્ય પ્રકાશમય જ્ઞાનનું સામ્રાજ્ય છવાઈ જાય છે. જ્યારે લોકોનાં હૃદયોમાં પણ તેમનાં લીલા-કર્મ તથા ઉપદેશના શ્રવણ આદિથી આટલો દિવ્ય પ્રકાશ છવાઈ જાય છે, તો પછી તેમનું સ્વયં પરમ દિવ્ય પ્રકાશમય સ્વરૂપ હોવામાં તો સંદેહ જ શું હોય.

તે પ્રેમમય ભગવાન જેમની સાથે જે કંઈ પણ વ્યવહાર કરે છે, તેમાં નિષ્કામ પ્રેમ અને અહેતુક કૃપા ભરી રહેવાને કારણે જેમની સાથે વ્યવહાર કરવામાં આવે છે, તે પ્રાણીઓ પરમ આનંદિત બની જાય છે. ભગવાન જે તરફ દૃષ્ટિ કરે છે, તે સંપૂર્ણ દિશા પ્રેમ અને આનંદમય બની જાય છે. તેમણે દૃષ્ટિપાત કરેલી વસ્તુઓમાં, તેમની ક્રીડા-ભૂમિમાં એટલો આનંદ અને પ્રેમ ભરેલો છે કે હજારો-લાખો વર્ષો સુધી તેમનાથી લોકોને પરમ લાભ થતો રહ્યો છે. ભાવુક પ્રેમી ભક્ત તે લીલા-સ્થળોમાં નિવાસ કરે છે અને જન્મ-મરણ ઇત્યાદિ સાંસારિક દુઃખોથી સર્વથા મુક્ત બનીને તે પરમાનંદનો પ્રત્યક્ષ અનુભવ કરે છે.

જેઓ ભગવાનને અનુકૂળ થઈને, પ્રેમ રાખીને, શ્રદ્ધા-બુદ્ધિથી તેમનાં દર્શન ઇત્યાદિ કરે છે; તેમના આનંદ-લાભનું તો કહેવું જ શું ? જેઓ દ્વેષભાવથી ભગવાનથી વિરોધ રાખીને વિપરીત આચરણોમાં જ લાગ્યા રહે છે, તેમને પણ ભગવાન દયાવશ થઈને પોતાના હાથોથી મારીને પોતાનું પરમ દિવ્ય આનંદમય

ધામ પ્રદાન કરે છે. તેમની મારવાની ઇત્યાદિ ક્રિયાઓમાં પણ પરમકલ્યાણ ભરેલું હોય છે, એટલા માટે તેમની સંપૂર્ણ ક્રિયા માત્ર જ આનંદમય છે.

લાલને તાડને માતુર્નાકારુણ્યં યથાર્ભકે ।
તદ્વદેવ મહેશસ્ય નિયન્તુર્ગુણદોષયોઃ ॥

'જેવી રીતે માતાની બાળક પર તેનું પાલન કરવામાં અને મારવામાં ક્યારેય અકૃપા હોતી નથી, તે રીતે ગુણ-દોષ ઉપર નિયંત્રણ કરનાર પરમેશ્વરની ક્યાંયે કોઈ પર અકૃપા નથી હોતી.'

પૂર્ણતમ પુરુષોત્તમ ભગવાનનાં સઘળાં કર્મો નિઃસ્વાર્થ ભાવથી થાય છે. એ કર્મોમાં ક્યાંયે પણ જરાયે સ્વાર્થ હોતો નથી. માત્ર પ્રાણીઓ પર અકારણ કરુણા કરવા માટે જ તેઓ નિઃસ્વાર્થભાવથી કર્મોનું આચરણ કર્યા કરે છે. તેમને પોતાના માટે કંઈ પણ કર્તવ્ય અથવા પ્રાપ્ત કરવાનું હોતું નથી તોપણ તેઓ લોકસંગ્રહાર્થે જગતના કલ્યાણ માટે જ કર્મોમાં પ્રવૃત્ત હોય છે. ભગવાન ગીતામાં જાતે કહે છે—

ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન ।
નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ ॥

(૩ । ૨૨)

'હે અર્જુન ! મારું આ ત્રણે લોકમાં ના તો કંઈ કર્તવ્ય છે અને કંઈ પણ પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ અપ્રાપ્ત છે, તોપણ હું કર્મમાં જ વર્તન કરું છું.'

ભગવાનનાં કર્મોમાં પોતાનો કોઈ નિજી સ્વાર્થ યા કામના હોતી નથી. તેમનાં કર્મો પવિત્ર અને પાપ-મુક્ત હોય છે. તેમના ઉપદેશો, ભાવ અને આચરણોનું અનુસરણ કરવાથી પાપીમાં પાપી પરમ વિશુદ્ધ તરન-તારન બની જાય છે. એટલા માટે ભગવાનનાં કર્મો પરમ વિશુદ્ધ અને નિર્વિકાર હોય છે.

ભગવાનનાં કર્મો અલૌકિક હોય છે. જ્યાં દેવતાઓની પણ કલ્પના પહોંચી શકતી નથી અને જે બિલકુલ અસંભવ હોય છે, તે કર્મોને પણ તેઓ સંભવ કરી દેખાડે છે. તેમની તો માયા જ અઘટન-ઘટનાપટીયસી છે, તો પછી તે માયાના એકમાત્ર અધીશ્વર પરમાત્માના કર્મ સર્વથા અલૌકિક હોય, તેમાં તો કહેવું જ શું હોય ?

જેવી રીતે સર્વત્ર પરિપૂર્ણ સામાન્ય અગ્નિ સાધનો વડે સાકારરૂપથી પ્રગટ થઈ જાય છે, તેવી રીતે તે સર્વત્ર અસ્તિરૂપ દ્વારા પ્રતીત થનાર નિર્ગુણ સત્તત્ત્વ જ પોતાની અહેતુક કૃપા અને ભક્તોના પ્રેમથી વશ થઈને દિવ્ય વિગ્રહરૂપે પ્રગટ થાય છે.

પ્રકાશ-તત્ત્વ

ભગવાનના વિગ્રહનો પ્રકાશ દિવ્ય હોય છે. તે નિર્ગુણ સર્વવ્યાપી ચિન્મયસ્વરૂપ જ સ્થૂળરૂપે પ્રકાશ-સ્વરૂપે આવે છે. તે પ્રકાશ પ્રાકૃત નેત્રોનો વિષય નથી હોતો, દિવ્ય ચક્ષુથી જ જોઈ શકાય છે. ભગવાને અર્જુનને કહ્યું છે—

ન તુ માં શક્યસે દ્રષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા।
દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્॥

(ગીતા ૧૧ । ૮)

'પરંતુ તું આ તારાં પ્રાકૃત નેત્રો વડે મને જોવામાં નિઃસંદેહ સમર્થ નથી; તેથી હું તને દિવ્ય અર્થાત્ અલૌકિક ચક્ષુ આપું છું; એનાથી તું મારી ઈશ્વરીય યોગશક્તિને નિહાળ.'

જો કે અવતાર સમયે ભગવાનનો વિગ્રહ બધાની સમક્ષ હોવાથી બધાને તેમનાં દર્શન થાય છે, પરંતુ તેમને યોગમાયાથી આવૃત્ત સામાન્ય મનુષ્યના રૂપમાં દર્શન થાય છે, દિવ્ય રૂપનાં નહિ.

ભગવાનનો તે દિવ્ય પ્રકાશ સૂર્ય, ચંદ્રમા વગેરેના પ્રકાશથી અત્યંત મહાન અને વિલક્ષણ હોય છે. સંજયે ગીતામાં કહ્યું છે—

દિવિ સૂર્યસહસ્રસ્ય ભવેદ્ યુગપદુત્થિતા।
યદિ ભાઃ સદૃશી સા સ્યાદ્ભાસસ્તસ્ય મહાત્મનઃ॥

(૧૧ । ૧૨)

'આકાશમાં હજારો સૂર્યોનો એકી સાથે ઉદય થવાથી જે પ્રકાશ ઉત્પન્ન થાય, તે વિશ્વરૂપ પરમાત્માના પ્રકાશ સમાન કદાચિત્ જ હોય.'

જેવી રીતે સૂર્યનો પ્રકાશ હોય છે; તેવી રીતે ભગવાનના વિગ્રહનો પણ પ્રકાશ હોય છે; પરંતુ તેમાં તીક્ષ્ણતા, ઉષ્ણતા અને દુર્નિરીક્ષ્યતા નથી. ભગવાનના

વિગ્રહનો પ્રકાશ સૂર્યથી પણ ઘણો અધિક હોય છે; પરંતુ સૂર્યની માફક તીક્ષ્ણતા હોતી નથી; તે તો ચંદ્રમાની સમાન જ નહિ, ચંદ્રમાથી પણ વધારે વિલક્ષણ, સૌમ્ય, શાંત, શીતળ અને નેત્રાકર્ષણ હોય છે. વાસ્તવમાં તે સૂર્ય-ચંદ્ર જેવો જ નથી અને સૂર્ય-ચંદ્રમા તેને પ્રકાશિત કરી શકતા જ નથી; ભગવાનનો પ્રકાશ એમનાથી ઘણો વિલક્ષણ હોય છે. ભગવાન કહે છે—

ન તદ્ ભાસયતે સૂર્યો ન શશાંકો ન પાવકઃ ।
યદ્ ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥

(ગીતા ૧૫ । ૬)

'જે પરમ પદને પ્રાપ્ત કરીને મનુષ્યો ફરીથી સંસારમાં નથી આવતા—તે સ્વયંપ્રકાશ પરમપદને ના તો સૂર્ય પ્રકાશિત કરી શકે છે, ના ચંદ્રમા અને ના અગ્નિ પણ; તે જ મારું પરમધામ છે (જો કે ભગવત્ સ્વરૂપ જ છે.)'

વાસ્તવમાં સૂર્ય-ચંદ્રમા ઇત્યાદિ પણ ભગવાનના પ્રકાશથી જ પ્રકાશિત થાય છે, ત્યારે તેઓ તેને કેવી રીતે પ્રકાશિત કરી શકે છે ? કારણ કે તેમનું તે તેજ પણ ભગવાનનું જ તેજ છે.

યદાદિત્યગતં તેજો જગદ્ ભાસયતેઽખિલમ્ ।
યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્ તેજો વિદ્ધિ મામકમ્ ॥

(ગીતા ૧૫ । ૧૨)

'સૂર્યમાં રહેલું જે તેજ છે, તે સંપૂર્ણ જગતને પ્રકાશિત કરે છે તથા જે તેજ ચંદ્રમામાં છે અને અગ્નિમાં છે, તેને તું મારું જ તેજ જાણ.'

સૂર્ય-ચંદ્રમાનો પ્રકાશ તો પાર્થિવ પદાર્થોથી આવૃત્ત થઈ જાય છે, તેથી તેનાથી છાયા પણ પડે છે, પરંતુ ભગવત્-વિગ્રહનો પ્રકાશ ભલે પહાડ પણ આડે શા માટે ન આવે, આવૃત્ત નથી થતો અને ના છાયા પણ પડે છે. તે પ્રકાશ દિવ્ય ચિન્મય હોય છે અને સૂર્ય-ચંદ્રમાનો પ્રકાશ ભૌતિક હોય છે.

ચિતિ-શક્તિ જાતે આત્મસ્વરૂપ છે. તે બુદ્ધિ-તત્ત્વથી જાણવા છતાં જ્ઞાનરૂપથી માલૂમ થાય છે, અને તે જ નેત્રરૂપથી દેખાવા છતાં પ્રકાશરૂપથી પ્રગટ દેખાવા લાગે છે, તત્ત્વતઃ તે ચિતિ, ભાતિ અને પ્રકાશ એક જ વસ્તુ છે.

પ્રેમ-તત્ત્વ

તેઓ નિર્ગુણ આનંદમય સર્વત્ર પરિપૂર્ણ પરમાત્મા જ પ્રેમરૂપથી સાકાર-નિગ્રહના રૂપે પ્રગટ થાય છે. પરમાત્માનો પ્રેમ ઘણો વિલક્ષણ છે. પરમાત્માનો દિવ્ય વિગ્રહ પ્રેમમય હોય છે, જેનાં દર્શન કરવાથી ખર, દૂષણ, જરાસંધ જેવા વિરોધી જીવોનાં પણ ચિત્ જબરદસ્તીથી ખેંચાઈ જાય છે. તેમના તે પ્રેમમય વિગ્રહમાં વિલક્ષણ આકર્ષણ હોય છે. જે જગ્યાએ ભગવાનની કથા હોય છે, લીલા-વિગ્રહ વગેરેનું વર્ણન હોય છે, ત્યાં પણ પ્રેમ, આનંદ અને શાંતિનું પૂર આવી જાય છે, સર્વત્ર પરમ શાંતિમય વાતાવરણ છવાઈ જાય છે, તે વર્ણન સાંભળીને શ્રદ્ધાળુ પ્રેમીઓનું હૃદય પ્રેમથી તરબોળ થઈ જાય છે. તેમનાં નેત્રોમાંથી આંસુઓની ધારા વહેવા લાગે છે, કંઠ ગદ્ગદ થઈ જાય છે, વાણી અવાક્ થઈ જાય છે અને સઘળાં અંગ પુલકિત થઈ ઊઠે છે. એ પ્રકારે ભક્તો પ્રેમમાં પાગલ થઈ જાય છે. મહાત્મા શ્રીનન્દદાસજી કહે છે—

કૃષ્ણ નામ જબ શ્રવણ સુન્યૌ રી આલી !
ભૂલી રી ભવન મૈં તૌ બાવરી ભઈ રી ।

જો તેની કથા-વાર્તા સાંભળવાથી જ આટલી અસર પડે છે, તો તે સ્વયં કેટલા પ્રેમમય છે—તેનો અનુભવ તો પરમ પ્રેમાસ્પદ એવા ભગવાનનાં દર્શન કરનાર સાચા પ્રેમી ભક્તો જ કરી શકે છે; પરંતુ તેઓ પણ તે પ્રેમનું વર્ણન કરવામાં પોતાને અસમર્થ જ સમજે છે. પ્રેમના સ્વરૂપનું વર્ણન કરતાં શ્રીનારદજી કહે છે—

'અનિર્વચનીયં પ્રેમસ્વરૂપમ્ ।' 'મૂકાસ્વાદનવત્ ।' 'પ્રકાશતે ક્વાપિ પાત્રે ।' 'ગુણરહિતં કામનારહિતં પ્રતિક્ષણવર્ધમાનવિચ્છિન્નં સૂક્ષ્મતરમનુભવરૂપમ્ ।'

(નારદભક્તિસૂત્ર ૫૧ થી, ૫૪)

'પ્રેમનું સ્વરૂપ અવર્ણનીય છે.' 'ગૂંગાના સ્વાદની જેમ તેનું વર્ણન થઈ શકતું નથી.' 'એવો પ્રેમ કોઈ યોગ્ય પાત્ર(પ્રેમી)માં જ પ્રગટ થાય છે.' 'આ પ્રેમ ગુણરહિત છે, કામનારહિત છે, પ્રતિક્ષણ વૃદ્ધિ પામે છે, વિચ્છેદરહિત છે, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મતર છે અને અનુભવરૂપ છે.'

જે આ પ્રેમતત્ત્વને જાણી લે છે, તે જાતે જ પ્રેમમય બની જાય છે. તેને

પ્રેમ-જ-પ્રેમ દેખાય છે, પ્રેમમય ભગવાન સિવાય તેને અન્ય કોઈ વસ્તુ નજરે જ નથી આવતી.

આ ભગવત્-પ્રેમ એ વાણીનો વિષય નથી. સંસારમાં સ્ત્રી, પુત્ર, ધન, શરીર, માન, મોટાઈ વગેરે પ્રત્યે જે પ્રેમ જોવામાં આવે છે, તે તો પ્રેમ જ નથી, રાગ છે; રાગ અને પ્રેમમાં ઘણું અંતર છે. રાગ રજોગુણી છે અને પ્રેમ ગુણોથી પર છે. ગુણોના દાયરાથી ઉપરની વસ્તુ છે. રાગમાં પોતાની ઇન્દ્રિયોની તૃપ્તિ અને પોતાનો સ્વાર્થ રહે છે. પ્રેમમાં ફક્ત પ્રેમાસ્પદનો આનંદ, એની પ્રસન્નતા અને પોતાના સ્વાર્થનો સર્વથા ત્યાગ રહે છે. રાગનો વિષય જડ, ભોગરૂપ પદાર્થ હોય છે, પરંતુ પ્રેમના વિષય સાથે સાક્ષાત્ ચિન્મય પરમાત્મા હોય છે; જડ પદાર્થ નહિ. જીવો સાથે જે પ્રેમ કરવામાં આવે છે, તેનો વિષય પણ ચેતન જ હોય છે, કારણ કે પ્રેમ સ્વયં ચિન્મય છે; પરંતુ જ્યાં કેવળ જડ શરીર પ્રત્યે આકર્ષણથી પ્રેમ હોય છે, તે પ્રેમ નહિ, તે તો રાગ જ કહેવાય છે. હા, તે પણ જો સ્વાર્થત્યાગપૂર્વક કેવળ તેના હિત માટે જ કરવામાં આવે તો પ્રેમ જ કહેવામાં આવે છે. મહાપુરુષો સાથે જે પ્રેમ કરવામાં આવે છે, ત્યાં જો શરીર પ્રત્યે આકર્ષાઈને પ્રેમ થાય છે, તોપણ તે શરીર અન્ય શરીરો કરતાં અત્યંત વિલક્ષણ હોવા ઉપરાંત ત્યાં પોતાનો લૌકિક સ્વાર્થ ના હોવાના કારણે તેને ચોક્કસપણે પ્રેમ જ માનવામાં આવે છે. તેનું ધ્યેય પારમાર્થિક સત્ય વસ્તુ છે, તેથી તે પ્રેમ શરીર સાથે હોવા છતાં પણ દોષિત નથી તથા ભગવાનમાં જે કામનાસિદ્ધિ માટે પ્રેમ કરવામાં આવે છે, તે પણ જો કે જડ વસ્તુઓની પ્રાપ્તિ માટે જ છે, તોપણ ભગવાનથી સંબંધ હોવાને કારણે તે મુક્તિપદ જ હોય છે. ભગવાને કહ્યું છે—**'મદ્ભક્તા યાન્તિ મામપિ'** (ગીતા ૭ । ૨૩) 'મારા ભક્તો મને ચાહે કોઈ પણ ભાવથી ભજે, અંતમાં તેઓ મને જ પ્રાપ્ત થાય છે' અને તેમની કામના પણ પૂર્ણ થઈ જાય છે અથવા સમાપ્ત થઈ જાય છે. મતલબ એ છે કે મહાત્માઓનાં શરીર પ્રાકૃત હોવા છતાં પણ તેમની સાથે નિઃસ્વાર્થ પ્રેમ કરનારનું ધ્યેય ચેતન છે તથા ભગવાન સાથે સકામ પ્રેમ કરનારનું ધ્યેય જડ પદાર્થ હોવા છતાં પણ ભગવાનનો વિગ્રહ ચેતનસ્વરૂપ છે—અહીંયાં એક અંશમાં કમી રહેવા છતાં પણ બંને જ જગ્યાએ ચેતનનો સંબંધ હોવાથી તે પ્રેમ જ કહેવામાં

આવે છે અને તેનાથી નિઃસંદેહ કલ્યાણ થઈ જાય છે. પરંતુ અસલી પ્રેમ તો તે છે, જે જડતારહિત, જ્ઞાનપૂર્ણ, નિષ્કલંક, નિઃસ્વાર્થ, પરમશુદ્ધ અને કેવળ પ્રેમ માટે જ હોય છે. આ પ્રેમ રાગની સમાપ્તિ થયા બાદ જાગ્રત થાય છે અને વૈરાગ્યની ઊંચામાં ઊંચી અવસ્થા થયા બાદ તેની શરૂઆત થાય છે.

તે પ્રેમ રસમય, આનંદમય, પ્રકાશમય, ત્યાગરૂપ, દિવ્ય અને પરમશાંતિ રૂપ છે. તેમાં દુઃખ, વિક્ષેપ, જલન, ચિંતા, ઉદ્વેગ, ભય વગેરેનો અંશ પણ નથી, પ્રેમ અને ભગવાન વસ્તુતઃ બે નહિ; એકમય જ છે. એવું હોવા છતાં પણ ભગવાનનાં દર્શન થવાથી પ્રેમ થઈ જ જાય, આ સર્વત્ર અબાધિત નિયમ નથી, પરંતુ પ્રેમ થયા પછી તો ભગવાન મળી જ જાય છે. એટલા માટે પ્રેમની કિંમત ભગવાન પણ નથી, પરંતુ ભગવાનની જ કિંમત પ્રેમ છે; તેથી પ્રેમ ભગવાનથી પણ વધારે છે. એટલા માટે દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરેલા ભગવત્-ભક્તો ભગવાનનાં દર્શનની પણ પરવા નથી કરતા, પરંતુ ભગવાન જ તે ભક્તોને પ્રેમ કર્યા કરે છે.

પ્રેમ ઘણી જ અલૌકિક વસ્તુ છે. તે દ્વૈત-અદ્વૈત, ભેદ-અભેદ, બધાથી નિરાળું, વિલક્ષણ, અલૌકિક તત્ત્વ છે. પ્રેમ અને આનંદ વસ્તુતઃ એક જ વસ્તુ છે. કારણ કે પ્રેમ થયા પછી જ આનંદ થાય છે અને જ્યાં આનંદ હોય છે, ત્યાં જ પ્રેમ હોય છે.

સર્વની એકતા

સત્-રૂપ પરમાત્માનું જે અસ્તિત્વ છે, જે સામાન્ય રીતે સર્વત્ર સર્વદા પરિપૂર્ણ છે, તે જ કૃપા-પરવશ થઈને ભક્તો પર અનુગ્રહ કરવા માટે શ્રીવિગ્રહરૂપથી પ્રગટ થાય છે અને જે સામાન્ય ચિન્મય જ્ઞાનસ્વરૂપ પરમાત્મા છે, તે જ શ્રીવિગ્રહના પ્રકાશરૂપથી પ્રગટ થાય છે; તથા જે નિરતિશય આનંદમય પરમાત્મા છે; તે જ શ્રીવિગ્રહમાં પ્રેમરૂપમાં પ્રગટ થાય છે. જેવી રીતે સત્, ચિત્, આનંદ—એ ત્રણે શબ્દતઃ અલગ-અલગ હોવા છતાં પણ એક જ છે અને પરમાત્માનાં સ્વરૂપો જ છે, તેનું કોઈ વિશેષણ યા ઉપાધિ નહિ, તેવી રીતે સાકાર પરમાત્મા, તેનો પ્રકાશ તથા પ્રેમ પણ કોઈ ભિન્ન ચીજો નથી.

પ્રેમ હરિકો રૂપ હૈ, ત્યોં હરિ પ્રેમ સ્વરૂપ।
એક હોય દોમેં લસૈ, જ્યોં સૂરજ અરુ ધૂપ॥

તત્ત્વ-વિવેચન

આ પ્રકારે પરમાત્માનાં સચ્ચિદાનંદઘન, નિર્ગુણ-નિરાકાર, અસ્તિ-ભાતિ-પ્રિયરૂપ સગુણ-નિરાકાર, દિવ્ય વિગ્રહ, પ્રકાશ અને પ્રેમમય સગુણ-સાકાર સ્વરૂપોનું તથા તે બધાંની એકતાનો કંઈક સંકેત કરવામાં આવ્યો. હવે એમની એકતાના પ્રતિપાદક ગીતાના નીચેના શ્લોકની થોડી વ્યાખ્યા કરવામાં આવે છે—

અજોઽપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોઽપિ સન્ ।
પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સમ્ભવામ્યાત્મમાયયા ॥

(૪ । ૯)

ભગવાન કહે છે—'હું અજન્મા અને અવિનાશીરૂપ હોવા છતાં પણ તથા સમગ્ર પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં પણ મારી પ્રકૃતિને વશ કરીને મારી યોગમાયાથી પ્રગટ થાઉં છું.'

આ શ્લોકમાં ભગવાને છ વાતો કહી છે—ત્રણ પોતાના સ્વરૂપના સંબંધમાં, બે પ્રકૃતિના સંબંધમાં અને એક અવતાર ધારણ કરવાના સંબંધમાં. એ ક્રમશઃ આ પ્રકારે છે—

હું (૧) અજન્મા હોવા છતાં પણ, (૨) અવિનાશી સ્વરૂપ હોવા છતાં પણ, (૩) સમગ્ર પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં પણ, (૪) મારી પ્રકૃતિને વશ કરીને, (૫) મારી યોગમાયાથી, (૬) પ્રગટ થાઉં છું.

આ છમાંથી 'અજન્મા' અને 'અવિનાશી' હોવા છતાં પણ—આ બે તો નિર્ગુણ-નિરાકાર તથા 'સમગ્ર પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં પણ'—આ સગુણ-નિરાકારનું તેમજ 'મારી પ્રકૃતિને વશ કરીને'—એ ભગવાનના શ્રીવિગ્રહ-તત્ત્વનું દ્યોતક છે. 'પ્રગટ થાઉં છું'—એથી પોતાના સાકારરૂપથી પ્રગટ થવાની વાત કહી છે. આવા સાકારરૂપથી પ્રગટ થવા છતાં પણ અભક્તો તેમને જાણી શકતા નથી; કારણ કે ભગવાન યોગમાયાથી સમાવૃત રહે છે—આ વાત ભગવાને 'મારી યોગમાયાથી'—આ પદ દ્વારા વ્યક્ત કરી છે.

ભગવાન અજ અર્થાત્ જન્મરહિત રહેવા છતાંય જન્મ લે છે, અર્થાત્ પ્રગટ થાય છે. જન્મ લેવા છતાં પણ ભગવાનના 'અજ'પણામાં કદી જરા માત્રામાં

પણ કમી હોતી નથી. ભગવાન અવ્યયાત્મા એટલે કે પરિવર્તન, ક્ષય, વિનાશ આદિ વિકારોથી સર્વથા રહિત રહેવા છતાંયે લોકો સમક્ષથી અંતર્ધાન થઈ જાય છે; પરંતુ અંતર્ધાન થઈ જવા છતાં પણ તેઓ ક્યારેય નષ્ટ થઈ જતા નથી. આ પ્રકારે પ્રાણીમાત્રના એકમાત્ર મહાન શાસક-ઈશ્વર રહેવા છતાંયે તેઓ એક દેશ-વિશેષમાં માતા-પિતાની આજ્ઞાનું પાલન કરનાર નામરૂપ વિશિષ્ટ બાળક બની જાય છે; બાળક બનવા છતાં પણ તેમના શાસનપણામાં કોઈ પણ ખામી નથી આવતી. તે જ ભગવાન પોતાની પ્રકૃતિને વશ કરીને પ્રગટ થાય છે; પરંતુ આ પ્રકારે પ્રગટ થવા છતાં પણ તેઓ પ્રકૃતિના ગુલામ બની જતા નથી, પરંતુ પ્રકૃતિ તો તેમને અનુકૂળ ચાલનારી તેમની દાસી જ રહે છે. તેઓ પોતાની યોગમાયાના દ્વારા પ્રગટ થાય છે, અર્થાત્ પોતાની ઉપર યોગમાયાનો પડદો રાખીને પ્રગટ થાય છે, જેથી ભગવાનની ભક્તિથી રહિત મૂઢ લોકો તેમને જાણી શકતા નથી; પરંતુ પ્રેમીભક્તો માટે પણ તે પડદો રહેતો નથી, તેઓ તો તેમનું ચિન્મય સ્વરૂપનું દર્શન કરે છે.

આ શ્લોકોમાં ભગવાને પોતાનાં નિર્ગુણ-નિરાકાર, સગુણ-નિરાકાર તેમજ સગુણ-સાકાર-સ્વરૂપની એકતા કરી છે. ભગવાન શ્રીકૃષ્ણ બતાવે છે કે તે નિર્ગુણ સચ્ચિદાનંદઘન સર્વવ્યાપી પરમાત્મા હું જ છું અને હું જ સમય-સમય પર સાકારણરૂપમાં પ્રગટ થાઉં છું. ગીતામાં કહ્યું છે—

બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમમૃતસ્યાવ્યયસ્ય ચ ।
શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ ॥

(૧૪ । ૨૭)

'તે અવિનાશી પરબ્રહ્મનું અને અમૃતનું તથા નિત્ય-ધર્મનું અને અખંડ એકરસ આનંદનું આશ્રય સ્થાન હું છું.'

અહીંયાં ભગવાને પોતાનાં જે જે રૂપોનું વર્ણન કર્યું છે, તેમનામાંથી જો એક પણ રૂપના તત્ત્વનું જ્ઞાન થઈ જાય તો મનુષ્ય જીવન્મુક્ત અને કૃતકૃત્ય થઈ જાય છે. ભગવાને ગીતામાં પોતાના કોઈ એક રૂપને પણ જાણનારને

અસંમૂઢ-જ્ઞાનવાન અને ન જાણનારને મૂઢ બતાવ્યો છે. આ વાત નીચે લખેલાં ઉદાહરણોથી સ્પષ્ટ કરી શકાય છે.

યો મામજમનાદિં ચ વેત્તિ લોકમહેશ્વરમ્ ।
અસમ્મૂઢઃ સ મર્ત્યેષુ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥

(ગીતા ૧૦ । ૩)

અહીંયાં ભગવાને પોતાના 'અજ'—જન્મરહિત રૂપને જાણનારાનું સંપૂર્ણ પાપોથી મુક્ત થવું એવું બતાવ્યું છે તથા તેને બધા મનુષ્યોમાં અસંમૂઢ-જ્ઞાની બતાવ્યો છે.

મૂઢોઽયં નાભિજાનાતિ લોકો મામજમવ્યયમ્ ॥

(ગીતા ૭ । ૨૫)

અહીંયાં 'અજ'ને નહિ જાણનારને મૂઢ કહ્યો છે.

મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ ।
ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ ॥

(ગીતા ૯ । ૧૩)

યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ।
યો મામેવમસમ્મૂઢો જાનાતિ પુરુષોત્તમમ્ ।
સ સર્વવિદ્ભજતિ માં સર્વભાવેન ભારત ॥

(ગીતા ૧૫ । ૧૭, ૧૯)

અહીંયાં ભગવાને 'અવ્યય' સ્વરૂપને જાણવાવાળાને અસંમૂઢ-જ્ઞાનવાન અને સર્વવિત્ બતાવ્યો છે.

અવ્યક્તં વ્યક્તિમાપન્નં મન્યન્તે મામબુદ્ધયઃ ।
પરં ભાવમજાનન્તો મમાવ્યયમનુત્તમમ્ ॥
મૂઢોઽયં નાભિજાનાતિ લોકો મામજમવ્યયમ્ ॥

(ગીતા ૭ । ૨૪-૨૫)

આ શ્લોકમાં 'અવ્યય' સ્વરૂપને ન જાણવાવાળાને બુદ્ધિહીન અને મૂઢ કહેવામાં આવ્યો છે.

ભોક્તારં યજ્ઞતપસાં સર્વલોકમહેશ્વરમ્ ।
સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ ॥

(ગીતા ૫ । ૨૯)

યો મામજમનાદિં ચ વેત્તિ લોકમહેશ્વરમ્ ।
અસમ્મૂઢઃ સ મર્ત્યેષુ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥

(ગીતા ૧૦ । ૩)

અહીંયાં 'સર્વલોકમહેશ્વર' રૂપને જાણવાવાળાને શાંતિની પ્રાપ્તિ બતાવી છે અને તેને અસંમૂઢ કહ્યો છે.

અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥

(ગીતા ૯ । ૧૧)

અહીં 'ભૂતમહેશ્વર' રૂપને ન જાણવાવાળાને મૂઢ બતાવ્યો છે. વળી ચોથા અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં વર્ણવેલી પ્રકૃતિ અને યોગમાયા એ બંને અલગ-અલગ તત્ત્વ છે. પ્રકૃતિ પરમાત્માની એક દિવ્ય શક્તિ છે અને તે પ્રકૃતિના જ એક અવિદ્યામય અંશને અજ્ઞાન યા માયા કહે છે. જો કે પ્રકૃતિના કાર્યરૂપ ત્રણે ગુણોવાળી છે. જ્ઞાનમાર્ગી આ પ્રકૃતિને વિદ્યા કહે છે અને બ્રહ્મવિદ્યા—અધ્યાત્મવિદ્યા (ગીતા ૧૦ । ૩૨)નું અવલંબન લઈને અવિદ્યાનો નાશ કરીને પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરે છે તથા ભક્તજન એને ભગવાનની ભક્તિ—દૈવી સંપત્તિ કહે છે, જેનો આશ્રય લઈને તેઓ ભગવાનનાં દર્શન કરે છે. તે જ ભગવાન તરફ લઈ જનારી ભગવાનની દૈવી પ્રકૃતિ છે.

મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ ।
ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ ॥

(ગીતા ૯ । ૧૩)

આમાં પરમાત્માની દૈવી પ્રકૃતિનો આશ્રય લેનારાઓને મહાત્મા કહ્યા છે.

દૈવી યોગમાયા તો બંધનકારક, દુસ્તર, મોહિત કરનારી અને પરમાત્મા તરફથી વિમુખ લઈ જનારી છે; તેને જ અવિદ્યા કહે છે.

ત્રિભિર્ગુણમયૈર્ભાવૈરેભિઃ સર્વમિદં જગત્ ।
મોહિતં નાભિજાનાતિ મામેભ્યઃ પરમવ્યયમ્ ॥
દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥

(ગીતા ૭ । ૧૩-૧૪)

આ માયાનો આશ્રય લેનારા લોકો તે અવ્યય પરમાત્માને જાણી શકતા નથી.

ગીતામાં શોધ કરતાં એ વાત અધિક સ્પષ્ટ થઈ જાય છે કે આ માયા ગુણમયી છે. ગુણો માયાથી ઉત્પન્ન થતા નથી. એમને તો ભગવાને પ્રકૃતિથી ઉત્પન્ન થતા બતાવ્યા છે. જેમ—

કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજૈર્ગુણૈઃ । (૩ । ૫)
વિકારાંશ્ચ ગુણાંશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસમ્ભવાન્ ॥ (૧૩ । ૧૯)
પુરુષઃ પ્રકૃતિસ્થો હિ ભુંક્તે પ્રકૃતિજાન્ગુણાન્ । (૧૩ । ૨૧)
સત્ત્વં રજસ્તમ ઇતિ ગુણાઃ પ્રકૃતિસમ્ભવાઃ । (૧૪ । ૫)
સત્ત્વં પ્રકૃતિજૈર્મુક્તં યદેભિઃ સ્યાત્ત્રિભિર્ગુણૈઃ ॥ (૧૮ । ૪૦)

ભગવાને માયાને ગુણમયી બતાવી છે, પ્રકૃતિને નહિ. 'મયટ્' પ્રત્યય વિકારના અર્થમાં પણ હોય છે. માટે અહીં માયાને ગુણોનો વિકાર માની છે.પ્રકૃતિ તો ગુણોથી શું માયાથી પણ પરની વસ્તુ છે. માટે ભગવાન પ્રકૃતિને વશમાં કરીને લીલા-વિગ્રહ ધારણ કરવા છતાં પણ માયાવી યા ગુણમય નથી થઈ જતા. તેઓ તો સદા સર્વથા દિવ્ય અમાયાવી ગુણાતીત જ સ્થિર રહે છે, પરંતુ માયાનો પરદો લઈને પ્રગટ થવાના કારણે સાધારણ જીવ તેમને જાણી શકતા નથી અને ભગવાનને સાધારણ મનુષ્ય માની લે છે. (ગીતા ૭ । ૨૪; ૯ । ૧૧)

આ રીતે માયા અને પ્રકૃતિ—એ બંને જુદાં જુદાં તત્વો છે અને તેમાં ઘણો તફાવત છે.

અહીંયાં એ વાત સમજવાની છે કે સગુણ-સાકાર પરમાત્મા અજ, અવ્યય અને ગુણાતીત છે. ભગવાનનો દિવ્ય વિગ્રહ પ્રકૃતિજન્ય ત્રણે ગુણોની અંદર નથી. ભગવાને કહ્યું છે—

ત્રિભિર્ગુણમયૈર્ભાવૈરેભીઃ સર્વમિદં જગત્‌ ।
મોહિતં નાભિજાનાતિ મામેભ્યઃ પરમવ્યયમ્‌ ॥

(૭ । ૧૩)

'ગુણોના કાર્યરૂપ સાત્ત્વિક, રાજસ અને તામસ—આ ત્રણ પ્રકારના ભાવોથી આ બધો સંસાર—પ્રાણીસમુદાય મોહિત થઈ રહ્યો છે, એટલા માટે આ ત્રણે ગુણોથી પર એવા મને અવિનાશી પરમાત્માને જાણતો નથી.'

સગુણ-સાકાર ભગવાન આ ત્રણે ગુણોથી અત્યંત પર છે. જ્યારે તેમની ઉપાસના કરવાથી જ મનુષ્ય ગુણાતીત થઈ જાય છે, તો પછી તેઓ જાતે ત્રણે ગુણોથી પર છે, એમાં તો શંકા જ શી હોય ? ભગવાન કહે છે—

માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે ।
સ ગુણાન્‌ સમતીત્યૈતાન્‌ બ્રહ્મભૂયાય કલ્પતે ॥

(૧૪ । ૨૬)

'જે પુરુષ અવ્યભિચારી ભક્તિયોગ દ્વારા મને નિરંતર ભજે છે, તે આ ત્રણે ગુણોને સારી રીતે ઓળંગીને સચ્ચિદાનંદઘન બ્રહ્મને પ્રાપ્ત કરવા માટે યોગ્ય બની જાય છે.'

જો સાકાર ભગવાન ત્રણે ગુણોની અંદર હોય તો તેમની ઉપાસના કરવાથી મનુષ્ય ગુણાતીત કેવી રીતે થઈ શકે. તેથી ભગવાનનો દિવ્ય વિગ્રહ માયિક નથી. જો માયિક હોત તો આત્મનિષ્ઠ જ્ઞાનીજનોનું તેમાં આકર્ષણ કેમ કરીને થાત ? તત્ત્વજ્ઞાની જનકજીનું પણ મન ભગવાન શ્રીરામ-લક્ષ્મણના સ્વરૂપને જોઈને આકર્ષિત થઈ જાય છે. ગોસ્વામી તુલસીદાસજીએ તેમની સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું છે—

મૂરતિ મધુર મનોહર દેખી। ભયઉ બિદેહુ બિદેહુ બિસેષી ॥
પ્રેમ મગન મનુ જાનિ નૃપુ કરિ બિબેકુ ધરિ ધીર ।
બોલેઉ મુનિ પદ નાઇ સિરુ ગદગદ ગિરા ગભીર ॥

સહજ બિરાગરૂપ મનુ મોરા। થકિત હોત જિમિ ચંદ ચકોરા॥

ઇન્હહિ બિલોકત અતિ અનુરાગા। બરબસ બ્રહ્મ સુખહિ મન ત્યાગા॥

પુનિ પુનિ પ્રભુહિ ચિતવ નરનાહૂ। પુલક ગાત ઉર અધિક ઉછાહૂ॥

એક વખતે સનકાદિ ઋષિઓ વૈકુંઠમાં જઈ રહ્યા હતા, ત્યાં ભગવાનના દ્વારપાલ જય-વિજયે તેમને અંદર જતાં રોક્યા. ત્યારે સનકાદિએ તેમને ત્રણ જન્મો સુધી રાક્ષસ થવાનો શાપ આપી દીધો. ભગવાન પોતાના અનુચરો દ્વારા શ્રેષ્ઠ પુરુષોનું અપમાન થયેલું જાણીને જાતે લક્ષ્મીજી સાથે ત્યાં પધાર્યા. તે સમયે ભગવાનનાં દર્શનથી તેમની જે દશા થઈ, તે ઘણી વિલક્ષણ હતી. ભાગવતકાર લખે છે—

તસ્યારવિન્દનયનસ્ય પદારવિન્દ—
કિંજલ્કમિશ્રતુલસીમકરન્દવાયુઃ।
અન્તર્ગતઃ સ્વવિવરેણ ચકાર તેષાં
સંક્ષોભમક્ષરજુષામપિ ચિત્તતન્વોઃ॥

(૩।૧૫।૪૩)

'પ્રણામ કરવાથી તે કમલરૂપીનેત્રવાળા ભગવાનના ચરણરૂપી કમળની પરાગથી મળેલી તુલસી–મંજરીની હવાએ તેમનાં નાસિક–છિદ્રોમાં પ્રવેશ કરીને તે અક્ષર પરમાત્મામાં નિત્ય સ્થિત રહેવાવાળા જ્ઞાની મહાત્માઓનાં પણ ચિત્ત અને શરીરને ક્ષુબ્ધ કરી દીધાં.'

જેમનું મન 'સહજ વિરાગરૂપ હતું, જેમને '**દુઃખદોષાનુદર્શનમ્**'નું સાધનાપૂર્વક વૈરાગ્ય કરવો નથી પડ્યો, તે જનક અને સનકાદિ ઋષિઓનાં ચિત્ત પણ ભગવાન તરફ ખેંચાઈ જાય છે તે વિલક્ષણ પ્રેમ-સાગર ભગવાન માયિક કેવી રીતે હોઈ શકે ?

આ નિર્ગુણ-સગુણ-સાકાર તત્ત્વની એકતા બતાવવાવાળા શ્લોકમાં '**અપિ**' અને '**સન્**' પદોને બે વાર આપવાનો એ સ્વારસ્ય છે કે નિર્ગુણ, નિરાકાર, સગુણ-નિરાકાર અને સગુણ-સાકાર વસ્તુતઃ એક જ તત્ત્વ છે. એમનામાં અનેકતા તો સાધકોની દૃષ્ટિભેદને જ કારણે દેખાય છે. પરમાત્માનું જે ધ્યાન, ચિંતન ,ધારણા, ભાવના અને જ્ઞાન કરવામાં આવે છે, તે બધું મન-બુદ્ધિ દ્વારા કરવામાં

આવે છે અને પરમાત્મા વસ્તુતઃ મન-બુદ્ધિથી અતીત છે. તેથી વૃત્તિના દ્વારા જે કંઈ પણ નિશ્ચય કરવામાં આવે છે, તેનાથી પરમાત્મા વાસ્તવમાં પર જ રહી જાય છે. એટલા માટે મન-બુદ્ધિથી પકડેલું પરમાત્માનું કોઈ પણ સ્વરૂપ વાસ્તવિક નહિ પરંતુ કાલ્પનિક જ છે. જો કે મન-બુદ્ધિ પરમાત્માના યથાર્થ સ્વરૂપ સુધી પહોંચી શકતા નથી, તો પણ પરમાત્મા તો સર્વાતીત હોવાથી સાધકની કલ્પનામાં પણ મોજૂદ છે જ; કારણ કે તેઓ દેશ, કાળ, વસ્તુ, ભાવ અને ધારણા—બધામાં અવિચ્છિન્ન રૂપથી સદાયે વિદ્યમાન છે તથા પરમાત્માની પ્રાપ્તિ માટે સાધન કરવાવાળા પુરુષનું લક્ષ્ય પરમાત્મા હોવાને કારણે તેમના પરમ ભાવને સમજીને સગુણ, નિર્ગુણ, સાકાર, નિરાકાર કોઈ પણ રૂપની ગમે તેવી પણ ભાવના શા માટે ના કરવામાં આવે, તેનું પણ પરિણામ પરમાત્માની પ્રાપ્તિ જ હોય છે. તેથી પરમાત્માની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી જે પણ કોઈ સાધન કરવામાં આવે છે તેનું ફળ વસ્તુતઃ સત્ય-સ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ જ હોવાને કારણે બધાં સાધન વસ્તુતઃ સત્ય જ છે, કાલ્પનિક નહિ.

પરમાત્મા સર્વત્ર, સર્વદા વિદ્યમાન છે; પરંતુ લક્ષ્ય પરમાત્મા ન રહેવાને કારણે જ મનુષ્ય શાંતિલાભથી વંચિત રહે છે. જો તેનું લક્ષ્ય પરમાત્મા થઈ જાય તો કોઈ પણ શાસ્ત્રોક્ત ઉપાયથી પરમ શાંતિની પ્રાપ્તિ થઈ શકે છે. કોઈ પણ માર્ગથી ચાલે, વાસ્તવિક પરમાત્માની પ્રાપ્તિ પછી તો તે પુરુષની સ્થિતિમાં જરાપણ અંતર હોતું નથી; પરંતુ સાધનકાળમાં ઉપાયભેદને કારણે અંતર રહે છે તથા સાધનને અંતિમ સીમાની પ્રાપ્તિમાં પણ ભેદ રહે છે. નીચે આ વિષય બાબતે કંઈક લખવામાં આવે છે.

દર્શન, જ્ઞાનપ્રવેશનું પ્રકરણ

સગુણ-સાકાર ભગવાનની ભક્તિ કરનારા ભક્તોને પરમાત્માનાં દર્શન, તેમનું તત્ત્વજ્ઞાન અને તેમના સ્વરૂપની પ્રાપ્તિ—ત્રણેય થાય છે. ભગવાને કહ્યું છે કે—

ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમેવંવિધોઽર્જુન।
જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરંતપ॥

(ગીતા ૧૧ । ૫૪)

'પરંતપ અર્જુન ! અનન્ય ભક્તિ વડે એ પ્રકારે ચતુર્ભુજ સ્વરૂપવાળો હું પ્રત્યક્ષ જોવા માટે, તત્ત્વથી જાણવા માટે તથા પ્રવેશ કરવા માટે અર્થાત્ એકીભાવથી પ્રાપ્ત થવા માટે પણ શક્ય છું.'

સગુણ-નિરાકારની ઉપાસનાની બે પ્રણાલીઓ હોય છે—એક તો પરમાત્મા સર્વત્ર પરિપૂર્ણ છે અને હું તેમનો દાસ છું—એ પ્રકારના ભેદ-ભાવપૂર્વક કરવામાં આવે છે. જેમ કે—

સો અનન્ય જાકેં અસિ મતિ ન ટરઇ હનુમંત।
મૈં સેવક સચરાચર રૂપ સ્વામિ ભગવંત॥

બીજી પ્રણાલીમાં અભેદભાવ કહે છે કે બધા પરમાત્મા જ છે, હું કંઈ તેનાથી અલગ વસ્તુ નથી.

યદા ભૂતપૃથગ્ભાવમેકસ્થમનુપશ્યતિ।
તત એવ ચ વિસ્તારં બ્રહ્મ સમ્પદ્યતે તદા॥

(ગીતા ૧૩ । ૩૦)

આ બંનેમાં ભેદ-પ્રણાલીથી ચાલનાર સાધન સમય દરમિયાન ભેદ માનીને સિદ્ધિ-સમયમાં પોતાનાથી અભિન્ન પણ માની શકે છે અને ભિન્ન પણ. ભિન્ન માનવાવાળો તો ઉપર્યુક્ત સગુણ-સાકારની ઉપાસનાના માર્ગ દ્વારા પરમાત્માનાં દર્શન કરીને તથા તત્ત્વથી જાણીને તેમને પ્રાપ્ત કરી લે છે અને સિદ્ધિકાળમાં સાધ્યને પોતાનાથી અભિન્ન માનવાવાળો પરમાત્માના સ્વરૂપને તત્ત્વતઃ જાણીને નિર્ગુણ-નિરાકારને પ્રાપ્ત થઈ જાય છે. તેને સાકાર-વિગ્રહની ભાવના તથા દર્શનની ઇચ્છા ના રહેવાને કારણે તેમનાં દર્શન થતાં નથી.

સગુણ-સાકારની ઉપાસનાથી આંખોથી દર્શન, બુદ્ધિથી જ્ઞાન અને આત્માની પ્રાપ્તિ—એ ત્રણેય હોય છે અને સગુણ-નિરાકારની ઉપાસનાથી કેવળ બુદ્ધિથી જ્ઞાન અને આત્માથી પ્રાપ્તિ—એ બે જ હોય છે. એ પ્રમાણે મન-બુદ્ધિનો વિષય ન હોવાથી નિર્ગુણ-નિરાકારની તો ઉપાસના જ થઈ શકતી નથી; ત્યાં કેવળ આત્માની જ પ્રાપ્તિ થાય છે.

અભેદ-ભેદમાર્ગનું વર્ણન

સાધનનો પ્રારંભ સગુણ-નિરાકારથી જ થાય છે. સાધનના મુખ્ય ભેદ બે જ છે—નિર્ગુણ અને સગુણની ઉપાસના અથવા એમ કહો કે અભેદ અને ભેદમાર્ગ.

નિર્ગુણ-નિરાકારનો ઉદ્દેશ્ય રાખીને અભેદભાવથી ઉપાસના કરવામાં મુખ્ય સાધન છે—એક સચ્ચિદાનંદઘન પરમાત્મા જ સર્વત્ર સદા પરિપૂર્ણ છે, તે સિવાય બીજું કંઈ પણ નથી; સંપૂર્ણ પદાર્થ, ક્રિયા, ભાવ, વ્યક્તિ—બધાં મૃગતુષ્ણાની અથવા સ્વપ્નની સૃષ્ટિની જેમ કેવળ માયામય જ છે—આ પ્રકારની વૃત્તિને પ્રતિક્ષણે અટલ બનાવી રાખવી. આ ભાવ જો બુદ્ધિમાં સારી રીતે ના બેસે તો તે સચ્ચિદાનંદઘન પરમાત્મા સર્વત્ર, સદા પરિપૂર્ણ છે—આ પ્રકારે પરમાત્માની સત્તાને જ મુખ્ય લક્ષ્ય બનાવીને સાધન કરવામાં આવે છે.

સગુણ-ઉપાસનામાં ભેદભાવ જ મુખ્ય છે અને ભેદભાવમાં ઊંચામાં ઊંચી અવસ્થા પરમાત્માના સાકાર સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન થવા તે છે. એ માટે નિરંતર સાકાર ઇષ્ટદેવના નામનો જપ અને તેના સ્વરૂપનું ચિંતન કરવું જ મુખ્ય સાધન છે. જો સાકારરૂપ ધ્યાનમાં ના આવે, તોપણ પરમ પ્રેમમય, પરમ દયાળુ ભગવાન સદા સર્વત્ર વિદ્યમાન છે, તેઓ મારી સાથે ચાલે છે, મારી સાથે પ્રત્યેક કાર્ય કરે છે અને પોતાની આજ્ઞાનુસાર મને ચાલતો જોઈને પ્રસન્ન થતા રહે છે તથા ખૂબ જ કૃપાદૃષ્ટિથી મને જોતા રહે છે, હું આ પ્રકારે તેમની કૃપાદૃષ્ટિમાં રહીને હંમેશા પ્રસન્ન રહેતાં તેમની આજ્ઞાનુસાર ચાલુ છું. આ રીતે ભગવાનની સત્તાને લક્ષ્ય બનાવીને પણ સાધન કરી શકાય છે.

નિર્ગુણ-સગુણ બંને જ ઉપાસનાઓ પરમાત્માની સત્તાની પ્રધાનતા રાખીને જ થાય છે, તેથી એ સગુણ-નિરાકારથી જ આરંભ થાય છે. નિર્ગુણ ઉપાસનામાં તો જેમ જેમ બીજી વિજાતીય—પ્રકૃતિની સત્તા હટતી જાય છે અને જીવ-બ્રહ્મનો ભેદ મટતો જાય છે તથા વૃત્તિઓ સૂક્ષ્મ થતી જાય છે, તેમ તેમ તે ઉપાસના ઊંચી—શ્રેષ્ઠ માનવામાં આવે છે. સગુણ-સાકારની ઉપાસનામાં જેમ જેમ ભગવાનનું વિગ્રહરૂપ ધ્યાનમાં આવવા લાગે છે અર્થાત્ વૃત્તિઓ વિશેષરૂપથી ભગવદાકાર

બનતી જાય છે, જેટલું ભગવાનનું સ્વરૂપ વૃત્તિ અને ઇન્દ્રિયોનો વિષય બનતું જાય છે, એટલી જ તે ઉપાસના ઊંચી—શ્રેષ્ઠ માનવામાં આવે છે.

નિર્ગુણ-નિરાકારને લક્ષ્ય બનાવીને ઉપાસના કરનાર પુરુષની ઉપાસનાની પૂર્ણતા થતાં તેની દૃષ્ટિમાં એક સચ્ચિદાનંદઘન બોધ-સ્વરૂપ પરમાત્મા જ રહી જાય છે. પરમાત્મા સિવાય બીજી કોઈ પણ વસ્તુનો સંકલ્પ પણ રહેતો નથી. તેના જ્ઞાનમાં પોતાની તથા સંસારની સત્તા પરમાત્માથી ભિન્ન રહેતી નથી. જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય—બધાં કંઈક એક પરમાત્માસ્વરૂપ જ બની જાય છે, ત્યારે તે કૃતકૃત્ય થઈ જાય છે.

સગુણ-સાકારની ઉપાસનાની પૂર્ણતા થતાં ભક્તને નેત્રોથી ભગવાનના દિવ્ય સ્વરૂપનાં દર્શન થાય છે, તેમના વિગ્રહની દિવ્ય ગંધનો અનુભવ કરે છે, તેનામાં ભક્તોનાં સમગ્ર લક્ષણો દૃષ્ટિગોચર થવા લાગે છે, જેમના બારામાં ભગવાને જાતે જ ગીતા અધ્યાય બારમા શ્લોક ૧૩ થી ૧૯ સુધી કહ્યું છે તથા ભગવાનના પ્રત્યક્ષ મિલન વખતે જે પણ ઘટનાઓ બને છે, તે પાછળથી પણ સત્ય જ પ્રમાણિત હોય છે: જેવી રીતે ધ્રુવજીને શંખ અડાડતાં સમગ્ર શાસ્ત્રોનું જ્ઞાન થઈ જવું ઇત્યાદિ.

શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ અધ્યાય ત્રણના ૩જા શ્લોકમાં પરમાત્માની પ્રાપ્તિના એ બે સ્વતંત્ર માર્ગ બતાવ્યા છે—(૧) સાંખ્યનિષ્ઠા, (૨) યોગનિષ્ઠા. આ બંને માર્ગ એકબીજાથી પૂર્વ-પશ્ચિમની જેમ અત્યંત ભિન્ન છે; પરંતુ એવું થતાં પણ બંને દ્વારા પ્રાપ્ત થતી વસ્તુ એક જ છે (ગીતા ૫ । ૪-૫) સાંખ્યયોગી પરમાત્માથી પોતાની કોઈ અલગ સત્તા માનતો નથી તથા પ્રકૃતિથી ઉત્પન્ન થતા ગુણ જ ગુણોમાં વર્તાઈ રહે છે—આવું સમજીને મન, ઇન્દ્રિય અને શરીર દ્વારા થનારી સમસ્ત ક્રિયાઓમાં કર્તાપણાનાં અભિમાનથી સર્વથારહિત બનીને એક સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ અભિન્ન ભાવથી નિત્ય સ્થિત રહે છે. પરંતુ કર્મયોગી સાધનકાળમાં કર્મ, કર્મફળ, પરમાત્મા અને પોતાને ભિન્ન-ભિન્ન માનીને ફળ અને આસક્તિનો ત્યાગ કરીને ભગવાનની આજ્ઞા અનુસાર ભગવાન માટે જ સમસ્ત કર્મોનું આચરણ કરે છે. એટલા માટે આ બંને માર્ગ એક-બીજાથી સર્વથા ભિન્ન છે.

આ પ્રકારે એકબીજાથી સર્વથા ભિન્ન હોવાને કારણે એક પુરુષ એક સમયે જ બંનેનું અનુષ્ઠાન એકીસાથે કરી શકતો નથી. હા. કોઈની રુચિ હોય તો પહેલાં કર્મયોગનું સાધન કરીને પછી સાંખ્યયોગનું સાધન કરી શકે છે; પરંતુ સાંખ્યયોગ યોગનિષ્ઠાનું અંગ બની શકતો નથી; કારણ કે સાંખ્યયોગમાં અભેદ-દૃષ્ટિ રહે છે. ત્યારે તે ભેદોપાસના રૂપ યોગનિષ્ઠાનું અંગ કેવી રીતે બની શકે ? જો કોઈ સાંખ્યયોગનું સાધન કરનારની રુચિ અને મત બદલાઈ જાય અને તે સાધનને છોડીને યોગનિષ્ઠાનું સાધન કરવા લાગે તો વાત જુદી છે.

ઉપસંહાર

પરમાત્મા વાસ્તવમાં ભેદ-અભેદ બંનેથી રહિત છે. પરમાત્મા નિર્ગુણ પણ છે, સગુણ પણ છે; નિરાકાર પણ છે; સાકાર પણ છે; વ્યક્ત પણ છે, અવ્યક્ત પણ છે અને એ બધાથી રહિત તથા વિલક્ષણ પણ છે. જ્યાં મન-બુદ્ધિ પહોંચી શકતાં નથી; પરમાત્મા ત્યાં પણ છે અને પરમાત્માને લક્ષ્ય બનાવીને મન-બુદ્ધિથી આપણે જે કોઈ પણ સ્વરૂપની ધારણા કરીએ છીએ, પરમાત્મા ત્યાં પણ છે જ. એટલા માટે કોઈ પણ મનુષ્ય પરમાત્માના આ તત્ત્વને સમજીને પરમાત્માની પ્રાપ્તિ માટે તેમના કોઈ પણ રૂપને લક્ષ્ય બનાવી સાધન કરે છે; તો તેને પરમાત્માની પ્રાપ્તિ અવશ્ય થઈ જાય છે તથા તે પ્રાપ્તિ થયા બાદ જ અસલી સ્વરૂપને સમજે છે. પરંતુ ત્યાં એ કહેવું પણ શક્ય નથી; કારણ કે તે સ્થિતિ દેશ, કાળ, વસ્તુથી અતીત છે અને ત્યાં જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયની ત્રિપુટી નથી. પરંતુ કોઈ એ સમજે કે પહેલાં પરમાત્માના આ તત્ત્વને સંપૂર્ણ રીતે જાણી લેવાય અને પછી ઉપાસના કરવામાં આવે તો એ થઈ શકતું નથી. કારણ કે પૂર્ણરૂપથી પરમાત્માનું તત્ત્વ જાણી લેવું તે તો તેમની પ્રાપ્તિ થયા પછી જ થાય છે, પહેલાં તો શાસ્ત્રો, મહાત્માઓનાં વચનો પર વિશ્વાસ કરીને મન-બુદ્ધિ દ્વારા તેવું જ માની લેવું પડે છે. આને જ શાસ્ત્રોમાં શ્રદ્ધા કહી છે તથા શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક કરવામાં આવેલી ઉપાસના જ સાધકને વાસ્તવિક તત્ત્વ પૂર્ણતઃ સમજાવવામાં સમર્થ હોય છે.

એટલા માટે સાધકે ભેદ, અભેદ અથવા એમ કહો કે ભક્તિ, જ્ઞાન— એમાંથી કોઈ પણ એક માર્ગને પકડીને શ્રદ્ધા અને તત્પરતા સાથે તેને નિશ્ચિત કરવામાં જલદીમાં જલદી લાગી જવું જોઈએ. આ માનવશરીર ખૂબ જ દુર્લભ છે અને એનાથી આવું ઘણું ભારે કામ સિદ્ધ થઈ શકે છે, જે દેવયોનિમાં પણ સુલભ નથી. પરંતુ આ શરીર અનિત્ય છે, એટલા માટે જલદીથી જ સાવધાન થઈને સાધનમાં લાગી જવું જોઈએ, કારણ કે પારમાર્થિક સાધન વિના કેવળ સ્ત્રી-પુત્ર, ધન-જન, જમીન-મકાન, ભોગ-સામગ્રીનો સંગ્રહ અને ઉપભોગમાં જ સમય બરબાદ થઈ જાય છે. જેથી પૂર્વનું પુણ્ય તથા પુણ્યથી મળેલું આયુષ્ય તો નષ્ટ થઈ જાય છે, સાથે જ આસક્તિ અને સ્વાર્થ રહેવાને કારણે ન્યાય-અન્યાયનો કોઈ ખ્યાલ ન રહેવાથી મનુષ્ય ચોર્યાશી લાખ યોનિઓ તથા નરક પ્રાપ્ત કરનારાં ઘણાં ભારે પાપોને પણ ભેગાં કરતો રહે છે અને પરિણામ સ્વરૂપે સદાને માટે દુઃખી બની જાય છે. ભોગોના ઉપભોગથી આયુષ્ય નષ્ટ થાય છે, સમય બરબાદ થાય છે, અંતઃકરણમાં ભોગોના સંસ્કારો જામે છે, આદત બગડી જાય છે, ધન નાશ પામે છે, પુણ્ય ક્ષીણ થાય છે, શરીર નિર્બળ અને રોગી થઈ જાય છે; ભોગોમાં જ રચ્યા-પચ્યા રહેવાને કારણે ધર્મ-સંચય થઈ શકતું નથી અને અન્યાયથી ભોગ ભોગવવાથી તો પાપોનો બોજ પણ વધે છે. તેથી અસત્ ભોગ-પદાર્થો પ્રતિ લક્ષ્ય ન રાખતાં દુઃખ, અશાંતિ, બંધન, અલ્પતા, ભય, ઉદ્વેગ, ચિંતા, શોક, જલન, હ્રાસ વગેરેનો જ્યાં અત્યંત અભાવ છે, એવા 'સત્' સ્વરૂપ પરમાનંદમય પરમાત્માની પ્રાપ્તિ માટે શીઘ્રતાશીઘ્ર પોતાનું સમગ્ર બળ લગાવીને પ્રયત્ન કરવો જોઈએ; કારણ કે આ શરીર અનિત્ય છે, ન જાણે ક્યારે પ્રાણ ચાલ્યો જાય અને જો સાધન ન કર્યું હોય તો આવો અવસર ફરીથી મળવો ઘણો જ કઠિન છે. આ દુર્લભ માનવ-શરીર અને આ કળિયુગનો સમય પ્રાપ્ત કરીને પણ મનુષ્ય સાવધ નહિ થાય તો તે મોટી હાનિ ભોગવે છે. શ્રુતિ કહે છે—

ઇહ ચેદવેદીદથ સત્યમસ્તિ ન ચેદિહાવેદીન્મહતી વિનષ્ટિઃ ।
ભૂતેષુ ભૂતેષુ વિચિત્ય ધીરાઃ પ્રેત્યાસ્માલ્લોકાદમૃતા ભવન્તિ ॥

(કેન૦ ૨ । ૫)

'જો આ મનુષ્યશરીરમાં જ તે પરમાત્મ-તત્ત્વને જાણી લીધું તો સત્ય છે અથવા ઉત્તમ છે; જો આ જન્મમાં તેને જાણ્યું નહિ તો મહાન હાનિ છે. ધીર પુરુષ બધાં જ ભૂતોમાં પરમાત્માનું ચિંતન કરી, પરમાત્માને સમજીને આ દેહને છોડી અમૃતસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે.'

એટલા માટે ઉચિત છે કે તે પરમાત્મતત્ત્વને જાણવા માટે મહાપુરુષોને શરણે જઈને, સરળ હૃદયથી શ્રદ્ધાપૂર્વક પૂછીને તે તત્ત્વને સમજે અને બધી શંકાઓનું સમાધાન કરીને કિંકર્તવ્ય-વિમૂઢતાને સર્વથા હટાવીને તેમના કહેવા અનુસાર પરમાત્માની પ્રાપ્તિ માટે તત્પર થઈ જાય. શ્રુતિભગવતી ઘોષણા કરે છે કે—

ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત ।

(કઠ૦ ૧ । ૩ । ૧૪)

'ઊઠો, જાગો અને શ્રેષ્ઠ પુરુષોને પ્રાપ્ત કરીને આ તત્ત્વને જાણો.'

— —:: X X :: — —

ભગવદ્-ભજનનું સ્વરૂપ

શ્રીભગવાન કહે છે—

'અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ।'

—આ ભગવદ્-વચન અનુસાર આપણે તરત જ ભગવદ્-ભજનમાં લાગી જવું જોઈએ. શ્રીભગવાને આ શ્લોકાર્ધમાં બતાવ્યું કે '**અનિત્યમ્ અસુખમ્ ઇમમ્ લોકમ્ પ્રાપ્ય મામ્ ભજસ્વ ।**' અનિત્ય કહેવાનું તાત્પર્ય એ છે કે મોડું ના કરો. શી ખબર કે—

'દમ આયા ન આયા ખબર ક્યાં હૈ?'

જો અત્યારે શ્વાસ બંધ થઈ જાય તો પછી કંઈ પણ થઈ શકે નહિ. વિચારેલી વાતો બધી જેવી-ને-તેવી જ રહી જશે. બધું છાણ-માટી થઈ જશે, કારણ કે શરીર ક્ષણભંગુર છે, એ એકક્ષણ પણ સ્થિર રહેતું નથી, પ્રતિક્ષણ ઘણી ઝડપથી જઈ રહ્યું છે અને જઈ રહ્યું છે તે મૃત્યુ ભણી, જેને કોઈ ઇચ્છતું નથી. તે જ મૃત્યુ પ્રતિક્ષણ નજીક આવી રહ્યું છે. પ્રત્યેક કલાકે ૯૦૦ શ્વાસ જઈ રહ્યા છે. ૨૪ કલાકમાં ૨૧૬૦૦ શ્વાસ ચાલ્યા જાય છે. થોડું તે તરફ ધ્યાન આપવું જોઈએ. ખર્ચ તો થઈ રહ્યું છે અને કમાણી શું કરી રહ્યા છીએ ? કઇ વાતે આનંદ છે ?

છઃ સૌ સહસ ઇક્કીસ દમ જાવત હૈં દિન રાત ।
એતો ટોટો તાહિ ઘર કાહેકી કુસલાત ॥

બીજું પદ કહ્યું છે—'**અસુખમ્**' એટલે કે અહીંયાં આ લોકોમાં સુખ નથી. આ લોક સુખરહિત છે. આટલી જ વાત નથી, ભગવાન તો કહે છે—'**દુઃખાલયમશાશ્વતમ્ ।**' દુઃખાલય છે; પરંતુ આપણે તો એમાં બરાબર એની વિરુદ્ધ સુખ શોધીએ છીએ, એ કેટલા આશ્ચર્યની વાત છે. જેવી રીતે કોઇ આદમી વિદ્યાલયમાં ધોતી ઈત્યાદિ કપડાં શોધે, ઔષધાલયમાં મિઠાઈનો ભાવ

પૂછે એવી જ રીતે આપણે આ દુઃખાલયમાં સુખ શોધી રહ્યા છીએ. આ સંસારમાં સુખ આપનારી વસ્તુઓ માનવામાં આવે છે—ધન, સ્ત્રી, પુત્ર, ઘર અને ભોગ. આ બધામાં વિચારીને જોઈએ તો વાસ્તવમાં સુખ છે જ નહિ; આદિ-અંતમાં દુઃખ જ દુઃખ છે.

અહીંયાં એક વાત ધ્યાન આપવાની છે કે આપણને તે જ વસ્તુ સુખ આપી શકે છે જેનો આપણી પાસે અભાવ છે અને આપણે જેને ચાહી રહ્યા છીએ. તેના માટે 'ચાહવું' જેટલું બળવત્તર હશે, તેટલું જ તે વસ્તુ મળવાથી સુખ અધિક હશે. અભાવ રહેવા છતાં પણ જો તેના અભાવનો અનુભવ ના હોય એટલે કે તેના માટે ચટપટી ના હોય તો તે વસ્તુ પ્રાપ્ત થવા છતાં પણ આપણને સુખી બનાવી શકતી નથી. તેથી ધન ઈત્યાદિ પદાર્થો દ્વારા સુખ પ્રાપ્ત કરવા માટે પહેલાં ધનના અભાવનું દુઃખ અતિઆવશ્યક છે. આ તો થયું વસ્તુ હોય તે પહેલાં ધનના અભાવનું દુઃખ. છતાં તે ધન ઈત્યાદિ પદાર્થો ઇચ્છાનુસાર પ્રાયઃ મળતા નથી. આ થયું બીજું દુઃખ. મળી પણ જાય તો આપણાથી બીજાને અધિક મળી જાય તો તે એક નવું દુઃખ ઊભું થઈ જાય છે, આ થયું ત્રીજું દુઃખ અને મળ્યા પછી તેના વિનાશની આશંકા બની જ રહે છે, જે મોટી ચિંતાનું કારણ છે. આ થયું ચોથું દુઃખ અને એવું થઈ નષ્ટ થઈ જાય તો ઘણું જ કષ્ટ ભોગવવું પડે છે. તે સમયે જે દુઃખ થાય છે, તે તેના અભાવના સમયે પણ નથી હોતું આ થયું પાંચમું દુઃખ. શ્રીપતંજલિએ કહ્યું છે—

પરિણામતાપસંસ્કારદુઃખૈર્ગુણવૃત્તિવિરોધાચ્ચ દુઃખમેવ સર્વં વિવેકિનઃ।

'પરિણામદુઃખ, તાપદુઃખ અને સંસ્કારદુઃખ—એવાં ત્રણ પ્રકારનાં દુઃખ બધામાં વિદ્યમાન હોવાને કારણે અને ત્રણે ગુણોની વૃત્તિઓમાં પરસ્પર વિરોધ હોવાને કારણે વિવેકી માણસ માટે બધાં (કર્મફળ) દુઃખરૂપ છે.'

માયાની મોહની શક્તિથી જ આ અનુભવ થાય છે કે ધન ઈત્યાદિ પદાર્થો એટલા રૂપમાં પ્રાપ્ત થઈ જવાથી આપણે ઘણા સુખી થઈ જઈશું. એવી આશા અને કથન તો આપણે સાંભળતા રહ્યા છીએ, પરંતુ હજુ સુધી એવો સંસારી કોઈ મળ્યો નથી, જે એ કહી દે કે અમે પૂર્ણ સુખી થઈ ગયા છીએ. એ પ્રમાણે

એ કહેતાં તો પ્રાયઃ બધા જોવામાં આવે છે કે 'અમે તો પહેલાં કરતાં પણ અધિક દુઃખી છીએ.' કહ્યું પણ છે—

એકસ્ય દુઃખસ્ય ન યાવદન્તં
ગચ્છામ્યહં પારમિવાર્ણવસ્ય ।
તાવદ્ દ્વિતીયં સમુપસ્થિતં મે
છિદ્રેષ્વનર્થા બહુલીભવન્તિ ॥

'જ્યાં સુધી સમુદ્ર પાર કરવાની જેમ એક દુઃખનો અંત થતો નથી કે તેની વચમાં બીજું આવી પહોંચે છે, તેવી જ રીતે અભાવોમાં તો અનર્થોનું અધિક્ય જ હોય છે.'

એક વસ્તુના અભાવનો અનુભવ થતાં તેની પૂર્તિ માટે ચેષ્ટા કરે છે, પરંતુ ઘણું કરીને તેની સિદ્ધિ થતી નથી, કે ક્યાંય દૈવસંયોગથી થઈ જાય છે તો ફરીથી તેમાં કોઈ અન્ય નવા નવા અભાવોની સૃષ્ટિ રચાવા લાગે છે; જેમની પહેલાં ક્યારેય સંભાવના જ ન હતી. એટલા માટે શ્રીભગવાને કહ્યું છે—

યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે ।
આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ ॥

'વિષયો અને ઈન્દ્રિયોના સંબંધથી થનારાં જેટલાં પણ સાંસારિક સુખો છે, તે બધાં જ દુઃખયોનિ યાની દુઃખોની પ્રસવભૂમિ-દુઃખોને પેદા કરનારી ખાણો છે અને ઉત્પત્તિ તથા વિનાશથી જોડાયેલી છે. તેથી હે અર્જુન ! બુદ્ધિમાની વિવેકી તેમનામાં રમતો નથી.'

વિચાર કરીને જોવામાં આવે તો કોઈ પણ સાંસારિક પ્રાણીને પોતાની પરિસ્થિતિમાં પૂર્ણ સુખ અને સંતોષ નથી; કારણ કે તે તેનાથી પણ વધારે સુખ માટે સદા લાલચુ તથા પ્રયત્નશીલ રહે છે. શાસ્ત્રમાં બતાવ્યું છે—

ન સુખં દેવરાજસ્ય ન સુખં ચક્રવર્તિનઃ ।
યત્ સુખં વીતરાગસ્ય મુનેરેકાન્તશીલિનઃ ॥

કોઈ રાજસ્થાની કવિએ ખૂબ જ સુંદર કહ્યું છે—

ના સુખ કાજી પંડિતાઁ ના સુખ ભૂપ ભયાઁ ।
સુખ સહજાઁ હી આવસી તૃષ્ણા-રોગ ગયાઁ ॥

ત્રીજી વાત કહે છે કે '**ઇમે લોકે પ્રાપ્ય** ।' અહીંયાં '**ઇમં લોકમ્**' આ પદોથી સંકેત છે મનુષ્ય-શરીર ભણી; ભગવાન કહે છે કે આ માનવ-શરીરને પ્રાપ્ત કરીને મારું ભજન જ કરવું જોઈએ; કારણ કે—

એહિ તન કર ફલ બિષય ન ભાઈ । સ્વર્ગઉ સ્વલ્પ અંત દુખદાઈ ॥
નર તનુ પાઇ બિષયઁ મન દેહીં । પલટિ સુધા તે સઠ બિષ લેહીં ॥
તાહિ કબહુઁ ભલ કહઇ ન કોઈ । ગુંજા ગ્રહઇ પરસ મનિ ખોઈ ॥

એટલા માટે માનવ-દેહને પ્રાપ્ત કરીને તો કેવળ ભગવત્-ભજન જ કરવું જોઈએ; કારણ કે બીજાં-બીજાં કામ તો બીજાં-બીજાં શરીરોથી પણ થઈ શકે છે, પરંતુ ભજનની તક તો કેવળ આ શરીરમાં છે. દેવ ઈત્યાદિ શરીરોમાં તો ભોગો ભરપૂર છે તથા ત્યાં અધિકાર ન હોવાથી પણ ભજન કરી શકતા નથી અને નરકોમાં કેવળ પાપોના ફળોનો ભોગ હોય છે, ત્યાં નવું કર્મ કરવાનો અધિકાર નથી અને તેમને કર્તવ્યાકર્તવ્યનું જ્ઞાન જ નથી. આ રીતે બીજી ચૌરાસી લાખ યોનિયોમાં પણ કર્તવ્યકર્તવ્યનું કંઈ પણ જ્ઞાન રહેતું નથી તથા સાધન-સામગ્રી નથી અને અધિકાર પણ નથી. અધિકાર, જ્ઞાન અને સામગ્રી—એ ત્રણે કેવળ આ માનવ-શરીરમાં જ છે. ક્યાંય ક્યાંય પશુ-પક્ષી ઈત્યાદિમાં પણ ભગવત્-ભક્તિ જોવામાં આવે છે તો તેઓ અપવાદસ્વરૂપ જ છે.

શ્રીતુલસીદાસજી કહે છે—

સાધન ધામ મોચ્છ કર દ્વારા । પાઇ ન જેહિં પરલોક સઁવારા ॥

સો પરત્ર દુખ પાવઇ સિર ધુનિ ધુનિ પછિતાઇ ।
કાલહિ કર્મહિ ઈસ્વરહિ મિથ્યા દોસ લગાઇ ॥

આ કથન ઉપર આપણે ધ્યાન દઈને વિચાર કરવો જોઈએ. જેઓ મનુષ્ય-શરીર પામીને સાધન કરતા નથી, તેઓ કહે છે—'આ કલિયુગ છે. સમય

ખૂબ ખરાબ છે. આ સમયે ચારેબાજુ પાપ-જ-પાપનો પ્રચાર થઈ રહ્યો છે; સત્ય, અહિંસા ઈત્યાદિ ધર્મોનું પાલન તથા ભગવત્-ભજન થઈ જ શકતું નથી. આ કલિકાલ ઘણો વિકરાળ યુગ છે; બધાની બુદ્ધિ અધર્મમાં લાગી રહી છે, શું કરીએ, સમયની બલિહારી છે. જ્યારે બધું જ વાયુમંડળ જ બગડેલું છે, ત્યારે એકાદ માનવી શું કરી શકે ? જો આપણે સમય પ્રમાણે ના ચાલીએ તો નિર્વાહ થવો કઠિન છે અને તે અનુસાર ચાલીએ તો પારમાર્થિક સાધન થઈ શકતું નથી.' પરંતુ આ ઉપર આપણે વિચાર કરવો જોઈએ, શું આપણે ખરેખર સમય પ્રમાણે ચાલીએ છીએ ? ક્યારેય નહિ. જ્યારે શિયાળો આવે છે, ત્યારે ગરમ કપડાં બનાવડાવીએ છીએ, આગ ઈત્યાદિનો યથોચિત પ્રબંધ કરીએ છીએ, ઘરમાં રૂમ બંધ કરીને રહીએ છીએ—શું આ સમયની વિરુદ્ધ ચાલવું તે નથી? એવી જ રીતે ગરમીના દિવસોમાં ઠંડા પાણી ઈત્યાદિનો પ્રયોગ કરીએ છીએ, ગરમીથી બચવા માટે સતત સાવધાન રહીએ છીએ અને વરસાદમાં ઉચિત ઉપાયોથી રક્ષણ મેળવવાનો પ્રયત્ન કરતા જ રહીએ છીએ. અર્થાત્ બધા સમયે શરીરની પ્રતિકૂળતાના નિવારણ, તેનાથી રક્ષણ તેમજ શરીરને અનુકૂળ સામગ્રી એકઠી કરવા માટે પ્રયત્ન કરતા રહીએ છીએ. એવી રીતે આપણે કલિકાલમાં પણ આધ્યાત્મિકતાને બચાવવા પ્રયત્ન કરવો જોઈએ. જેવી રીતે શરીરની રક્ષા ના કરવાથી નાશ થઈ જાય છે, તેવી રીતે જ આધ્યાત્મિક જીવનની રક્ષા ન કરવાથી તે લાભથી સર્વથા વંચિત રહેવા માટે ફરજ પડશે.

તેથી સમયને દોષ આપવો મિથ્યા છે; કારણ કે આધ્યાત્મિક ઉન્નતિ માટે કલિયુગ ઘણો ઉત્તમ માનવામાં આવે છે. કારણ એમાં ભગવત્-ભજનનું મૂલ્ય ઘણું મળે છે, ઘણા સસ્તામાં મુક્તિ મળી જાય છે, જેમ કે બીજા યુગમાં સંભવ નથી. શ્રીતુલસીદાસજી કહે છે—

કલિજુગ સમ જુગ આન નહિં જૌં નર કર બિસ્વાસ।
ગાઈ રામ ગુન ગન બિમલ ભવ તર બિનહિ પ્રયાસ॥

એટલા માટે વિના પ્રયાસે જેમાં સંસાર-સમુદ્રથી પાર પહોંચી શકાય છે, એવા કલિયુગને દોષ આપવો તે ખરેખર ભૂલ છે.

એ પ્રકારે જે કર્મોના પરિણામે મુક્તિનું સાધનરૂપ માનવ-શરીર પ્રાપ્ત થયું છે. તે કર્મોને દોષ આપવો પણ મિથ્યા છે. કારણ કે—

બડે ભાગ માનુષ તનુ પાવા। સુર દુર્લભ સબ ગ્રંથન્હિ ગાવા॥
બડે ભાગ પાઇબ સતસંગા। બિનહિં પ્રયાસ હોહિં ભવ ભંગા॥

ઈશ્વરે પણ ઘણી ભારે કૃપા કરી દીધી છે કે જેથી કર્મોનો બધો સંબંધ ભેગો કરીને એટલે કે આ સમયે માનવ-શરીરને યોગ્ય એવાં કર્મ ન હોવા છતાં પણ માનવ-શરીર આપીને આત્મોદ્ધાર માટે સુઅવસર આપ્યો છે. એક રાજસ્થાની કવિએ કહ્યું છે—

કરુણાકર કીન્હીં કૃપા, દીન્હીં નટવર દેહ।
ના ચીન્હીં કૃતહીન નર ખલ કર દીનહીં ખેહ॥

'કરુણાનિધિ ભગવાને કૃપા કરીને ઉત્તમ મનુષ્ય-શરીર આપી દીધું છે, પરંતુ મૂર્ખ અને કૃતઘ્ન મનુષ્યે તે શરીરને ઓળખ્યું નથી; ઊલટું તેણે એમ જ માટીમાં મેળવી દીધું.'

એવી રીતે કારણ સિવાય કૃપાળુ પરમાત્માને એવું કહીને કે 'શું કરીએ; ભગવાને અમને એવા જ બનાવી દીધા, તેમણે જ અમને સંસારી બનાવીને ઘરના કામ-ધંધાઓમાં ફસાવી દીધા છે, કેવી રીતે ભજન કરીએ ? ભગવાનની મરજી જ એવી છે, તેઓ કરાવે છે ત્યારે અમે એવું કરીએ છીએ—ઈત્યાદિ દોષ દેવો તે મિથ્યા છે. તાત્પર્ય એ છે કે મનુષ્ય જાતે તો ઉદ્યોગ કરતો નથી અને દોષારોપણ કરે છે બીજાઓ પર તથા જાતે રહેવા ચાહે છે નિર્દોષ. એવાં કર્મો ક્યાં સુધી ચાલશે—**'કૈસે નિબહૈ રામજી રુઈ-લપેટી આગ ?'**

તેથી વિવેકપૂર્વક વિચાર કરીને પોતાની વાસ્તવિક ઉન્નતિ માટે કટિબદ્ધ થઈને તત્પરતાથી ખૂબ ઉત્સાહ સાથે લાગી જવું જોઈએ.

ભગવાને ચોથી વાત કહી છે—**'માં ભજસ્વ।'** મને ભજો. હવે વિચારવાનું એ છે કે ભગવાનનું સ્વરૂપ શું છે અને તેનું ભજન શું છે. આજ સુધી જેવું જોયું, જેવું સાંભળ્યું અને વાંચ્યું તથા તે અનુસાર ભગવાનનાં સાકાર-નિરાકાર,

સગુણ-નિર્ગુણ વગેરે જેવું સ્વરૂપ સમજ્યા, તે જ છે ભગવાનનું સ્વરૂપ અને એ પ્રકારે ભગવાનના સ્વરૂપને સર્વોપરિ તથા પરમ પ્રાપ્ત કરવા યોગ્ય સમજીને એકમાત્ર તેમના શરણે થઈ જવું તે જ ભજન છે. અર્થાત્ જીભથી ભગવાનના નામનો જપ, મનથી તેમના સ્વરૂપનું ચિંતન અને બુદ્ધિથી તેમનો નિશ્ચય કરવો તથા શરીરથી તેમની આજ્ઞાઓનું પાલન કરવું એ પ્રમાણે સ્ર્વસ્વ તેમને જ સમર્પણ કરી દેવું અને તેમના પ્રત્યેક વિધાનમાં પરમ સંતુષ્ટ રહેવું—એ છે ભગવત્-ભજન.

હવે ભગવત્-ભજનરૂપ શરણાગતિના ઉક્ત ચાર પ્રકારોનું થોડું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

ભગવાનના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં તેમના પરમ પાવન નામનો નિત્ય નિરંતર નિષ્કામભાવથી પરમ શ્રદ્ધાપૂર્વક જાપ કરવો અને ભગવાનના ગુણો, પ્રભાવ, લીલા ઈત્યાદિનું મનન, ચિંતન, શ્રવણ અને કથન કરતા રહેવું તથા બેસતાં-ઉઠતાં, સૂતાં-જાગતાં, ખાતાં-પીતાં દરેક સમયે ભગવાનની સ્મૃતિ રાખવી—આ શરણનો પહેલો પ્રકાર છે.

બીજો પ્રકાર છે—ભગવાનની આજ્ઞાઓનું પાલન કરવું. એમાં ફક્ત એ વાતનું ધ્યાન આપવાનું છે કે ક્યાંયે મન ઇન્દ્રિયોના અને શરીરના કહેવામાં આવીને કેવળ તેમની અનુકૂળતામાં જ ના લાગી જાય, પરંતુ એ વિચાર થતો રહે કે ભગવાનની આજ્ઞા શું છે—અને આ જ વિચારીને કર્મ કરતો રહે. ભગવાનની આજ્ઞા શું છે ? અને તે કેવી રીતે પ્રાપ્ત થાય ? એનો ઉત્તર એ છે કે એક તો શ્રીમદ્-ભગવત્-ગીતા જેમાં ભગવાનના શ્રીમુખનાં વચનો જ છે. બીજું, ભગવાનની પ્રાપ્તિ કરનારા મહાપુરુષોનાં વચનો પણ ભગવાનની આજ્ઞા જ છે; કારણ કે જે અંતઃકરણમાં સ્વાર્થ અને અહંકાર ના રહે, ત્યાં કેવળ ભગવાનની આજ્ઞાથી જ સ્ફૂરણા અને ચેષ્ટા થતી રહે છે. ત્રીજું, તે મહાપુરુષોનાં આચરણ પણ આપણા માટે આદર્શ છે; કારણ કે ભગવાને કહ્યું છે—

યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્ તદેવેતરો જનઃ ।
સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥

'શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે, બીજા પુરુષો પણ તેવું-તેવું જ આચરણ કરે છે. તે જે કંઈ પ્રમાણ કરી દે છે, સમસ્ત માનવ-સમુદાય તેના અનુસાર વર્તન કરવા લાગી જાય છે.'

ચોથું, સાધકના પોતાના રાગ-દ્વેષરહિત અંતઃકરણની સ્ફૂરણા પણ ભગવાનની આજ્ઞા સમજી શકાય છે. પાંચમું, કોઈ પણ મનુષ્ય પોતાના સ્વભાવને અનુકૂળ જ આજ્ઞા આપે છે, તેથી તે પરમ દયાળુ પ્રભુનો સ્વભાવ સમજવો જોઈએ. શ્રીભગવાન આજ્ઞા આપશે તો પોતાના સ્વભાવ અનુસાર જ દેશે અને તે છે સર્વસહૃદ. આથી જે કાર્યમાં પોતાના સ્વાર્થનો ત્યાગ અને જીવમાત્રનું પરમ કલ્યાણ હોય, જેમાં કોઈનું પણ અહિત ના હોય, તે શ્રીભગવાનની આજ્ઞા છે. આ પ્રકારે તેમની આજ્ઞાનુ રહસ્ય સમજીને તેને અનુકૂળ ચાલવામાં કદાપિ આનાકાનિ નહિ હોવી જોઈએ; પરંતુ તેને પરમ ધર્મ સમજીને તે અનુસાર ચાલવાનો પ્રાયઃ પ્રયત્ન કરવો જોઈએ—**'સ્વધર્મે નિધનં શ્રેયઃ ।'**

ત્રીજો પ્રકાર છે—બધું જ પ્રભુને સમર્પિત કરી દેવું. વાસ્તવમાં તો બધું જ ભગવાનનું છે કારણ કે ના તો આપણે જન્મ સમયે કંઈ સાથમાં લાવ્યા છે અને જતા સમયે ન કંઈ પણ લઈને જઈશું; તથા અહીંયાં રહેવા છતાં પણ કોઈ પણ વસ્તુ તથા શરીર ઈત્યાદિને આપણે પોતાના મન અનુસાર ચલાવી જ શકતા નથી. એથી વાત સ્પષ્ટ સમજમાં આવે છે કે આપણું કંઈ પણ નથી. બધું જ ફક્ત ભગવાનનું જ છે અને તેમને આધીન છે. છતાં પણ આપણે એ બધામાં ભ્રમથી જે આપણાપણુ બનાવી રાખ્યુ છે તેને ઊઠાવી લેવાનું છે.

'ત્વદીયં વસ્તુ ગોવિન્દ તુભ્યમેવ સમર્પયે ।'

ચોથો પ્રકાર છે—ભગવાનના પ્રત્યેક વિધાનમાં પરમ પ્રસન્ન રહેવું, તેમાં પણ અનુકૂળતામાં પ્રસન્નતા રહે જ છે. પ્રતિકૂળતામાં તેવી રહેતી નથી. વાસ્તવમાં તો અનુકૂળતામાં જે પ્રસન્નતા રહે છે, તે ભગવત્-વિધાન માનીને થનારી પ્રસન્નતા નથી, તે તો મોહના કારણે છે. ભાવાર્થ એ છે કે પોતાના શરીર, ઇન્દ્રિઓ અને અંતઃકરણની અનુકૂળતાને લીધે જે પ્રસન્નતા થાય છે, તે મોહજનિત છે.

તેને વિવેક દ્વારા દૂર કરીને 'ભગવાને જ આ વિધાન કર્યું છે અને એ મારા માટે પરમ મંગળમય છે'—આ પ્રકારે સમજવાથી જ જે પ્રસન્નતા થશે. તે જ ભગવાનના નાતે થશે. પછી તો પ્રતિકૂળતામાં પણ દુ:ખની વાત રહેશે નહિ. આ પ્રકારે ભગવાનનું વિધાન માની લેવાથી અનુકૂળ-પ્રતિકૂળ બધી જ અવસ્થાઓમાં ભગવાનનુ સ્મરણ વધતું રહેશે; કારણ કે તે પરિસ્થિતિ ભગવાને જ બનાવી છે, પ્રત્યક્ષ અનુભવ થવાથી પછી તો મનુષ્ય ભગવાનને કેવી રીતે ભૂલી શકશે. એવુ થઈ જાય, એટલે સમજી શકાય છે કે આપણે બધી અવસ્થાઓમાં ભગવાનનું વિધાન સમજ્યા છીએ.

વિચારીને જોવાથી મન, ઇન્દ્રિઓ અને શરીરની પ્રતિકૂળ ઘટનામાં એક બીજો પણ લાભ છે. અનુકૂળ ઘટનાથી પુણ્ય ક્ષીણ થાય છે અને પ્રતિકૂળ ઘટનાથી પાપ નાશ પામે છે અને પાપોનો વિનાશ જ આપણા માટે હિત છે અને પુણ્યોનો વિનાશ જ આપણા માટે અહિતકર છે. બીજી વાત એ છે કે પ્રતિકૂળતામાં જ મનુષ્યનો વિકાસ થાય છે. અનુકૂળતામાં તો પ્રગતિમાં રુકાવટ થાય છે. તેથી પ્રભુ જેટલી પ્રતિકૂળતા મોકલે છે, એટલુ જ તેઓ આપણું પરમ હિત કરી રહ્યા છે. બાળકને જ્યારે મેલું ખરડાઈ જાય છે અને મા તેને ધોવે છે, ત્યારે બાળકને તેનું સ્નાન કરવું તે બુરું લાગે છે. તે રોવે છે, ચીસો પાડે છે, પરંતુ માતા તેની ઇચ્છાની કોઈ પણ પરવાહ ન કરીને તેને સાફ કરી દે છે, એવી જ રીતે પાપોનો વિનાશ કરવામાં પ્રભુ આપણી સલાહ ન લઈને, આપણા રોવા કે ચીસો પાડવા તરફ કંઈ પણ ધ્યાન આપ્યા સિવાય આપણને શુદ્ધ કરી દે છે અને જેવી રીતે સોની જે સોનાને અપનાવવા ઇચ્છે છે, તેને વધારે સાફ કરે છે, તેવી જ રીતે પ્રભુ કોઈ ભક્તને પૂર્વ પાપો અનુસાર અધિક કષ્ટ આપે છે, તેણે એ સમજવું જોઈએ કે હવે પ્રભુ મને અપનાવી રહ્યા છે; કારણ કે તેઓ પ્રત્યક્ષ જ મારા પાપોનો વિનાશ કરી રહ્યા છે. ભગવાન જાતે કહે છે—

યસ્યાહમનુગૃહ્ણામિ હરિષ્યે તદ્ધનં શનૈઃ ।
કરોમિ બન્ધુવિચ્છેદં સ તુ દુઃખેન જીવતિ ॥

'જેના પર હું કૃપા કરુ છુ, ધીમે ધીમે તેનુ સમસ્ત ધન હરી લઉ છુ, તથા તેના બંધુ-બાંધવોથી વિયોગ કરી દઉં છું. જેથી તે દુઃખ પૂર્વક જીવન ધારણ કરે છે.'

બીજી વાત એ વિચારવાની છે ભગવાન જ્યારે આપણા મનનું સાંભળી લે છે. અર્થાત્ આપણને અનુકૂળ પરિસ્થિતિ ઉત્પન્ન કરી દે છે, ત્યારે આપણને સંકોચ થવો જોઇએ કે ક્યાંક ભગવાને આપણું મન રાખવા માટે આપણા શબ્દોથી તો એવુ કરી નથી દીધું. જો આપણું મન રાખવા માટે કરવામાં આવ્યું છે તો આ સારુ નહિ થાય; કારણ કે મનચાહ્યું કરતાં કરતાં તો ઘણાં જ જન્મ પસાર કરી દીધા. હવે તો એવું થવું જોઈએ નહિ. હવે તો તે જ થાય, જે ભગવાન ઇચ્છે છે. બસ, ભક્તની આ જ ઇચ્છા રહે છે તેથી તે ભગવાનના વિધાનમાત્રમાં પરમ પ્રસન્ન રહે છે, ભલે પછી તે વિધાન મન, ઈન્દ્રિય અને શરીરને પ્રતિકૂળ હોય યા અનુકૂળ હોય. કારણ કે ફક્ત પ્રભુનું વિધાન માનીને ચાલવાથી તો અનુકૂળતા પ્રતિકૂળતા બંનેમાં મંગલ જ મંગલ ભરેલું છે. તેથી તે પોતાના મનોરથ ભગવાનથી અલગ રાખતો નથી, ભગવાનની ઇચ્છામાં જ પોતાની ઇચ્છાને મેળવી દે છે.

આ પ્રકારે ભગવાનનું ચિંતન, ભગવાનની આજ્ઞાનું પાલન સર્વસ્વ ભગવાનને અર્પણ કરી દેવું અને ભગવાનના વિધાનમાં પરમ પ્રસન્ન રહેવું તે જ ભગવત્ ભજન છે.

એટલા માટે આપણે ઇચ્છીએ કે બહુ જલદીથી ભગવદ્ભજન પરાયણ થઈ જઈએ. એવા પરાયણ થઈ જઈએ કે ભગવાનનુ ભજન કરતાં કરતાં વાણી ગદ્ગદ્ થઈ જાય, ચિત્ દ્રવિત થઈ જાય મન ભગવાનમાં લાગી જાય. ત્યાર પછી ભજન કરવુ ના પડે. સ્વાભાવિક જ થવા લાગી જાય, ત્યારે ભજન ભજન છે, નહિ તો ભજનની નકલ છે, કારણ કે જે ભજન કરવામાં આવે છે, તે નકલી હોય છે, અને જે આપમેળે થવા લાગે તે અસલી હોય છે. ભજન ના હોવા કરતા તો ભજનની નકલ પણ ઘણી સારી છે, નકલથી આગળ જઈને અસલી બની શકે છે. એટલા માટે ભગવાને કહ્યુ છે—

અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ॥

'સુખરહિત અને ક્ષણભંગુર આ મનુષ્ય-શરીરને પ્રાપ્ત કરીને નિરંતર મારું જ ભજન કરવુ જોઈએ.'

—— ——:: X X :: —— ——

ગીતા અને રામાયણના ક્રિયાત્મક પ્રચારની આવશ્યકતા

પરમ કૃપાળુ પ્રભુની પરમ દયાથી મનુષ્ય-દેહ પ્રાપ્ત થયો છે. તે શરીરનો મહિમા ઋષિ-મુનિઓ બધા ઘણાં હર્ષથી ગાય છે; કારણ કે એનાથી ઘણા મોટા પ્રયોજનની સિદ્ધિ થઈ શકે છે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે જે લાભથી વધુ કોઈ લાભ નથી અને જેમાં સ્થિર રહેવાથી ઘણુ ભારે દુઃખ ક્યારેય પણ વિચલીત નથી કરી શકતું—

યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ।
યસ્મિન્ સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે॥

(૬।૨૨)

—આવો અનુપમ લાભ હાલમાં આ શરીરથી અને દરેક મનુષ્યને થઇ શકે છે. મૂર્ખમાં મૂર્ખ અને પાપીઓમાં પાપી મનુષ્ય પણ થોડા જ સમયમાં દુર્લભ પરમપદ પ્રભુને પ્રાપ્ત કરી શકે છે, ગીતામાં ભગવાને કહ્યુ છે—

તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્।
દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે॥

(૧૦।૧૦)

ભગવાન જાતે જ જયારે બુદ્ધિયોગ પ્રદાન કરશે, ત્યારે મૂર્ખમાં મૂર્ખ કેમ ન હોય, તેને તેમની પ્રાપ્તિમાં કઈ હરકત રહેશે ? ભગવાને તો ત્યાં સુધી કહી દીધુ છે કે '**અપિ ચેત્સુદુરાચારઃ**' ખૂબ જ દુરાચારી અર્થાત્ સાંગોપાંગ પાપી પણ અનન્ય ભાવિક બનીને ભજન કરે તો તેને પણ સાધુ માનવો જોઈએ; કારણ કે તેને નિર્ણય ખુબ જ સારો કરી લીધો છે, આનાથી તે ક્ષિપ્ર-બહુજ શિઘ્ર ધર્માત્મા બની જશે અને શાશ્વત શાંતીને પ્રાપ્ત થઈ જશે, ભગવાન અધીક સમયની પણ આવશ્યકતા નથી બતાવતા—

અન્તકાલે ચ મામેવ સ્મરન્ મુક્ત્વા કલેવરમ્।
યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ ॥

(૮ । ૫)

આ શ્લોકમાં 'ચ' અવ્યવ 'અપિ'ના અર્થમાં પ્રયુક્ત થયો છે. એનો અર્થ થાય છે કે 'અંતકાળે પણ મને યાદ કરતાં કરતાં શરીર છોડીને જાય છે, તોપણ મને પ્રાપ્ત થઈ જાય છે—એમાં શંકા નથી.' તો, જે બધો સમય પ્રભુનું ચિંતન કરે, તેના કલ્યાણ અંગે તો કહેવુ જ શું છે ? ગીતા ઈત્યાદિ ગ્રંથોનો વિચાર કરતાં એ સમજમાં આવે છે કે પ્રભુની પ્રાપ્તિ વાસ્તવમાં કઠિન નથી તથા તેના માટે વધારે સમયની પણ આવશ્યકતા નથી, આવશ્યકતા છે—પોતાની હાર્દિક લગનની તથા પ્રભુ પ્રાપ્તિનો માર્ગ, ઉપાયો જાણવાનો.

માર્ગોને જાણનારા અને પ્રભુ-પ્રાપ્તિનો માર્ગ બતાવનારા છે—સાચા મહાત્માઓ તેમજ શાસ્ત્ર, વેદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરે ગ્રંથો. એમાં મહાત્માઓને તો દરેક મનુષ્ય ઓળખી જ શકતો નથી, ત્યારે તે તેમનાથી કેવી રીતે લાભ ઊઠાવે અને વેદ ઈત્યાદિ ગ્રંથોનું સમ્યક રીતિથી અધ્યયન કરીને વિચારપૂર્વક યથાધિકાર સાધન પસંદ કરવુ તે સાધારણ વાત નથી. શાસ્ત્રો પારાવાર છે; આવી હાલતમાં આપણને સુગમતાથી સરળ અને સુખમય માર્ગનો બોધ કરાવી આપનાર નાના તથા સરળ ગ્રંથ હોય તો આપણે અનાયાસ જ પોતાના જીવનને સફળ બનાવી શકીએ છીએ અને એ માટે મારી સાધારણ બુદ્ધિ પ્રમાણે શ્રીમદ્-ભગવદ્-ગીતા અને શ્રીતુલસીદાસકૃત માનસ રામાયણ– એ-બે ગ્રંથો ઘણા જ ઉપાદેય છે. શ્રીગીતોપદેશ સમયે અર્જુનની જે દશા હતી, તેવી કિંકર્તવ્ય-વિમૂઢ દશા આજ ભારતવર્ષની છે. અને અહીંયા રાજ્યવ્યવસ્થા જોતાં રામાયણની અર્થાત્ રામરાજ્યની અતિ અધિક આવશ્યકતા પ્રતીત થાય છે. જીવનમાં રામજીનું આદર્શ વર્તન સદાયે અપનવવા યોગ્ય છે અને એ માટે રામાયણ અને ગીતાનુ શ્રદ્ધાપૂર્વક પઠન કરવું, તેનો અર્થ સમજવો અને તે અનુસાર જીવન બનાવવું પરમ આવશ્યક છે અને આ બધું ત્યારે શક્ય છે, જ્યારે કે આપણે ગીતા અને રામાયણને સારી રીતે સમજીને તે અનુસાર આચરણ કરીએ—

તેમને પોતાના જીવનમાં ઉતારીએ. એટલા માટે ગીતા અને રામાયણનુ જાતે પઠન-પાઠન કરવું જોઈએ અને બીજાઓ દ્વારા કરાવવું જોઈએ. તે બાળકોને જે આધુનિક સમય પ્રમાણે ધર્મરહિત શિક્ષણ પ્રાપ્ત કરેલુ છે* વિશેષરૂપથી સાચા ધાર્મિક શિક્ષણની જરૂર છે, આપણા શાસ્ત્રનું તો કહેવું છે—'**ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ ।**' આ પશુવૃત્તિ ઘણી ઝડપથી આપણા દેશમાં ફેલાઈ રહી છે અને ઘર કરી રહી છે. તેથી તેને દૂર કરવા માટે તેમનુ શરણું લેવું જોઈએ; જે સ્વાર્થત્યાગી અને આપણા યથાર્થ હિતેષી છે. ભગવાન અને તેના પ્યારા ભક્તો—

સુર નર મુનિ સબ કૈ યહ રીતી । સ્વારથ લાગિ કરહિં સબ પ્રીતી ॥
સ્વારથ મીત સકલ જગ માહીં । સપને હું પ્રભુ પરમારથ નાહીં ॥
હેતુ રહિત જગ જુગ ઉપકારી । તુમ્હ તુમ્હાર સેવક અસુરારી ॥
સંતન મિલિ નિરનૈ કિયો મથિ પુરાન ઈતિહાસ ।
ભજિબે કો દોઈ સુઘર, કૈ હરિ, કૈ હરિદાસ ॥

તે બંનેના જ સાક્ષાત્ વચનામૃતરુપ એ બે પવિત્ર ગ્રંથરત્નો છે—શ્રીભગવાનના શ્રીમુખની વાણી ગીતા અને ભક્તરાજ તુલસીની મધુર વાણી શ્રીરામાયણ. ભાષાઓ અનેક છે, પરંતુ તેમનામાં સર્વશ્રેષ્ઠ છે દેવ ભાષા સંસ્કૃત અને બીજી છે રાષ્ટ્રભાષા હિન્દી. ગીતા સંસ્કૃતમાં છે અને રામાયણ

*ધર્મરહિત રાજ્ય, બ્રાહ્મણરહિત ધર્મવિધાન, ક્ષત્રિયરહિત શાસન, વૈશ્યરહિત વ્યાપાર, શુદ્રરહિત સેવા, અન્ત્યજરહિત સ્વચ્છતા-સફાઈ, વૃક્ષરહિત ઉધાન, ફળરહિત વૃક્ષ, સુગંધરહિત પુષ્પ, ગૌરસ-ઘી ઈત્યાદિરહિત મિષ્ઠાન, ભોજન, ઘીરહિત હવન, અનુભવ અને આચરણ વિનાનો ઉપદેશ, ત્યાગ વિનાનો પ્રેમ, ગુણ અને ધર્મ વિનાનું શિક્ષણ, આદર વિનાનું આતિથ્ય, શ્રદ્ધાવિનાનું સાધન, યોગ્યતા વિનાનો અધિકાર, ભજન વિનાનુ જીવન, કર્તવ્ય વિનાનું ક્રિયા, ગાય ભેંસ વિનાનું ઘી, ઘોડા હાથી વિનાની સવારી, ઈશ્વર વિનાનું જનસમુદાય, ન્યાય વિનાનો નિર્ણય, સ્ત્રી વિનાની ગૃહસ્થી, પુરુષ વિનાની સેના, સાહસ વિનાનો ઉદ્યોગ, સમતા વિનાનું જ્ઞાન, પ્રેમ વિનાની ભક્તિ, કૌશલ્યરહિત કર્મ, પુર્ણનિર્ભરતા વિનાની શરણાગતિ, સંપૂર્ણ સમર્પણ વિનાનું આત્મનિવેદન, ગુરુઓ (અધ્યાપકો અને આચાર્યો) પર શિષ્યોનું (વિદ્યાર્થીઓનુ) શાસન, ન્યાયશીલ રાજા ઉપર પ્રજાનું શાસન અને પુરુષો ઉપર સ્ત્રીઓનું શાસન વગેરે એવી ચિજો છે કે જેમનાથી સમાજ અને રાષ્ટ્રનો સર્વનાશ થઈ જાય છે.

આપણા અવતારી પુરુષ પણ બે જ મુખ્ય માનવામાં આવે છે—એક શ્રીરામ અને બીજા શ્રીકૃષ્ણ. ઉક્ત બંને ગ્રંથોમાં પણ એ બંનેનો મહિમા છે. ઉપદેશ આપવાની રીત પણ બે છે—એક મોઢેથી કહી અને એક આચરણ કરીને.

યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્ તદેવેતરો જનઃ ।
સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥

(૩ । ૨૧)

ગીતામાં શ્રીભગવાને કહીને ઉપદેશ આપ્યો અને ભગવાન શ્રીરામે શ્રીરામાયણમાં તેને આચરી બતાવ્યો. કાવ્ય પણ બે જ રીતમાં હોય છે—એક દશ્ય અને બીજુ શ્રાવ્ય. રામાયણ દશ્ય અને ગીતા શ્રાવ્ય છે.

શ્રીમદ્ભગવદ્ગીતા સંક્ષિપ્ત ઉપદેશથી અને રામાયણ વિશાળ ઉદાહરણો અને લીલા-કથાઓ દ્વારા આપણને સમજાવી રહ્યા છે. એટલા માટે આ બંને ગ્રંથ રત્નોનું સારી રીતે અધ્યયન કરીને અનુસરણ કરવુ જોઈએ.

—— ——:: X X :: —— ——

સંત અને તેમની સેવા

'તસ્મિંસ્તજ્જને ભેદાભાવાત્ ।' (નારદભક્તિસૂત્ર ૪૧)

સંત પ્રભુથી પોતાનું અલગ અસ્તિત્ત્વ માનતા નથી, એટલા માટે તેમનામાં સ્વાર્થની ગંધ પણ રહેતી નથી. પ્રભુથી અલગ એવી એમની કોઈ ઇચ્છા નથી. તેઓ સ્વાભાવિક જ પ્રભુની ઇચ્છામાં પોતાની ઇચ્છા, તેમની રુચિમાં પોતાની રુચિ મેળવતા રહે છે. તેથી તેમના દરેક વિધાનમાં પરમ સંતુષ્ટ રહે છે.

સંત પ્રભુ પર નિર્ભર રહે છે. **'જાહી બિધિ રાખે રામ, તાહી બિધિ રહિયે'**—ને તેઓ પોતાના જીવનમાં અક્ષરશઃ ચરિતાર્થ કરી લે છે અને એ પ્રકારે પ્રભુના વિધાનાનુસાર રહેવામાં તેઓ ઘણાં પ્રસન્ન હોય છે. આપણે લોકો પણ પ્રભુના વિધાન અનુસાર જ રહીએ છીએ. (કારણ કે પ્રભુની ઇચ્છા વિરુદ્ધ એક પાંદડું પણ હાલતુ નથી) પરંતુ તેમાં આપણી પ્રસન્નતા નથી હોતી; આપણે તો લાચાર બનીને રહેવું પડે છે. જો આપણામાં મન, ઇન્દ્રિયોને અનુકૂળ ભગવાનના વિધાનને બદલવાની શક્તિ-સામર્થ્ય હોત તો આપણે તેની અનુકૂળ બનાવી લેત. પરંતુ કરે શું ? આપણા વશમાં નથી ચાલતું, તોપણ શક્તિ-સામર્થ્ય ના હોવા છતાં પણ તેનાથી બચવાનો અસફળ પ્રયત્ન તો નિરંતર કરતા જ રહીએ છીએ. પરંતુ સંતમાં એવી વાત નથી; સંતના મનમાં પ્રભુના વિધાનુસાર વર્તવામાં કંઈ પણ વિચાર હોતો નથી. ઊલટું પ્રભુના વિધાનઅનુસાર પ્રાપ્ત થયેલી પરિસ્થિતિ તેના માટે અનુકૂળમાં અનુકૂળ માલૂમ પડે છે તથા તેના હૃદયમાં સદા-સર્વદા ભગવાન બિરાજમાન રહેવાના કારણે તેના પર પ્રતિકૂળતાની કોઈ અસર થતી નથી.

ભગવાન જાતે જ કહે છે—

સમોઅહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ।
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્॥

(ગીતા ૯ । ૨૯)

'અર્જુન ! હું બધા પ્રાણીઓમાં સમભાવથી વ્યાપ્ત છું, ન મારું કોઈ પ્રિય છે, ન અપ્રિય છે; પરંતુ જે મને પ્રેમથી ભજે છે, તેઓ મારામાં છે અને હું પણ તેમનામાં પ્રત્યક્ષ પ્રગટ છું.' વિચાર કરીને જોઈએ તો આ વાત સારી રીતે સમજમાં આવી જાય છે. જેમ કે એક સારું મકાન છે, તેમાં કોઈનો કબજો-ભોગવટો નથી, તેથી સારા પુરુષને તેમાં સ્વાભાવિક જ પ્રસન્નતા થશે. તે પ્રકારે સંતના અહંતા- મમતા વિનાના નિર્મળ હૃદયમાં પ્રભુ પ્રગટ રૂપે રહીને ઘણાં જ પ્રસન્ન થાય છે; કારણ કે ત્યાં તેમને રહેવામાં કોઈ કંઈ પ્રકારનું બંધન લગાડતું નથી, વિઘ્ન ઊભુ કરતું નથી. પ્રભુ એવા ઘરમાં ખૂબ જ નિઃસંકોચભાવથી રહે છે. શ્રીરામચરિતમાનસમાં ગૌસ્વામી તુલસીદાસજીએ પણ કહ્યુ છે—

જાહિ ન ચાહિઅ કબહું કછુ તુમ્હ સન સહજ સનેહુ।
બસહુ નિરંતર તાસુ મન સો રાઉર નિજ ગેહુ॥

આ પ્રકારે સંતના હૃદયમાં પ્રભુનો વાસ હોવાથી, તે જે કાર્ય કરે છે, તે પણ પ્રભુ જ કરે છે, તે જે પણ વિચારે છે, તે પ્રભુ જ વિચારે છે, વગેરે કથન સર્વથા સત્ય છે.

સંત અને ભગવાનના વિષયમાં ત્રણ પ્રકારની વાતો મળે છે—

(૧) બંનેમાં કોઈ અંતર નથી.

સંત-ભગવંત અંતર નિરંતર નહીં કિમપિ મતિ મલિન કહ દાસ તુલસી॥

(વિનયપત્રિકા)

સંત જ ભગવાન છે અને ભગવાન જ સંત છે. અર્થાત્ સંતોનું ભગવાન સિવાય કોઈ અલાયદું અસ્તિત્વ જ નથી હોતુ. કેવળ ભગવાન જ રહી જાય છે. કોઈકે કહ્યું પણ છે—

ढूँढा सब जहाँमें पाया पता तेरा नहि।
जब पता तेरा लगा तो अब पता मेरा नहि॥

(૨) વાસ્તવમાં ભગવાન ભગવાન જ છે. સંત સંત જ છે. સંત પ્રભુની બરાબર નથી, ભગવાન તેનાથી મહાન છે, સંતના જ્ઞાન, સામર્થ્ય, શક્તિ આદિ સિમિત છે અને ભગવાનનું બધું જ અનંત અને અસીમ છે. માનીએ કે, સંત પ્રભુને પ્રાપ્ત થઈ ગયા અને બીજાઓને પણ તેમની પ્રાપ્તિ કરાવી શકે છે. પરંતુ તે ભગવાન નથી બની શકતા. ન્યાયથી પણ આ સાચું લાગે છે. જેમ કે જ્યારે આપણને કોઈ સંત મળે છે તો આપણે કહીએ છીએ—'મહારાજજી ! ભગવનના દર્શન કરાવી આપો.' આથી સ્પષ્ટ છે કે સંત મળવાથી આપણી આત્યન્તિક તૃપ્તિ થઈ નહિ; તેમનાથી જે એક મહાન વસ્તુ છે—ભગવાન છે, તેને મેળવવાની ઇચ્છા રહે છે. તેથી સ્વાભાવિક રીતે જ ભગવાનનું મહાન હોવું તે પ્રગટ થાય છે અને સંતો ભગવાનને મહાન માનતા આવ્યા છે.

(૩) સંત ભગવાનથી અધિક છે. ગોસ્વામી તુલસીદાસજી કહે છે—

રામ સિંધુ ઘન સજ્જન ધીરા। ચંદન તરુ હરિ સંત સમીરા॥
મોરેં મન પ્રભુ અસ બિસ્વાસા। રામ તેં અધિક રામ કર દાસા॥

શ્રીભગવાને પણ દુર્વાસાને કહ્યું છે—

અહં ભક્તપરાધીનો હ્યસ્વતન્ત્ર ઇવ દ્વિજ।
સાધુભિર્ગ્રસ્તહૃદયો ભક્તૈર્ભક્તજનપ્રિયઃ॥

સંતોએ તો ભગવાને મહાન બતાવ્યા અને ભગવાન સંતોને મોટા બતાવે છે. પરંતુ સંતોને ભગવાન અને સંત બંને પણ મોટા બતાવે છે. ભગવાને ક્યાંયે પણ પોતાને સંતથી મોટા બતાવ્યા હોય—એવું જોવા મળતું નથી. એ દૃષ્ટિએ સંત જ મોટા થયા અને આપણે જો પોતાના લાભ માટે વિચાર કરીએ છીએ તોપણ સંત જ મોટા છે; કારણ કે પરમાત્મા સચ્ચિદાનંદરૂપમાં જીવમાત્રના હૃદયમાં રહેવા છતાં સંત-કૃપા અને સત્સંગ વિના ભગવાનના તે પરમ આનંદમય સ્વરૂપના અનુભવથી વંચિત રહીને જીવો દુઃખી જ રહે છે. ભગવાનના સ્વરૂપનો

અનુભવ તો ભગવત્-ભક્તિથી જ થાય છે અને તે મળે છે સંતકૃપા તથા સત્સંગથી—

ભગતિ તાત અનુપમ સુખ મૂલા। મિલઇ જો હોહિ સંત અનુકૂલા ॥
ભગતિ સ્વતંત્ર સકલ ગુન ખાની। બિનુ સતસંગ ન પાવહિં પ્રાની ॥

એટલે આપણા માટે તો સંત જ મોટા થયા. ભગવત્કૃપાથી પ્રાપ્ત થયેલા માનવ-દેહનું ફળ મનુષ્યનાં કર્મ તેમજ સાધન અનુસાર સ્વર્ગ, નરક અથવા મોક્ષ—બધાં થઈ શકે છે, પરંતુ સંતોની કૃપાથી પ્રાપ્ત થયેલા સત્સંગનું ફળ કેવળ પરમ પદ જ હોય છે.

ભગવાન તો દુષ્ટોનો ઉદ્ધાર તેમના વિનાશ કરીને કરે છે, પરંતુ સંતો દુષ્ટોની વૃત્તિઓ સુધારીને તેમનો ઉદ્ધાર કરે છે. ભગવાન પોતાના બતાવેલા કાનૂનમાં બધાંયેલા છે. પરંતુ સંતોમાં દયા આવી જાય છે. આ રીતે પણ સંતો પ્રભુથી મોટા છે. ભગવાન સર્વત્ર મળી શકે છે; પરંતુ સંતો તો ક્યાંય ક્યાંય જ છે. એટલે તેઓ પ્રભુથી દુર્લભ છે—

હરિ દુરલભ નહિં જગત મેં, હરિજન દુરલભ હોય।
હરિ હેર્યાઁ સબ જગ મિલૈ, હરિજન કહિં એક હોય ॥

આપણો ઉદ્ધાર કરવામાં તો સંતો જ મોટા થયા, એટલે આપણે તેમને જ મોટા માનવા જોઈએ.

તાત્ત્વિક દૃષ્ટિથી જોઈએ તો સંત અને પ્રભુ બંને એક જ છે; કારણ કે સંતો ભગવાનથી અલગ પોતાની આસક્તિ, મમતા, રુચિ આદિ રાખતા નથી,. તેથી તેઓ ભગવત્-સ્વરૂપ જ છે—

ભક્તિ ભક્ત ભગવંત ગુરુ ચતુર નામ, બપુ એક।
ઇન કે પદ બંદન કિએઁ નાસત બિઘ્ન અનેક ॥

હવે પ્રશ્ન થાય છે કે સંતોનું સેવન કેવી રીતે કરવું ? તેના ઉત્તરમાં આ જ કહી શકાય કે સંતોના સેવનની સર્વોત્તમ રીત છે તેમનું મન, તેમની આજ્ઞા અનુસાર ચાલવું, તેમના સિદ્ધાંતોનું આદરપૂર્વક પાલન કરવું. આ સંત-સેવાની

ઊંચામાં ઊંચી વિધિ છે. એનું કારણ એ છે કે સંતોને પોતાનો સિદ્ધાંત જેટલો પ્યારો હોય છે, તેટલો તેમને પોતાનો પ્રાણ પણ નથી હોતો, જે આપણને બધાથી પ્યારો છે. એ જ કારણ છેકે જરુર પડી તો તેઓ પ્રાણ છોડી દે છે, પરંતુ સિદ્ધાંત નહિ. એટલા માટે તેમના સિદ્ધાંતોનું સાંગોપાંગ પાલન કરવું, તેમના મન પ્રમાણે ચાલવું અને જો મનનો તાગ ન મળે તો ઈશારા-આજ્ઞા વગેરે પ્રમાણે ચાલવું જોઈએ, આ તેમની સૌથી મોટી સેવા છે—'**અગ્યા સમ ન સુસાહિબ સેવા ।**' તેથી શરીરથી સેવા કરવાની સાથે જ શ્રદ્ધા-પ્રેમપૂર્વક મનથી પણ સેવા કરવામાં આવે તો પછી કહેવાનુ જ શું હોય ? તેમના સિદ્ધાંતો જાણવા માટે તેમનો સંગ કરીને તેમને ભગવાન સંબંધી વાત પૂછવી જોઈએ; એનાથી આપણે વધુ લાભ ઊઠાવી શકીએ છીએ. સંતો પાસે પુત્ર સ્ત્રી, માન, મોટાઈ આદિથી સંબંધ રાખતાં સંસારિક પદાર્થો ઇચ્છવા તે કિંમતી હીરાને પથ્થરથી ફોડવા સમાન છે. આ સંતોના સંગનો સદુપયોગ નથી. એમ તો સંતોના કહેવાથી પુત્ર ઈત્યાદિ પ્રાપ્તિ પણ થઈ શકે છે, પરંતુ એ તો તેમનું મૂલ્ય ના સમજવા જેવું છે.

સંતને પ્રાયઃ આપણે સમજતા નથી. આપણે તો તેની બાહ્ય ક્રિયાઓની અર્થાત્ અધિક ખાવું, નગ્ન રહેવું, માટીનુ સોનું બનાવી દેવું ઈત્યાદિ ચમત્કારિક વાતોને વિશેષતા જોવા ઇચ્છીએ છીએ; પરંતુ આ વાતો સાથે 'સંતપણા'નો કંઈ પણ સંબંધ નથી. સંતોનું આ લક્ષણ ક્યાંય પણ લખવામાં આવ્યું નથી. ગીતામાં જગ્યા-જગ્યાએ ભક્ત ઈત્યાદિના લક્ષણ લખ્યાં છે. પરંતુ તેમાં એક પણ સ્થાને લખ્યું નથી કે 'તેઓ પુત્ર આપી દે છે, વચન સિદ્ધ હોય છે' ઈત્યાદિ.

તો પછી સંતોની ઓળખ કેવી રીતે થાય ? સંતોની ઓળખાણનો સિધો-સાદો ઉપાય એ છે કે વ્યક્તિના સંગથી આપણું સાધન વૃદ્ધિ પામે, આપણામાં દૈવી સંપત્તિ આવે, આપણા આચરણમાં ન્યાય વર્તાવા લાગે, ભગવત્-તત્ત્વનું જ્ઞાન થાય, સત્-શાસ્ત્ર ભગવાન, મહાત્મા, પરલોક અને ધર્મમાં શ્રદ્ધા વધે અને ભગવાનનું સ્મરણ અધિક થાય, તે આપણા માટે સંત છે. સંતોથી એવો લાભ લેવો જોઈએ અને તેમનાથી આ પ્રકારનો આધ્યાત્મિક લાભ લેવો તે જ સાચો લાભ છે.

ભગવાનથી લાભ ઊઠાવવાની પાંચ વાતો છે—નામ-જપ, ધ્યાન, સેવા, આજ્ઞા-પાલન અને સંગ. પરંતુ સંતોથી લાભે મેળવવા માટે સંગ, આજ્ઞા અને સેવા—એ ત્રણ જ સાધન ઉપયુક્ત છે. સંત મહાત્મા પુરુષ પોતાના નામનો જાપ અને પોતાના સ્વરૂપનું ધ્યાન ક્યારેય બતાવતા નથી અને જેઓ પોતાના નામ અને રૂપનો પ્રચાર કરતા હોય છે, તેઓ કદીએ સંત નથી. સાચો સંત તો ભગવાનના જ નામ-જપ અને ધ્યાન ધરવાનો ઉપદેશ આપે છે. હા, તે સેવા આજ્ઞાપાલન અને સંગ—આ ત્રણ માટે પ્રાયઃ મનાઈ કરતા નથી. સેવામાં થોડો સંકોચ રાખે છે અને જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી નથી કરાવતા. સેવાના બે પ્રકાર છે (૧) પૂજા, આરતી કરવી વગેરે (૨) વસ્ત્ર આપવું, ભોજન આપવું, અનુકૂળ વસ્તુઓ રજુ કરવી ઈત્યાદિ. ભગવાનની તો આ બંનેય સેવા યોગ્ય છે, પરંતુ સંત પુરુષ પહેલા પ્રકારની સેવા ઇચ્છતા નથી અને જો કોઈ એવી સેવા માટે આગ્રહ રાખે છે તો તેઓ પોતાના સ્થાને ભગવાનની જ સેવા કરાવે છે; કારણ કે તેઓ જાણતા હોય છે કે 'મારું શરીર હાંડ-માંસનુ છે, એની સેવાથી શો લાભ !' બીજા પ્રકારની સેવા તેઓ આશ્રમ અને વર્ણ અનુસાર સ્વીકાર કરી લે છે અને આ પ્રકારની સેવા પણ સંતપણાની દૃષ્ટિથી લેતા નથી, આશ્રમ અને વર્ણની જ દૃષ્ટિથી લે છે, એટલા માટે આ વસ્ત્રો, અનાજ વગેરે વસ્તુઓની પૂર્તિ કરવીએ અનુચિત નથી. આ પ્રકારની સેવા માત્ર સંત જ નહિ, જે પણ હોય લઈ શકે છે, જો કોઈ સંતના હોય, પરંતુ તેને ભૂખ-તરસ લાગી છે તો તે કોઈ પણ કેમ ન હોય, જે વ્યક્તિ પાસેથી ભોજનાદિ વસ્તુ હોય તેની પાસેથી શરીર નિભાવ અર્થે લઈ શકે છે.

હવે આજ્ઞા પાલનની વાત રહી. તે પણ તેઓ પ્રાયઃ કોઈ વાત હુકમના રૂપમાં કહેતા નથી. તેઓ પોતાની નમ્રતાના કારણે જ્યારે કોઈ વ્યક્તિને કંઈ કામ કરવા માટે કહે છે, ત્યારે પ્રાયઃ એવો સંકેત કર્યા કરે છે કે અમુક પરિસ્થિતિમાં શાસ્ત્રોની એવી આજ્ઞા છે, ભગવાનની એવી આજ્ઞા છે, સંતોએ એવું કહ્યું છે અને

કર્યું છે વગેરે વગેરે. પરંતુ એ નિશ્ચિત છે કે તેમના કથન અનુસાર કરવાથી લાભ અવશ્ય થાય છે; એટલા માટે તેઓ જે કંઈ નિર્દેશ કરે તેને તેમની આજ્ઞા સમજીને પાલન કરે તો તેઓ તેનો વિરોધ નથી કરતા. એ એમની આપણા પ્રત્યે ઉદારતા છે, કૃપા છે, એ તેમણે આપણા માટે છૂટ આપી રાખેલી છે. સેવામાં આજ્ઞાપાલનનુ સ્થાન બધાથી ઊંચું માનવામાં આવ્યુ છે. શરીરની પૂજા કરતા તેમના વચનો વધારે મહત્વના છે. એટલા માટે વચનોની જ પ્રધાનતા દેવી જોઈએ. એક સંત હતા. તેમની પાસે રહેનારા શ્રદ્ધાળુ વ્યક્તિઓમાંથી એક વ્યક્તિની એક દિવસે સંતે પરીક્ષા લેવા ઇચ્છ્યું. તેઓ બોલ્યા—'મારી કમરમાં દર્દ થઈ રહ્યું છે, જરીક તારા પગથી એને દબાવી દો.' શ્રદ્ધાળુએ કહ્યું—'મહારાજ ! આપના શરીર પર હું પગ કેવી રીતે રાખી શકુ ?' સંતે તરત ઉત્તર આપ્યો, 'સારું, તેં મારા શરીર ઉપર તો ન રાખ્યો પરંતુ મારી જબાન પર તો પગ રાખી દીધો ને ?' આ એક ઉદાહરણ છે એમાંથી આપણે એ શિખ લેવી જોઈએ કે સેવામાં શરીર કરતા વચનોના પાલનને અધિક મહત્વ આપવું. હા, એ સંભવ છે કે આપણે સંતના વચનનું પૂરું પાલન ન કરી શકીએ, પરંતુ જો મનમાં વચન પાલનની નિષ્ઠા છે તથા તેના માટે સામર્થ્ય પ્રમાણે પ્રયત્ન પણ કર્યો છે તો પછી ભલે તેનું અક્ષરશઃ પાલન ન થઈ શક્યું હોય તોપણ તેનાથી ઘણો મોટો લાભ થાય છે.

જો સંતના વચનોનો ભાવ ક્યારેક પૂર્ણરૂપથી સમજમાં ન આવ્યા હોય તો નમ્રતાપૂર્વક તેમને પૂછીને સમાધાન કરી લેવું જોઈએ; પરંતુ સમજમાં આવી ગયા પછી પાલન કરવામાં જરા પણ કસર ન કરવી જોઈએ. સંતના વચન પાલનમાં જો ક્યારેક તેમની સેવાનો પણ ત્યાગ કરવો પડે તો તે પણ કરી દેવો જોઈએ. સેવા કરવાથી જ્યારે લાભ છે તો સેવા ત્યાગથી અધિક લાભ હોવા જોઇએ; કારણ કે જે કિંમતી ચીજ છે, તેનો ત્યાગ તે ચીજ કરતા પણ મોટો છે, તો પછી આ ત્યાગ જો સંતની આજ્ઞાથી જ કરવામાં આવે તો તે એથી પણ વધારે મહત્વની વસ્તુ છે. સાચો શ્રદ્ધાળુ એમાં કેમ ચૂકશે ? હા, એક વાત છે જેઓ સેવા ના કષ્ટથી છુટકારો મેળવવા સેવાનો ત્યાગ કરે છે, તેઓ તો સેવાના મહત્વને જાણતા નથી. તેમને તો સેવા કરવામાં કષ્ટનો અનુભવ થાય છે એટલા માટે તેઓ લાભથી વંચિત રહે છે. સંત ક્યારેય કોઈને જરાપણ કષ્ટ દેવા

ઇચ્છતા નથી. એટલા માટે તે એવી વ્યક્તિઓ દ્વારા સેવા શા માટે કરાવશે; કારણ કે તેમને સેવા કરાવવાની કોઈ ભૂખ તો છે જ નહિ. જે લોકો અન્યો દ્વારા પોતાની સેવા કરાવવા ઇચ્છે છે તેમના અંતઃકરણમાં સ્વાર્થ અને અહંકારના કારણે એ સુજ નથી પડતી કે કોને શું કષ્ટ અને હાનિ થઈ રહી છે; પરંતુ સંતોના નિસ્વાર્થ હૃદયમાં તો પ્રકાશ છે તેઓ તો જાણે છે કે કઈ વ્યક્તિ સેવામાં સુખનો અનુભવ કરે છે અને કોણ દુઃખનો.

સત્સંગ માટે તો સંતો જાતે જ આપમેળે ચાલ્યા જાય છે. કારણ કે પ્રેમી જિજ્ઞાસુઓ પાસે જવાથી ભગવદ્‌વાક્યોનું મનન વિચાર અને શિસ્ત આવે છે જે તેમને ખૂબ પ્યારા છે. એટલે જ નહિ તેઓ પોતાનો સંગ કરનારા વ્યક્તિનો ઉપકાર માને છે કે એ કારણે તેમને થોડો સમય ભગવદ્‌ચર્ચામાં પસાર થયો. કાકભૂશુંડિજીએ ગરુડજીને કહ્યું—'મહારાજ ! મારા ઉપર આપની ઘણી કૃપા થઈ જે મને સત્સંગ આપ્યો.'

તુમ્હ બિગ્યાનરૂપ નહિ મોહા । નાથ કીન્હ મો પર અતિ છોહા ॥
પૂૂઁછિહુઁ રામ કથા અતિ પાવનિ । સુક સનકાદિ સંભુ મન ભાવનિ ॥

(રામચરિતમાનસ)

સંતોની વાતો એટલી અલૌકિક છે કે આપણે તેનું વિવેચન પણ નથી કરી શકતા. પછી અનુભવની તો વાત જ જુદી છે !

પોતાની બુદ્ધિથી સંતોની ઓળખ કરવી ઘણી કઠિન છે તેમની ઓળખ તો સંત તેમજ ભગવાનની કૃપાથી જ શક્ય છે. કસોટી દ્વારા ઓળખ કરવામાં તો આપણે નિષ્ફળ જઈએ છીએ; કારણ કે આપણી કસોટી ભૂલભરેલી છે. સંતોની ઓળખ તો પહેલા બતાવેલા ઉપાયો દ્વારા જ થઈ શકે છે કે (૧) જે વ્યક્તિના સંગ, વાર્તાલાપ તથા દર્શનથી આપણામાં દૈવી સંપતિ આવે, ભગવાન પ્રત્યે આપણી રુચિ વધે, આધ્યાત્મિક માર્ગે આપણે અગ્રસર થઈએ (૨) જે આપણી પાસે જરાપણ કોઈ પણ પ્રકારની સેવાની ઇચ્છા રાખતો ન હોય (૩) જે આપણું હમેશાં જ સ્વાર્થ વગર કલ્યાણ કરતો હોય તેમજ (૪) આપણી દૃષ્ટિએ જે આધ્યાત્મિક વિષયમાં સૌથી વધારે જાણકાર હોય તે જ આપણા માટે સંત છે. તેમજ સ્થૂળ રીતે સંતની ઓળખ કરવાનો આ ઉપાય પણ છે કે સાચો

સંત સ્ત્રી, સંપત્તિ ઇચ્છતો નથી. માન-મોટાઈ ઇચ્છતો નથી, જેટલી ભૌતિક વસ્તુઓ છે તેમની ઇચ્છા કે લાલસા રહેતી નથી.

સંતોનો સંગ કરવામાં આવે તો તે કદાપિ નિષ્ફળ હોતો નથી. પણ તેમનું મહત્ત્વ સમજીને તેમના સિદ્ધાંતો અનુસાર આચરણ કરતાં કરતાં તેમનો સંગ કરવો તે તેમનો વાસ્તવિક સંગ કરવા સમાન છે. આ પ્રકારે કરવાથી તેમના સંગનો વાસ્તવિક લાભ શીઘ્ર પ્રગટ થાય છે.

આ ઉપર એ શંકા થાય છે કે અગ્નિ અજાણતામાં જ સ્પર્શ કરવામાં આવે તો પણ બાળી નાખે છે એ પ્રકારે અજાણતામાં પણ કરેલો સંતોનો સંગ પાપોનો નાશ કરવાવાળો અવશ્ય હોવો જોઈએ. તો તેનો જવાબ એ છે કે આ વાત ઉચિત જ છે. અજાણતા પણ થયેલા સંગથી પાપોનો નાશ અવશ્ય થાય છે, પરંતુ જે પ્રકારે અગ્નિમાં દાહિકાશક્તિ, પ્રકાશશક્તિ, પાચનશક્તિ તેમજ સ્વર્ગ તથા મોક્ષ આપવાની પણ શક્તિ છે. પરંતુ જલનશક્તિ સિવાયની શક્તિ સિવાયની અન્ય શક્તિઓનો લાભ આપણે તેમને જાણ્યા સિવાય મેળવી શકતા નથી. અગ્નિ અજાણતામાં સ્પર્શ કરવાથી બાળે તો છે, પરંતુ માત્ર બાળવાનું જ થાય છે. પરંતુ જેઓ તે અગ્નિને (અગ્નિનું વાસ્તવિક મહત્વ) સમજીને તેને અનુકૂળ ક્રિયા કરે છે તેઓ તેનાથી પ્રકાશ પણ મેળવે છે. અને તેનાથી રોટી શેકીને પોતાની ભૂખ પણ બૂઝાવી શકે છે. એટલું જ નહિ અગ્નિ દ્વારા આ કામ તો શ્રદ્ધા વિનાનો વ્યક્તિ પણ લઈ શકે છે. પરંતુ વૈદિક મંત્ર અને પરલોકમાં શ્રદ્ધા રાખનાર મનુષ્ય તો વૈદિક મંત્રોથી શ્રદ્ધાપૂર્વક વિધિસહિત અગ્નિમાં આહૂતિ આપીને સ્વર્ગ પ્રાપ્તિ પણ કરી શકે છે અને જે ભગવાનની આજ્ઞા માનીને નિષ્કામ ભાવથી અગ્નિમાં આહૂતિ આપીને યજ્ઞ કરે છે, તે તો અગ્નિથી ભગવાનની પ્રાપ્તિ પણ કરી લે છે. એ પ્રકારે સંતોને ના જાણવા છતાં પણ તેમના સંગથી પાપોનો નાશ થાય જ છે, પરંતુ તેમને ઓળખ્યા વિના પરમાત્મા સંબંધી જ્ઞાન અને સંસારના પદાર્થોનો વૈરાગ્ય થતો નથી. સંતોને જાણીને તેમનો સંગ કરવાથી સત્-અસત્, કર્તવ્ય-અકર્તવ્ય, હેય-ઉપાદેય અને સાર-અસારનું જ્ઞાન થાય છે તેમજ પોતા માટે હજું બીજા પરિણામમાં અનિષ્ટકારક વસ્તુ તથા ક્રિયાઓનો ત્યાગ થઈ શકે છે; તેમજ શ્રદ્ધાપૂર્વક નિષ્કામભાવથી તેમની આજ્ઞા અનુસાર અનુષ્ઠાન

કરવાથી તો અજ્ઞાન, કલેશ, કર્મ, વિકાર, વાસના આદિનો ખૂબ જ અભાવ ઉત્પન્ન થઈને પરમાનંદરૂપ એવા પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. આ બધા લાભો સંત-મહાત્માઓને ઓળખીને તેમનો શ્રદ્ધાપૂર્વક સંગ અને તદનુકૂળ આચરણ કરવાથી જ થાય છે.

આ બાબતે એક વાત બીજી પણ છે. અગ્નિથી બળવું ત્યારે થાય છે, જ્યારે અગ્નિ અને પોતાની વચ્ચે કોઈ વ્યવધાન હોતુ નથી. પગમાં જૂતા પહેરીને અગ્નિનો સ્પર્શ કરવામાં આવે તો તે બાળી પણ શકતો નથી. એ પ્રકારે જો સંતોના સંગ વિશે કુર્તક, નિંદા, તિરસ્કાર ઈત્યાદિની આડશ લગાડવામાં આવે તો પાપનાશરૂપિ લાભ પણ હોતો નથી. અજાણતામાં સ્પર્શ કરવાથી અગ્નિ તો ફક્ત બાળે છે, પરંતુ જો કોઈ સંત પ્રત્યે તિરસ્કાર અને નિંદાનો ભાવ રાખ્યા વગર અજાણતામાં પણ તેમનો સંગ કરતો રહે તો સંતોનો સંગ તો તેમના પાપવિનાશ ઉપરાંત તેમને પરમાત્માની પ્રાપ્તિના અધિકારી પણ બનાવી દે છે. જેવી રીતે પારસ અને લોખંડને ટકરાવતા રહો તો પહેલા લોખંડ પર ચોટેલી માટી, કાટ વગેરે અવરોધો દૂર થશે અને બાદમાં સ્પર્શ થવાથી લોખંડ સ્વર્ણ બની જશે. બસ, એ પ્રકારે વારંવારના સંગથી પાપરૂપિ મળ (માટી, કાટ ઈત્યાદિ) દૂર થઈ જશે અને છેવટે કલ્યાણ થઈ જશે. ઋષિકેશ (ઉત્તરાખંડ) તરફ જોયું હશે, ગંગાજીમાં ગોળ ગોળ પત્થર મળે છે. પર્વતોની શિલાઓના વાંકા-ચૂકા પત્થર પાણીના પ્રવાહમમાં ગબડતાં ગબડતાં ગોળ થઈ ગયા; તેમણે કોઈ મહેનત નથી કરી અને તેમનામાં ગોળ થવાની ઇચ્છા જ ન હતી. પરંતુ પ્રવાહમાં પડયા રહ્યા તો ગોળ અને ચિકણા થઈ ગયા. એ પ્રકારે સંત-મહાત્માઓના શરણે પડયા રહે તો અંતે કલ્યાણ જ થઈ જાય છે.

શ્રદ્ધાના બે પ્રકાર છે—(૧) સ્થાયી અને (૨) અસ્થાયી. સ્થાયી શ્રદ્ધા ત્યાં હોય છે, જેમાં કદાપિ ઓટ હોતી નથી. પરંતુ અસ્થાયી શ્રદ્ધા બજારના ભાવની જેમ વધતી-ઘટતી રહે છે. સ્થાયી શ્રદ્ધામાં વૃદ્ધિ થવાની શક્યતા તો છે; પરંતુ તે કદાપિ ઘટી શકતી નથી. અસ્થાયી શ્રદ્ધા પણ વૃદ્ધિ પામતાં અંતે સ્થાયી શ્રદ્ધામાં પરિણત થઈ શકે છે; કારણ કે અસ્થાયી શ્રદ્ધામાં જે વાસ્તવિક શ્રદ્ધાનો

અંશ હોય છે, તે સ્થાયી શ્રદ્ધામાં શામેલ થતી રહે છે. સંતોનો વારંવાર સંગ કરવાથી તેમના ગુણ-પ્રભાવનુ જ્ઞાન થવાથી તથા તેમની આજ્ઞા-પાલન કરવાથી તેમના પ્રત્યે શ્રદ્ધા-ભાવનો વિકાસ થતો રહે છે અને અંતે સ્થાયી શ્રદ્ધાનો ઉદય થઈ જાય છે.

સંત હમેશાં રહે છે. એવો કોઈ સમય કાળ નથી હોતો; જે વખતે પૃથ્વી-મંડળમાં યતિ, સતી, ધર્માત્મા અને સંત પુરુષ ન હોય. આજે પણ સંત પુરુષો મળી શકે છે, અને એવા સંતો મળી શકે છે, જેઓ આપણો ઉદ્ધાર કરી શકે છે. પરંતુ આપણને મળે કેવી રીતે ? આપણામાં તેમને મળવાની લાલસા જ નથી. એટલે તો આ લાલસા વધારવી જોઈએ કે આપણને સંત, સાચા સંત મળે.

સંતોના જીવન કાળ દરમ્યાન જો કોઈ તેમનો લાભ મેળવનાર ના હોય, તોપણ તેમના સિદ્ધાંત વાયુ-મંડળમાં સ્થિર થઈ જાય છે; જેથી ભવિષ્યમાં જો કોઈ લાભ લેનાર પેદા થાય તો તેમનો લાભ મેળવી લે છે.

એવું નથી કે બધા સંતો એક સમાન હોય, તેમની વાસ્તવિક સ્થિતિમાં ભેદ ન હોવા છતાં પણ વર્ણ, આશ્રમ, સંગ, સ્વાધ્યાય, પ્રકૃતિ, સાધનાની પ્રણાલિ આદિના સાધનકાળમાં અંતર રહેવાના કારણે સિદ્ધાવસ્થામાં પણ તેમની માન્યતા, આચરણ અને ઉપદેશ-પદ્ધતિમાં અંતર જોવા મળે છે.

સંત લોકો કોઈને પોતાનઃ ચેલા-ચેલીઓ બનાવતા નથી. પરંતુ જો કોઈ પોતાને તેમનો અનુયાયી માની લે તો એમાં એને કોણ રોકી શકે છે ? વ્યક્તિ ઈશ્વર ઉપર ભરોસો રાખીને સાચા હૃદયથી પોતાની જાતને કોઈ સંતનો અનુયાયી માની લે છે, તો તેનો ભાર ભગવાન પર આવી જાય છે. પરંતુ તે માન્યતા અસલી હોવી જોઈએ. સારાંશ એ છે કે સાધકના મનમાં ફક્ત ભગવત્-પ્રાપ્તિની જ ઈચ્છા હોય તથા સિદ્ધાંતોના આધારે જ શ્રદ્ધા હોય, તો પછી વ્યક્તિ પર આગ્રહ ના હોવાથી તથા ઇચ્છા ભૌતિક ન હોવાના કારણે તે ક્યાંય પણ છેતરાતો નથી. આ પ્રકારે જો માન્યતા અસલી થાય અને ભગવાન જોશે કે આ વ્યક્તિનું કલ્યાણ આ સંતમાં શ્રદ્ધા રાખવાથી થઈ શકે છે તો તેઓ તેની શ્રદ્ધા એ અંતમાં દૃઢ કરી દેશે, પરંતુ જો તે સંતના હોય અને તેનામાં શ્રદ્ધા રાખવાથી તે સાધકને

નુકસાન થવાની સંભવના હોય તો ભગવાન તેની શ્રદ્ધા બીજે ક્યાંક લગાડી દેશે; કારણ કે સાધક અજાણ હોવા છતાં પણ ભગવાન તો સાધક અને સંત બંનેને જ ઓળખે છે અને અજાણતામાં પણ રક્ષણ કરવું ભગવાનનો સર્વભૂત-સુહૃદ-સ્વભાવ જ છે. તેથી બંને પરિસ્થિતિમાં તેનો ઉદ્ધાર થવો નિશ્ચિત છે; કારણ કે 'મારુ કલ્યાણ ભગવાન અવશ્ય કરશે' એવો તેનો ભગવાન પર દૃઢ ભરોસો રહે છે. એકલવ્યના ભાવથી તેને સફળતા મળી ગઈ. વાસ્તવમાં શ્રદ્ધા-ભક્તિ અસલી ચીજ છે, નેગ-ચારથી ભગવાન મળી શકતા નથી. સંતના બારામાં પણ આ વાત છે. નેગ-ચાર કરીને ભલે આપણે કોઈને ગુરુના બનાવીએ, પણ શ્રદ્ધા-ભક્તિથી સંતને ગુરુ માનીને તેમની સેવા, આજ્ઞા-પાલન અને સંગ કરો, તો લાભ જ થઈ જશે.

—— ——:: X X :: —— ——

સુખ કેવી રીતે મળે ?

મન, ઇન્દ્રિયોને જે અનુકૂળ જણાય છે, તે સુખ અને પ્રતિકૂળ જણાય છે, તે દુ:ખ છે. આ છે સુખ-દુ:ખની સાધારણ જનતા દ્વારા કરવામાં આવેલી વ્યાખ્યા.

આપણે વિચારીએ છીએ કે આપણને રોટી, કપડાં, મકાન, સવારી, જમીન, ખેતરો, ન્યાય, વિદ્યા તથા દવા આદિ વસ્તુઓ સસ્તી તથા પુષ્કળ પ્રમાણમાં મળી જાય તો આપણે સુખી થઈ જઈશું; પરંતુ વિચારો, જેની પાસે ઉપયુક્ત પદાર્થો પ્રચૂર પ્રમાણમાં છે, શું તે વાસ્તવમાં સુખી છે ? કદાપિ નહિ. કારણ કે પદાર્થો વધાવાથી તેમની લાલસા વધે છે અને વસ્તુઓની લાલસા જ સંપૂર્ણ દુ:ખોનું કારણ છે. ગીતામાં અર્જુને ભગવાનને જ્યારે દુ:ખોના કારણરૂપ પાપોનો હેતુ પૂછયો, ત્યારે ભગવાને કામ (લાલસા)ને જ પાપાચરણનો હેતુ બતાવ્યો. દુ:ખનું સાક્ષાત્ કારણ પણ લાલસા જ છે. કેદમાં, નરક ઈત્યાદિમાં અથવા જ્યાં ક્યાંય પણ દુ:ખી જોવામાં આવે છે, તે બધા દુ:ખોનું કારણ છે પહેલા ક્યારે લાલસાથી કરેલા પાપ અથવા વર્તમાનમાં પદાર્થોની લાલસા જ છે. લાલસા (મોહ) કરવાથી પદાર્થો મળતા પણ નથી. સંસારી લોકો પણ ઇચ્છનારને આપતા નથી પણ જે લેવા ઇચ્છતા નથી તેને આગ્રહ અને પ્રસન્નતાપૂર્વક આપવા ઇચ્છે છે, કોઈ વ્યક્તિને જો સંપૂર્ણ સંસારની ઉપયુક્ત બધી મનવાંછિત વસ્તુઓ મળી જાય તો પણ તેમનાથી તૃપ્તિ થઈ શકતી નથી; ઊલટું તેની લાલસા ઉત્તરોત્તર વધતી જ જશે '**जिमि प्रति लाभ लोभ अधिकाई ।**' આ લાલસાની વૃત્તિનો અર્થ એ છે કે તમે તમારામાં ઉણપનો અનુભવ છે અને જ્યાં સુધી પોતાનામાં ઉણપનો અનુભવ રહેશે, ત્યાં સુધી સુખી જ થઈ કેવી રીતે થઈ શકે? ઊલટું દુ:ખ જ વધશે.

ગંભીરતાથી વિચાર કરો તો તમને ખબર પડશે કે પદાર્થોના મળવાથી સુખ થતું નથી પરંતુ પદાર્થ મળવાથી દુઃખની કારણભૂત ઇચ્છા (ચાહ) વધુ વધે છે. કહ્યુ પણ છે—

યત્ પૃથિવ્યાં વ્રીહિયવં હિરણ્યં પશવઃ સ્ત્રિયઃ।
નાલમેકસ્ય તૃપ્ત્યર્થમિતિ મત્વા શમં વ્રજેત્॥
ન જાતુ કામઃ કામાનામુપભોગેન શામ્યતિ।
હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિવર્ધતે॥

'પૃથ્વીમાં જેટલા પણ ધાન્ય, ચોખા, જઉ, ઘઉં, સોનું, પશુ અને સ્ત્રીઓ છે, તે બધા જ ભેગા કરીએ તોપણ એક મનુષ્યની તૃપ્તિ માટે પુરતા નથી એવું માનીને તૃષ્ણાનું શમન કરે; કારણ કે ભોગ-પદાર્થોના ઉપભોગથી કામના કદી શાંત થતી નથી. પરંતુ જેવી રીતે ઘીની આહૂતિ આપવાથી આગ વધુ ભડકી ઊઠે છે તેવી જ રીતે ભોગ-વાસના પણ ભોગો ભોગવવાથી પ્રબળ થઈ જાય છે.'

બધા મનુષ્ય સુખ જ તો ઇચ્છે છે પરંતુ સુખની સામગ્રી આ સંસારની વસ્તુઓને જ સમજે છે; એટલા માટે એમને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા જોવા મળે છે. આ જે પૃથ્વી પર અઢી અબજ મનુષ્ય છે. એમ માનવામાં આવે છે, તેમનામાંથી પ્રત્યેક મનુષ્યને બધી વસ્તુઓ કેવી રીતે મળી શકે ? કારણ કે વસ્તુઓ ઉપર બધાનો અધિકાર છે, તેમજ બધી વસ્તુઓ ભેગી કરવા છતાં પણ મર્યાદિત છે અને તેમના લાલચુ ખૂબ જ વધારે છે. જ્યારે એકને પણ એક વસ્તુ પૂરતી મળી શકતી નથી, ત્યારે દરેકને બધી વસ્તુઓ પૂરતી કેવી રીતે મળે? માની લો જો બધાને મળી પણ જાય, તોપણ એ વસ્તુઓ દ્વારા સુખ થવાનું સંભવ નથી; કારણ કે ચેતન જીવને ફક્ત પૂર્ણ ચિન્મયતાથી જ શાંતિ મળી શકે છે. અપૂર્ણ અને જડ વસ્તુઓથી નહિ. જો આ નાશવંત પદાર્થોના સંયોગથી મૂખર્તાવશ જે સુખ માલૂમ પડે છે તે જ સુખ માની લે તો પણ જડ વસ્તુઓ તો પ્રતિક્ષણ પરિવર્તનશીલ અને નાશવંત છે તથા જીવ નિત્ય અને અવિનાશી છે. તેથી એ બંનેનો નિત્ય સંયોગ કેવી રીતે રહી શકે ?

તો પછી સુખ કેવી રીતે મળે સુખનો ઉપાય શો છે ? સુખનો ઉપાય છે— ચિન્મય પરમાત્માને પામવાનું લક્ષ્ય અને ધર્મ તથા ન્યાયનું આચરણ. અભિપ્રાય એ છે કે જ્યારે આપણા આચરણ ધર્મ સંગત હશે અને જ્યારે આપણે ન્યાયથી પ્રાપ્ત કરેલા આપણા અધિકાર સિવાય વધુ કંઈ ગ્રહણ કરવાની ઇચ્છા કરીશું નહિ, ત્યારે અસલી સુખની ઉપલબ્ધિ થઈ શકશે. આ ત્યાગ અને ઉદારતા આવવાથી થશે. જે વસ્તુઓને આપણે સુખ આપનારી સમજીએ છીએ તેમને જ્યારે આપણે બધા ત્યાગ અને ઉદારતાની ભાવનાથી એક-બીજાને દેવા ઇચ્છીશું અને લેવા નહિ ઇચ્છીએ ત્યારે તે વસ્તુઓનો આપમેળે અધિક્ય થઈ જશે અને લેનારા ઘટી જશે. તે સમયે આપણી ઉદારતાના ફળ સ્વરૂપે દૈવીશક્તિ પણ પૂરતું કામ કરશે. જેથી વસ્તુઓનું ઉત્પાદન અને સંરક્ષણ પણ વધુ થશે. આ પ્રકારે બધે સુખનુ જ સામ્રાજ્ય છવાઈ જશે.

ત્યાગ અને ઉદારતાની ભાવનાથી આપણું મન જેમ-જેમ જડ પદાર્થો પ્રત્યે હટતુ જશે તેમ-તેમ તે ચેતન પરમાત્મા તરફ લાગશે. જડ તરફથી દૃષ્ટિ હટવાથી તે ચેતન પ્રત્યે આપમેળે જ પ્રવૃત્ત થશે. ત્યારે આ પદાર્થોમાં સુખ છે એવી તેની જે મૂળ ધારણા હતી તે મટી જશે તથા તે ચેતન પરમાત્મા બોધ સ્વરૂપ અને આનંદસ્વરૂપ છે, એમ સમજીને તેની તરફ લક્ષ્ય દૃઢ થઈ જવાથી જીવ જાતે જ જ્ઞાનવાન અને આનંદસ્વરૂપ થઈ જશે. તે સ્થિતિમાં એવા પુરુષનાં દર્શન, ભાષણ અને સ્પર્શથી બીજા જીવોને પણ સુખ પહોંચશે; ત્યાર પછી તો જાતે જ મહાન સુખી હશે, એમાં તો કહેવું જ શું ? જે પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને જનતાનું હિત ઇચ્છે છે અને બદલામાં કોઈ પણ ચીજ લેવા ઇચ્છતો નથી તે જ વાસ્તવમાં સુખી છે.

કેટલાક ભાઈઓની એ ધારણા છે કે ધનિક માણસોની પાસે જે ધન છે, તે પડાવી લઈને અછતગ્રસ્તોને વહેંચી દેવામાં આવે તો બધા સુખી થઈ જાય. પરંતુ વિચાર કરવો જોઈએ કે ધનિક માણસોને જે રીતનું સુખ પ્રાપ્ત છે, તે તો દુઃખ આપનારું (દુઃખપૂર્ણ) જ સુખ છે જેથી તેઓ જાતે રાત-દિવસ બળતા રહે

છે; તેમને કદીએ શાંતિ મળતી નથી. તેથી તેમનાથી જે સુખ મળશે તે તો એ પ્રકારનુ હશે જે દુઃખપૂર્ણ છે તથા જેનું ધન પડાવી લેવાશે, તેમને તો ખૂબ જ દુઃખ થશે. તેને કષ્ટ આપીને લેવાથી લેનારને પણ સુખ કેવી રીતે થશે? બળતરા જ થશે તથા તે ધન જેને આપવામાં આવશે જ્યાં જશે તેને પણ દુઃખ અશાંતિ અને બળતરા જ પ્રાપ્ત થશે.

એ સિદ્ધાંત છે કે દેનાર આપી જ દે છે અને લેનાર સેવક પરિચારક લેવું જ ન ઇચ્છે તો એનાથી દેનારમાં તો ઉદારતા પેદા થઈને પ્રસન્નતા થશે અને દેનારની પ્રસન્નતાથી લેનારને પણ ત્યાગપૂર્વક લેવાથી આનંદ આવશે તથા તે અમૃતમય પદાર્થ જ્યાં જશે, ત્યાં પણ સુખ શાંતિ અને આનંદનુ જ વાતારવરણ પેદા થશે. ત્યારે જ બધાને સુખ મળશે અને ત્યારે જ બધાના હૃદયના ભાવ ઉદાર થશે; કારણ કે સુખ વસ્તુઓમાં નથી સુખ તો આપણા હૃદયની ઉદારતામાં છે. શાસ્ત્રનું કથન છે—

યચ્ચ કામસુખં લોકે યચ્ચ દિવ્યં મહત્સુખમ્ ।
તૃષ્ણાક્ષયસુખસ્યૈતે નાર્હતઃ ષોડશીં કલામ્ ॥

'સંસારમાં જે પણ કામોપભોગનું સુખ છે તથા જે સ્વર્ગીય મહાન સુખ છે—એ બંને જ તૃષ્ણાનાશથી થનારા સુખના સોળમાં અંશ બરાબર પણ નથી.'

કોઈ કવિએ પણ કેટલું સુંદર કહ્યું છે—

ચાહ ગયી ચિંતા મિટી મનુવા બેપરવાહ ।
જિસકો કછૂ ન ચાહિયે સોઇ શાહંશાહ ॥

તેથી આ વાત સિદ્ધ થઈ ગઈ કે પદાર્થોના અભાવમાં દુઃખ નથી પરંતુ પદાર્થોના અભાવના અનુભવમાં. માની લો, એક આદમીએ અગિયારસનું નિરાહાર વ્રત કર્યું છે અને એક બીજા માણસને તે દિવસે કંઈ પણ ઉપાર્જન ન થવાથી નિરાહાર રહેવું પડયું છે આ બંને જ અન્ન ઈત્યાદિ પદાર્થોના સંયોગનો અભાવ છે, પરંતુ એક પ્રસન્નતાપૂર્વક વ્રત રાખીને સુખી થાય છે અને બીજો પેટમાં અન્ન

ના પહોંચવાથી દુઃખનો અનુભવ કરે છે; તેથી અભાવનો ખ્યાલ જ દુઃખ છે. જો અભાવમાં જ દુઃખ હોય તો વિરક્ત સાધુ-સંન્યાસીઓને પણ દુઃખ થવું જોઈએ. કારણ કે તેમની પાસે ન તો સ્ત્રી છે, ન ધન છે, ન મકાન છે, ન કપડાં છે, ન સવારી છે અને ન પહેલાંથી કરેલો ઉદરપૂર્તિ માટેનો પ્રબંધ છે. પરંતુ આ બધું ન રહેવા છતાં પણ તે બધા ખૂબ સુખી છે, કારણ કે તેમની પાસે જઈને મોટા-મોટા મહારાજા અને ધનિકો પણ પોતાના અંતઃકરણની જલન મિટાવીને સુખી થાય છે. તેનું કારણ એ છે કે તેઓ પદાર્થોના અભાવમાં પણ નિત્ય ભાવરૂપ સચ્ચિદાનંદઘન પરમાત્માની અનુભૂતિ કરીને આનંદમગ્ન રહે છે. વાસ્તવમાં મૂર્ખતાથી જ અભાવનો અનુભવ થાય છે. એટલા માટે ભલે કેટલોય અભાવ શા માટે ન હોય, મનુષ્યે અભાવનો અનુભવ કર્યા સિવાય નિત્ય ભાવરૂપ પરમાત્માનું ચિંતન કરવું જોઈએ. જેને પદાર્થોના ન હોવાથી અથવા તેમની કમી હોવાથી અભાવ યા કમીનો અનુભવ રહેશે નહિ, તે ભગવાનના મંગળ વિધાન અનુસાર આવેલાં દુઃખોથી દુઃખી થશે નહિ, ઊલટું તેમાં પોતાના પૂર્વે કરેલાં પાપોનો નાશ અને ભગવાનની કૃપા સમજીને સુખી જ થશે.

જેઓ ધનને મહત્ત્વ આપીને રોટી, કપડાં ઈત્યાદિ પદાર્થો દ્વારા સુખ મેળવવા ઇચ્છતા હોય તેઓ ભૂલ કરે છે. જડને મહત્ત્વ આપવાથી તેના દ્વારા અધર્મ થશે અને અધર્મનું આચરણ થવાથી સુખ કદી થયું નથી અને થશે પણ નહિ. તેથી ઊલટું જો સત્ય, ચેતન અને અક્ષર સુખના ભંડાર ભગવાનને મહત્ત્વ આપીને તેમના દ્વારા (ભગવાનના ભાવોનો અને પ્રચાર દ્વારા) સુખ મેળવવા ઇચ્છશો તો હમેશાં માટે સુખની પ્રાપ્તિ થઈ જશે.

એટલા માટે આપણે પરમાત્માની પ્રાપ્તિનું જ લક્ષ્ય બનાવવું જોઈએ તથા સાંસારિક પદાર્થોથી હમેશાં વિરક્ત રહેવું અને તેમની લાલચ મનમાં આવવા જ ન દેવી જોઈએ. સાથે જ તત્પરતાથી પરમાત્માના ચિંતનમાં લાગી જવું જોઈએ અને તે ચિંતનમાં મદદરૂપ સત્-શાસ્ત્રોનું અધ્યયન, સંત મહાત્માઓનો સંગ

<u>પરમાત્માની સ્તુતિ-પ્રાર્થના તથા નિરંતર નામ-જપ વગેરે સાધન નિષ્કામભાવથી</u> કરવા જોઈએ.

કળિયુગમાં તો જે ગુપ્ત રીતે નિષ્કામભાવપૂર્વક, નિરંતર ધ્યાન સાથે આનંદ અને આદરથી કેવળ પરમાત્માના નામનો જાપ કરે છે તેને પરમાનંદસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ શીઘ્ર અને સહજ જ થઈ જાય છે—

ગુપ્ત અકામ નિરંતર, ધ્યાનસહિત સાનંદ ।
આદરજુત જપસે તુરત, પાવત પરમાનંદ ॥

—— ——:: X X :: —— ——

બાળહિતોપદેશ–માળા

(૧) બધાએ સુર્યોદય પહેલાં ઊઠવું જોઈએ.

(૨) ઊઠતા જ પ્રભુનું સ્મરણ કરવું તથા '**સત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ । ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વત્મેવ સર્વં મમ દેવદેવ ॥**' આ પ્રકારે સ્તુતિ કરવી જોઈએ.

(૩) પોતાના વડીલોને પ્રણામ કરવા જોઈએ.

(૪) શૌચ-સ્નાન કરીને દંડ-બેઠક, દોડ-કુસ્તી વગેરે શારીરિક અને આસન-પ્રણાયમ વગેરે યોગિક વ્યાયામ કરવો જોઈએ.

(૫) સવારે '**હરે રામ-હરે રામ રામ-રામ હરે હરે । હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે ॥**'—આ મંત્રની ઓછામાં ઓછી એક માળા અવશ્ય કરવી જોઈએ અને જેનો યજ્ઞોપવિત થઈ ગયા છે, તેમણે સૂર્યોદય પૂર્વે સંધ્યા અને ઓછામાં ઓછી એક માળા ગાયત્રી-જપ કરવો જોઈએ.

(૬) શ્રીમદ્ભગવદ્ગીતાના ઓછામાં ઓછા એકાદ અધ્યાયનું નિત્ય અર્થસહિત પાઠ કરવું જોઈએ. એ માટે એવો ક્રમ રાખવામાં આવે તો સારું છે કે પ્રતિપદા તિથિએ પહેલા અધ્યાયનું, દ્વિતીયાએ બીજાનો ત્રીજે ત્રીજાનો—એ પ્રકારે અગિયાસે અગિયારમા અધ્યાય સુધી પાઠ કરીને બારસે બારમા અને તેરમા અધ્યાયનો તેરસે ચૌંદમા અને પંદરમા અધ્યાયનો ચૌંદસે ૧૬મા અને ૧૭મા અધ્યાયનો તથા અમાસે તથા પૂર્ણિમાએ ૧૮મા અધ્યાયનો પાઠ કરી લે. આ પ્રકારે પંદર દિવસોમાં ૧૮ અધ્યાયનો પાઠ ક્રમ રાખીને એક મહિનામાં સંપૂર્ણ ગીતાના બે પાઠ કરી લેવા જોઈએ. તિથિ ક્ષય હોય તો ૭ મા અને ૮મા અધ્યાયનો પાઠ એક સાથે કરી લેવો તથા તિથિ વૃદ્ધિ હોય તો ૧૬ અને ૧૭મા અધ્યાયના પાઠ અલગ-અલગ બે દિવસોમાં કરી લેવા જોઈએ.

(૭) શાળાએ સમયસર પહોંચી જવું અને ભગવદ્સ્મરણ-પૂર્વક મન લગાવીને ભણવું જોઈએ. કોઈ પ્રકારનું તોફાન ન કરતા મૌન રહીને ભગવાનના નામનો જપ અને સ્વરૂપની સ્મૃતિ રાખીને હરરોજ આવવું-જવું જોઈએ.

(૮) શાળાની સ્તુતિ-પ્રાર્થના આદિમાં અવશ્ય હાજર રહેવું અને તેમાં મન લગાવીને પ્રેમભાવથી કરવાં જોઈએ. કારણ કે બેધ્યાન રહેવાથી સમય બરબાદ થઈ જાય છે અને લાભ થતો નથી.

(૯) પાછલા પાઠને યાદ રાખવો અને આગળ ભણાવવાના પાઠને તે દિવસે યાદ કરી લેવો ઉચિત છે, જેથી શિક્ષણ માટે સદાય ઉત્સાહ ટકી રહે.

(૧૦) શિક્ષણને કદી અધરું માનવું જોઈએ નહિ.

(૧૧) પોતાના વર્ગમાં બધાથી સારા બનાવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(૧૨) કોઈ વિદ્યાર્થી શિક્ષણમાં આપણાથી આગળ હોય તે જોઈને ખૂબ પ્રસન્ન રહેવું જોઈએ અને એ ભાવ રાખવો જોઈએ કે તે અવશ્ય ઉન્નતિ કરી રહ્યો છે, તેથી મને પણ ભણીને ઉન્નતિ કરવાનું પ્રોત્સાહન તેમજ અવસર મળશે.

(૧૩) પોતાના કોઈ સહાધ્યાયી માટે દાજ ન હોવી જોઈએ અને ન એવો ભાવ રાખવો જોઈએ કે તે ભણવામાં નબળો રહે જેથી તેના કરતાં મને લોકો સારો કહે.

(૧૪) કોઈ પણ વિદ્યા યા કળાને તેમાં જોઈને તેમાં દિલચશ્પી સાથે પ્રવેશીને ચેષ્ટા કરવી જોઈએ; કારણ કે જાણવું અને શિખવું તે વિદ્યાર્થીઓનો ગુણ છે.

(૧૫) પોતાને ઊંચો વિદ્વાન માનીને ક્યારેય અભિમાન કરવું જોઈએ નહિ, કારણ કે તેનાથી આગળ વધવામાં ઘણી રૂકાવટ થાય છે.

(૧૬) દરરોજ મોટાઓની તથા દીન-દુઃખીઓની કંઈને કંઈ સેવા અવશ્ય કરવી જોઈએ.

(૧૭) કોઈ પણ અપંગ, દુઃખી, બેસમજ, ભૂલ કરનારને જોઈને હસવું જોઈએ નહિ.

(૧૮) મિઠાઈ, ફળ, આદિ ખાવાની ચીજો જો મળી હોય તો તેને વહેંચીને ખાવી જોઈએ.

(૧૯) ન્યાયથી પ્રાપ્ત થયેલી ચીજને જ ઉપયોગમાં લેવી જોઈએ.

(૨૦) બીજાની ચીજ તે આપે છતાં પણ ના લેવાની ચેષ્ટા રાખવી જોઈએ.

(૨૧) દરેક આદમી દ્વારા સ્પર્શેલી મિઠાઈ તથા અન્નની બનેલી ખાદ્ય વસ્તુઓ ખાવી જોઈએ નહિ.

(૨૨) કોઈ પણ અપવિત્ર ચીજ ખાવી જોઈએ નહિ.

(૨૩) કોઈ પણ ખાવા-પીવાની ચીજ ઈશ્વરને અર્પણ કરીને જ ઉપયોગમાં લેવી જોઈએ.

(૨૪) ભૂખ હોય તેના કરતાં થોડું ઓછું ખાવું જોઈએ.

(૨૫) હમેશાં પ્રસન્નતાપૂર્વક ભોજન કરવું જોઈએ.

(૨૬) ભોજન કરતાં સમયે ક્રોધ, શોક, દીનતા, દ્વેષ વગેરે ભાવ મનમાં ઉચિત નથી, કારણ કે તેના રહેવાથી ભોજન બરાબર પચતું નથી.

(૨૭) ભોજન કરતાં પહેલાં બે પગ, બે હાથ અને મુખ—આ પાંચેય અવશ્ય ધોવાં જોઈએ.

(૨૮) ભોજન પહેલાં અને પછી આચમન જરુર કરવું જોઈએ.

(૨૯) ભોજન પછી કોગળા કરીને મોઢાને સાફ કરવું ઉચિત છે; કારણ કે દાંતોમાં અન્ન રહેવાથી પાયોરિયા વગેરે રોગ થઈ જાય છે.

(૩૦) હરતાં-ફરતાં અને દોડતાં સમયે તેમજ અપવિત્ર અવસ્થામાં તથા અશુદ્ધ જગ્યાએ ખાવું-પીવું જોઈએ નહિ; કારણ કે ખાતા-પીતાં સંપૂર્ણ રોમ-છીદ્રોથી શરીર આહાર લે છે.

(૩૧) સ્નાન અને ઈશ્વર ઉપાસના કર્યા સિવાય ભોજન કરવું જોઈએ નહિ.

(૩૨) લસણ, ડુંગળી, ઈંડા, માંસ, તાડી, શરાબ આદિનું સેવન કદાપિ કરવું નહિ.

(૩૩) લેમન, સોડા અને બરફનું સેવન કરવું જોઈએ નહિ; કારણ કે એમનાથી સંસર્ગ-જન્ય રોગ થવાની પણ ઘણી સંભાવના છે.

(૩૪) ઉત્તેજક પદાર્થોનું સેવન કદાપિ ન કરે.

(૩૫) મિઠાઈ, મીઠું, બિસ્કીટ, દૂધ, દહીં, મલાઈ, ચટણી આદિ બજારુ ચીજો ખાવી જોઈએ નહિ; કારણ કે દુકાનદાર લોભવશ સ્વાસ્થ્ય અને શુદ્ધિ પ્રત્યે ધ્યાન ન આપતા નથી. જેનાથી બીમારી થવાની સંભાવના છે.

(૩૬) બીડી, સિગારેટ, ભાંગ, ચા, આદિ નશીલી ચીજોનુ સેવન કદાપિ ન કરે.

(૩૭) અનાજ અને પાણી સિવાય કોઈ બીજી ચીજની આદત ન પાડવી જોઈએ.

(૩૮) દાંતોથી નખ કાપવા જોઈએ નહિ.

(૩૯) દાંતણ, કોગળા આદિ કરવાના સમય સિવાય અન્ય સમયે મુખમાં આંગળી નાખવી ન જોઈએ.

(૪૦) પુસ્તકના પાનાં થૂંક લગાડીને આંગળીથી ઉથલાવવા જોઈએ નહિ.

(૪૧) કોઈનુ પણ એઠું ખાવું અને ખવડાવવું નિષિદ્ધ છે.

(૪૨) રેલવે વગેરેના જાજરૂમાં નળનું અપવિત્ર પાણી મોઢું ધોવા, કોગળા કરવા અથવા પીવાના કામમાં કદાપિ ન લેવું જોઈએ.

(૪૩) કદાપિ જૂઠું ન બોલે, હમેશાં સત્ય બોલે.

(૪૪) ક્યારેય કોઈની કોઈ પણ ચીજ ચોરે નહિ. પરીક્ષામાં કોપિ કરવી પણ ચોરી જ છે તથા કોપી કરવા મદદ કરવી તે પણ ચોરી જ છે. તેનાથી હમેશાં બચવું જોઈએ.

(૪૫) માતા-પિતા, ગુરુ, વગેરે મોટાંઓની આજ્ઞાનો ઉત્સાહપૂર્વક તત્કાળ પાલન કરે. મોટાંઓની આજ્ઞા પાળવાથી તેમના આશીર્વાદ મળે છે, જેથી લૌકિક અને પારમાર્થિક ઉન્નતિ થાય છે.

(૪૬) કોઈની સાથે લડાઈ ના કરે.

(૪૭) કોઈને અપશબ્દ ન બોલે.

(૪૮) અશ્લીલ ગંદા શબ્દ ન બોલે.

(૪૯) કોઈને પણ મારે-પીટે નહિ.

(૫૦) કદિએ રીસાય નહિ અને જીદ્દ પણ ન કરે.

(૫૧) કદિ ક્રોધ ન કરે.

(૫૨) બીજાની બૂરાઈ અને ચુગલી ન કરે.

(૫૩) અધ્યાપકો તેમજ અન્ય ગુરુજનોની કદી મજાક-મશ્કરી ન કરે. ઊલટું તેમનો આદર-સત્કાર કરે તથા જ્યારે ભણાવવા માટે અધ્યાપકો આવે ત્યારે ઊભા થઈને નમસ્કાર કરી તેમનું સન્માન કરે.

(૫૪) સરખી ઉંમરવાળા અને નાનાઓ પ્રત્યે પ્રેમપૂર્વક વર્તન કરે.

(૫૫) નમ્રતાપૂર્વક, હિતકારી, થોડાં પણ પ્રિય વચનો બોલે.

(૫૬) બધાના હિતનો પ્રયત્ન કરે.

(૫૭) સભામાં સભ્યતાથી આજ્ઞા લઈને નમ્રતાપૂર્વક ચાલે. કોઈને કુદીને ન જાય.

(૫૮) સભા યા સત્સંગમાં જતી વખતે પોતાના પગ દ્વારા બીજાના સ્પર્શ ન થઈ જાય એનું ધ્યાન રાખે અને ભુલથી જો કોઈને પગ અડે તો તેની હાથ જોડીને ક્ષમા માંગે.

(૫૯) સભામાં બેઠેલા મનુષ્યોની વચ્ચે જોડા પહેરી ન ચાલે.

(૬૦) સભામાં ભાષણ યા પ્રશ્નોતરી કરવી હોય તો સભ્યતાપૂર્વક કરે તથા સભામાં અથવા ભણવા સમયે વાતચીત ન કરે.

(૬૧) બધાને પોતાના પ્રેમભર્યા વ્યવહારથી સંતુષ્ટ કરવાની કલા શીખે.

(૬૨) પરસ્પરના ઝઘડાથી દૂર રહે. બીજાઓના કલહને પણ પોતાના પ્રેમભર્યા વર્તન અને સમજાવવાની કુશળતાથી હટાવવાનો પ્રયત્ન કરે.

(૬૩) કદીએ આળસ અને ઉદ્ધતાઈ ન કરે.

(૬૪) પગ, શિર, અને માથું વારંવાર હલાવતા રહેવું આદિ આદતો ખરાબ છે તેનાથી બચે.

(૬૫) કદી કોઈનું અપમાન અને તિરસ્કાર ન કરે.

(૬૬) કદી કોઈનો જીવ ન દુભાવે.

(૬૭) કદી કોઈનાથી દિલ્લગી ન કરે.

(૬૮) શૌચાચાર, સદાચાર અને સાદગી પર વિશેષ ધ્યાન રાખે.

(૬૯) પોતાનો પોશાક પોતાનો દેશ અને પોતાના સમાજને અનુકૂળ તથા સાદો રાખે. ભડકીલાં, ફેશનવાળા અને શોખીન કપડાં ન પહેરે.

(૭૦) અત્તર, ફુલેલ, પાવડર, અને ચરબીમાંથી બનાવેલો સાબુ, વેસેલીન આદિ ન લગાવે.

(૭૧) જીવન ખર્ચાળ ન બનાવે અર્થાત પોતાની રહેણી-કરણી, ખાણી-પીણી, પોશાક-પહેરવેશ આદિમાં ઓછોમાં ઓછો ખર્ચ કરે.

(૭૨) શરીર અને કપડાં શુદ્ધ અને સ્વચ્છ રાખે.

(૭૩) શારીરિક અને બૌદ્ધિક શક્તિ વિકસાવનાર સાત્ત્વિક રમતો રમે.

(૭૪) જુગાર, પત્તા, ચોપાટ, શતરંજ, વગેરે પ્રમાદપૂર્ણ રમતો ન રમે.

(૭૫) ટોપી અને ઘડિયાળનો પટ્ટો. મનીબેગ, હેંડબેગ, બિસ્તરબંધ, કમરબંધ, અને જૂતાં વગેરે ચીજો જો ચામડાની હોય તો તેને કામમાં ન લે.

(૭૬) સિનેમા, નાટક, વગેરે ન જુવે; કારણ કે એનાથી જીવન ખર્ચાળ તો બને જ છે, શોખ, ભક્ષ્યાભક્ષ વ્યભિચાર આદિ અનેક દોષ પણ આવી જાય છે; તેથી જીવન પાપમય બને છે.

(૭૭) ખરાબ પુસ્તકો અને ગંદુ સાહિત્ય વાંચે નહિ.

(૭૮) સારા પુસ્તકો વાંચે અને ધાર્મિક સંમેલનોમાં જાય.

(૭૯) ગીતા, રામાયણ વગેરે ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ અવશ્ય કરે.

(૮૦) પાઠ્યપુસ્તક અથવા ધાર્મિક ગ્રંથોને આદરપૂર્વક ઊંચા આસને રાખે. ભૂલથી પણ પગ અડે તો તેમને નમસ્કાર કરે.

(૮૧) પોતાનુ ધ્યેય હમેશાં ઊંચું રાખે.

(૮૨) પોતાના કર્તવ્ય પાલનમાં હમેશાં ઉત્સાહ તથા તત્પરતા રાખે.

(૮૩) કોઈ પણ કામને કદી અસંભવ ન માને. કારણ કે ઉત્સાહી મનુષ્ય માટે અઘરું કામ પણ સરળ થઈ જાય છે.

(૮૪) કોઈ પણ કામ કરવામાં ભગવાન શ્રીરામને આદર્શ માને.

(૮૫) પ્રભુને ઇષ્ટ માનીને અને દરેક પળે તેમનો આશ્રય રાખીને કદી ચિંતા ન કરે.

(૮૬) પોતાનું પ્રત્યેક કાર્ય જાતે કરે. શક્ય હોય ત્યાં સુધી બીજા દ્વારા પોતાની સેવા ન કરાવે.

(૮૭) હમેશાં પોતાનાથી મોટા અને ઉતમ આચરણવાળા પુરુષોનો સહવાસ રાખવાનો પ્રયત્ન કરે તથા તેમના ગુણોનું અનુકરણ કરે.

(૮૮) પ્રત્યેક કાર્ય કરતી વખતે એ યાદ રાખવું કે પ્રભુ આપણાં બધા જ કાર્ય જોતા રહે છે અને આપણા હિત માટે આપણાં સારાં અને ખરાબ કાર્યનું ઉચિત ફળ આપે છે.

(૮૯) હમેશાં પ્રસન્નચિત્ત રહેવું.

(૯૦) ધર્મ-પાલન કરતાં આવનારા દુઃખો પ્રસન્નતાપૂર્વક સહન કરે.

(૯૧) ન્યાયયુક્ત કાર્ય કરવામાં આવતા કષ્ટને તપ સમજે.

(૯૨) આપમેળે આવીને વળગેલા સંકટને પ્રભુનો કૃપાપૂર્વક આપેલો પુરસ્કાર સમજે.

(૯૩) મનની વિરુદ્ધ થવાથી પણ ભગવાન અને મોટાઓ દ્વારા કરેલા વિધાનમાં કદી ગભરાવું નહિ પરંતુ પરમ સંતુષ્ટ અને પ્રસન્ન રહે.

(૯૪) પોતાની મોટાઈનું અભિમાન ન કરે.

(૯૫) બીજાઓને હલકા માનીને તેમનો તિરસ્કાર ન કરે.

(૯૬) કોઈની ઘૃણા ના કરે.

(૯૭) આપણું બૂરું કરનાર પ્રત્યે પણ તેને દુઃખ પહોંચાવાનો ભાવ ના રાખે.

(૯૮) કદી કોઈની સાથે કપટ, છળ, ધોકાબાજી અને વિશ્વાસઘાત ના કરે.

(૯૯) બ્રહ્મચર્યનું બધી રીતે પાલન કરે, બ્રહ્મચારી માટે શાસ્ત્રોમાં બતાવેલ નિયમોનુ યથાશક્તિ પાલન કરે.

(૧૦૦) ઈન્દ્રિઓનો સંયમ કરે, મનમાં પણ કોઈ ખરાબ વિચાર આવવા ના દે.

(૧૦૧) પોતાનાથી નાના બાળકમાં કોઈ દૂર વ્યવહાર યા દુચેષ્ટા જોવામાં આવે તો તેને સમજાવે અથવા તે બાળકના હિત માટે અધ્યાપક અથવા અભિભાવકોને સૂચિત કરી દે.

(૧૦૨) પોતાનાથી મોટાંમાં કોઈ દુરવ્યવહાર યા કુચેષ્ટા જોવા મળે તો તેના હિતેષી મોટાં પુરુષોને નમ્રતાપૂર્વક જાણ કરી દે.

(૧૦૩) પોતાની રોજનિશી બનાવીને તત્પરતાથી તેનું પાલન કરે.

(૧૦૪) હમેશાં દૃઢ પ્રતિજ્ઞ બને.

(૧૦૫) પ્રત્યેક વસ્તુ તેના નિયત સ્થાન પર રાખે અને તેમની સંભાળ રાખે.

(૧૦૬) સાંજના સમયે સંધ્યાકાળે પણ પ્રાતઃકાળે એ પ્રમાણે ભગવાનના 'હરે રામ' મંત્રની ઓછામાં ઓછી એક માળા અવશ્ય કરે અને જેનો યજ્ઞોપવિત સંસ્કાર થઈ ગયો હોય, તેને સૂર્યાસ્ત પહેલા સંધ્યા તથા ઓછામાં ઓછી એક માળા ગાયત્રી-જાપ અવશ્ય કરવો જોઈએ.

(૧૦૭) પોતાનામાંથી દુર્ગુણ-દુરાચાર દૂર થાય અને સદ્‌ગુણ સદાચાર આવે તેના માટે ભગવાનની સાચા હૃદયથી પ્રાર્થના કરે અને ભગવાનની શક્તિ પર હમેશાં નિર્ભય રહે.

(૧૦૮) પોતાનો પાઠ યાદ કરીને ભગવાનનું નામ લેતાં લેતાં સુવું.

—— ——:: X X :: —— ——

વારં-વાર નહિ પામીએ મનુષ્ય-જનમની મોજ

પ્રપન્નપારિજાતાય તોત્ત્રવેત્રૈકપાણયે ।
જ્ઞાનમુદ્રાય કૃષ્ણાય ગીતા ગીતામૃતદુહે નમઃ ॥

સચ્ચિદાનંદઘન પૂર્ણબ્રહ્મ પરમાત્માને તથા સંત-મહાપુરુષોને સાદર અભિવાદન કરીને કેટલીક વાતો કહેવાની ચેષ્ટા કરું છું. આ વાતોમાં જે આપણને સારી લાગે, સુંદર દેખાય, તે વાતોને તો સંત-મહાત્માઓની, શાસ્ત્રોની અને ભગવાનની માનવી જોઈએ. તથા જે ક્ષતિઓ હોય, તેમને મારી. ક્ષતિઓ તરફ ધ્યાન ન આપીને સારી વાતો તરફ ધ્યાન આપો. કારણ કે જે મહાપુરુષોનાં અને ભગવાનનાં વચનો છે, તે મારા અને આપના માટે પરમ હિતકર્તા છે, તે વચનો અનુસાર આચરણ કરવાથી નિશ્ચિત કલ્યાણ થાય છે. આપ આચરણ કરશો તો આપનું હિત અને કલ્યાણ છે તથા હું કરીશ તો મારું કલ્યાણ છે.

સૌથી પ્રથમ એક વિશેષ ધ્યાન આપવા જેવી વાત એ છે કે આ માનવ-જીવનનો સમય ખૂબ જ દુર્લભ છે અને ખૂબ અમૂલ્ય છે. શ્રીમદ્‌ભાગવતમાં બતાવ્યું છે—

દુર્લભો માનુષો દેહો દેહિનાં ક્ષણભંગુરઃ ।
તત્રાપિ દુર્લભં મન્યે વૈકુંઠપ્રિયદર્શનમ્ ॥

'દુર્લભો માનુષો દેહઃ'—આ મનુષ્ય સંબંધી દેહ—આ માનવ-શરીર અત્યંત દુર્લભ છે. એની પ્રાપ્તિ માટે મોટા મોટા દેવતાઓ પણ લલચાયા રહે છે; કારણ કે એના દ્વારા મોટાંમાં મોટી ઉન્નતિ થઈ શકે છે. પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે, જીવનું કલ્યાણ થઈ શકે છે અને હમેશાં માટે તેને પરમ શાંતિની પ્રાપ્તિ થઈ શકે છે. આવું દુર્લભ શરીર પ્રાપ્ત કરીને જે તેને વ્યર્થ ખોઈ

દે છે, તેને પછી ઘણો પશ્ચાતાપ કરવો પડે છે; કારણ કે એ સર્વદા અલભ્ય, અમૂલ્ય, છે. તેથી આ માનવ-જીવનની એક એક ક્ષણને ઊંચામાં ઊંચા કામમાં વિતાવવાની ચેષ્ટા કરવી જોઈએ. સમય જેવી કોઈ અમૂલ્ય વસ્તુ નથી; પરંતુ વિચાર કરો, જીવનનો સમય આપવાથી તો પૈસા મળી જાય છે, પરંતુ પૈસા આપવાથી આ 'સમય' મળતો નથી. આપણા જીવન માટે આપણી પાસે હજારો, લાખો, કરોડો રૂપિયા હોવા છતાં પણ આપણું આયુષ્ય નહિ હોય તો આપણે મરવું પડશે, પરંતુ જો આપણું આયુષ્ય શેષ હશે અને આપણી પાસે એક પણ કોડી ના હોય, તોપણ આપણે જીવી શકીએ છીએ. આપણા જીવનનો આધાર આયુષ્ય છે, ના કે 'રૂપિયા' આવું હોવા છતાં પણ આપણા ભાઈઓ-લોકોની તો ઘણી ભારે આસક્તિ, રુચિ અને સાવધાની છે. તેઓ વગર હેતુ એક કોડી પણ ખર્ચ કરવાનું ઇચ્છતા નથી, પરંતુ 'સમય' તરફ ધ્યાન જ નથી. આપણો સમય આટલા સમય સુધી ક્યાં લગાડ્યો અને ક્યાં ગયો, એમાં આપણે શું ઊપાર્જન કર્યું, શું કમાયા—એ તરફ આપણો ખ્યાલ જ નથી. ઘણા આશ્ચર્યની વાત છે. શ્રીભર્તૃહરિએ સુંદર કહ્યું છે—

'પીત્વા મોહમર્યીં પ્રમાદમદિરામુન્મત્તભૂતં જગત્ ।'

આ પ્રમાદરૂપિ મદિરા દ્વારા ઉન્મત્તતા છવાઈ છે. જેવી રીતે નશામાં મનુષ્યને પોતાના શરીરનું, કપડાંનું ભાન નથી હોતું, એવી રીતે આ વિષયમાં ભાન નથી, ચેતન નથી, અહીંયા ધ્યાન નથી, લક્ષ્ય નથી, નહિ તો આવા અમૂલ્ય સમયનો આવી રીતે સત્યાનાશ શા માટે કરવામાં આવે, જે સમય નિરર્થક જ ચાલ્યો જાય છે તે જ તેનો સત્યાનાશ છે. આવા અમૂલ્ય સમયને કિંમતીમાં કિંમતી ઉપયોગમાં લેવાની વિશેષ ચેષ્ટા કરવી જોઈએ. શું કરીએ ? વિચાર કરતાં માલૂમ થાય છે કે ઘણા ભાઈઓ તો તાસ-ચોપાટ, ખેલ-તમાશામાં જ સમય પસાર કરી દે છે, બીડી-સિગારેટ હોકો, ચરસ, ભાંગ આદિ નશાના સેવનમાં

આ સમય બરબાદ કરી દે છે તથા એવી રીતે જ મજાક-મશ્કરીમાં સમય ખોઈ દે છે. તેઓ વિચારતા નથી કે આપણા આ આયુષ્ય દરમિયાન ઉપાર્જન શું કરી રહ્યા છીએ અને ખર્ચ કેટલું થઈ રહ્યું છે,

સમય ઝડપી પસાર થઈ રહ્યો છે અને સમય વીતતાં જ મૃત્યુ તે જ ક્ષણે આવી જશે. મૃત્યુમાં જે વિલંબ થઈ રહ્યો છે, તે કેવળ આપણા જીવનનો સમય બાકી છે, તેના આધારે આપણે જીવી રહ્યા છીએ, તે બુદ્ધિના આધારે નહિ, શક્તિના આધારે નહિ, વિદ્યાના આધારે નહિ, પરંતુ સમયના આધારે. જીવનના આધારે આયુષ્યના આધારે, આ આયુષ્ય એટલી ઝડપે નિરંતર વહી રહ્યું છે કે એમા આળસ હોતી નથી, કદી રુકાવટ હોતી નથી, તે સતત દોડતું ચાલ્યું જાય છે, અને આપણે તદન અસાવધ છીએ, કેટલી અચરજ અને દુઃખની વાત છે ! અચરજ તો એ વાતનું છે કે બુદ્ધિશાળી હોવા છતાં આટલું નુકસાન કરી રહ્યા છીએ અને દૂઃખ એ વાતનું છે કે પરીણામ શું હશે, એનો આપણે વિચાર કરતા નથી. કરેલી ભૂલોનું દુઃખ અને પરિણામ કર્તાને ભોગવવાં પડે છે, બીજા કોઈને નહિ. તેથી બુદ્ધિશાળી પુરુષે ઇચ્છવું જોઈએ કે તે જલદીથી જલદી આધ્યાત્મિક ઉન્નતિમાં પોતાનો સમય જોડે. ભર્તૃહરિએ કહ્યું છે—

યાવત સ્વસ્થમિદં કલેવરગૃહં યાવચ્ચ દૂરે જરા
યાવચ્ચેન્દ્રિયશક્તિપ્રતિહતા યાવત્ ક્ષયો નાયુષઃ ॥
આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્યઃ પ્રયત્નો મહાન્
પ્રોદીપ્તે ભવને ચ કૂપખનનં પ્રત્યુદ્યમઃ કીદશઃ ॥

'જ્યાં સુધી તંદુરસ્તી સારી હોય, વૃદ્ધાવસ્થા દૂર હોય ઇન્દ્રિયોમાં સાધન-ભજન-ધ્યાન કરવાની શક્તિ છે, આયુષ્ય સમાપ્ત થઈ ગયું નથી, ત્યાં સુધી વિવેકી બુદ્ધિમાન પુરુષે ઇચ્છવું જોઈએ કે આધ્યાત્મિક ઉન્નતિ માટે ઘણો ભારે પ્રયત્ન કરી લેવો , કારણ કે ઘરમાં આગ લાગ્યા પછી કોઈ કહે છે કે જલદી કરો, કૂવા ખોદાવો, આગ લાગી છે, પાણી જોઈએ, તો આ સાંભળીને ભલે ગમે

તેટલી ઉતાવળ કરવામા આવે, મહેનત કરવામાં આવે, પરંતુ હવે કૂવો ખોદીને કયારે જળ આવશે. ઉંમર તો જલદી-જલદી પૂરી થઈ રહી છે, એટલે સ્તો જલદીમાં જલદી પોતાના ઉદ્ધાર માટે ચેષ્ટા કરવી જોઈએ. આધ્યાત્મિક ઉન્નતિ માટે વિલંબ ના કરવો જોઈએ. બીજા જે સાંસારીક કામ છે, તે આપ કરશો, તોપણ થઈ જશે. અને આપ ના કરો તો આપના પુત્રો-પપુત્રો એમને કરી દેશે, પરંતુ આપણુ કલ્યાણ કયા પુત્રો-પપુત્રો કરશે ? આપણી પાસે હજારો-લાખોની સંપત્તિ છે, ઘણુ ધન છે, મોટો કારભાર છે, પરંતુ આપણું શરીર જઈ રહ્યું છે અને પાછળ કોઈ કુટુંબી પણ નથી તો જે ધન છે, તેને રાજ્ય સંભાળી લેશે, આપણી મિલો, ફેકટરીઓ રાજય ચલાવશે, પરંતુ આપણા ઉદ્ધારમાં ખામી રહેશે તો તેને કોણ પુરી કરશે ? આ કામ બીજાથી થવાનું નથી, આ કામને તો આપણે જાતે જ કરીશું ત્યારે થશે, એટલા માટે મનુષ્યે ઇચ્છવુ જોઈએ કે બીજાં જેટલાં પણ કામ છે, તેમના તરફ ધ્યાન ના આપીને કેવળ એક આધ્યાત્મિક ઉન્નતિ તરફ જ ધ્યાન આપે, નીતિજ્ઞોએ પણ કહ્યું છે—

'કોટિ ત્યક્ત્વા હરિ સ્મરેત્ ।'

કરોડો કામોને છોડીને એક ભગવાનનું સ્મરણ કરવુ જોઈએ. બીજા અવસર તો દરેકને મળિ જાય છે, પરંતુ આ અવસર વારંવાર મળતો નથી.

ખાદતિ મોદતે નિત્યં શુનકઃ શૂકરઃ ખરઃ ।
તેષામેષાં કો વિશેષો વૃત્તિર્યેષાં તુ તાદશી ॥

ખાવું, પીવું, એશ-આરામ કરવો ઈત્યાદિ તો મનુષ્ય શું પશુ-પંખીઓમાં પણ થઈ જાય છે, પરંતુ આધ્યાત્મિક ઉન્નતિનો અવસર મનુષ્યયોનિ સિવાય બીજે કયાંયે નથી, માટે ઘણી સાવધાનીથી કામ લેવું જોઈએ. આજ સુધીનો સમય ચાલ્યો ગયો છે, વિચાર કરવાથી દુઃખ થાય છે, સંતોએ કહ્યું છે કે ભજન વિનાના જે દિવસો ગયા, તે આપણા હૃદયમાં ખટકે છે. પરંતુ ભાઈઓ ! હવે શું થાય !

અબ પછતાએ હોત કયા (જબ) ચિડિયા ચુગ ગઈ ખેત

સમય ચાલ્યો ગયો, તેના માટે પસ્તાવાથી શું થશે ? હવે તો આ છે કે '**ગઈ સો ગઈ અબ રાખ રહીકો**' જે સમય બચ્યો છે, તે જ સમયને સાવધાની સાથે ઊંચામા ઊંચા કામમાં જોડવાની વિશેષ ચેષ્ટા હશે તો આગળ રોવું નહિ પડે. થઇ ગયું તે થઈ ગયું. પરંતુ હવે આગળ માટે પૂરા સાવધાન થઈ જાઓ, ત્યારે આપણું જીવન સફળ થઈ શકે છે.

આપ કહેશો કે આટલા દિવસો ચાલ્યા ગયા, હવે શું થશે ? એનો ઉત્તર એ છે કે હજુ પણ નિરાશ થવાની વાત નથી, જેવી રીતે કૂવામાં ઘણું દોરડું ચાલ્યું ગયું હોય, તોપણ એક હાથભર પણ દોરડું જો હાથમાં હોય તો તેનાથી લોટાને કૂવામાંથી બહાર કાઢીને પાણી પી શકીએ છીએ, પરંતુ જો તે હાથભર દોરડુ હાથમાં ન રહ્યું તો, તે પણ હાથથી જાય તો પછી એવું નથી કે તે હાથભર જ નીચે જશે, તે તો કૂવામા નહિ, કૂવાના જળથી પણ નીચે તળીએ પહોંચી જશે. પછી તો તેને કાઢવા માટે મોટું દોરડું જોઈએ, કાંટો જોઈએ અને જ્યારે ખૂબ મહેનત કરશો, ત્યારે તે દોરી-લોટો મળશે. નહિ તો, ખૂબ જ મુશ્કેલી છે, એવી રીતે આજ સુધીનું આયુષ્ય કૂવામાં ગયું. એવું ગયું છે કે કામમાં આવ્યું નથી પરંતુ હવે પણ જે થોડી ઉંમર શેષ છે, તેને સારા કામમાં જોડી દો તો આપણું મનુષ્ય-જીવન સફળ થઈ શકે છે, પરંતુ જો આયુષ્યનો આ બચેલો થોડો સમય પણ એમજ વીતી ગયો તો પછી પસ્તાવા સીવાય બીજું કંઈ થશે નહિ. શુ ખબર કે ફરી આ માનવજીવન કયારે મળશે ?

બાર-બાર નહિ પાઈએ મનુષ-જનમકી મૌજ ।

મનુષ્ય-જન્મ વારંવાર મળતો નથી. માટે ઘણી સાવધાની સાથે બચેલા સમયને આધ્યાત્મિક ઉન્નતિમાં વિશેષરૂપથી લગાવવાની ચેષ્ટા કરવી જોઈએ.

—— ——:: X X :: —— ——

જે ક્રોધમાં આવીને અથવા કોઈ વાતે દુઃખી થઈને આત્મહત્યા કરી લે છે, તે દુર્ગતિમાં ચાલ્યો જાય છે અર્થાત ભૂત-પ્રેત-પિશાચ બની જાય છે. આત્મહત્યા કરનાર મહાપાપી હોય છે. કારણ કે આ માનવ-શરીર ભગવત્-પ્રાપ્તિ માટે જ મળ્યું છે, તેથી ભગવત્-પ્રાપ્તિ ન કરીને પોતાના જ હાથથી માનવ-શરીરને ખોઈ દેવું મોટું ભારે પાપ છે; અપરાધ છે, દુરાચાર છે, દુરાચારીની સદ્ગતી કેવી ? તેથી મનુષ્યે કદી પણ આત્મહત્યા કરવાનો વિચાર મનમાં આવવા દેવો નહિ.

—'દુર્ગતિથી બચો' નામના પુસ્તકમાંથી

બદલો લેવાની ભાવના આપણી ભૂલ છે, ગલતી છે, તે તો આપણા કર્મોનુ ફળ ભોગવાવીને આપણને પવિત્ર કરી રહી છે. તેથી આપણે બદલો ચૂકવવો હોય તો પ્રથમ તો તેની સેવા કરી. જે દુઃખ આપવાની ચેષ્ટા કરે છે, તે (પાપોનુ ફળ ભોગવાવીને) આપણને શુદ્ધ કરી રહ્યા છે, આપણા પર ઉપકાર કરી રહ્યા છે. તેનો બદલો લેવો હોય તો પોતાના તનથી મનથી, વચનથી, ધનથી વિદ્યાથી, યોગ્યતાથી, પદથી, અધિકારથી, તેની સેવા કરી, તેને સુખી બનાવો.

—'નિત્યયોગની પ્રાપ્તિ' નામના પુસ્તકમાંથી

ગૃહસ્થીએ ઈચ્છવુ જોઈએ કે તે ધન કમાવા કરતા બાળકોના ચારિત્ર્યનો વધારે ખ્યાલ રાખે. કારણ કે કમાયેલું ધન તો બાળકો જ ઉપયોગમા લેશે. જો બાળકો બગડી જશે તો ધન તેમને વધુ બગાડશે. આ વિષામાં સારા પુરુષોનું કહેલું છે—'પુત્ર સપુત તો કયો ધન સંચે ? પુત્ર કપૂત તો કયો ધન સંચે ?' અર્થાત પુત્ર સુપુત્ર હશે તો તેને ધનની ખોટ રહેશે નહિ, અને કપુત હશે તો સંચય કરેલુ બધું ધન વેડફી દેસે, તો પછી ધનનો સંગ્રહ શા માટે કરવો ?

—'ઘરસંસારમાં કેવી રીતે રહેવું' નામના પુસ્તકમાંથી

સંસારની કોઈ પણ વસ્તુ સાથે મનુષ્યનો સબંધ નથી સમય પૂરો થતાંની સાથે જ જલદીથી અહીંયાંથી ચાલવાનું છે, એક દિવસે બધી વસ્તુઓ એમ-ને એમ છોડીને જવું પડશે, બધી જ વસ્તુઓ અહીંયાં પડી રહેવાની છે. આ શરીર પણ અહીંયાં રહી જશે, માટે જ્યા સુધી સંસારમાં રહેવાનું છે, ત્યાં સુધી નિષ્કામભાવથી બીજાની સેવા કરવાની છે, જ્યારે જઈશું, ત્યારે સાથે કંઈ જ લઇ જઈશું નહિ. બિલકુલ કાર્યાલયની જેમ સંસારમાં કામ (સેવા) કરવા માટે આવ્યા છીએ.

—'સાધકો પ્રતિ' નામના પુસ્તકમાંથી

સજ્જનો ! આપ વિચાર કરો તો એ વાત પ્રત્યક્ષ દેખાશે કે જે દેશોમાં સંત મહાત્મા ઘૂમે છે, જે ગામોમાં જે પ્રાતોંમા સંતો રહે છે અને જે ગામોમાં સંતોએ ભગવાનના નામનો પ્રચાર કર્યો છે, તે ગામો બીજા ગામો કરતાં આજે વિલક્ષણ છે જે ગામમાં સો-બસો વર્ષોથી કોઈ સંત ગયા નથી તે ગામો એવાં જ પડ્યા છે અર્થાત્ ત્યાંનાં લોકોની ભૂત-પ્રેત જેવી દશા છે. ભગવાનનું નામ લેવાવાળા પુરુષો જ્યાં ઘૂમે છે, ત્યાં પવિત્રતા આવી ગઈ, વિલક્ષણતા આવી ગઈ, અલૌકિકતા આવી ગઈ, તે ગામો સુધરી ગયા. ઘર સુધરી ગયાં, ત્યાંનાં વ્યક્તિઓ સુધરી ગયા, તે મને ભાન થઈ ગયું તેઓ જાતે પણ કહે છે, અમે મામુલી હતા, પરંતુ ભગવાનનું નામ મળ્યું, સંતો મળી ગયા તો અમે માલંમાલ થઈ ગયા.

—'ભગવન્નામ' નામના પુસ્તકમાંથી

ભજન તેને કહે છે, જેમાં ભગવાનનું સેવન હોય તથા સેવન પણ તે જ શ્રેષ્ઠ છે, જે પ્રેમપૂર્વક મનથી કર્યુ હોય મનથી પ્રભુનું સેવન ત્યારે જ સમુચિતરૂપથી પ્રેમપૂર્વક થવું સંભવ છે, જ્યારે આપણું તેમની સાથે ઘનિષ્ઠ 'પોતાપણું' હોય અને પ્રભુ સાથે આપણું 'પોતાપણું' ત્યારે થઈ શકે છે જ્યારે સંસારના અન્ય પદાર્થો સાથે આપણો સંબંધ અને 'પોતાપણું' ના હોય.

—'એક સાધવાથી બધું સધાય' નામના પુસ્તકમાંથી